પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વેની

# પંચલબ્ધિ




ડૉ. સૌ. ઉજ્જવલા દિ. શહા

## પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વેની

# પંચલબ્ધિ

-: લેખિકા:-

**ડૉ. સૌ. ઉજ્જવલા દિનેશચંદ્ર શહા**

એમ.બી.બી.એસ., ડી. સી. એચ., ડી. જી. પી.

-: સંપાદક :-

**પં. શ્રી. દિનેશભાઈ શહા**

એમ. એ., એલ. એલ. બી.

-: અનુવાદક :-

**શ્રી દિપકભાઈ મો. જૈન**

બી. એસસી. (ઑનર્સ)

-: વીતરાગવાણીપ્રકાશક :-

૧૫૭/૯, નિર્મલા નિવાસ, સાયન (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૨૨

ફોન: ૦૨૨ ૨૪૦૭૩૫૮૧

E-mail : ujwaladinesh@yahoo.com

Website : www.jainsiddhant.org

FREE DOWNLOADING

| | | |
|---|---|---|
| ગુજરાતી | ચોથી આવૃત્તિ<br>૧૭ મે ૨૦૧૫ | ૩૦૦૦ પ્રત |
| | ત્રણ આવૃત્તિ | ૭૦૦૦ પ્રત |
| હિન્દી | પાંચ આવૃત્તિ | ૮૦૦૦ પ્રત |
| મરાઠી | બે આવૃત્તિ | ૫૫૦૦ પ્રત |
| | | ૨૩,૫૦૦ |

દાતાર - એક મુમુક્ષુ, સાંતાક્રુજ, મુંબઈ રૂા. ૫૦,૦૦૦

## Visual DVDs (each DVD contains 3 to 5 hrs lectures)

| | |
|---|---|
| જૈન સિદ્ધાંત : શિબિર ૧ અને ૨ | 16 DVDs |
| ગુણસ્થાન : શિબિર | 10 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ : શિબિર ૧ અને ૨ | 16 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ અર્થસંદષ્ટિ | 18 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ : શિબિર ૧ અને ૨ | 20 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ અર્થસંદષ્ટિ | 12 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા લબ્ધિસાર-ક્ષપણાસાર : શિબિર ૧ અને ૨ | 22 DVDs |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા લબ્ધિસાર-ક્ષપણાસાર અર્થસંદષ્ટિ | 16 DVDs |
| પંચપરાવર્તન : શિબિર | 12 DVDs |
| ક્રમબદ્ધપર્યાય | 3 DVDs |
| આત્માની ૪૭ શક્તિઓ | 3 DVDs |
| સમ્યગ્દર્શન : શિબિર | 10 DVDs |
| જ્ઞાનમાર્ગણા - લેશ્યામાર્ગણા : શિબિર | 10 DVDs |

મૂલ્ય - રૂા. ૧૫/-

# - પ્રકાશકીય -

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ અંતર્ગત પૂજ્ય કહાન ગુરુદેવ સ્મૃતિ ગ્રંથ પ્રકાશન પુષ્પ ક્ર. ૫૫ - 'પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વેની પંચલબ્ધિ' રજૂ કરતાં અમોને ખૂબ ખૂબ આનંદ થાય છે.

પાંચ લબ્ધિનું સ્વરૂપ 'સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિ' વાળા પ્રકરણમાં આચાર્યકલ્પ પં. શ્રી ટોડરમલજીએ વર્ણવ્યું છે. તેનું ખરું સ્વરૂપ સમજવા માટે આપણને કોઈ વિદ્વાનની જરૂર પડે છે અને તો જ તેનો મર્મ સમજાય છે. આ પુસ્તકમાં જે રીતે લબ્ધિનું વર્ણન છે તે આપણી ઘણી દૃઢ થયેલી માન્યતાઓથી જુદું પડે છે જે ખરેખર સમજવા જેવું છે.

કેટલાક નમુના જોઈએ :-

જેમકે આપણે માનીએ છીએ કે ચાર લબ્ધિ તો આપણને કાયમ છે, હવે ફક્ત કરણલબ્ધિ માટે પ્રયત્ન કરવાનો છે, કારણકે સંજ્ઞી પંચેન્દ્રિય છીએ એટલે ક્ષયોપશમ જ્ઞાન તો છે જ, રાત્રી ભોજન વિગેરે કરતાં નથી, શ્રાવકના ષટ્કાર્ય (દેવ - ગુરુ - શાસ્ત્ર પ્રત્યે ભક્તિ) કરીએ છીએ તેથી વિશુદ્ધિલબ્ધિ પણ છે. વળી પ્રવચન વિગેરે સાંભળીએ છીએ એટલે દેશના પણ મળી છે અને તે સંબંધી વિચાર-ચર્ચા વિગેરે કરીએ છીએ એટલે પ્રાયોગ્યલબ્ધિ પણ છે. જ્યારે ખરેખર એમ નથી.

ક્ષયોપશમ જ્ઞાન અને ક્ષયોપશમલબ્ધિ બન્ને અલગ છે, વિશુદ્ધ આચરણ અને વિશુદ્ધિલબ્ધિ અલગ છે, દેશના સાંભળવી, પૂર્વે સાંભળેલ આત્માની વાત અત્યારે સ્મરણમાં આવવી તે દેશના અને તે સંબંધી વિચાર કરવો તે દેશનાલબ્ધિ છે. આ બધી લબ્ધિનો વધારેમાં વધારે કાળ એક અંતર્મુહૂર્ત જ હોય છે અને જ્યારે જ્યારે પ્રયોગ કરીએ ત્યારે ચારેય લબ્ધિનો પ્રયોગ એક સાથે જ થાય છે. પ્રયોગ કરવો તે પ્રાયોગ્યલબ્ધિ નથી પણ કર્મોની વિશિષ્ટ અવસ્થા સ્હેજે થાય, જેને જીવ કરતો નથી પણ જીવ તો માત્ર તત્ત્વવિચાર જ કરે છે.

ચાર લબ્ધિ સુધી તો અભવી પણ પહોંચી શકે છે પણ કરણલબ્ધિ જે

ખરેખર સમ્યગ્દર્શનનું કારણ છે, તેના અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ આ વિષયમાં પણ આ પુસ્તકમાં ઘણી જ સરળ ભાષામાં વિગતવાર સમજાણ આપી છે.

કરણાનુયોગ જે ગહન વિષય છે તેને લબ્ધિસારની ટીકાના આધારે સમ્યગ્જ્ઞાનચંદ્રિકા પરથી આ પુસ્તકમાં સરળ સુબોધ ભાષામાં સમજાવવા પ્રયત્ન કરેલ છે જે પ્રશંસાને પાત્ર છે.

પ્રાથમિક જ્ઞાનના ઉઘાડવાળાને પણ આવો ગહન વિષય વાંચતા કંટાળો ન આવે, રસ જળવાઈ રહે તેવો ખાસ પ્રયત્ન લેખિકાએ કરેલ છે તે માટે તેમણે ઉદાહરણ અને ચિત્રો (ચાર્ટ) દ્વારા પણ સરળ કરેલ છે.

અગાઉ અમારા ટ્રસ્ટે તેમના નીચે મુજબના પુસ્તકો પ્રકાશિત કરેલ છે

(૧) જૈનતત્ત્વ પરિચય

(૨) કરણાનુયોગ પરિચય

(૩) કારણ કાર્ય રહસ્ય

લોકોની માંગને લીધે અનેક વાર પણ છપાવવા પડેલ છે તે લેખિકાની કૃતિની લોકપ્રિયતા સાબિત કરે છે. વિદેશોમાંથી અમેરિકા, લંડન, નૈરોબી, દુબઈ વિગેરે દેશોમાંથી પણ હજારોની સંખ્યામાં પુસ્તકો મંગાવ્યા છે.

આ પુસ્તક પણ તેવું જ પ્રિય થઈ પડશે અને જૈન દર્શન - કર્મનો સિદ્ધાંત વિગેરે સમજવા ઉપયોગી થઈ પડશે તેવી ભાવના સાથે

લી.

ટ્રસ્ટીગણ

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ

## - લેખિકાનું મનોગત -

૧૯૯૨માં હું તથા મારા પતિ શ્રી. દિનેશચંદ્ર અમે બન્ને સ્વાધ્યાય ખાતર અમારા પોતપોતાના વ્યવસાયમાંથી નિવૃત્ત થયા. ત્યારથી જયપુર તેમ જ ઈતર ઠેકાણે ભરાતી શિબિરોમાં અમને બ્ર. પં.યશપાલજી જૈનના ગુણસ્થાનની કક્ષામાં બેસવાનો લાભ મળ્યો. દ્રવ્યાનુયોગનો અભ્યાસ તો અમે અનેક વર્ષોથી કરતા જ આવ્યા હતા, હવે કરણાનુયોગના સ્વાધ્યાયમાં પણ રુચિ વધવા માંડી. અમે બેઉએ મળી પં. ટોડરમલજી લિખિત સમ્યકજ્ઞાનચંદ્રિકા ગ્રંથના જીવકાણ્ડ, કર્મકાણ્ડ, લબ્ધિસાર, ક્ષપણાસાર, અર્થસંદષ્ટિ અધિકાર એ બધા ભાગોનો સ્વાધ્યાય કર્યો, ત્યારબાદ સામૂહિક રીતે પણ આ બધાનો સ્વાધ્યાય કર્યો. જયપુર, દેવલાલી, છિંદવાડા, દુબઈ, અમદાવાદ, કારંજા, દેઉળગાંવરાજા, સોલાપુર, પુણે વગેરે અનેક ઠેકાણે અમે કરણાનુયોગ વિષય પર કક્ષાઓ લીધી. દરેક ઠેકાણે લોકોમાં કરણાનુયોગ જાણવાની તીવ્ર જિજ્ઞાસા અને ઉત્સાહ જોવામાં આવ્યો, શ્રોતાઓનો ઉત્તમ પ્રતિસાદ સાંપડ્યો. લોકોએ આ વિષયની બહુ જ પ્રશંસા કરી.

કેટલાક લોકોને પ્રશ્ન ઉભો થાય છે કે પૂજ્ય શ્રી કાનજીસ્વામીજીએ કરણાનુયોગ ઉપર પ્રવચનો તો આપ્યા નથી. તો પછી આની શી આવશ્યકતા છે? તેઓને હું કહેવા ઈચ્છુ છું કે તેઓના અનેક પ્રવચનોમાં કેટલાક વાક્યો એવા આવે છે કે તે પરથી ખ્યાલમાં આવે છે કે તેઓનો કરણાનુયોગનો ઘણો જ ઉંડો અભ્યાસ હતો. કરણાનુયોગના અભ્યાસથી દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોની પુષ્ટિ થાય છે અને દ્રવ્યાનુયોગના અધ્યયનથી કરણાનુયોગ વાંચી તે વડે પણ ભેદજ્ઞાન કરવાની અને વીતરાગતાની વૃદ્ધિ કરવાની કલા આત્મસાત કરાય છે.

પૂ. શ્રી કાનજીસ્વામીજી દ્વારા અમને દ્રવ્યાનુયોગના મહાન સિદ્ધાંતોનો મર્મ સમજાયું છે, તેથી દ્રવ્યાનુયોગની આ વિશિષ્ટ દષ્ટિથી કરણાનુયોગનો પંચલબ્ધિ સંબંધી વિષય પુસ્તકરૂપે મારે લખવો તે માટે બ્ર. યશપાલજી જૈને મને વારંવાર પ્રેરણા આપી. આવો અઘરો વિષય હું સમજાવી શકીશ કે નહીં એ શંકા હોવા છતાં હું તેમના શબ્દો ઉથાપી શકી નહીં. લબ્ધિસાર, મોક્ષમાર્ગ પ્રકાશક, જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ ઈત્યાદિ ગ્રંથોનો વારંવાર આધાર લઈ મેં આ 'પંચલબ્ધિ' પુસ્તક લખવાનું સાહસ કર્યું છે.

મારું અધ્યયન ઉંડું  થતું ગયું તેમ તેમ ખ્યાલમાં આવ્યું કે મેં આ વિષયની બાબત કદી આ વિશિષ્ટ દષ્ટિકોણથી વિચાર જ કર્યો ન હતો. મારી અલ્પબુદ્ધિ અનુસાર આ વિષય લિખિતરૂપે માંડવાનો મેં પ્રયત્ન તો કર્યો છે પરંતુ મને આશા છે કે આ વિષયના વિશેષ જાણકાર લોકો એમાંની ત્રુટીઓ મારા નિદર્શનમાં લાવવા અવશ્ય કૃપા કરશે.

અહીં મૂળ વિષય સમજાવવાપૂર્વે કર્મ વિષેની સામાન્ય માહિતી અને પારિભાષિક શબ્દોના અર્થો કહ્યાં છે. તેથી મૂળ વિષય સમજવો સહેલો પડે. અનેક ઠેકાણે આકૃતિઓ અને કોષ્ટક (કોઠા) બનાવી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ વિષય શીખવ્યાબાદ અને તેના ઉપર લખાણ કર્યાબાદ એક વાત મારા ધ્યાનમાં આવી કે મને પોતાને જ અભ્યાસ કરતી વખતે જે બાબતો ખાસ સમજાઈ નહોતી તે જ બાબતો શીખવાડતી વખતે અને લખતી વખતે સારી રીતે સમજાઈ ગઈ.

કરણાનુયોગની આ સૂક્ષ્મતા ખ્યાલમાં આવે ત્યારે અમારા પરોક્ષ ગુરુ પં. ટોડરમલજી પ્રત્યેનો આદરભાવ-અહોભાવ વૃદ્ધિંગત થાય છે.

તેમણે ટીકા લખી સમજાવી ન હોત તો અમારી સમજમાં કાંઈ જ ન આવત.

'પંચલબ્ધિ' વિષય પર લખતી વખતે તે વિષે મારા જ્ઞાનનો વિકાસ થયો એ જ લબ્ધિ - એટલો લાભ તો મને અવશ્ય થયો જ.

પુસ્તક લખી તે વાચકોના હાથમાં પડે તે દરમ્યાન ઘણી જ અઘરી તપશ્ચર્યા હોય છે. પ્રૂફ રીડિંગ અને છપાઈ સંબંધી ઈતર અનેક કડાકૂટમાંથી પસાર થવું પડે છે. એ કાર્ય મારા પતિ શ્રી દિનેશચંદ્ર ગત અનેક વર્ષોથી ઘણી જ કુશલતાથી પાર પાડતા આવ્યા છે. તેમના આધાર વિના મારું આ લખાણ મારે ઘરે જ પડી રહ્યું હોત, મારા આ પત્રો માત્ર મારી દીકરીઓ સુધી જ પહોંચ્યા હોત. માટે તેમનો આભાર માનવા કરતા હું તેમની ઋણી જ રહેવા ઈચ્છું છું.

મને વિશ્વાસ છે કે 'પંચલબ્ધિ' જાણી, પ્રકટ કરી આપણે બધાં દર્શન અને ચારિત્રની લબ્ધિ પ્રાપ્ત કરી અતિશીઘ્ર મોક્ષલબ્ધિ પ્રાપ્ત કરીશું.

**-ડૉ. સૌ. ઉજ્જ્વલા દિ. શહા.**

## MP3 સીડીજ (128 KBPS) (દરેક સી. ડી. માં ૧૨ કલાકના પ્રવચનો છે)

### – પં. દિનેશભાઈ શહા –

| | | |
|---|---|---|
| ૧) | લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૭ |
| ૨) | બાલબોધ પાઠમાલા | ૪ |
| ૩) | વીતરાગ વિજ્ઞાન પાઠમાલા | ૫ |
| ૪) | તત્ત્વજ્ઞાન પાઠમાલા | ૫ |
| ૫) | ગુણસ્થાન વિવેચન | ૫ |
| ૬) | કારણ કાર્ય રહસ્ય | ૧ |
| ૭) | છહઢાલા | ૪ |
| ૮) | બૃહદ્ દ્રવ્યસંગ્રહ | ૮ |
| ૯) | રત્નકરંડ શ્રાવકાચાર | ૧૩ |
| ૧૦) | મોક્ષમાર્ગ પ્રકાશક | ૨૩ |
| ૧૧) | અનુભવપ્રકાશ | ૮ |
| ૧૨) | ઈષ્ટોપદેશ | ૫ |
| ૧૩) | સમયસાર | ૭૫ |
| ૧૪) | પ્રવચનસાર | ૫૦ |
| ૧૫) | નિયમસાર | ૩૬ |
| ૧૬) | અષ્ટપાહુડ | ૨૫ |
| ૧૭) | કાર્તિકેયાનુપ્રેક્ષા | ૧૯ |
| ૧૮) | આત્મસિદ્ધિ | ૧૨ |
| ૧૯) | નાટક સમયસાર | ૨૧ |
| ૨૦) | યોગસાર | ૫ |
| ૨૧) | તત્ત્વાર્થસૂત્ર | ૧૮ |
| ૨૨) | પુરુષાર્થસિદ્ધિઉપાય | ૬ |
| ૨૩) | પરમાત્મપ્રકાશ | ૨૩ |
| ૨૪) | કલશામૃત (અપૂર્ણ) | ૪૦ |
| ૨૫) | જ્ઞાનસ્વભાવ - જ્ઞેયસ્વભાવ | ૯ |

---

### – ડૉ. ઉજ્જવલા શહા –

| | |
|---|---|
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા - જીવકાંડ | ૨૫ |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા - કર્મકાંડ | ૨૧ |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા - લબ્ધિસાર - ક્ષપણાસાર | ૧૧ |
| ધવલા (પુ. ૧-૧૬) | ૧૦૨ |
| જયધવલા (પુ. ૧-૧૬) | ૧૧૭ |
| મહાધવલા (પુ. ૧ - ૭) | ૧૦૫ |
| ક્રમબદ્ધપર્યાય | ૪ |
| કરણાનુયોગ પરિચય | ૩ |
| નિમિત્ત ઉપાદાન + પંચપરાવર્તન | ૨ |
| પંચલબ્ધિ | ૨ |
| પાંચ ભાવ | ૧ |
| પાંચ ભાવ (તત્ત્વાર્થસૂત્ર) | ૨ |
| કારણ કાર્ય રહસ્ય | ૨ |
| પ્રમાદ કે ભેદ | ૧ |
| ષટ્સ્થાનપતિત હાનિ વૃદ્ધિ | ૧ |
| સંખ્યામાન | ૧ |
| સાત તત્ત્વ | ૧ |
| યોગ | ૧ |
| જૈન ભૂગોલ (VCD) | ૨૦ |
| ભાવદીપિકા | ૭ |
| અનગાર ધર્મામૃત | ૧૨ |
| સાગાર ધર્મામૃત | ૫ |
| ડેઢગુણહાનિગુણિત સમયપ્રબદ્ધ | ૧ |
| પંચાધ્યાયી | ૨૦ |
| ત્રિલોકસાર | ૧૭ |
| આત્મભાવના + સમાધિતંત્ર | ૧૦ |

# અનુક્રમણિકા


| પત્રાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | કર્મ - મૂલપ્રકૃતિ | ૧ |
| ૨. | કર્મ - ઉત્તરપ્રકૃતિ | ૧૪ |
| ૩. | કર્મ - ઉત્તરપ્રકૃતિ - ભાગ ૨ | ૨૭ |
| ૪. | કર્મ સંબંધી થોડા પારિભાષિક શબ્દો | ૩૯ |
| ૫. | પ્રથમોપશમ સમ્યક્ત્વ - પાત્રતા | ૫૩ |
| ૬. | ક્ષયોપશમલબ્ધિ અને વિશુદ્ધિલબ્ધિ | ૬૫ |
| ૭. | દેશનાલબ્ધિ | ૭૭ |
| ૮. | પ્રાયોગ્યલબ્ધિ | ૮૯ |
| ૯. | કરણલબ્ધિ - અધઃપ્રવૃત્તકરણ | ૧૦૫ |
| ૧૦. | કરણલબ્ધિ - અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ | ૧૨૨ |
| ૧૧. | પ્રથમોપશમ સમ્યક્ત્વ | ૧૪૦ |


---


## - અમારા પ્રકાશનો -

| | | |
|---|---|---|
| જૈનતત્ત્વ પરિચય | ગુજરાતી, મરાઠી, હિન્દી, ઇંગ્લિશ | રૂા. ૧૫/- |
| કારણ કાર્ય રહસ્ય | ગુજરાતી, મરાઠી, હિન્દી, ઇંગ્લિશ | રૂા. ૧૫/- |
| કરણાનુયોગ પરિચય | ગુજરાતી, મરાઠી, હિન્દી | રૂા. ૧૫/- |
| પંચલબ્ધિ | ગુજરાતી, મરાઠી, હિન્દી | રૂા. ૧૫/- |
| ભક્તામર પ્રવચન | મરાઠી | રૂા. ૧૫/- |
| સ્વાનુભવ | મરાઠી | રૂા. ૬/- |
| પરમાત્મા કસે બનાલ! | મરાઠી | રૂા. ૬/- |
| જૈન ભૂગોલ | હિન્દી, ગુજરાતી, | રૂા. ૫૦/- |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ એવં અર્થસંદષ્ટિ | હિન્દી | રૂા. ૧૫૦/- |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ એવં અર્થસંદષ્ટિ | હિન્દી | રૂા. ૧૫૦/- |
| સમ્યગ્જ્ઞાનચંદ્રિકા લબ્ધિસાર-ક્ષપણાસાર એવં અર્થસંદષ્ટિ | હિન્દી | રૂા. ૧૦૦/- |

# કર્મ-મૂલપ્રકૃતિ

પત્રાંક ૧

ડૉ. સૌ. ઉજ્જ્વલા દિ. શહા
૧૫૭/૯ નિર્મલા નિવાસ
સાયન (પૂર્વ) મુંબઈ ૪૦૦ ૦૨૨
ટેલિ. ૨૪૦૭ ૩૫૮૧
૨૫ એપ્રિલ ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

'કારણ કાર્ય રહસ્ય' ના પત્રરૂપ સ્વાધ્યાય વડે જૈન તત્ત્વજ્ઞાન, વસ્તુવ્યવસ્થા તેમ જ વસ્તુસ્વાતંત્ર્યનો ઉંડાણપૂર્વક પરિચય થયો એમ તમે જણાવો છો.

એ તત્ત્વો આવા જ છે, અન્યથા નથી તેના પૂર્ણ વિશ્વાસ બેઠા વગર તદનુસાર તત્ત્વનિર્ણય થયા વિના આપણી નિમિત્તાધીન દષ્ટિ છૂટતી નથી. જ્યાં સુધી જીવની નિમિત્તાધીન દષ્ટિ છે, નિમિત્ત વડે જ કાર્ય થાય અને નિમિત્ત નથી માટે મારું વિશિષ્ટ કાર્ય થતું નથી એવી માન્યતા હોય, ત્યાં સુધી પ્રત્યેક દ્રવ્યની સ્વાધીન સહજ, સ્વયંપૂર્ણ કાર્યક્ષમતા અને કાર્યવ્યવસ્થા આ જીવના ખ્યાલમાં આવતી નથી, તેના પર તેનો વિશ્વાસ બેસતો નથી.

જીવ અને પુદ્ગલ બે સ્વતંત્ર ભિન્ન દ્રવ્યો હોઈ તેઓની પ્રત્યેક પર્યાય તેમનામાં પોતામાં, પોતાથી, પોતાની વિશિષ્ટ યોગ્યતાથી થતી હોય છે. છએ છ દ્રવ્યોમાં આ નિયમ લાગુ પડે છે.

આપણે છ દ્રવ્યોના નામો તો જાણીએ, કોઈ પૂછે તો તરત જ કહી સંભળાવીએ, પણ ખરેખર આપણે છએ દ્રવ્યોનું અસ્તિત્વ માન્યું છે કે, તેનો આપણે જાતે જ વિચાર કરવો જોઈએ. શરીર જ હું છું એમ માની તેથી ભિન્ન કોઈ જીવ નામનો પદાર્થ છે તેના ઉપર જ મોટા ભાગના લોકોનો વિશ્વાસ નથી. દશ્ય તેમ જ ઈન્દ્રિયજન્ય એવી બાબતોનું - જ્ઞેયોનું અસ્તિત્વ આ જીવને માન્ય છે, તે બાબતોનો તેમને ભરોસો છે પણ તેઓને જાણવાવાળો તે હું પોતે જ જીવ છું,

શરીરથી ભિન્ન અસ્તિત્વ ધરાવતો પદાર્થ છું તેની તેને જાણ જ નથી.

શાસ્ત્રસ્વાધ્યાયનું પ્રયોજન કેવળ એ વિષયની માહિતી ભેગી કરવી તે ન હોઈ, તે દ્વારા પોતાનું સ્વરૂપ ઓળખી અને પુદ્‌ગલાદિ અન્ય દ્રવ્યોથી ભિન્ન અને પોતાની ગુણપર્યાયોથી અભિન્ન એવા અભેદ સ્વશુધ્ધાત્માનો અનુભવ કરવો - એ જ પ્રયોજન છે - તાત્પર્ય છે. એને જ કહેવાય કે પ્રત્યેક શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા જ છે.

'કરણાનુયોગ પરિચય' નામના પત્રરૂપ પુસ્તક વડે કરણાનુયોગનો સ્વાધ્યાય કરતી વખતે પણ પોતાનું સ્વરૂપ શી રીતે જાણવું, દ્રવ્યાનુયોગ દ્વારા શીખેલા સિધ્ધાંત તેના ઉપર કેવી રીતે ઘટાવવા તે દૃષ્ટિથી આપણે વિચાર કર્યો હતો. તે પુસ્તકમાં આપાણે જીવની વીસ પ્રરૂપણા તેમ જ કર્મો વિષે થોડી - મામુલી માહિતી મેળવી હતી. તેમાં સમ્યક્ત્વ પ્રાપ્તિપૂર્વે થનારી પાંચ લબ્ધિનો ઉલ્લેખ કર્યો હતો અને ટૂંકમાં ચર્ચા કરી હતી. તે વિષે વધુ જાણકારી માટે મોક્ષમાર્ગ પ્રકાશક તેમ જ રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથની ટીકા વાંચવાની મેં તમને પ્રેરણા આપી હતી. તમે તે વાંચ્યું અને રત્નકરંડ શ્રાવકાચારની કેસેટો પણ સાંભળી છતાં પ્રાયોગ્યલબ્ધિ અને કરણલબ્ધિ વિષે કેટલીક બાબતો સમજાતી નથી, તું જ સમજાવ એમ તમે જણાવ્યું.

ઘણા વિદ્વાનોએ પણ પાંચ લબ્ધિ સંબંધીનું વિગતવાર પુસ્તક અવશ્ય લખો એવો આગ્રહ કર્યો હતો. આમ તો આપણે ત્યાં સવારના સ્વાધ્યાયમાં મુમુક્ષુઓને મેં લબ્ધિસાર ગ્રંથ આદ્યોપાંત શીખવ્યો છે. સામે બેઠેલા સ્વાધ્યાયીઓને શીખવવું પણ એક અઘરું કામ છે તો પછી લખીને શીખવવું શી રીતે શક્ય બને એમ વિચારી હું આનાકાની જ કરતી હતી.

પણ બ્ર.પં. યશપાલજી જૈન છેલ્લા ઘણાં મહિનાથી મને પ્રેરણા આપી રહ્યાં હતાં કે તમે આ વિષય પર જરૂરથી લખો. શિબિરોમાં તેઓનો ભેટો થાય ત્યારે અને જ્યારે મુંબઈ આવે ત્યારે ફોન કરી પૂછતાં હતાં કે તમે પંચલબ્ધિ પર લખાણ શરૂ કર્યું કે નહીં ?

તેથી મોટું સાહસ કરી આજે મહાવીર જયંતીને દિવસે આ નવા વિષય પર લખવાનો હું પ્રારંભ કરું છું. આજે ૨૬૦૦મી મહાવીર જન્મ જયંતીનો દિવસ આખી દુનિયામાં ઉજવાય છે. તેમની દિવ્યધ્વનિમાં

પ્રતિપાદિત અને આચાર્યોની પરંપરાથી આપણને પ્રાપ્ત થયેલ ગ્રંથોના આધારે આ વિષય પર ચર્ચા કરવાની આજે આપણે શરૂઆત કરીએ.

સૌપ્રથમ આપણા શાસનનાયક એવા ભગવાન મહાવીરસ્વામીને હું અનેક વાર ભાવપૂર્ણ નમસ્કાર કરું છું. ભગવાન મહાવીર આપણા ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકર છે. તેઓની દિવ્યધ્વનિ દ્વારા મોક્ષમાર્ગનો ઉપદેશ આપણને પ્રાપ્ત થયો. એક તીર્થંકર પછી બીજા તીર્થંકર સુધીનો કાળ પહેલાંના તીર્થંકરોનો શાસનકાળ છે. ભરતક્ષેત્રમાંનો અત્યારનો આ પંચમકાળ ભગવાન મહાવીરનો શાસનકાળ છે.

ભગવાન મહાવીરની ૐકારરૂપે દિવ્યધ્વનિ ખરી. તે સાંભળી ગણધરોએ બાર અંગોની અર્થાત્ દ્રવ્યશ્રુતની - જિનાગમની રચના કરી. વર્ષોથી આ જ્ઞાન આચાર્યોની પરંપરાથી ચાલતું આવ્યું છે. પણ કાલાનુસાર મહત્‌અંશે જ્ઞાનનો લોપ થયો. અત્યંત અલ્પ જ્ઞાન બાકી બચ્યું, જે 'ષટ્ખંડાગમ' નામથી પ્રથમ જ લિખિતરૂપે અસ્તિત્વમાં આવ્યું - લિપિબદ્ધ કરવામાં આવ્યું. તેને પ્રથમ શ્રુતસ્કંધ કહેવામાં આવ્યું છે. એમાં જીવ વિષે તેમ જ કર્મ વિષે વિસ્તૃત વર્ણન છે. તેના પ્રથમ ત્રણ ખંડો પર કુંદકુંદાચાર્યે 'પરિકર્મ' નામની વિસ્તૃત ટીકા લખી હતી.

આગમની દ્વિતીય શાખા જેને દ્વિતીય શ્રુતસ્કંધ કહ્યો છે, તે પરંપરાનુસાર આગળ પર અનેક શાસ્ત્રોની રચના થઈ. તેમાં કુંદકુંદચાર્યે રચેલું સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, પંચાસ્તિકાય આદિ શાસ્ત્રો પ્રખ્યાત છે.

આપણે ઘણાં ભાગ્યવાન છીએ કે આ બધા શાસ્ત્રો અને વખતોવખત તેમના પર લખેલ ટીકાઓ, તેઓના ભાષાંતરો અને વિદ્વાનોએ તેના પર કરેલા પ્રવચનો આપણને આજે પણ ઉપલબ્ધ છે.

આચાર્યોના આ મૂળ ગ્રંથોનો આપણે આદ્યોપાંત - શરૂથી અંત સુધી ક્રમથી સ્વાધ્યાય કરવો જોઈએ. ગણી ગાઠી ગાથાઓ અને તે ઉપર કરેલા પ્રવચનો સાંભળી આપણને સંપૂર્ણ અર્થબોધ થતો નથી. કારણ અમુક સ્થાને અમુક વિશિષ્ટ અપેક્ષાએ કથન કરવામાં આવે છે. એક જ આચાર્ય જુદે જુદે ઠેકાણે જુદી જુદી અપેક્ષાએ કથન કરે છે.

કુંદકુંદાચાર્યે સમયસાર લખ્યો અને પ્રવચનસાર ગ્રંથ પણ તેમણે જ લખ્યો. પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન શૈલી છે, ત્યાં તેઓ કહે છે કે જે દ્રવ્ય જે ભાવરૂપે પરિણમે તે દ્રવ્ય તે સમયે તે ભાવરૂપે જ હોય છે. દ્રવ્ય વિભાવરૂપ - રાગરૂપ પરિણમે તો તે દ્રવ્યનો વિભાવ-સ્વભાવ છે. એ જ કુંદકુંદાચાર્ય સમયસારમાં દષ્ટિપ્રધાન કથનશૈલીમાં જણાવે છે કે રાગ જીવનો નથી જ. તે નિશ્ચયથી કર્મનો છે - કર્મકૃત છે, પુદ્ગલ છે. ત્યાં રાગાદિથી આપણી સ્વામિત્વબુદ્ધિ તોડી નિજશુદ્ધાત્માની દષ્ટિ કરાવવી એ જ આચાર્યજીનો હેતુ છે.

કરણાનુયોગના ગોમ્મટસારાદિ ગ્રંથોમાં કર્મ વિષે, તેનો બંધ, ઉદય, આદિ વિષે જે વિસ્તૃત વર્ણન છે, તે નિમિત્તનું જ્ઞાન કરાવવા કર્યું છે. આજ સુધી આપણે પોતાને દુર્બળ અને પરાધીન માનતાં આવ્યા હતાં અને કર્મને આપણે બળવાન માન્યું હતું. કર્મો આપણને સુખી દુઃખી કરાવે છે, તે જ અમને રાગદ્વેષ કરવા માટે મજબૂર કરે છે એમ માન્યું હતું. કરણાનુયોગના ગ્રંથો દ્વારા કર્મના બંધ સંબંધીનું, ઉદય સંબધીનુ તેમ જ અન્ય અનેક અવસ્થા સંબંધીનું જ્ઞાન થવાથી આપણને તેમની ભિન્નતાનું ભાન થાય છે. આ અભ્યાસ દ્વારા કર્મોદયથી પ્રાપ્ત થયેલ પરપદાર્થ અને આપણો પોતાનો સ્વભાવ એ બેમાં સહજભાવથી ભેદજ્ઞાન થતું રહે છે.

શાસ્ત્રમાં કથન છે કે દર્શનમોહનીય કર્મનો ભેદ જે મિથ્યાત્વ કર્મ, તેના ઉદયથી જીવને મિથ્યાત્વ થાય છે. એવું વાંચી જો આપણે વિચાર કરવાં બેસીએ કે અરે, મારું આ કર્મ તો અનાદિનું છે અને પ્રત્યેક સમયે ઉદયમાં આવતું રહે છે તો મને સમ્યક્ત્વ ભલા શી રીતે પ્રાપ્ત થશે? ત્યારે આપણને કર્મની બીક લાગ્યા કરશે. પરંતુ કર્મનું જ્ઞાન કરી, પોતાની ભિન્નતાનું ભાન કરી પોતાનું સ્વરૂપ ઓળખી સ્વશુદ્ધાત્મામાં એકાગ્રતા કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, એ વાત સમજતા જ આપણી બીક નષ્ટ થાય છે. ખરું જોતાં, આપણું સમ્યગ્દર્શનરૂપી કાર્ય પ્રકટ કરવા આપણને કર્મ સામે જોતા રહેવાની જરૂર નથી.

આપણા સમ્યગ્દર્શનરૂપી કાર્યનું કારણ, કેવલજ્ઞાનરૂપી શુદ્ધ કાર્યનું કારણ તો આપણાં પોતાના દ્રવ્યમાં જ વિદ્યમાન છે. હાલ સાંજના નિયમસારના સ્વાધ્યાયમાં એ જ ચર્ચા ચાલુ છે. તમને જાણ છે જ,

હાલ રોજ સાંજે તમારા બાપૂજી ૧ કલાક પ્રવચનસાર અને ૧ કલાક નિયમસાર શાસ્ત્રો પર પ્રવચન કરે છે.

નિયમસારમાં તો વારંવાર કહેવામાં આવે છે કે શુદ્ધ કાર્ય અર્થાત્ સ્વભાવપર્યાય ઉત્પન્ન થતી રહે છે તેનું કારણ તો દ્રવ્યમાં ત્રિકાળ છે જ. કેવલજ્ઞાનરૂપી શુદ્ધ કાર્ય, જેને આચાર્યોએ કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું છે, તેનું કારણ કોણ? જ્ઞાનાવરણ કર્મના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે કે શું? બિલકુલ નહીં. તેનું કારણ તો તે જીવદ્રવ્યમાં ત્રિકાળ વિદ્યમાન છે તેને કારણસ્વભાવજ્ઞાન કહ્યું છે. જ્ઞાનપર્યાયનું તે ત્રિકાલી ઉપાદાનકારણ છે અને કેવલજ્ઞાનરૂપે પર્યાયમાં પ્રગટ થવાનું સામર્થ્ય પ્રત્યેક સમયમાં આપણામાં જ વર્તે છે - વિદ્યમાન હોય છે.

આપણા આ સ્વસામર્થ્યની જ્યારે આપણને જાણ થાય ત્યારે ઈતર પદાર્થોનું મહાત્મ્ય સહજ જ છૂટે છે, તેના પરથી આપણું લક્ષ પણ ખસી જાય છે, આપણી પોતાની - સ્વસામર્થ્યની મહાનતા ભાસિત થવા માંડે છે. તે સમયે આપણા જ્ઞાનનો ઉપયોગ આપણા આ ત્રિકાળી સ્વભાવ પર કેન્દ્રિત થાય છે, એકાગ્ર થાય છે, લીન થાય છે, અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, એ જ સ્વભાવમાં વધુ ને વધુ એકાગ્રતા થતા, શુદ્ધોપયોગ દ્વારા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

જ્યારે કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય તે જ સમયમાં બધા પ્રકારના જ્ઞાનાવરણ કર્મો તેમની પોતાની ઉપાદાનની યોગ્યતાથી પોતે જ ક્ષય પામે છે. એક જ સમયમાં થનાર આ બે ભિન્ન દ્રવ્યોની પર્યાયોમાં નિમિત્ત - નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવાનું શાસ્ત્રમાં કથન આવે છે કે જ્ઞાનાવરણ કર્મના ક્ષયથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ. કર્મનું જે જે કથન આવે ત્યાં જીવનો અને કર્મનો એવો જ નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે એમ આપણે સમજવું અને આવા નિર્ણયપૂર્વક જ જીવસંબંધી અને કર્મસંબંધી કથનોનો આપણે યોગ્ય રીતે અર્થ જાણવો જોઈએ.

જીવોના પરિણામોનું વર્ણન કરતી વખતે તે પરિણામોના નિમિત્તોથી કયા કર્મો બંધાય કે કયા કર્મોનો બંધ થતા અટકે ઈત્યાદિનું કથન શાસ્ત્રમાં કરવામાં આવે છે. તે સમયે કર્મપ્રકૃતિઓની મોટી યાદી (લીસ્ટ) આપવાનું પ્રયોજન નથી પણ તે સમયે જીવના પરિણામ કેવા છે તે દર્શાવવાનો જ હેતુ હોય છે.

હવે અહીં પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વે જે પાંચ લબ્ધિ નિયમથી હોય તેનું સ્વરૂપવર્ણન કરતાં આપણે જીવના પરિણામ અને કર્મોના સ્થિત્યંતરોની કરણાનુયોગના આધારે ચર્ચા કરવાના છીએ. તે સરખું સમજાય માટે કર્મો વિષે પ્રાથમિક માહિતી, થોડા પારિભાષિક શબ્દો તથા તેઓનો અર્થ સમજવો અતિઆવશ્યક છે.

લબ્ધિ એટલે લાભ-પ્રાપ્તિ. લૌકિક જીવનમાં આપણે કોઈપણ બાબતનો-કાર્યનો લાભ માત્ર પૈસામાં જ માનીએ છીએ. હે જીવ ! તું તો ચૈતન્યશક્તિનું પિંડ છે અને ધનસંપત્તિ તો અચેતન-જડ-પુદ્ગલ છે. એ પુદ્ગલમાં વધઘટ થવાથી - લાભ કે હાનિ થવાથી તારું શું લાભ કે નુકશાન થશે? હાં, અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ તારી સાચી ઉપલબ્ધિ છે, સાચો લાભ છે.

આમ પરિપૂર્ણ જ્ઞાન-અનંત જ્ઞાન અને અનંત સુખ તો મોક્ષ પ્રાપ્તિમાં છે. મોક્ષ એટલે જીવની સંપૂર્ણ શુદ્ધિ અને સત્તામાં રહેલ બધા કર્મોનો સંપૂર્ણતઃ નાશ થવો. એ મોક્ષપર્યાય સંવર તથા નિર્જરાપૂર્વક જ થાય. કર્મના બંધની હાનિ થવી તે સંવર અને કર્મસત્ત્વની હાનિ થવી તે નિર્જરા છે. બીજા શબ્દોમાં કહીએ તો નવા બંધ ઓછા પ્રમાણમાં બંધાય તે સંવર અને પહેલાં બાંધેલાં કર્મોમાં ઘટ થવા માંડે તે નિર્જરા છે. જીવના પરિણામોની દૃષ્ટિએ તો શુદ્ધિની ઉત્પત્તિ તે સંવર અને શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા તેમ જ શુદ્ધિની પૂર્ણતા તે મોક્ષ છે.

આ શુદ્ધિ એટલે શુદ્ધોપયોગ - આત્મસ્થિરતા - આત્મલીનતા - શુદ્ધાત્માભિમુખ પરિણામ. જ્યારે આ જીવ શુદ્ધોપયોગમાં હોય ત્યારે તેને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે. રાગદ્વેષરૂપ કષાય દુઃખદાયી હોય છે. છહઢાળામાં કહ્યું છે કે 'રાગાદિ પ્રગટ યે દુઃખદૈન'. શુદ્ધોપયોગ રાગદ્વેષરહિત વીતરાગી પરિણામ હોવાથી તેમાં નિરાકુલતારૂપ સુખનો અનુભવ થાય છે.

તમે પૂછશો, 'એ સુખ કેવું છે?' એ સુખને આપણા ઐહિક સુખની ઉપમા આપી શકાય નહીં. આપણે જેને સુખ માનીએ તે વિષયભોગોમાં તો દુઃખ છે, પણ ભ્રમથી તેને સુખ માનવામાં આવ્યું છે. વિષય શબ્દનો અર્થ પાંચ ઇન્દ્રિયોના વિષયો. આપણને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય દ્વારા અનુક્રમે

પુદ્ગલોના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દોનું જ્ઞાન થાય છે. તેમાંની વિશિષ્ટ પર્યાયોને આ જીવ ઈષ્ટ માને છે અને તેઓને જાણી એમ માને કે 'હું તે પદાર્થોને ભોગવું છું'.

ખરું જોતાં જીવને કોઈ વિશેષ ઈચ્છા થાય, સમજો કોઈને લાડવો ખાવાની ઈચ્છા થઈ ત્યારે તે ઈચ્છાથી તે દુઃખી થાય છે. લાડવો ખાવાથી તેની ઈચ્છા મટે છે અને ઈચ્છાથી ઉત્પન્ન થયેલ દુઃખ ઓછું થાય માટે લાડવો ખાવાથી હું સુખી થયો એમ તે માને છે. પરંતુ સાચે જ લાડવો ખાવાથી સુખ થતું હોય તો વધારે લાડવા ખાવાથી વધુ સુખ થવું જોઈએ. કોઈ બે, ચાર,... પચાસ લાડવા ખાય તો? તે કલ્પનાથી જ પેટમાં ગરબડ થવા માંડે, છે કે નહીં ?

કોઈને લાડવા ખાવાની ઈચ્છા થાય, લાડવા ખાતા ખાતા તેને બીજી ઘણી ઈચ્છાઓ ઉત્પન્ન થતી હોય છે. આ તો આપણા રોજિંદા અનુભવની વાત થઈ. તેથી લાડૂ ખાધો છતાં બીજી અનેક ઈચ્છાઓથી જીવ દુઃખી જ રહે છે. આ વાત એક મજાનો દાખલો - દૃષ્ટાંત આપી સમજાવાય છે. ત્રાજવાના એક પલડામાં અનેક દેડકાઓને એક પછી એક મૂકી તેઓનું એકસાથે વજન કરવા જેવું છે. એક દેડકો મૂકી બીજો હાથમાં લઈએ ત્યાં સુધી પહેલો ટપ દઈને નીચે કૂદકો મારે છે. ઈચ્છાની બાબતમાં પણ કંઈક આવું જ છે. એક ઈચ્છાની પૂર્તિ કરવામાં પ્રયત્નશીલ હોઈએ ત્યારે બીજી દસ ઈચ્છાઓ ઉત્પન્ન થતી હોય છે. ઉપરાંત આપણી ઈચ્છાનુસાર સામેના પદાર્થનું પરિણમન કે તેની પ્રાપ્તિ થતી નથી. તેથી આ જીવ રાગદ્વેષ કરી નિરંતર દુઃખી જ રહે છે. આમ ઈન્દ્રિયસુખ દુઃખદાયક જ છે.

તેથી વિરુદ્ધ અતીન્દ્રિય સુખ આત્મામાંથી ઉત્પન્ન થતું હોવાથી તે સ્વાધીન, સહજ અને વિષયાતીત છે. આત્માને જાણતા રહેવાથી અર્થાત્ શુદ્ધોપયોગમાં રાગદ્વેષના વિકલ્પો ન હોવાથી જીવને નિરાકુલતારૂપ સુખ અનુભવમાં આવે છે. તેને વિષયજનિત કોઈપણ સુખની ઉપમા આપી શકાતી નથી, માટે તે અનુપમ છે, એ સુખ બાધારહિત છે, વત્તુ - ઓછું થતું નથી. વેદનીય કર્મના - સાતા અસાતાના ઉદયથી સંયોગજનિત સુખદુઃખ હીનાધિક થતું હોય છે, પણ આત્મામાં ઉત્પન્ન થતા સુખને કર્મ અટકાવી શકતા નથી.

આવું આ અનુપમ, અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરવાનું કોને નહીં ગમે ભલા ! છહઢાળામાં કહ્યું છે -

**"આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા બિન કહિએ ।**
**આકુલતા શિવમાઁહિ ન, તાતૈ શિવમગ લાગ્યો ચહિએ ॥"**

આકુલતારહિત સુખ મોક્ષમાં હોવાથી જીવે મોક્ષમાર્ગમાં લાગવું જોઈએ. એ જ સાચી ઉપલબ્ધિ છે, એ જ લાભ છે. લૌકિકમાં પૈસાનો-ધનસંપત્તિનો લાભ થાય છતાં પણ કટકટ અને આકુલતાનો અંત ક્યાં છે? તેનો હિસાબ રાખો, તેના પર આયકર ભરો અને આયકર ઓછો કરવા કાયદાની ઝીણવટ જાણી તે પ્રમાણે આખી મહેનત અને ચિંતા કરો. આત્મિક સુખમાં કોઈપણ 'કર' ભરવો પડતો નથી. બધો જ વહેવાર રોકડેથી અને તે પણ ટેક્સ ફ્રી. નાના મોટા, ગરીબ-પૈસાદાર, સ્ત્રી-પુરુષ, એટલું જ નહીં પણ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પણ આ આત્મસુખનો અનુભવ લઈ શકે છે. તે માટે વ્રત વૈકલ્ય, ઉપવાસ, જાત્રા કોઈનીય જરૂર નથી. આવા એ આત્મસુખની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે.

સમ્યગ્દર્શનની તેમ જ આત્માનુભૂતિને વિષે આપણે પહેલાંનાં ત્રાણે પુસ્તકોમાં ચર્ચા કરી જ છે. હવે આપણો વિષય એવો છે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં પહેલાં અને પ્રાપ્ત કરતી વખતે જીવના પરિણામ કેવા હોય છે અને ત્યારે કર્મોમાં શી હીલચાલ થાય છે, તે બધું આપણે જાણી લેવું છે. તે માટે કર્મ વિષે પ્રાથમિક માહિતીથી શરૂઆત કરીએ. તમે એમ ન માનો કે મેં પંચલબ્ધિનો વિષય છોડી 'કર્મકાણ્ડ' શીખવવાની શરૂઆત કરી છે.

પ્રત્યેક જીવ અનાદિકાળથી કર્મોથી બદ્ધ - બંધાયેલ અવસ્થામાં જોવા મળે છે. એવું ક્યારેય બનતું નથી કે પ્રથમ જીવ શુદ્ધ હતો અને પછી તેણે કર્મો બાંધ્યા. જેમ સોનાની ખાણમાં સોનું સુવાર્ણપાષાણરૂપે જડે તેમ જીવ અને કર્મ અનાદિથી એકબીજા સાથે બદ્ધ અવસ્થામાં જ હોય છે. છતાં બન્ને દ્રવ્યોનું અસ્તિત્વ ભિન્ન રહે છે. કર્મ પુદ્ગલ છે અને કાર્માણવર્ગણા નામના પુદ્ગલ સ્કંધોથી બનેલા હોય છે તે તો તમે જાણો જ છો.

કર્મ બાંધવું એટલે કર્મનો બંધ થવો. જીવ પોતે, પોતામાં પોતાની યોગ્યતાથી મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ કરે છે ત્યારે કાર્માણવર્ગણા પોતે જ પોતાની યોગ્યતાથી કર્મરૂપ અવસ્થા ધારણ કરે છે અને જીવ સાથે તેનો સંશ્લેષ સંબંધ થાય છે અર્થાત્ જીવના અસંખ્યાત પ્રદેશોમાં આ કર્મ એકક્ષેત્રાવગાહ સંબંધથી રહે છે. કોઈ વિશિષ્ટ કાલમર્યાદા બાદ કર્મ ફરીથી અકર્મરૂપ થાય, અન્ય પુદ્ગલસ્કંધરૂપ થાય ત્યારે તેનું ફળ મળે છે. તેને કર્મનો ઉદય થયો અથવા કર્મ ખર્યું અથવા કર્મની નિર્જરા થઈ એમ કહે છે. આ સામાન્ય નિર્જરા છે. તે મોક્ષમાર્ગમાં થનાર સંવરપૂર્વકની નિર્જરા નથી.

કર્મનો ઉદય થાય ત્યારે કર્મનું ફળ જીવને મળે છે. તે ફળમાં જીવ ફરીથી ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાથી રાગદ્વેષ કરતો રહે છે અને નિત્ય નવા નવા કર્મો બાંધતો રહે છે.

દીકરીઓ, આપણે પણ અનાદિકાલથી પ્રત્યેક સમયમાં નવા નવા કર્મો બાંધતાં આવ્યા છીએ અને પૂર્વબદ્ધ કર્મોના ફળો પણ પ્રત્યેક સમયે ભોગવતાં આવ્યા છીએ. પ્રત્યેક સમયે જૂના કર્મોનો ઉદય અને નવા કર્મોનો બંધ ચાલુ રહે છે. આમ જીવ સાથે કર્મોની સત્તા નિરંતર વિદ્યમાન રહે છે.

જીવ નિરંતર જુદા જુદા પરિણામ કરતો રહે અને તે દ્વારા જુદા જુદા કર્મો બાંધે અને તદનુસાર ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિમાં સતત ભટકતો રહે છે. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીની વિવિધ પર્યાયોમાં જન્મ લેતા લેતા પોતાને તે પર્યાય સ્વરૂપે જ અનુભવે છે. આ પ્રમાણે આ જીવ 'પર્યાયમૂઢ' બની, ભિખારી બની પરદ્રવ્યો પાસેથી સુખની ભીખ માગતો જ્યાં ત્યાં ભટકતો રહે છે. પોતાની આ દયનીય અવસ્થાનું ભાન થાય તો આપણે જ રડવા માંડીએ, પરંતુ પોતાની મૂર્ખાઈપેટે - અજ્ઞાનપેટે તેમાં જ તે સુખ માની પોતાને મહાન માનતો આવ્યો છે.

પર્યાયમૂઢ એટલે પ્રાપ્ત પર્યાયમાં એકત્વબુદ્ધિ. મનુષ્યપર્યાયનો જીવ પોતાને મનુષ્ય માને, તિર્યંચપર્યાયનો જીવ પોતાને તિર્યંચ માને. તે તે શરીરથી ભિન્ન એવા પોતાના અસ્તિત્વની જાણ તેને નથી હોતી.

અત્યંત દુર્લભ એવો મનુષ્યભવ અને મહાદુર્લભ એવું જિનવાણીશ્રવણનું ભાગ્ય મળ્યું છતાં ધનસંપત્તિની લાલસાથી આ જીવને ભરખી લીધો છે. એ લાલસા તેને ગળે વળગી રાત દિવસ ઢોર જેવી મહેનત કરાવે છે. તેની દુર્દશા તો જુઓ ! ઢોરોને પણ બે ટંક ચારો પાણી અને રાત્રે ઉંઘ મળે છે પણ આ ઉલ્લૂ જીવ ખાવા પિવાની, ઉંઘવાની દરકાર કર્યા વગર દોડે છે સંપત્તિ ભેગી કરવા. ભિખારી ચાર-આઠ આનાની ભીખ માગે છે પણ આ તો મોટો ભિખારી છે. તેના લોભને થોભ જ નથી.

હું બૈરાછોકરાં માટે મહેનત કરું છું એવો ઢોંગ તો તે કરે છે ખરો, પણ બૈરાછોકરાં તરફ જોવાની તેને ફુરસદ પણ છે કે? આત્મિક શાંતિ અને આત્મચિંતનની વાત તો દૂર જ રહી.

હાં, તો કર્મબંધ વિષે આપણે ચર્ચા કરતા હતા. જીવ સાથે કર્મો બંધાયેલ છે. તેનો પ્રચંડ જથ્થો હંમેશ કાયમ રહે છે. તેમાંથી જૂના થોડાક કર્મો હર સમયે નીકળી જતા હોય છે - ઉદય પામે છે અને હર સમયે નવા કર્મો બંધાતા હોય છે. પ્રત્યેક સમયમાં અનંત કર્મ પરમાણું બંધાય - બદ્ધ થાય, તે સંખ્યાને 'સમયપ્રબદ્ધ' એમ કહે છે. પહેલાં બાંધેલા કર્મોમાંથી તેટલા જ અનંત પરમાણુ ઉદય પામી નીકળી જાય છે.

સામાન્યરીતે આપણે કર્મો બાંધ્યા, કર્મો ઉદય પામ્યા એમ કહેતા હોઈએ છતાં તે કર્મોની આઠ જુદી જુદી જાતો છે. તેમનો સ્વભાવ અર્થાત્ પ્રકૃતિ અર્થાત્ કાર્ય જુદા જુદા છે, તેમને કર્મપ્રકૃતિ કહે છે. આ આઠ કર્મપ્રકૃતિને 'મૂલપ્રકૃતિ' કહે છે. તેમના નામો આ મુજબ છે -૧)જ્ઞાનાવરણ ૨)દર્શનાવરણ ૩)મોહનીય ૪)અંતરાય ૫)વેદનીય ૬)આયુ ૭)નામ અને ૮)ગોત્ર. તેમના સ્વભાવાનુસાર જ આ નામો છે. શી રીતે તે હવે જોઈએ.

૧) જ્ઞાનાવરણનો અર્થ જ્ઞાન પર આવરણ. જે કર્મ જ્ઞાન પર આવરણ નાખે અર્થાત્ જ્ઞાનગુણની શક્તિ જ્ઞાનપર્યાયમાં પૂર્ણ પ્રગટ થવા દેતું નથી તે જ્ઞાનાવરણ કર્મ છે. દીકરીઓ ! આ પછી કથન તો આવું નિમિત્તનું જ કરવામાં આવશે કે નિમિત્તે કાર્ય કર્યું - જ્ઞાનાવરણ કર્મે જ્ઞાન પર આવરણ નાખ્યું. પરંતુ અહીં જીવ અને કર્મ અર્થાત્ પુદ્ગલ

એ બે દ્રવ્યોની ભિન્નતા અને સ્વતંત્રતા હંમેશ ખ્યાલમાં રાખી જ તે વિધાનનો અર્થ સમજવો ઈષ્ટ છે. નહીં તો કર્મને જીવનું ભલુંબૂરું કરનારો માનો તો પરાધીનતાની કલ્પનાથી દુઃખી થશો. યોગ્ય અર્થ કરવાની જવાબદારી હવે તમારી છે, કારણ આ વિષય સંબંધી સવિસ્તાર ચર્ચા આપણે 'કારણ કાર્ય રહસ્ય' પુસ્તકમાં કરી છે.

શાસ્ત્રમાં આઠ કર્મોનું સ્વરૂપ જુદા જુદા દૃષ્ટાંત આપી સમજાવ્યું છે. જેમ મૂર્તીનું મુખ વસ્ત્ર વડે ઢાંકતા વસ્ત્રને કારણે આપણને તે મૂર્તીનું વિશેષ જ્ઞાન થઈ શકતું નથી તેમ જ્ઞાનાવરણ કર્મ જ્ઞાન પર આવરણ નાખે છે.

૨) દર્શનાવરણ કર્મ દર્શન પર આવરણ નાખે છે, અર્થાત્ દર્શન ગુણની શક્તિ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થવા દેતી નથી. જેમ રજવાડાને દ્વારે ઉભેલો દ્વારપાળ રાજાને જોવા દેતો નથી, રાજાનું દર્શન થવા દેતો નથી તેમ દર્શનાવરણ કર્મ દર્શન પર આવરણ નાખે છે. દર્શનનો અર્થ સામાન્ય અવલોકન કરવું, તે તો તમે જાણો જ છો.

૩) મોહનીય કર્મ જીવને મોહિત કરે છે, અસાવધાન કરે છે. જેમ મદ્ય કે બીજા કોઈ માદક પદાર્થનું સેવન કરવાથી જીવ બેસાવધ રહે, તેની મતિ મોહિત થાય તેમ મોહનીય કર્મ આત્માને મોહિત કરે છે.

મોહનીય કર્મના બે ભેદ છે. ૧)દર્શનમોહનીય ૨)ચારિત્રમોહનીય. દર્શનમોહનીયના મિથ્યાત્વ કર્મના ઉદયમાં જીવને મિથ્યાત્વ થાય છે, શ્રદ્ધા ગુણનું વિપરીત પરિણમન થાય છે.

ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં જીવનું ક્રોધ, માન, માયા, લોભ તેમ જ હાસ્યાદિ નવ નોકષાયરૂપ પરિણમન થાય છે. જીવ જ્યારે પોતે જ આ રાગદ્વેષાદિ પરિણામ કરે ત્યારે ચારિત્રમોહનીય કર્મનો ઉદય જોવા મળે છે. કર્મ જીવને જબરદસ્તીથી રાગદ્વેષરૂપ પરિણામ કરાવતું નથી.

૪) અંતરાય કર્મ વિઘ્ન અર્થાત્ બાધા નાખવાવાળું કર્મ છે. દાતાર અને પાત્ર ઈત્યાદિમાં પરસ્પર અંતર પાડે તે અંતરાય કર્મ છે. જેમ રાજા કોઈને દાન આપવા ઈચ્છે પણ તેનો ભંડારી અર્થાત્ ખજાનચી તેને તેમ કરવા દેતો નથી, તેમાં બાધા નાખે છે - દાન આપવામાંથી પરાવૃત્ત કરે છે, તેમ અંતરાય કર્મ દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એ બધામાં વિઘ્ન નાખે છે.

દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય જીવના ગુણો છે. અંતરાય કર્મના નિમિત્તે તેઓની શક્તિ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થતી નથી. સ્વભાવપર્યાયરૂપ આનંદનું દાન પોતાને આપવું, તેના લાભ થવો, તેનો ભોગ લેવો, તેનો ફરી ફરીને ભોગ અર્થાત્ ઉપભોગ લેવો એ આ ગુણનું કાર્ય છે. પુરુષાર્થ વીર્ય ગુણનું કાર્ય - પર્યાય છે. સ્વરૂપની રચના પર્યાયમાં કરવી તે વીર્ય ગુણનું કાર્ય છે અર્થાત્ તે પુરુષાર્થ છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય - એ ચાર કર્મોને ઘાતિકર્મ કહે છે. બાકીના ચાર કર્મોને - વેદનીય, આયુ, નામ તથા ગોત્ર કર્મોને અઘાતિકર્મ કહે છે.

૫) વેદનીય કર્મના નિમિત્તે અનુકૂલ કે પ્રતિકૂલ સંયોગ મળે છે અને મોહનીય કર્મના નિમિત્તે જીવ તેમાં ઈષ્ટ-અનિષ્ટતાની કલ્પના કરી સુખી દુઃખી થાય છે. સુખદુઃખના અનુભવ કરાવે તે વેદનીયકર્મ છે. મધ લગાડેલ તરવારની ધાર જેમ સુખદુઃખનું કારણ બને તેમ વેદનીય કર્મ જીવને સુખદુઃખ ઉપજાવે છે. આ સાચા આત્મિક સુખની વાત નથી, પણ ઈન્દ્રિયજનિત તેમ જ મનઘડંત સુખદુઃખની વાત છે.

૬) આયુકર્મના નિમિત્તે જીવ વિવક્ષિત પર્યાયમાં-ગતિમાં જીવન વ્યતીત કરે છે. પર્યાય અર્થાત્ ભવ ધારણ કરવાના નિમિત્તે જે પ્રાપ્ત થાય તે આયુ છે. જેમ બંદીગૃહમાં કેદીને સાંકળથી બાંધે અથવા લાકડાના ખોડામાં તેનો પગ જકડી રાખે જેથી તે પોતાનું સ્થાન છોડી જઈ શકતો નથી - તે જ સ્થાને સ્થિત રહે છે. તેમ આયુકર્મ જીવને કોઈ વિશિષ્ટ પર્યાયમાં - મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકી આદિ પર્યાયોમાં સ્થિત રાખે, મરવા દેતું નથી તેમ જ અન્ય પર્યાય ધારણ કરવા દેતું નથી.

૭) નામકર્મના ઉદયથી શરીરાદિકની રચના થાય છે. નાનાવિધ અથવા અનેક પ્રકારનું કાર્ય ઉત્પન્ન કરે તે નામકર્મ છે. જેમ ચિત્રકાર અનેક પ્રકારના ચિત્રો ચીતરે તેમ નામકર્મ જીવને નરનારકાદિ અનેકરૂપે બનાવે છે.

૮) ગોત્ર કર્મને નિમિત્તે જીવને ઉચ્ચ અથવા નીચ ગોત્ર મળે છે. જેમ કુંભાર માટીના ગોળાની મોટી અથવા નાની વસ્તુઓ

બનાવે, કિંમતી કે હલકી વસ્તુઓ બનાવે, તેમ ગોત્રકર્મ જીવને ઉચ્ચ કે નીચ દશા પ્રાપ્ત કરાવે છે.

આ બધી બાબતો આપણે 'કરણાનુયોગ પરિચય' માં શીખ્યા જ છીએ. અહીં માત્ર સંક્ષેપમાં તેનો ઉલ્લેખ કરીએ છીએ. તે પુસ્તકમાં ફરીથી એકવાર જરૂર વાંચી જાઓ.

દીકરીઓ, કર્મનો બંધ થાય છે એમ આપણે કહીએ, ત્યારે ચાર પ્રકારે તેનું વર્ણન કરવામાં આવે છે. ૧)પ્રકૃતિબંધ ૨)પ્રદેશબંધ ૩)સ્થિતિબંધ ૪)અનુભાગબંધ.

જે કર્મની પ્રકૃતિ બાંધી તેને પ્રકૃતિબંધ કહે છે. ઉપર આપણે કર્મની આઠ મૂલપ્રકૃતિ જોઈ, તે પ્રત્યેકના અનેક ભેદ પ્રભેદ છે. તેને 'ઉત્તરપ્રકૃતિ' કહે છે.

આ આઠ મૂલપ્રકૃતિઓના બંધ તથા ઉદય સતત - પ્રતિસમય ચાલુ રહે છે, જેમાં અપવાદ માત્ર આયુકર્મના બંધનો છે. કારણ આયુકર્મનો બંધ ક્યારેક ક્યારેક થાય પણ ઈતર સાત કર્મોનો બંધ તો હર સમયે થતો હોય છે. આ સાત કર્મોની ઉત્તરપ્રકૃતિઓનો બંધ વિશિષ્ટ ગુણસ્થાનમાં અને વિશિષ્ટ ગતિના જીવોને જુદો જુદો થતો હોય છે. હવે આપણે ઉત્તરપ્રકૃતિઓના નામો જોઈએ.

આમાં ભવાં ચઢાવવાનું કાંઈ જ કારણ નથી. ચિંતાનું કાંઈ જ કારણ નથી. તેમાંની ઝીણવટ સમજાય અને કયા જીવને કયો બંધ થાય, સમ્યક્ત્વની પ્રાપ્તિપૂર્વે તેમ જ પ્રાપ્ત થયા બાદ ઉત્તરપ્રકૃતિઓનો બંધ કેવી રીતે ઓછો ઓછો થતો જાય, બંધનો અભાવ કઈ રીતે થાય એને કર્મ કઈ રીતે નષ્ટ થાય ઈત્યાદિ બાબતો સમજવાથી સંસાર પરિભ્રમણનું રહસ્ય તો સમજાય જ પણ તેમાંથી છૂટવાનું - મોક્ષમાર્ગનું સ્વરૂપ પણ સરખું સમજાય છે. સિવાય આ બધી માહિતી રોચક તો છે જ. તેની ચર્ચા આપણે આગળના પત્રમાં કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# કર્મ-ઉત્તરપ્રકૃતિ

પત્રાંક ૨ ૧૯ મે ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

'કરણાનુયોગ પરિચય' નામના પુસ્તકરૂપ સ્વાધ્યાયબાદ ફરી એકવાર કરણાનુયોગ વિષે જાણવા તમે બન્ને ઉત્સુક છો - જાણી ખુશી થાય છે.

મૂલપ્રકૃતિઓનું સ્વરૂપ જાણ્યાબાદ હવે થોડી ચર્ચા ઉત્તરપ્રકૃતિ વિષે કરીએ.

જ્ઞાનાવરણ કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે. તે આ પ્રમાણેઃ ૧)મતિજ્ઞાનાવરણ ૨)શ્રુતજ્ઞાનાવરણ ૩)અવધિજ્ઞાનાવરણ ૪)મનઃપર્યયજ્ઞાનાવરણ ૫)કેવલજ્ઞાનાવરણ.

જ્ઞાનની પાંચ પર્યાયોના નામ તો તમે જાણો જ છો, તેની આગળ 'આવરણ' શબ્દ જોડીએ કે તે તે વિશિષ્ટ જ્ઞાન પર આવરણ નાખવાવાળી કર્મપ્રકૃતિઓના નામ આપણે સહજ-સહેલાઈથી યાદ રાખી શકીએ.

દર્શનાવરણ કર્મની નવ ઉત્તરપ્રકૃતિઓ છે. તમે પૂછશો, 'દર્શનગુણની તો ચાર જ પર્યાય અમે જાણીએ, તો પછી દર્શનાવરણની નવ પ્રકૃતિઓ શી રીતે હોઈ શકે?'

સારો પ્રશ્ન છે. દર્શનગુણની ચાર પર્યાય છે - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન. તેઓની સાથે આવરણ શબ્દ જોડતાં દર્શનાવરણની ચાર ઉત્તરપ્રકૃતિઓના નામ આપણે સહેલાઈથી જાણી શકીએ. તે પ્રકૃતિઓ આ મુજબ છે- ૧)ચક્ષુદર્શનાવરણ ૨)અચક્ષુદર્શનાવરણ ૩)અવધિદર્શનાવરણ ૪)કેવલદર્શનાવરણ. તદ્ઉપરાંત નિદ્રા કર્મની પાંચ પ્રકૃતિ છે. અત્યંત ગાઢ નિદ્રાથી માંડી અત્યંત તરલ નિદ્રા સુધી કર્મોના નામો આ પ્રમાણે છે ૧)સ્ત્યાનગૃદ્ધિ ૨)નિદ્રાનિદ્રા ૩)પ્રચલા પ્રચલા ૪)નિદ્રા ૫)પ્રચલા.

સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણના ઉદયમાં જીવને ગાઢ નિદ્રા આવે છે, જગાડીએ છતાં જાગતો નથી, સૂઈ જ રહે છે. ઉંઘમાં તે ઘણા કાર્યો

કરે છે, બોલે છે, કોઈ પ્રકારનું સાવધાનપણું હોતું નથી.

નિદ્રાનિદ્રા કર્મના ઉદયમાં તે આંખો ખોલવામાં અસમર્થ હોય છે. પ્રચલાપ્રચલા કર્મના ઉદયમાં ઉંઘમાં મોં વાટે લાળ વહે છે, હાથ પગ હલે છે. નિદ્રા કર્મના ઉદયમાં ચાલનારો ઉભો રહે છે, ઉભો હોય તે બેસે કે આડો પડે છે. મદ, ખેદ વગેરે મટાડવા સૂએ છે. પ્રચલા કર્મના ઉદયમાં જીવ અધૂરો ઉંઘે છે - સૂતા સૂતા પણ થોડું થોડું જાણે છે. વારંવાર હલકી નીંદર આવે છે, આંખો અધૂરી અધૂરી ખુલ્લી રાખી ઉંઘે છે. બાકીના ચાર દર્શનાવરણ કર્મોનો અર્થ અને તેઓના કાર્ય તો નામ પ્રમાણે જ છે, તેનો તમને ખ્યાલ આવ્યો જ હશે.

મોહનીયકર્મના બે પ્રકાર છે - દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. તેમાંથી દર્શનમોહનીય કર્મની ત્રણ ઉત્તરપ્રકૃતિઓ છે - ૧)મિથ્યાત્વ ૨)સમ્યગ્મિથ્યાત્વ ૩)સમ્યક્ પ્રકૃતિ.

આ ત્રણ પ્રકૃતિઓમાંથી બંધ માત્ર મિથ્યાત્વ પ્રકૃતિનો જ થાય છે. પ્રથમોપશમ સમ્યક્ત્વના કાલમાં એના જ ત્રણ ટુકડા થાય છે. તે વિષે ચર્ચા આગળ આવશે જ.

ચારિત્રમોહનીય કર્મની પચ્ચીસ ઉત્તરપ્રકૃતિઓ છે. જીવના કષાયોના અને નોકષાયોના નામ અને તે પ્રકૃતિઓના નામ એ જ છે.

જીવના રાગાદિભાવોને કષાય કહે છે અને આ છે કષાયકર્મ. જેમ કે જીવનો ક્રોધ કષાય છે અને કર્મમાં ક્રોધ કર્મ છે. તે નામો તો તમે જાણો જ છો - તે આ પ્રમાણેઃ-

| | |
|---|---|
| અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ | - ૪ કષાયકર્મ |
| અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ | - ૪ કષાયકર્મ |
| પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ | - ૪ કષાયકર્મ |
| સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ | - ૪ કષાયકર્મ |
| હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા | - ૬ નોકષાયકર્મ |
| સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ | - ૩ નોકષાયકર્મ |

આમ કુલ પચ્ચીસ ભેદ હોય છે.

અંતરાય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિ છે તે આ પ્રમાણે -

૧)દાનાંતરાય ૨)લાભાંતરાય ૩)ભોગાંતરાય ૪)ઉપભોગાંતરાય ૫)વીર્યાંતરાય.

દાનાદિ પાંચ ગુણોના નામો તો આપણે પહેલાં જોયા જ છે. તેની આગળ અંતરાય શબ્દ જોડી તે પાંચ નામો તમે સહેલાઈથી યાદ રાખી શકો.

વેદનીયકર્મની બે ઉત્તરપ્રકૃતિઓ છે. ૧) સાતાવેદનીય ૨) અસાતાવેદનીય.

રતિમોહનીય કર્મના ઉદયમાં ઈન્દ્રિયવિષયોમાં સુખ ઉત્પન્ન કરાવે તે સાતાવેદનીય કર્મ છે અને અરતિમોહનીય કર્મના ઉદયમાં ઈન્દ્રિયવિષયોમાં દુઃખ ઉત્પન્ન કરાવે તે અસાતાવેદનીય કર્મ છે.

આયુકર્મની ચાર ઉત્તરપ્રકૃતિઓ છે - ૧) મનુષ્યાયુ ૨) દેવાયુ ૩)તિર્યંચાયુ ૪) નરકાયુ.

નામકર્મની ત્રાણુ ઉત્તરપ્રકૃતિ જોવા પૂર્વે ગોત્ર કર્મની બે ઉત્તરપ્રકૃતિઓ જોઈએ. તે આ પ્રમાણે ૧) ઉચ્ચગોત્ર ૨) નીચગોત્ર.

નામકર્મની ત્રાણુ ઉત્તરપ્રકૃતિઓના ત્રાણુ સંખ્યાથી ગભરાવાની કંઈ જરૂર નથી. તેમાં પિંડપ્રકૃતિ અર્થાત્ ગ્રુપવાળી પ્રકૃતિ ચૌદ છે અને બાકીની અપિંડપ્રકૃતિ અર્થાત્ એક એક પ્રકૃતિ અઠિયાવીસ છે. તેમાં યુગલ એટલે કે જોડકાવાળી પ્રકૃતિઓ તરફ ધ્યાન આપીએ તો સહેલાઈથી તે નામો યાદ રહે છે.

પ્રથમ તેમના નામો લખી ત્યારબાદ પ્રત્યેકનું સ્વરૂપ જોઈએઃ

| | | | |
|---|---|---|---|
| ૧) ગતિ-૪ | ૨) જાતિ-૫ | ૩) શરીર-૫ | ૪) બંધન-૫ |
| ૫) સંઘાત-૫ | ૬) સંસ્થાન-૬ | ૭) સંહનન-૬ | ૮) અંગોપાંગ-૩ |
| ૯) સ્પર્શ-૮ | ૧૦) રસ-૫ | ૧૧) ગંધ-૨ | ૧૨) વર્ણ-૫ |
| ૧૩) ગત્યાનુપૂર્વી-૪ | ૧૪) વિહાયોગતિ-૨ | ૧૫) અગુરુલઘુ | ૧૬) ઉપઘાત |
| ૧૭)પરઘાત | ૧૮) ઉચ્છ્વાસ | ૧૯) આતપ | ૨૦) ઉદ્યોત |
| ૨૧)ત્રસ | ૨૨) સ્થાવર | ૨૩) બાદર | ૨૪) સૂક્ષ્મ |
| ૨૫) પર્યાપ્ત | ૨૬) અપર્યાપ્ત | ૨૭) પ્રત્યેક | ૨૮) સાધારણ |
| ૨૯) સ્થિર | ૩૦) અસ્થિર | ૩૧) શુભ | ૩૨) અશુભ |

૩૩) સુભગ ૩૪) દુર્ભગ ૩૫) સુસ્વર ૩૬) દુસ્વર
૩૭) આદેય ૩૮) અનાદેય ૩૯) યશઃકીર્તિ ૪૦) અયશઃકીર્તિ
૪૧) તીર્થંકર ૪૨) નિર્માણ.

આમાં પહેલા ચૌદ નામો તો પિંડપ્રકૃતિના છે અને બીજા નામોમાં ઘણી બધી જોડીઓ છે. થોડી ટેવથી આ નામો સહેલાઈથી યાદ રખાશે. તેનો અર્થ જાણવા તમે ઉત્સુક હશો પણ તે પહેલાં તેમનું પ્રયોજન જાણી લો.

શરીરના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આકાર, ગતિ, ઈન્દ્રિયો, હાડકાઓની રચના અને મજબૂતી, ચાલ, અવાજ વિગેરે અનેક બાબતો નામકર્મના ઉદયને નિમિત્તે થાય છે. તે સમજાતા 'શરીર જ હું છું' એવી અનાદિની જૂઠી માન્યતા એની મેળે જ નષ્ટ થાય છે.

કર્મપ્રકૃતિઓના નામો મોઢે કરી પોતાની બુદ્ધિની કસરત કરી બતાવવાનું આપણું પ્રયોજન નથી, પણ આ કર્મોના ફલસ્વરૂપ પ્રાપ્ત થનાર વસ્તુથી હું ભિન્ન છું એવું ભેદજ્ઞાન કરવું એ જ એકમાત્ર પ્રયોજન છે.

શરીર ભિન્ન છે, કર્મ ભિન્ન છે અને જીવ ભિન્ન છે. પ્રત્યેકનું પોતાનું પરિણમન પોતામાં પોતાને કારણે જ થાય, પણ તેઓમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોવા મળે છે. તેથી નામકર્મને કારણે શરીરની રચના થઈ કે જીવે કર્મો બાંધ્યા એમ આપણે કહીએ છીએ. એવું કથન કરીએ તોપણ પ્રત્યેક પરમાણુની અને પ્રત્યેક જીવની સ્વતંત્રતા આપણે ખ્યાલમાં રાખવી જોઈએ.

તમે કહેશો, 'નામકર્મના નિમિત્તે શરીરની વિશિષ્ટ રચના થાય એમ તું કહે છે. અમે તો આજકાલ પ્રત્યક્ષ જોઈએ છીએ - સાંભળીએ છીએ કે આપણાં વૈજ્ઞાનિક(સંશોધકો) તેઓની પ્રયોગશાળામાં જોઈએ તે વર્ણાદિના શરીરવાળા જીવોની ઉત્પત્તિ કરે છે. ટેસ્ટ ટ્યૂબ બેબી, ક્લોન્સ, વિગેરેનું નિર્માણ થવા માંડ્યું છે, તો પછી આ તારા કર્મોનું શુ થયું?'

દીકરીઓ, સૌપ્રથમ એક બાબત પાકી યાદ રાખો કે કર્મ સંબંધીનું આ જ્ઞાન કે કથન આપણને સર્વજ્ઞ પાસેથી પ્રાપ્ત થયેલું છે, હું મારું પોતાનું કાંઈ પણ કથન કરતી નથી.

બીજી વાત, વૈજ્ઞાનિકોએ જીવની નિર્મિતિ કરી કે શરીરાદિ

પુદ્દગલની? અસ્તિત્વગુણ, જે સામાન્ય ગુણ હોવાને કારણે બધા દ્રવ્યોમાં જોવામાં આવે છે, તેના નિમિત્તે દ્રવ્યનો ક્યારેય નાશ થતો નથી અને દ્રવ્ય કોઈના વડે કદી ઉત્પન્ન થતું નથી. આ વિષય પર આપણે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેથી એ સિદ્ધ થાય કે વૈજ્ઞાનિકોએ ન તો જીવને ઉત્પન્ન કર્યો કે ન શરીરને ઉત્પન્ન કર્યું. તે જીવ અન્યત્ર ક્યાંક પણ મરી આ ઠેકાણે પોતાની યોગ્યતાથી જન્મ્યો છે. કોઈપણ જીવ કદી પણ નવેસરથી ઉત્પન્ન થઈ શકતો નથી.

તમે કહેશો, 'વૈજ્ઞાનિકોએ તેના શરીરની રચના તો પોતાની ઈચ્છા અનુસાર કરી બતાવી ને?'

શરીર પુદ્દગલ સ્કંધ છે, આહારવર્ગણાથી તેની રચના થાય છે. આહારવર્ગણા અનંતાનંત પુદ્દગલ પરમાણુઓનો સ્કંધ છે. તો પછી તમે હવે મને કહો કે વૈજ્ઞાનિકોએ પુદ્દગલ પરમાણુ ઉત્પન્ન કર્યો કે તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિગેરે ગુણ બનાવ્યા કે તેઓની પર્યાયો બનાવી?

તમે કહેશો, 'દ્રવ્ય અને ગુણોને તો કોઈ બનાવતું નથી, એ તો અનાદિઅનંત કાયમ રહે છે. ત્યારે તેઓએ તેઓને જોઈતી પર્યાય તૈયાર કરી બતાવી. જુઓ ને, તેઓએ લીલા રંગનુ સસલું ઉત્પન્ન કર્યું, સિવાય તદ્દન એકસરખા ઘેટાં તૈયાર કર્યા.'

દીકરીઓ, આપણે પહેલાં જ એવું શીખેલા અને સિદ્ધ પણ કર્યું હતું કે પ્રત્યેક દ્રવ્યની અથવા ગુણની પ્રત્યેક પર્યાય તેઓના સ્વસામર્થ્યથી જ ઉત્પન્ન થાય છે અને પ્રત્યેક દ્રવ્યના પ્રત્યેક ગુણની અનાદિઅનંત અવસ્થાઓ સુનિશ્ચિત થાય છે, કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાય પણ કરશે અને બીજા દ્રવ્યની પર્યાય પણ કરશે એવું ત્રણ કાળમાં કદી પણ બની શકતું નથી. વૈજ્ઞાનિક પોતાનું (આત્માનું) કાર્ય કરે અને તેઓના શરીરનું કાર્ય કરે એ વાત પણ અસંભવ છે. ત્યારે તે બીજા જીવોના શરીર તેઓની ઈચ્છાનુસાર જોઈએ તેવું બનાવી શકે એ માન્યતા તો મહામિથ્યાત્વની દ્યોતક છે.

વૈજ્ઞાનિક અર્થાત્ સંશોધક પણ શોધ કરે, પહેલાં જે ન જાણતા હોય તે જાણી લ્યે છે. કંઈ બનાવતા તો નથી. તેઓ ન તો નવા દ્રવ્યની નિર્મિતિ કરે છે કે નથી તેમાં નવા ગુણો ઉમેરતા અને ન તેઓની પર્યાયો પોતાની મરજી મુજબ બદલી શકે છે. તેઓ તેમ કરી જ શકતા નથી.

વૈજ્ઞાનિકોની તથા તેઓના સંશોધનની તમે પ્રશંસા કરો છો અથવા તેમના વિષે તમને આદરભાવ પેદા થાય છે પણ તમે એ જાણો છો કે મહાન હિંસાપૂર્વક આ ક્લોન ઉત્પન્ન કરવામાં આવે છે?

જેને એમ્બ્રિયો (ગર્ભ) કહે છે તેમાંની વિવક્ષિત પેશી - સેલ્સ કે ટિશ્યૂ કાઢી લઈ તેના પર આ પ્રયોગો કરવામાં આવે છે. અનેક એમ્બ્રિયો નષ્ટ થાય ત્યારે ક્યાં જોઈએ તેવા સેલ્સ કે ટિશ્યૂ મળે છે. એમ્બ્રિયો અર્થાત્ ગર્ભ. પછી તે માના ઉદરમાં વધતો હોય અથવા ટેસ્ટ ટ્યૂબમાં પણ તે તો એક પર્યાપ્ત મનુષ્યભવ જ છે. એક ખૂન કરનારને કાયદાથી સજા અથવા દંડ આપવામાં આવે છે પણ સંશોધનના નામ હેઠળ હજારો એમ્બ્રિયો પેદા કરી નષ્ટ કરવામાં આવે છે. માટે આવા પ્રકારના સંશોધન વિષે આદરબુદ્ધિ રાખવી એ મહાન હિંસાને અનુમોદના આપવા જેવું છે, જેમાં હિંસા જેટલું જ પાપ લાગે છે.

તમે બેઉએ 'એમ્બ્રિયોલૉજી' વિષયનો પહેલાં અભ્યાસ કર્યો છે. મોના તું તો મેડિકલમાં એ ભાણી છે અને રીના તું પણ ચાઈલ્ડ ડેવ્હલપમેન્ટ વિષયમાં તે ભાણી છે. મને સાંભરે છે કે રીનાએ એક વાત તરફ મારું ધ્યાન દોર્યું હતું અને તેના પર વિચાર કરવા મને પ્રવૃત્ત કરી હતી. ગર્ભનિરોધ માટે કૉપર ટી નો વપરાશ કરવામાં આવે છે. તેને કારણે ગર્ભ ગર્ભાશયમાં ટકી શકતો નથી, પડી જાય છે અર્થાત્ ગર્ભધારણ તો થાય પણ પ્રતિકૂલ પરિસ્થિતિને કારણે ત્યાં તે રહી શકતો નથી. રીનાએ ત્યારે મને પૂછ્યું હતું કે કૉપર ટી વાપરવાની સલાહ આપવી તે ગર્ભપાત જેટલું જ મહાપાપ શું નથી ?

ઠીક છે, જુઓ, કોઈ વિષયની સવિસ્તાર જાણકારી મેળવતાં તેમાં યોગ્ય અયોગ્યતાનો નિર્ણય આપણે પોતે જ કરી શકીએ. અહીં પણ કર્મો વિષે માહિતી કરી લેવાનું પ્રયોજન એ જ છે કે તે દ્વારા કર્મથી ભિન્ન એવા નિજશુદ્ધાત્માની આપણને પહેચાન થાય-જ્ઞાન થાય. આજ સુધી કર્મોદયથી પ્રાપ્ત થનાર બાબતોને જ આપણે આપણું સ્વરૂપ અને વૈભવ માન્યું હતું. તેનાથી ભિન્ન હું કોઈ મહાન વૈભવધારી પદાર્થ છું તે કદી જાણ્યું જ ન હતું, તેને વિષે સાંભળ્યુંય ન હતું, તેથી તેમ માન્યું પણ નહોતું.

નામકર્મને કારણે શરીરની રચના થાય એ પણ નિમિત્તનું કથન છે. પહેલાં આપણે શીખ્યા હતાં કે યોગના નિમિત્તે જીવ કર્મનો અને નોકર્મનો ગ્રહણ કરે છે. તમે જ વિચાર કરો કે જ્યાં સુધી આપણે

મનુષ્યગતિમાં છીએ ત્યાં સુધી ઔદારિક શરીરના જ પરમાણુ શા માટે ગ્રહણ કરીએ? વૈક્રિયિક જાતિના પરમાણુ કેમ ગ્રહણ કરતા નથી? કાળો માણસ કાળા જ રંગના પરમાણુ કેમ ગ્રહણ કરે છે?

તેનું કારણ છે વિશિષ્ટ નામકર્મનો ઉદય. મનુષ્ય તથા તિર્યંચમાં ઔદારિક શરીર નામકર્મનો ઉદય હોય છે તેથી તે ઔદારિક જાતિના પરમાણુ ગ્રહણ કરે છે. તેની સાથે જ વિશિષ્ટ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નામના નામકર્મના ઉદયમાં વિશિષ્ટ તે જ પ્રકારના પરમાણુ ગ્રહણ કરાય છે પણ તેને નામકર્મના નિમિત્તથી થનારી પુદ્‌ગલની અવસ્થા ન જાણવાને કારણે અજ્ઞાની જીવ તેને જ પોતાનું સ્વરૂપ જાણે અને માને છે.

સમયસાર પરિશિષ્ટ પર આપેલ પ્રવચનમાં પૂ. શ્રી કાનજીસ્વામીજી કહે છે -

"અજ્ઞાની જીવ પોતાના અસ્તિત્વને ઓળખ્યાવિના, માન્યાવિના પરદ્રવ્યના ભાવ અર્થાત્ પર્યાય જ હું છું એમ માને છે. જ્ઞાનમાં તો અચેતન તથા ચેતન બન્ને ભાવો જણાય છે પણ અચેતન ભાવ અથવા સ્પર્શાદિ તે જ મારું અસ્તિત્વ એમ અજ્ઞાની માને છે. મારું શરીર, મારો ફોટો, મારું ઘર, મારાં કપડાં એવું જ એણે આજ સુધી માન્યું છે અને એ બધું મેળવવામાં તેમ જ ટકાવવામાં તેના અનંત ભવો બરબાદ થયા છે. પોતામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ અનંત ભાવો છે તેમને ન માનતો અચેતન ભાવોને પોતાના માની અજ્ઞાની અચેતન બન્યો છે, તેણે પોતાના ચૈતન્યનો નાશ કર્યો છે" આત્મહત્યા કરી છે. આત્મઘાતી તો મહાપાપી હોય છે ને? તેઓ આગળ કહે છે, "જ્ઞાની ધર્મી જીવ માને છે કે હું સ્વભાવ અને પરભાવને જાણનારો છું, પરંતુ હું પરભાવરૂપ નથી. પોતાના જ્ઞાનમાં - પોતાના ભાવમાં પરભાવ જણાય તે આપણો પોતાનો ભાવ છે."

આ વિગતો લક્ષમાં રાખી હવે આપણે નામકર્મના ત્રાણું ઉત્તરપ્રકૃતિઓનું સ્વરૂપ તથા તેઓનું કાર્ય વિષે ચર્ચા કરીએ. મને ખબર છે કે તમે પણ તે જાણવા ઉત્સુક છો. આગળ લબ્ધિના પ્રકરણમાં એ પ્રકૃતિ વિષે ચર્ચા આવશે ત્યારે ગોટાળો ન થાય માટે હમણા જ આ વિષેની ચર્ચા કરવી આવશ્યક છે એમ મને લાગે છે.

**ગતિ નામકર્મ:-** જેના ઉદયથી આત્મા એક પર્યાયમાંથી બીજી પર્યાયમાં જાય, ગમન કરે, તેને ગતિ નામકર્મ કહેવાય છે. જેના ઉદયથી

નરકપર્યાય મળે તે નરકગતિ નામકર્મ છે. જેના ઉદયથી તિર્યંચપર્યાય થાય તે તિર્યંચગતિ નામકર્મ છે. જેના ઉદયથી મનુષ્યપર્યાય થાય તે મનુષ્યગતિ નામકર્મ છે અને જેના ઉદયથી દેવપર્યાય થાય તે દેવગતિ નામકર્મ છે.

**જાતિ નામકર્મઃ-** જાતિ નામકર્મ પાંચ પ્રકારના છે - એકેન્દ્રિય જાતિ, દ્વીન્દ્રિયજાતિ, ત્રીન્દ્રિયજાતિ, ચતુરિન્દ્રિયજાતિ અને પંચેન્દ્રિયજાતિ નામકર્મ. જેટલા બધા એકેન્દ્રિય જીવ છે તેમનામાં એકેન્દ્રિય અસ્તિત્વની અપેક્ષાએ સમાનતા છે, તેને સાદશ્યભાવ કહે છે. એકેન્દ્રિય તથા દ્વીન્દ્રિય એકસમાન થઈ એકબીજામાં ભળતાં નથી એકબીજા જેવા થઈ શકતાં નથી માટે તેને અવ્યભિચારી કહેવામાં આવ્યું છે. અવ્યભિચારી સાદશ્યભાવના આધાર પર જીવ ભેગા કરવામાં આવે છે, તેમનો ગ્રુપ કરવામાં આવે છે, તેને 'જાતિ' કહેવાય છે.

જે કર્મના ઉદયથી જીવ એકેન્દ્રિય કહેવાય છે તે એકેન્દ્રિય જાતિ નામકર્મ છે. વર્તમાનમાં આપણો પંચેન્દ્રિયજાતિ નામકર્મનો ઉદય ચાલુ છે અને આપણે પંચેન્દ્રિય જાતિ જીવ કહેવડાવીએ છીએ.

જુઓ જોઉં, આપણા રાગદ્વેષાદિ પરિણામોથી જુદે જુદે સમયે જુદી જુદી ગતિ, જાતિ, ઈત્યાદિ નામકર્મ બંધાય છે અને તે કર્મોના ઉદયમાં તેવી અવસ્થા પ્રાપ્ત થાય. જીવત્વ શક્તિની અપેક્ષાએ બધા જીવ સમાન હોય છતાં વિવિધ જીવ વિવિધ પર્યાયોમાં જોવા મળે છે - ચાર ગતિ અને પાંચ જાતિઓમાં જોવા મળે છે. જીવની આ વિવિધ પર્યાય તો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. કેટલાક લોકો તો કર્મના અસ્તિત્વનો જ અસ્વીકાર કરે છે. આઠ કર્મોના ઉદયમાં જીવોને જુદા જુદા ફળ મળે, જુદા જુદા સંયોગ મળે છે તેને આધારે કર્મનું અસ્તિત્વ સહેલાઈથી સિદ્ધ થાય છે.

**શરીર નામકર્મઃ-** જેના ઉદયમાં શરીરની ઉત્પત્તિ થાય છે તે શરીર નામકર્મ છે. તે પાંચ પ્રકારના છે ૧)ઔદારિકશરીર નામકર્મ ૨)વૈક્રિયિકશરીર નામકર્મ ૩)આહારકશરીર નામકર્મ ૪)તેજસશરીર નામકર્મ ૫)કાર્માણશરીર નામકર્મ.

**બંધન નામકર્મઃ-** તે તે શરીરને નામે બંધન નામકર્મ છે. તે પણ પાંચ પ્રકારના છે. ૧)ઔદારિકબંધન નામકર્મ ૨)વૈક્રિયિકબંધન નામકર્મ ૩)આહારકબંધન નામકર્મ ૪)તેજસબંધન નામકર્મ ૫) કાર્માણબંધન નામકર્મ.

શરીર નામકર્મના ઉદયમાં આહારવર્ગણાદિરૂપ પુદ્ગલ સ્કંધોનું ગ્રહણ કરવામાં આવે છે. તેઓના પ્રદેશોનો સીધે સીધો સંશ્લેષ સંબંધ તેઓના ઉદયમાં થાય છે તે બંધન નામકર્મ છે.

**સંઘાત નામકર્મ:-** જેના ઉદયમાં ઔદારિકાદિ શરીર છિદ્રરહિત એકક્ષેત્રાવગાહરૂપે એકત્વપણું પ્રાપ્ત કરે છે તેને ઔદારિકાદિસંઘાત નામકર્મ કહેવામાં આવે છે. શરીરોના નામના જ આ પાંચ સંઘાત નામકર્મ છે. ૧)ઔદારિકસંઘાત નામકર્મ ૨)વૈક્રિયિકસંઘાત નામકર્મ ૩)આહારકસંઘાત નામકર્મ ૪)તેજસસંઘાત નામકર્મ ૫)કાર્માણસંઘાત નામકર્મ.

**સંસ્થાન નામકર્મ:-** જેના ઉદયમાં ઔદારિકાદિ શરીરોનો આકાર ઉત્પન્ન થાય તેને સંસ્થાન નામકર્મ કહેવાય છે. તે છ પ્રકારના છે-

૧)સમચતુરસ્રસંસ્થાન - સમાન ચોરસ આકાર - બંધાયેલ આકાર.

૨)ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન - વડના ઝાડ જેવો - ઉપરનો ભાગ મોટો અને નીચેનો પતલો.

૩)સ્વાતિ સંસ્થાન - ઉપરનો ભાગ પતલો-ઝીણો અને નીચેનો મોટો.

૪)કુબ્જક સંસ્થાન - કુબડો.

૫)વામન સંસ્થાન - બટકો.

૬)હુંડક સંસ્થાન - અનેક અવક્તવ્ય આકાર.

**અંગોપાંગ નામકર્મ:-** જેના ઉદયમાં શરીરમાં અંગ અને ઉપાંગ એવા ભેદ હોય છે, તે અંગોપાંગ નામકર્મ છે. સ્થાવર, એકેન્દ્રિય જીવોને આનો ઉદય હોતો નથી. માત્ર ત્રસ જીવોને હોય છે. અંગ એટલે મુખ્ય અવયવ. હાથ, પગ, માથું ઈત્યાદિ અને ઉપાંગ એટલે આંગળા વિગેરે નાના અવયવો. આ કર્મના ત્રણ ભેદ છે - ૧)ઔદારિક અંગોપાંગ ૨)વૈક્રિયિક અંગોપાંગ ૩)આહારક અંગોપાંગ.

**સંહનન નામકર્મ:-** સંહનન શબ્દ તમે ઘણી વાર સાંભળ્યો હશે. હવે તેનો અર્થ તમારા ધ્યાનમાં બરાબર આવશે. જેના ઉદયમાં હાડકાઓની વિશેષ મજબૂતી અને તેના બંધારણનું વૈશિષ્ટ્ય જોવા મળે તેને સંહનન નામકર્મ કહે છે. સંહનન એટલે હાડકાઓનો સમૂહ. સંહનન નામકર્મ છ પ્રકારનું છે તેના ઉદયમાં છ પ્રકારનું સંહનન પ્રાપ્ત થાય છે. સંહનન નામકર્મનો ઉદય મનુષ્ય અને દ્વીન્દ્રિયાદિ તિર્યંચોમાં જ હોય છે, એકેન્દ્રિય જીવ, દેવ અને નારકી જીવોમાં એનો ઉદય નથી હોતો.

૧)વજ્રવૃષભનારાચ સંહનન - જે શરીરમાં વજ્રમય હાડકા, વજ્રમય વેષ્ટનો દ્વારા વેષ્ટિત છે અને વજ્રમય નારાચ દ્વારા કીલિત છે તેને વજ્રવૃષભનારાચ સંહનન કહેવામાં આવે છે. જે વજ્રસમાન અભેદ્ય છે તેને વજ્ર કહે છે. વૃષભ એટલે તેનું બંધારણ અને નારાચ એટલે ખીલો. જેમ લોખંડનો ખીલો લાકડામાં ઠોકે તેમ હાડકાના સાંધા નારાચ દ્વારા કીલિત હોય છે.

૨) વજ્રનારાચ સંહનન - જે શરીરમાં હાડકા તો વજ્ર જેવા છે પણ વજ્રનું વૃષભ નથી પણ સામાન્ય વૃષભ છે, પરંતુ નારાચ વજ્ર જેવું છે તેને વજ્રનારાચ સંહનન કહે છે.

૩)નારાચ સંહનન - શરીરના હાડકાના સાંધા સામાન્ય નારાચ દ્વારા કીલિત છે પણ વજ્રસમાન નારાચ દ્વારા કીલિત નથી, તેને નારાચ સંહનન કહે છે.

૪)અર્ધનારાચ સંહનન - જે શરીરમાં હાડકાના સાંધા નારાચ દ્વારા અર્ધ કીલિત છે, તેને અર્ધનારાચ સંહનન કહે છે.

૫) કીલિત સંહનન - જે શરીરમાં વજ્રના હાડકા નથી અને તે પરસ્પર કીલિત છે તેને કીલિત સંહનન કહે છે.

૬)અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન - જે શરીરમાં હાડકા પરસ્પરમાં પ્રાપ્ત થતા નથી, સરીસૃપોના હાડકાં જેમ શિરાઓથી જે હાડકા સીધા બંધાયેલ હોય તેને અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન કહે છે.

પહેલાં આપણે 'કારણ કાર્ય રહસ્ય' પુસ્તકમાં નિમિત્ત ઉપાદાન - પ્રકરણમાં જોયું હતું કે ચરમશરીરધારી જીવોને અર્થાત્ તે જ ભવમાં મોક્ષે જનારા જીવોને પહેલું અર્થાત્ વજ્રવૃષભનારાચ સંહનન હોય, તે જીવોને તે વિશિષ્ટ નામકર્મનો ઉદય હોય છે. પણ તે સંહનન તેમને મોક્ષપ્રાપ્તિમાં મદદ કરતું નથી. સાતમા નરકમાં જનારા જીવોને - મનુષ્ય કે તિર્યંચોને પણ વજ્રવૃષભનારાચ સંહનન હોય છે.

સ્ત્રીઓમાં છેવટના ત્રણ સંહનનમાંથી એક સંહનન હોય છે. તેઓ સ્ત્રી પર્યાયમાંથી મોક્ષે પણ જઈ શકતી નથી તેમ જ છઠ્ઠા નરકથી આગળ એટલે સાતમા નરકમાં પણ જઈ શકતી નથી. કરણાનુયોગનો એવો અફર નિયમ હોવાં છતાં સ્ત્રી પર્યાયમાંથી મોક્ષ થાય એમ માનવું તે મહાન અજ્ઞાનનું દ્યોતક છે.

હાલ અહીં ભરતક્ષેત્રમાં પંચમકાલ - દુઃખમાકાલ ચાલુ છે.

આ કાળના મનુષ્યોને અને તિર્યંચોને છેલ્લા ત્રણ સંહનનમાંથી જ એકાદ સંહનન હોય છે. તેથી પંચમકાલના મુનિ શ્રેણી ચડવાના પુરુષાર્થ કરી શકતા નથી. તેમ જ ગ્રૈવેયકમાં જનારા મુનિ પણ ઉત્તમસંહનનધારી (પહેલા ત્રણ સંહનનોના ધારક) જીવ જ હોય છે.

બીજા અને ત્રીજા સંહનનના ધારક જીવ ઉપશમ શ્રેણી ચઢી અગ્યારમા ગુણસ્થાન સુધીનો પુરુષાર્થ કરી શકે છે, પણ ક્ષપક શ્રેણી ચડી શકતા નથી. આવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને છે.

એક વાત ફરીથી કહેવા માગું છું કે કોઈપણ સંહનન જીવને પુરુષાર્થમાં સાધક પણ નથી તેમ જ બાધક પણ નથી. જીવ અને શરીરનો એકબીજામાં અત્યંતાભાવ છે.

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયના નિમિત્તે શરીરમાં વિશિષ્ટ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જોવા મળે તેને અનુક્રમથી સ્પર્શનામકર્મ, રસનામકર્મ, ગંધનામકર્મ અને વર્ણનામકર્મ કહે છે.

પુદ્ગલ દ્રવ્યના સ્પર્શાદિ ગુણોની વીસ પર્યાય આપણે શીખ્યા હતા, યાદ છે ને? તેમાં સ્પર્શ ગુણની આઠ પર્યાય, રસ ગુણની પાંચ પર્યાય, ગંધ ગુણની બે પર્યાય અને વર્ણ ગુણની પાંચ પર્યાય છે. તેમની સાથે નામકર્મ શબ્દ જોડાવાથી વીસ નામકર્મ થાય છે. તે નીચે મુજબ:-

સ્પર્શ નામકર્મ આઠ પ્રકારના છે - કર્કશનામ, મૃદુનામ, ગુરુનામ, લઘુનામ, શીતનામ, ઉષ્ણનામ, સ્નિગ્ધનામ, રુક્ષનામ.

રસ નામકર્મ પાંચ પ્રકારના છે - તિક્તનામ, કટુકનામ, કષાયનામ, આમ્લનામ, મધુરનામ.

ગંધ નામકર્મના બે પ્રકાર છે:- સુરભિગંધનામ અને દુરભિગંધનામ.

વર્ણ નામકર્મના પાંચ પ્રકાર છે:- કૃષ્ણવર્ણનામ, નીલવર્ણનામ, રક્તવર્ણનામ, પીતવર્ણનામ અને શ્વેતવર્ણનામ.

**ગત્યાનુપૂર્વી નામકર્મ:-** એનું કાર્ય જોશો તો તમને પણ હસવું આવશે. ગતિ નામકર્મ સાથે તે તે નામનું ગત્યાનુપૂર્વી કે ગતિપ્રાયોગ્યાનુપૂર્વી નામકર્મ પણ બંધાય છે. જીવ પ્રત્યેક સમયમાં કોઈ ને કોઈ ગતિ અને ગત્યાનુપૂર્વી કર્મ બાંધતો જ હોય છે. મનુષ્યગતિ જેને બંધાય તેની સાથે મનુષ્યગત્યાનુપૂર્વીનો બંધ થાય તેમ જ બીજી ગતિ વિષે જાણવું.

પણ મજાની વાત એ છે કે ગતિ નામકર્મનો ઉદય તો પ્રત્યેક સમયમાં ચાલુ રહે છે, પણ ગત્યાનુપૂર્વીનો ઉદય માત્ર વિગ્રહગતિમાં જ હોય છે. માટે તેને ક્ષેત્રવિપાકી કર્મ કહે છે. વિપાકનો અર્થ કર્મનું ફળ કે ઉદય. બીજો ભવ ધારણ કરવા માટે જીવ ગમન કરે ત્યારે જ માત્ર તેનો ઉદય વિદ્યમાન હોય છે.

તે કર્મનું કાર્ય પૂછશો તો તેના નિમિત્તે જીવના પહેલાંનાં ભવનો આકાર વિગ્રહગતિમાં કાયમ રહે છે. તેમ જ નવી ગતિમાં લઈ જવાનું કાર્ય પણ તે કર્મના નિમિતે જ છે.

સરખું સમજાયું નથી ને? થોભો, ફરીથી કહું છું. આ કર્મના ચાર પ્રકાર છે. મનુષ્યગત્યાનુપૂર્વી, દેવગત્યાનુપૂર્વી, તિર્યંચગત્યાનુપૂર્વી, નરકગત્યાનુપૂર્વી.

જે જીવ અન્યત્ર મૃત્યુ પામી મનુષ્યગતિમાં જન્મ લેવા ગમન કરે તેને વિગ્રહગતિમાં મનુષ્યગત્યાનુપૂર્વી કર્મનો ઉદય હોય છે. સમજો, કોઈ કૂતરો મર્યો અને તે મનુષ્યગતિમાં જન્મ લેવાનો છે, વિગ્રહગતિના પહેલા સમયથી જ તેને મનુષ્યાયુ શરૂ થાય છે, મનુષ્ય આયુનો ઉદય શરૂ થાય, મનુષ્યગતિ નામકર્મનો ઉદય પણ ચાલુ થાય. પણ મનુષ્યગત્યાનુપૂર્વી નામકર્મના ઉદયથી તેના પૂર્વભવનો અર્થાત્ કૂતરાનો આકાર કાયમ રહે છે. મનુષ્ય શરીર ધારણ કરવાના પહેલા સમયથી તેનો મનુષ્ય આકાર થાય છે. છે ને મજાની વાત?

હું જો તમને પૂછું કે કૂતરાના આકારનો મનુષ્ય ક્યાં જડે અથવા મનુષ્યના આકારનો ઘોડો ક્યાં જોવામાં આવે, તો તમે હવે ગુંચવાશો નહીં, નહીં ને ? આગમચક્ષુ દ્વારા અર્થાત્ આગમરૂપી નેત્રો દ્વારા આપણે આ બધી બાબતો ચોક્કસ રીતે જોઈ શકીએ અર્થાત્ જાણી શકીએ. કૂતરો મરીને વિગ્રહગતિના પહેલા સમયથી જ મનુષ્ય જીવ કહેવાય છે કારણ તેના મનુષ્યાયુનો અને મનુષ્યગતિનો ઉદય શરૂ થાય છતાં તેનો આકાર કૂતરાનો જ રહે છે. તેમ જ જ્યારે મનુષ્ય મરીને ઘોડો થાય ત્યારે વિગ્રહગતિમાં તે ઘોડો જીવ છે પણ ત્યાં તેનો પહેલાનો મનુષ્ય આકાર કાયમ રહે છે.

ગત્યાનુપૂર્વી નામકર્મનો ઉદય વિગ્રહગતિમાં અર્થાત્ વળાંકવાળી ગતિમાં હોય છે પણ ઋજુગતિથી જનાર અર્થાત્ સીધી એક દિશામાં ગમન કરી તે જ સમયમાં બીજા ભવમાં પહોંચનારા જીવમાં તેનો ઉદય હોતો નથી.

તમે પૂછશો 'આમ કેમ ? અને પછી તેનો તે વિશેષ ગતિ સંબંધી આકાર ક્યારે પ્રાપ્ત થાય ?'

બન્ને પ્રશ્નોનો જવાબ એક જ છે. તે એમ કે સંસ્થાન નામકર્મના ઉદયથી તે વિશેષ ગતિ સંબંધી આકાર પ્રાપ્ત થાય છે. આહારપર્યાપ્તિના પહેલા સમયથી જ સંસ્થાન નામકર્મનો ઉદય શરૂ થાય અને નવો આકાર પ્રાપ્ત થાય છે. એમ ન માનશો કે જ્યાં જન્મ થવાનો છે ત્યા શરીર તૈયાર હશે અને જીવ ત્યાં જઈ તેમાં પ્રવેશ કરતો હશે. જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરી કોઈ નવું વસ્ત્ર - રેડિમેડ અર્થાત્ તૈયાર વસ્ત્ર ધારણ કરે, તેમ શરીર રેડિમેડ હોતું નથી.

જીવ શરીર સંબંધીના પરમાણુને ગ્રહણ કરે અને તે પરમાણુ પિંડરૂપ બની તે આકારમાં પરિણમિત થાય છે. હે જીવ ! શરીરના આકાર ઉપર મોહિત ન થા, તેના સ્પર્શાદિને પોતાનું સ્વરૂપ માનીશ નહીં. તેનું ઉપાદાન તો આહારવર્ગણા છે અને નિમિત્ત કર્મનો ઉદય છે. તમારો અને તેમનો કોઈ સંબંધ નથી. તેમને સારી પેઠે ઓળખી પોતાથી ભિન્ન છે એમ જાણ.

**વિહાયોગતિ નામકર્મઃ-** વિહાય એટલે આકાશ. આકાશમાં ગમન તે વિહાયોગતિ, પણ તેનો અર્થ પક્ષીની જેમ આકાશમાં ઉડવું કે વિગ્રહગતિમાં ગમન કરવું - એવો થતો નથી. કારણ વિગ્રહગતિમાં અને અપર્યાપ્ત અવસ્થામાં તે કર્મનો ઉદય હોતો જ નથી. વિહાયોગતિનો અર્થ છે 'ચાલ'. દા.ત. હાથીની ચાલ, બતકની ચાલ.

આ કર્મના બે ભેદ છે -

૧) પ્રશસ્ત વિહાયોગતિ અર્થાત્ મનોજ્ઞ ચાલ અને

૨) અપ્રશસ્ત વિહાયોગતિ અર્થાત્ અમનોજ્ઞ ચાલ.

આ પ્રમાણે આપાણે ચૌદ પિંડપ્રકૃતિ જોઈ - ગતિ-૪, જાતિ-૫, શરીર-૫, બંધન-૫, સંધાત-૫, સંસ્થાન-૬, અંગોપાંગ-૩, સંહનન-૬, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ-૨૦, ગત્યાનુપૂર્વી-૪ અને વિહાયોગતિ-૨. આ બધી મળી ૬૫ ઉત્તરપ્રકૃતિઓ છે.

હવે બાકીની અપિંડપ્રકૃતિઓની જાણકારી આગળના પત્રમાં જોઈશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# કર્મ-ઉત્તરપ્રકૃતિ-ભાગ ૨

પત્રાંક ૩ ૧૬ જૂન ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

નામકર્મના ઉત્તરપ્રકૃતિઓના આટલા બધાં નવા નામો સાંભળી તમે ચિંતા વ્યક્ત કરી કે આ બધું ધ્યાનમાં કેમ કરી રહેશે, મોઢે કેવી રીતે કરાય? દીકરીઓ, ચિંતા કરવાનું કશું જ કારણ નથી. ચિંતા કરેથી કંઈ યાદ તો નહીં થાય. હાં, પણ એ વાંચતા તેઓના સ્વરૂપનો ખ્યાલ તો આવે છે કે નહીં? બસ, એટલું જ ઘણું છે. ભવિષ્યમાં જ્યારે કોઈ પ્રકૃતિનું નામ કોઈક સંદર્ભમાં આવશે ત્યારે પાના ફેરવી આ પત્રમાં ફરી પાછા વાંચી તો શકશો કે નહીં ?

પિંડપ્રકૃતિ પછી હવે અપિંડપ્રકૃતિઓ વિષે ચર્ચા કરીએ.

અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત અને ઉચ્છ્વાસ એ ચાર પ્રકૃતિઓને સમૂહરૂપે યાદ રાખવું સહેલું છે. તેમનું કાર્ય શું છે તે હવે જોઈએ.

**અગુરુલઘુ નામકર્મઃ-** આ કર્મના ઉદયથી શરીર લોખંડના ગોળા જેવું ઘણું ભારે થતું નથી અને ચકલીના રૂ જેવું અતિ હલકું પણ થઈ જતું નથી માટે તેને અગુરુ તથા અલઘુ મળી અગુરુલઘુ કહે છે.

**ઉપઘાત નામકર્મઃ-** પોતે પ્રાપ્ત થનારી ઘાતને ઉપઘાત કે આત્મઘાત કહે છે. જે કર્મના ઉદયથી શરીરના અવયવો જીવને પીડાદાયક બને છે તેને ઉપઘાત નામકર્મ કહે છે. લાંબા મોટા સીંગો, મોટા સ્તનો, જાડું પેટ ઈત્યાદિ અવયવો જીવને પીડાદાયક છે.

**પરઘાત નામકર્મઃ-** પરજીવના ઘાતને પરઘાત કહે છે. જે કર્મના ઉદયથી શરીરમાં બીજા જીવનો ઘાત કરવામાં કારણભૂત એવા પુદ્ગલ નિષ્પન્ન થાય, તે કર્મને પરઘાત નામકર્મ કહે છે. જેમ સાપના દાંતમાં વિષ, વીંછીના આંકડામાં બીજાને દુઃખરૂપ કારણભૂત પુદ્ગલનો સંચય, સિંહ, વાઘ, ચિત્તો ઈત્યાદિમાં તીક્ષ્ણ નખ તથા દાંત તેમ જ કેટલાક વૃક્ષોમાં ઝેરી ફળો વગેરે પરઘાત નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

**ઉચ્છ્વાસ નામકર્મઃ-** જે કર્મના ઉદયમાં જીવ ઉચ્છ્વાસ અને

નિશ્વાસરૂપ કાર્ય કરવામાં સમર્થ હોય છે તેને ઉચ્છ્વાસ નામકર્મ કહે છે.

હવે બે નામ એકસાથે ખ્યાલમાં રાખો - આતપ અને ઉદ્યોત નામકર્મ.

**આતપ નામકર્મ:-** જે કર્મના ઉદયથી શરીરમાં આતપ અર્થાત્ ઉષ્ણતાયુક્ત પ્રભા ઉત્પન્ન થાય તેને આતપ નામકર્મ કહે છે. સૂર્યવિમાનના બાદર પૃથ્વીકાયિક જીવોમાં તેનો ઉદય જોવા મળે છે.

**ઉદ્યોત નામકર્મ:-** જે કર્મના ઉદયથી શરીરમાં ઉદ્યોત અર્થાત્ ઉષ્ણતારહિત પ્રભા ઉત્પન્ન થાય તેને ઉદ્યોત નામકર્મ કહે છે. પૃથ્વીકાયિક (ચંદ્રબિમ્બ), જલકાયિક અને પ્રત્યેક વનસ્પતિના બાદર એકેન્દ્રિય તેમ જ દ્વીન્દ્રિયથી માંડી પંચેન્દ્રિયો સુધી કોઈ તિર્યંચોમાં (આગિયો વગેરે) આ કર્મનો ઉદય જોવા મળે છે. તમે પૂછશો 'અગ્નિકાયિક જીવોમાં આતપ નામકર્મનો ઉદય હશે, કારણ અગ્નિમાં ઉષ્ણતા પણ છે અને પ્રકાશ પણ છે'.

અગ્નિકાયિક જીવોને આતપ નામકર્મનો ઉદય હોતો નથી. તેઓમાં ઉષ્ણતા હોય તોપણ તેને આતપ કહેવાય નહીં, તેજ કહે છે. ઉષ્ણસ્પર્શ નામકર્મના ઉદયમાં એ ઉષ્ણતા હોય છે. સૂર્યબિમ્બમાં જે પૃથ્વીકાયિક જીવો છે તેઓના સર્વાંગ ઉષ્ણતારૂપ પ્રભાને આતપ કહેવામાં આવે છે. તેમ જ ચંદ્રબિમ્બના ઉષ્ણતારહિત પ્રભાને ઉદ્યોત કહેવાય છે.

તિર્યંચગતિના એકેન્દ્રિય, પર્યાપ્ત, બાદર પૃથ્વીકાયિકોમાં જ આતપ નામકર્મનો ઉદય જોવામાં આવે છે. સૂક્ષ્મ જીવોને, અગ્નિકાયિકોને, વાયુકાયિકોને, અપર્યાપ્તોને, વનસ્પતિકાયિકોને તેમ જ ત્રસ જીવોને આતપ નામકર્મનો ઉદય હોતો નથી.

ઉદ્યોત નામકર્મનો ઉદય પણ એકેન્દ્રિય, બાદર, પર્યાપ્ત પૃથ્વીકાયિક, જલકાયિક અને પ્રત્યેક વનસ્પતિ તેમ જ પર્યાપ્ત દ્વીન્દ્રિયથી માંડી સંજ્ઞી પંચેન્દ્રિયો સુધી કેટલાક જીવોમાં જ જોવા મળે છે. બીજી કોઈપણ ગતિના જીવોને આતપ કે ઉદ્યોત કર્મનો ઉદય હોતો નથી.

બસ, હવે બહુ જ થોડી પ્રકૃતિઓ શેષ રહે છે. જાત્રામાં પહાડ ચડતાં છેવટના થોડા જ પગથિયા બાકી રહે અને ઉપરના મંદિરો દેખાવા માંડે ત્યારે હાશ કહી આપણે નવા જોશથી ચડવા માંડીએ તેમ જ

હવે માત્ર બાવીસ પ્રકૃતિ બાકી છે, તેમાં દસ તો જોડીઓ છે - ચાર જોડીઓનો એક સમૂહ (ગ્રુપ) અને છ જોડીઓનો બીજો સમૂહ અને બાકી બે પ્રકૃતિઓ - તીર્થંકર અને નિર્માણ. હવે તેમના નામો જોઈએ-

ત્રસ-સ્થાવર, બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત, પ્રત્યેક - સાધારણ એવી ચાર જોડીઓમાં એક વખત પ્રત્યેક જોડીમાંથી યથાયોગ્ય એક પ્રકૃતિનો ઉદય હોય છે.

**ત્રસ નામકર્મઃ-** દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયો સુધીના જીવોને ત્રસ કહેવામાં આવે છે. ત્રસ નામકર્મના ઉદયથી જીવ ત્રસપર્યાયમાં જન્મ લ્યે છે.

**સ્થાવર નામકર્મઃ-** પાંચ પ્રકારના એકેન્દ્રિયોને સ્થાવર કહે છે. સ્થાવર નામકર્મના ઉદયથી જીવ એકેન્દ્રિય પર્યાયમાં જન્મ લ્યે છે.

**બાદર નામકર્મઃ-** બાદર નામકર્મના ઉદયમાં એવું શરીર પ્રાપ્ત થાય કે જે બીજા વડે રોકાય છે અને જે પોતે બીજાઓને રોકે. બાદર શરીર ભીંતમાંથી કે ઈતર ઘન પદાર્થમાંથી આરપાર જઈ શકતું નથી અને તે શરીરમાંથી અન્ય વસ્તુઓ આરપાર જઈ શકતી નથી. દ્વીન્દ્રિયાદિક બધા જીવ બાદર જ હોય છે. એકેન્દ્રિયમાં બાદર અને સૂક્ષ્મ બેઉ પ્રકારના જીવો હોય છે.

**સૂક્ષ્મ નામકર્મઃ-** સૂક્ષ્મ નામકર્મના ઉદયથી એવું શરીર પ્રાપ્ત થાય છે કે જે બીજા પદાર્થો વડે રોકાતું નથી અને જે પોતે બીજાઓને રોકતું નથી - પ્રતિબંધ કરતું નથી. સૂક્ષ્મ અને બાદર જીવો વિષે વિસ્તૃત ચર્ચા આપણે 'કરણાનુયોગ પરિચય' માં કરી હતી. ત્યાં પર્યાપ્ત, અપર્યાપ્ત જીવ તેમ જ છ પર્યાપ્તિઓ વિષે પણ સવિસ્તાર ચર્ચા કરી હતી.

**પર્યાપ્ત નામકર્મઃ-** પર્યાપ્ત નામકર્મના ઉદયમાં આહારાદિ છ પર્યાપ્તિ ઉત્પન્ન થાય છે. તેમની નિયમથી પૂર્ણતા થાય છે. પર્યાપ્તિ એટલે પૂર્ણ થવું. તે પર્યાપ્તિઓના નામો આપણે જોયા જ છે - તે છે - આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ.

**અપર્યાપ્ત નામકર્મઃ-** અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં એક્કે

પર્યાપ્તિ પૂર્ણ થતી નથી. જીવ તે પહેલાં જ મરી જાય છે. બધી પર્યાપ્તિઓ તો શરૂ થાય છે પરંતુ પૂર્ણતા એકેય પર્યાપ્તિની થતી નથી. આવા જીવોને લબ્ધિઅપર્યાપ્તક - લબ્ધ્યપર્યાપ્તક જીવ કહે છે. તે એક શ્વાસના અઢારમાં ભાગમાં મરે છે. તેમનો એક ભવ એટલો નાનો હોવાથી તેને ક્ષુદ્રભવ કહેવામાં આવે છે. એકેન્દ્રિયોથી માંડી સંજ્ઞી પંચેન્દ્રિયો સુધી અપર્યાપ્ત જીવો હોય છે.

પ્રત્યેક અને સાધારણ શરીરના પ્રકાર છે. પ્રત્યેક શરીર જીવ અર્થાત્ એક શરીરનો સ્વામી એક જીવ અને સાધારણ જીવ અર્થાત્ એક શરીરના સ્વામી અનંત જીવ હોય છે - એક શરીરમાં અનંત જીવ એક સમયે રહે છે - અનંત જીવોમાં એક જ ઔદારિક શરીર હોય છે.

પ્રત્યેક અને સાધારણના ભેદ વનસ્પતિકાયિકોમાં જ હોય છે. અન્ય એકેન્દ્રિય અને બધાં ત્રસ જીવ તે પ્રત્યેક શરીર જીવ જ છે.

**પ્રત્યેક નામકર્મ:-** પ્રત્યેક નામકર્મના ઉદયથી પ્રત્યેક શરીરની પ્રાપ્તિ હોય છે.

**સાધારણ નામકર્મ :-** સાધારણ નામકર્મના ઉદયથી સાધારણ શરીરની પ્રાપ્તિ થાય છે. નિગોદ જીવોમાં સાધારણ નામકર્મનો ઉદય હોય છે. નિગોદમાં પણ સૂક્ષ્મ અને બાદર એવા ભેદ હોય છે.

હવે, આગળની જે છ જોડીઓ છે તેઓના નામો આ પ્રમાણે છે:- સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સુભગ-દુર્ભગ, સુસ્વર-દુસ્વર, આદેય-અનાદેય, યશસ્કીર્તિ-અયશસ્કીર્તિ. તે પ્રત્યેકનું સ્વરૂપ જોઈએ:

**સ્થિર નામકર્મ:-** સ્થિર નામકર્મના ઉદયથી શરીરના ધાતુ અને ઉપધાતુ પોતપોતાને ઠેકાણે રહે છે. તેમાં બગાડ થતો નથી. ધાતુ એટલે સોનું, ચાંદી, પિત્તળ વગેરે ધાતુ નહીં. મનુષ્ય અને તિર્યંચોનું ઔદારિક શરીર સપ્તધાતુયુક્ત હોય છે તે ધાતુ વિષે આપણે વિચાર કરીએ છીએ.

સાત ધાતુ આ પ્રમાણે છે - રસ, રુધિર, માંસ, મેદ, હડ્ડી, મિજ્જા (મજ્જા) અને શુક્ર. તે એવા જ અનુક્રમમાં પરિણમે છે. સ્થિર નામકર્મના ઉદયથી રસાદિક ધાતુ થોડાક સમય સુધી પોતાના રૂપે જ અવસ્થિત રહે છે.

સાત ઉપધાતુ આ પ્રમાણે છે - વાત, પિત્ત, શ્લેષ્મ, સિરા, સ્નાયુ, ચર્મ અને ઉદરાગ્નિ.

**અસ્થિર નામકર્મ** - અસ્થિર નામકર્મના ઉદયથી ધાતુ તથા ઉપધાતુ પોતાને સ્થાને સ્થિર ન રહેતાં ચલાયમાન થતી હોય છે. રસાદિક ધાતુઓનું આગળની ધાતુરૂપે પરિણમન થાય છે.

**શુભ નામકર્મ** - શુભ નામકર્મના ઉદયમાં શરીરના અવયવો - મસ્તકાદિ પ્રશસ્ત હોય છે - મનોજ્ઞ અર્થાત્ રમણીક હોય છે.

**અશુભ નામકર્મ**-અશુભ નામકર્મના ઉદયમાં શરીરના અવયવ - મસ્તકાદિક અપ્રશસ્ત બને છે અર્થાત્ અમનોજ્ઞ-અરમણીક થાય છે.

**સુભગ નામકર્મ** - સુભગ નામકર્મના ઉદયથી અન્ય લોકો આ જીવ પર પ્રેમ કરે છે.

**દુર્ભગ નામકર્મ** - દુર્ભગ નામકર્મના ઉદયથી અન્ય લોકો આ જીવ પર પ્રીતિ કરતા નથી. રૂપાદિક ગુણસંપન્ન હોવા છતાં તે તેના પર પ્રીતિ કરતા નથી, અપ્રીતિ કરે છે.

**સુસ્વર નામકર્મ** - સુસ્વર નામકર્મના ઉદયથી મનોજ્ઞ અર્થાત્ સુરેલ-સુરીલો અવાજ કે શબ્દ ઉપજે છે.

**દુસ્વર નામકર્મ** - દુસ્વર નામકર્મના ઉદયથી અમનોજ્ઞ અર્થાત્ કર્કશ અવાજ સ્વર કે શબ્દ ઉપજે છે.

**આદેય નામકર્મ** - આદેય નામકર્મના ઉદયથી પ્રભા અર્થાત્ કાંતિસહિત શરીર ઉપજે છે.

**અનાદેય નામકર્મ** - અનાદેય નામકર્મના ઉદયથી પ્રભારહિત અર્થાત્ કાંતિરહિત શરીર ઉપજે છે.

**યશસ્કીર્તિ નામકર્મ** - યશસ્કીર્તિ નામકર્મના ઉદયથી પોતાના પુણ્યરૂપ પવિત્ર ગુણો દુનિયામાં પ્રગટે છે અર્થાત્ જશ મળે છે.

**અયશસ્કીર્તિ નામકર્મ** - અયશસ્કીર્તિ નામકર્મના ઉદયથી દુનિયામાં પોતાનો અપયશ પ્રગટ થાય છે.

ચાલો હવે ફક્ત બે જ પ્રકૃતિઓ રહી.

**નિર્માણ નામકર્મ** - નિર્માણ નામકર્મના ઉદયથી શરીરના અવયવો યથાયોગ્ય ઉપજે. તેના બે ભેદ છે - સ્થાનનિર્માણ અને

પ્રમાણનિર્માણ.

જાતિ નામકર્મના સાપેક્ષતાથી નેત્રાદિક અવયવ જે સ્થાને હોવા જોઈએ તે જ સ્થાને હોય છે, તેમાં સ્થાનનિર્માણ નામકર્મ નિમિત્ત છે. જેમ, માછલીની આંખો વિશેષ - અમૂક સ્થાને હોય છે ત્યારે દેડકાની આંખો વિશિષ્ટ સ્થાને ને માણસોની આંખો તેની યોગ્ય વિશેષ સ્થાને હોય છે.

પ્રમાણનિર્માણ નામકર્મના ઉદયમાં નેત્રાદિકનું જે પ્રમાણ છે, જે સંખ્યા છે તે જ સંખ્યામાં તે અવયવો બને છે.

**તીર્થંકર નામકર્મ** - તીર્થંકર નામકર્મના ઉદયથી જીવ તીર્થંકર થાય છે. તેની દિવ્યધ્વનિ ખરે, સમવસરણની રચના થાય અને અન્ય અનેક અતિશય થાય છે.

નામકર્મની આ ત્રાણું પ્રકૃતિઓનું વર્ણન સાંભળી કઈ પ્રકૃતિઓ બાંધવાનો વિચાર કરવા માંડ્યા ? ઈતર પ્રકૃતિ નહીં પણ તીર્થંકર પ્રકૃતિ તો બાંધવી યોગ્ય છે કે નહીં ? તેનો નિર્ણય તો પ્રથમ કરવો જોઈએ. આ પ્રકૃતિઓના નામો જાણતા ન હો તોપણ વાંધો નથી પણ સૌથી મહત્વની એક વાત નિર્ણયપૂર્વક જાણવી અત્યાવશ્યક છે તે એમ કે 'કોઈપણ પ્રકૃતિ બાંધવા યોગ્ય નથી'.

કોઈપણ કર્મના ફળમાં અર્થાત્ તેના ઉદયથી પ્રાપ્ત થનારી વસ્તુમાં જેને રુચિ છે, તેમાં સુખબુદ્ધિ છે, તે ઉદય મને પ્રાપ્ત થાય તો કેવું સારું, એમ જેની બુદ્ધિ છે તે કર્મનું બંધન ઉપાદેય માને - કર્મબંધ યોગ્ય માને. એ તેની મિથ્યાબુદ્ધિ છે. બંધતત્ત્વસંબંધી તેમ જ સાતેય પ્રયોજનભૂત તત્ત્વો વિષે તેની આ વિપરીત માન્યતા છે.

નામકર્મની ઉત્તરપ્રકૃતિઓમાંથી કેટલીક પ્રકૃતિઓ પ્રશસ્ત છે - પુણ્યરૂપ છે અને કેટલીક અપ્રશસ્ત છે - પાપરૂપ છે. પુણ્યપરિણામોથી - શુભભાવોથી - વિશુદ્ધ પરિણામોથી પ્રશસ્ત પ્રકૃતિ બંધાય છે અને પાપપરિણામોથી-અશુભભાવોથી - સંક્લેશ પરિણામોથી અપ્રશસ્ત પ્રકૃતિઓ બંધાય છે.

કર્મ પુદ્ગલ દ્રવ્ય છે- પરદ્રવ્ય છે. તે બાંધવું કે છોડવું તે તો કોઈપણ જીવને આધીન નથી. અરહંત ભગવાન પણ કર્મની એક પણ અવસ્થા બદલી શકતા નથી. તેથી પ્રશસ્ત પ્રકૃતિઓ બાંધવી આપણા

હાથમાં નથી તે તો ચોક્કસ થયું - સિદ્ધ થયું.

ત્યારે તમે પૂછશો, 'જે શુભભાવોએ પ્રશસ્ત પ્રકૃતિઓ બાંધી તે શુભભાવો તો જીવના પરિણામ છે. તે તો અમે વિચારપૂર્વક કરી શકીએ ને? એ તો આપણા વશમાં છે ને ?'

દીકરીઓ, હે જીવો! એ જ મિથ્યામાન્યતાથી આ જીવ અનાદિકાલથી ઘેરાયેલો છે. શરીરથી જીવની ભિન્નતા તો બધાં સંપ્રદાયના લોકો માન્ય કરે છે. પરંતુ રાગાદિ ભાવોથી પોતાની ભિન્નતા આ જીવના લક્ષમાં આવતી નથી. કોઈ વિશેષ રાગભાવ કરવા યોગ્ય માનવો એ તો આસ્રવતત્ત્વમાં અને બંધતત્ત્વમાં ઉપાદેયબુદ્ધિ છે. રાગભાવ કરવાનું મારા હાથમાં છે, હું ગમે તેમ વિકાર પલટાવી શકું - કરી શકું એમ માનનારાએ જીવતત્ત્વ અને આસ્રવ-બંધ તત્ત્વોને એક માન્યા છે. સાત તત્ત્વોનું સાચું સ્વરૂપ અને તેમાં રહેલી ભિન્નતા તેના લક્ષમાં આવતી નથી.

મને કહો, પૂજા કરતા, શાસ્ત્ર સ્વાધ્યાય કરતા અધવચ્ચે જ ભલતો જ કોઈ વિચાર મનમાં કેમ ફરકે ? આપણી ઈચ્છા તો હોતી નથી, છે કે નહીં? જેમ આ અશુભભાવ આપણે કર્યા વગર, સહજ તે પર્યાયગત યોગ્યતાથી આવે છે, તેમ જ શુભભાવ પણ આપણે ન કરતા જ સહજ આવી જાય છે. આ સહજતા અજ્ઞાની જીવને ધ્યાનમાં આવતી નથી, અને તે રાગભાવનો કર્તા બને છે - પોતાને તેનો કર્તા માને છે.

જ્ઞાની જીવ રાગાદિથી પોતાનું ભિન્ન અસ્તિત્વ જાણે છે. જ્ઞાનીને પણ રાગાદિ થાય છે છતાં તેની કર્તાબુદ્ધિ તેને નથી હોતી. તે તેના સહજ જ્ઞાતા હોય છે. અજ્ઞાની માને છે કે શુભભાવ તો કરવા જ જોઈએ ને ? તે વગર ધર્મ કેમ પ્રગટ થાય ?

અજ્ઞાની જીવ શાસ્ત્રમાં વાંચે કે ષોડશકારણ ભાવનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. તેને થાય કે તીર્થંકર પ્રકૃતિ બાંધવી કેટલું સારું ? હું પણ તીર્થંકર પ્રકૃતિ બાંધીશ. પરંતુ તે એ ભૂલે છે કે સમ્યગ્દષ્ટિ જીવને જ તીર્થંકર પ્રકૃતિનો બંધ થઈ શકે. જિનેન્દ્ર ભગવંતોએ કહેલ મોક્ષમાર્ગ બધા જીવોને સમજાય આવો અને અન્ય શુભભાવ જ્ઞાનીને

સહેજે આવે છે અને ત્યારે તેને તીર્થંકર પ્રકૃતિ બંધાય જાય છે.

પણ જે પરિણામોથી તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય તે પરિણામોને તે કરવાયોગ્ય માનતો નથી - ઉપાદેય માનતો નથી. પરંતુ અંતરંગમાં સ્થિર રહેતો નથી ત્યારે તેને સહજ આવા ભાવ આવે છે. ખરું જોતાં, એકવાર જો તીર્થંકર પ્રકૃતિનો બંધ શરૂ થાય તો આઠમા ગુણસ્થાન સુધી પ્રતિસમય એ બંધ થતો રહે છે. કોઈ જીવ તે જ ભવમાં તીર્થંકર થાય તો કોઈ દેવનો કે નારકીનો એક ભવ કરી ત્યારબાદ મનુષ્ય બની તીર્થંકર થાય છે.

હવે વિષય નિકળ્યો જ છે તો પ્રશસ્ત અને અપ્રશસ્ત પ્રકૃતિઓ કઈ છે તે જોઈએ.

આપણે કર્મોની આઠ મૂલપ્રકૃતિ અને તેમની એકસો ઉડતાલીસ (૧૪૮) ઉત્તરપ્રકૃતિઓ જોઈ ગયા. સવિસ્તાર વર્ણન પણ જોયું. શાસ્ત્રમાં ક્યાંક ક્યાંક ૧૨૨ પ્રકૃતિઓનો હિસાબ જોઈ તમે ગુંચવાશો નહીં. ૧૪૮ પ્રકૃતિઓને ૧૨૨ માં ગર્ભિત કરે છે, તે આ પ્રમાણે - ૫ શરીર, ૫ બંધન અને ૫ સંઘાત નામકર્મને જુદીજુદી ન ગણાવતાં ૫ શરીરમાં જ બંધન અને સંઘાત નામકર્મને અંતર્ભૂત કરી ૧૫ ને બદલે ૫ ગણવામાં આવે છે. તેમ જ સ્પર્શાદિ વીસ પ્રકૃતિઓને બદલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ૪ માં તેઓના ઉપભેદ ગર્ભિત કરી ૨૦ ને બદલે ૪ ગણવામાં આવે છે.

આ પ્રમાણે ૧૦+૧૬ સંખ્યા બાદ કરતા ૧૪૮-૨૬=૧૨૨ પ્રકૃતિઓ ગણવાની પણ રીત છે. તેમાંથી સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ બંધયોગ્ય ન હોવાથી બંધયોગ્ય પ્રકૃતિઓની સંખ્યા ૧૨૦ છે.

લબ્ધિના પ્રકરણમાં અપ્રશસ્ત કર્મ પ્રકૃતિઓનો અનુભાગ અનંતગુણો - અનંતગુણો ઘટતો જાય છે અને પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતગુણો વધતો જાય વગેરેનું વર્ણન આવશે. તેનો અર્થ બરાબર સમજાય માટે આપણે પ્રશસ્ત અને અપ્રશસ્ત પ્રકૃતિઓ કઈ છે તે જોઈએ.

આઠ કર્મોના બે ભેદ છે - ઘાતિકર્મ અને અઘાતિકર્મ - તેઓની ઉત્તરપ્રકૃતિઓ કઈ છે તે જોઈએ.

કર્મ

| ઘાતિકર્મ | | | અઘાતિકર્મ | | |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | - | ૫ | વેદનીય | - | ૨ |
| દર્શનાવરણ | - | ૯ | આયુ | - | ૪ |
| મોહનીય | - | ૨૮ | નામ | - | ૯૩ |
| અંતરાય | - | ૫ | ગોત્ર | - | ૨ |
| કુલ | - | ૪૭ | કુલ | - | ૧૦૧ (૭૫) |

કૌંસમા લખેલ સંખ્યા ૧૨૨ ને હિસાબે આવે છે.

તેમાંથી ઘાતિકર્મની બધી ૪૭ પ્રકૃતિઓ અપ્રશસ્ત જ છે. અઘાતિકર્મમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભેદ છે.

અઘાતિકર્મ

| પ્રશસ્ત પ્રકૃતિ | | અપ્રશસ્ત પ્રકૃતિ | |
|---|---|---|---|
| સાતાવેદનીય | ૧ | અસાતાવેદનીય | ૧ |
| શુભ આયુ | ૩ | અશુભ આયુ | ૧ |
| (દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ) | | (નરકાયુ) | |
| શુભનામ | ૬૩(૩૭) | અશુભનામ | ૪૦(૩૪) |
| ઉચ્ચગોત્ર | ૧ | નીચગોત્ર | ૧ |
| કુલ | ૬૮(૪૨) | કુલ | ૫૩(૩૭) |

આ પ્રમાણે ૧૪૮ પ્રકૃતિઓમાંથી ૬૮ પ્રકૃતિઓ પ્રશસ્ત છે અને ઘાતિ-અઘાતિ બેઉ મળી ૪૭+૫૩=૧૦૦ પ્રકૃતિઓ અપ્રશસ્ત છે.

તમે કહેશો, 'બન્નેનો સરવાળો તો ૧૬૮ થાય અને પ્રકૃતિઓની સંખ્યા તો તું ૧૪૮ બતાવતી હતી, આમ કેમ?'

આનો અર્થ એવો છે કે તમે ધ્યાનપૂર્વક વાંચો છો. સારી વાત છે. આમાંથી સ્પર્શાદિ વીસ પ્રકૃતિ બન્નેમાં સામેલ છે. પ્રશસ્ત પ્રકૃતિઓમાં પ્રશસ્ત સ્પર્શાદિ અને અપ્રશસ્ત પ્રકૃતિઓમાં અપ્રશસ્ત સ્પર્શાદિ સામેલ છે. એ જ સંખ્યા ૧૨૨ પ્રકૃતિઓના હિસાબે કહેવાની થાય તો ૪૨ પ્રકૃતિઓ પ્રશસ્ત છે અને ૮૪ પ્રકૃતિ અપ્રશસ્ત છે.

હવે આટલો વિસ્તાર કર્યો જ છે તો શુભનામકર્મ અને અશુભનામકર્મોની ચર્ચા નીચે જણાવેલ આકૃતિ દ્વારા કરીએ.

**નામકર્મ**

| શુભનામકર્મ(પ્રશસ્ત) | | | અશુભનામકર્મ(અપ્રશસ્ત) | |
|---|---|---|---|---|
| **નામકર્મ** | **શુભપ્રકૃતિ** | **સંખ્યા** | **અશુભપ્રકૃતિ** | **સંખ્યા** |
| ગતિ | દેવગતિ, મનુષ્યગતિ | ૨ | નરકગતિ, તિર્યંચગતિ | ૨ |
| જાતિ | પંચેન્દ્રિય | ૧ | એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય | ૪ |
| શરીર | સર્વ | ૫ | | |
| બંધન | સર્વ | ૫ | | |
| સંઘાત | સર્વ | ૫ | | |
| અંગોપાંગ | સર્વ | ૩ | | |
| સ્પર્શાદિ | શુભ સ્પર્શાદિ | ૨૦ | અશુભ સ્પર્શાદિ | ૨૦ |
| સંસ્થાન | સમચતુરસ્ર | ૧ | શેષ પાંચ | ૫ |
| સંહનન | વજ્રવૃષભનારાચ | ૧ | શેષ પાંચ | ૫ |
| આનુપૂર્વી | મનુષ્યગત્યાનુપૂર્વી, દેવગત્યાનુપૂર્વી | ૨ | નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગત્યાનુપૂર્વી | ૨ |
| વિહાયોગતિ | પ્રશસ્ત વિહાયોગતિ | ૧ | અપ્રશસ્ત વિહાયોગતિ | ૧ |
| અગુરુલઘુ | | ૧ | | |
| પરઘાત | | ૧ | ઉપઘાત | ૧ |
| ઉચ્છ્વાસ | | ૧ | | |
| આતપ | | ૧ | | |
| ઉદ્યોત | | ૧ | | |
| ત્રસાદિ | ત્રસ, બાદર, પર્યાપ્ત પ્રત્યેક | ૪ | સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ | ૪ |
| સ્થિરઆદિ | સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશસ્કીર્તિ | ૬ | અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશસ્કીર્તિ | ૬ |
| તીર્થંકર | | ૧ | | |
| નિર્માણ | | ૧ | | |
| | કુલ | ૬૩ | કુલ | ૫૦ |

આપણે અહીં જોવાનું છે કે આપણને કર્મનો બંધ અનાદિકાળથી નિરંતર થતો આવ્યો છે. આયુનો બંધ ક્યારેક ક્યારેક થાય છે પણ બાકીની સાત મૂલપ્રકૃતિઓનો બંધ તો નિરંતર થતો જ રહે છે. જીવ શુભભાવ અથવા અશુભભાવ કરે છતાં તેને આઠેય કર્મોનો બંધ થાય. તેમાંથી ચાર ઘાતિકર્મો તો બધા જ પાપરૂપ છે - અપ્રશસ્ત જ છે. અઘાતિકર્મોમાં જે બે ભેદ છે તેમાંથી પ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ શુભ પરિણામોથી - વિશુદ્ધ પરિણામોથી થાય છે અને અપ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ અશુભ પરિણામોથી - સંક્લેશ પરિણામોથી થાય છે.

આમ એક વાત સિદ્ધ થાય કે પુણ્ય અથવા શુભભાવ કરવાથી બંધ તો થાય જ છે, બંધનો અભાવ થતો નથી પરંતુ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય મટે છે ત્યારથી વિશિષ્ટ પ્રકૃતિઓનો બંધ થવાનું ટળે છે - તે પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય છે. ક્રમશઃ અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનાદિ કષાયોના ઉદયનો અભાવ થતો જાય છે, તેમ તેમ અધિકાધિક પ્રકૃતિઓની બંધની વ્યુચ્છિત્તિ થાય છે.

આ પ્રમાણે બંધની હાનિ થવી તે સંવર છે. સંવરપૂર્વક નિર્જરા પણ થાય અર્થાત્ સત્તામાં પડેલા કર્મો વધુ પ્રમાણમાં ખરી નીકળી જાય છે. બંધની હાનિ થવી તે સંવર છે અને સત્ત્વની હાનિ થવી તે નિર્જરા છે. એ જ મોક્ષમાર્ગ છે, એ જ લબ્ધિ છે કારણ એ જ માર્ગ પર ચાલતા રહેવાથી-આરૂઢ થવાથી આપણને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અહીં તો ફક્ત પ્રકૃતિબંધ થંભી જવાની ચર્ચા કરી. પરંતુ આપણે ચાર પ્રકારથી બંધ થાય છે એમ જોયું હતું, યાદ છે ને? પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ.

જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે આ ચારે પ્રકારના બંધની હાનિ થાય છે. વિશિષ્ટ પ્રકૃતિઓનો બંધ થતો અટકે છે, ઓછા પ્રમાણમાં પ્રદેશબંધ થાય, કર્મોનો સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરો કરતા પણ ઓછો થાય તેમ જ અપ્રશસ્ત કર્મોનો અનુભાગ અનંતગુણો હીન થઈ

બંધાય છે. પ્રશસ્ત કર્મોનો સ્થિતિબંધ ઘટે છે પણ તેનો અનુભાગ અનંતગુણો વધતો જાય છે.

સમ્યક્ત્વ થયાબાદ ઉપરની બાબતો તો થાય છે જ પરંતુ જ્યારે જીવ પોતાનું સ્વરૂપ જાણવા ઉત્સુક બને, તત્ત્વજ્ઞાન સંબંધી-પોતાના આત્મા સંબંધી તેને જિજ્ઞાસા અને રુચિ ઉત્પન્ન થાય ત્યારથી જ અર્થાત્ સમ્યક્ત્વ પહેલાં થનાર પાંચ લબ્ધિમાં પણ કર્મોમાં અનેક પરિવર્તન થાય છે. કર્મોની શક્તિ ઢીલી પડવા માંડે. આ બધી બાબતો આપણે જોઈશું ત્યારે તમે કહેશો, 'અમે કારણ વગર કર્મોથી ગભરાતાં હતાં. 'જિસ સમય હો આત્મબુદ્ધિ, કર્મ થરથર કાંપતે હૈં।'- શાસ્ત્રનું આ કથન ઉચિત જ છે.

કર્મમાં થનારા આ બધા પરિણમન, કર્મોમાં કર્મોની પોતાની યોગ્યતાથી જ થાય છે. આપણને કંર્મોમાં કાંઈપણ કરવું પડતું નથી - આપણે કાંઈ કરી જ શકતા નથી.

કર્મોની આ અવસ્થાઓનું - પરિવર્તનનું સ્વરૂપ સારી પેઠે સમજવા માટે હજુ પણ થોડી પ્રાથમિક માહિતી મેળવવી આવશ્યક છે. તેની ચર્ચા આપણે આગળના પત્રમાં કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# કર્મ સંબંધી થોડા પારિભાષિક શબ્દો

પત્રાંક ૪ ૭ જુલાઈ ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

તમે જણાવ્યું છે કે કર્મો સંબંધી માહિતી વાંચી, વિશેષ કરી નામકર્મોની ઉત્તરપ્રકૃતિઓ અને તેઓનું કાર્ય જાણવાથી તમે ઘણા નવાઈ પામ્યા તેમ જ તમારી જિજ્ઞાસાની તૃપ્તિ થઈ. તેની સાથે જ એ પણ પૂછો છો કે આ બધી બાબતો ન જાણીએ તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકશે કે નહીં?

અવશ્ય થઈ શકે. તમે મને જણાવો, કોઈ પેશંટને રોગ થયો હોય તો તે તેનો ઈલાજ કરવા ડૉક્ટર પાસે જાય, તે સમયે તેને જો ડૉક્ટરે આપેલી દવાનું નામ, તેનો રાસાયણિક ફોર્મ્યુલા, તેની કાર્યપદ્ધતિ, શરીરમાં થનારા દવાના પરિવર્તન અને કયા રૂપમાં તે દવાનું શરીરમાંથી ઉત્સર્જન થાય, તેનું જ્ઞાન ન હોય તો શું તે રોગી રોગમુક્ત થઈ શકતો નથી? નીરોગી થઈ શકતો નથી?

અને માનો કે તે ડૉક્ટરને જ રોગ થયો હોય કે જે દવા વિષે બધું જાણે છે, તો શું માત્ર જાણવાથી તેનો રોગ દૂર થશે ? કે તેને પણ તે ઔષધનું સેવન કરવું પડશે ? ઔષધ ખાઈ તે પણ નીરોગી થઈ શકે છે ને ? તેને દૃઢવિશ્વાસ હોય છે કે વિશિષ્ટ ઔષધીના સેવનથી તે રોગમુક્ત થશે.

અને સમજો કે, તે રોગીએ ઔષધની દુકાનમાં જઈ મનમાં આવે તે દવા લઈ તે ખાધી તો ? શક્યતા છે કે તે રોગીને રોગથી નહીં પણ આયુષમાંથી જ છુટ્ટો થવાનો પ્રસંગ આવશે.

તેમ જ કોઈ જીવ કર્મ વિષે કાંઈ જ જાણતો ન હોય તોપણ તેને સમ્યક્ત્વ થઈ શકે છે. હાં, પણ એક વાત અત્યાવશ્યક છે કે તેને જિનેન્દ્રકથિત પ્રયોજનભૂત સાત તત્ત્વોનું જેમ છે તેમ શ્રદ્ધાન હોવું જોઈએ. પોતે તત્ત્વનિર્ણય કરવો જોઈએ, સ્વ અને પરનું ભેદજ્ઞાન જોઈએ, પોતાનું સ્વરૂપ યથાર્થ ભાસિત થવું જોઈએ, કર્મોના બંધ અને

તેના ફળથી પ્રાપ્ત થયેલ સામગ્રીમાં તેને કર્તૃત્વબુદ્ધિ અને ભોક્તૃત્વબુદ્ધિ ન હોવી જોઈએ. તેમ જ રાગાદિ કે શરીરાદિમાં તેને અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિ ન હોવી જોઈએ.

મને એક વાતનો જવાબ આપો કે આપણે જે આગમકથિત વાતો જાણીએ છીએ તે સત્ય છે કે અસત્ય ? તે તો સોએ સો ટકા સત્ય છે, છે ને ? તો પછી આ સત્ય વાતો જાણવાથી આપણા જ્ઞાનનો વિકાસ થાય છે કે જ્ઞાનની હાનિ થાય છે ? ટી.વ્હી. ઉપર આવતા સમાચાર જાણવા માટે બધા કેટલા ઉત્સુક હોય છે. આખી દુનિયામાં થતી ઘડભાંગ-ઉથલપાથલ જાણવાની જિજ્ઞાસા જાગૃત થાય પણ આ જીવ પોતામાં શું ઘડે છે તે વિષે બેખબર રહી બીજાઓની ખબરો જાણવા પાગલ છે.

આપણા પ્રત્યેક સમયના પરિણામ નિમિત્તે કર્મો કેટલા અને કેવી રીતે બંધાય છે, તે ક્યારે, કેટલું અને શું ફળ આપે છે ? કર્મબંધ અને કર્મફળથી આપણું પોતાનું અસ્તિત્વ ભિન્ન છે કે નહીં ? આ બધામાંથી છૂટવાનો કોઈ ઉપાય થઈ શકે કે નહીં ? પુણ્ય કરવાથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે કે નહીં? વગેરે વાતોનો તેને વિચાર પણ આવતો નહીં હોય અને બીજાઓનું જોઈ કાંઈપણ કરવામાં આ જીવે સમાધાન માન્યું.

દીકરીઓ, મોક્ષમાર્ગ અત્યંત સરળ, સહજ, સુલભ અને સુખકર છે, સુખમય છે. પણ જીવનો તેના પર વિશ્વાસ જ નથી. આ જ તો રહસ્ય છે. મારે કાંઈ તો ક્રિયા કરવી જોઈએ ત્યારે જ મને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થશે, એવી આ જીવને ભ્રાંતિ છે. શુભભાવ અને દેહાદિકની ક્રિયા કરવામાં જ આ જીવે ધર્મ માન્યો છે. પણ શુભાશુભભાવ રહિત એવો ત્રિકાલી ધ્રુવ જ્ઞાનાનંદ સ્વરૂપી હું છું એ વાતનો તેને સ્વીકાર જ નથી. દેહાદિની ક્રિયા તો જડની-અચેતનની ક્રિયા છે - પરદ્રવ્યની ક્રિયા છે, જીવ તે કરી જ શકતો નથી. શુભાશુભરાગ તો વિભાવ છે, સ્વભાવ નથી, જીવના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. તો પછી વિભાવ કરવાથી તેની સ્વભાવપર્યાય કેમ કરી પ્રગટ થાય?

સમ્યગ્દર્શનરૂપી સ્વભાવપર્યાય પ્રગટ થયાબાદ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. તે પહેલાં જીવને પાંચ લબ્ધિ હોય છે. તેઓનું સ્વરૂપ સમજવા

માટે કેટલાક પારિભાષિક શબ્દોનું જ્ઞાન હોવું આવશ્યક છે. હવે તેના પર વિચાર કરીએ.

આપણે પહેલાં અનેકવાર શીખ્યા કે કર્મનો બંધ ચાર પ્રકારે વર્ણવાય છે. જે કર્મ પ્રકૃતિઓનો બંધ થાય તે પ્રકૃતિબંધ છે. જેટલા પ્રમાણમાં-સંખ્યામાં કર્મ પરમાણુ બંધાય, પરમાણુના તે સંખ્યાને પ્રદેશબંધ કહે છે. પ્રત્યેક સમયમાં અનંત કર્મ પરમાણુ બંધાય તેને 'સમયપ્રબદ્ધ' અર્થાત્ એક સમયમાં બંધનારા એમ કહેવાય છે. બંધ થવાના સમયમાં જ નિશ્ચિત થાય કે તે કર્મ અધિકાધિક-વધુમાં વધુ કેટલા કાળ સુધી જીવ સાથે નિબદ્ધ રહેશે-બંધાયેલ રહેશે અને ક્યારે તે અકર્મરૂપ થઈ નીકળી જશે. આ કાલાવધિને 'સ્થિતિબંધ' કહે છે. તે કર્મ પરમાણુમાં ફળ આપવાની જે શક્તિ છે તેને 'અનુભાગબંધ' કહે છે.

બંધ થયાબાદ  કર્મ જીવના પ્રદેશોમાં પડી રહે છે- બંધાયેલ રહે છે - તેને સત્ત્વ કે કર્મની સત્તા કહે છે. કર્મનો બંધ થયાબાદ વિશિષ્ટ કાળ સુધી તેનો ઉદય અથવા ઉદીરણા થતી નથી, તે કાળને 'આબાધાકાલ' કહે છે. આબાધાકાલ પૂરો થતાં કર્મનો ઉદય થવાની શરૂઆત થાય છે. અર્થાત્ કર્મ ફળ આપી ખરવા માંડે - અકર્મરૂપ થાય - તેની નિર્જરા થાય છે. તે સામાન્ય નિર્જરા છે, મોક્ષમાર્ગની નિર્જરા નથી. જેમ પ્રત્યેક સમયમાં એક સમયપ્રબદ્ધનો બંધ થાય તેમ જ એક સમયપ્રબદ્ધની નિર્જરા પણ થાય છે.


આમ જીવની સત્તામાં અનંતાનંત કર્મ પરમાણુ સત્ત્વરૂપે પડી રહે છે, તેમાં હર સમયે એક સમયપ્રબદ્ધનો બંધ થાય છે અને એક સમયપ્રબદ્ધ પરમાણુ ખરી જાય છે-ઉદયમાં આવે છે અને કર્મની સત્તા સતત ચાલુ રહે છે.

એક સમયમાં બાંધેલા પરમાણુ એક સમયે ઉદયમાં આવતા નથી, પરંતુ આબાધાકાલ પૂર્ણ થયાબાદ અનંતર સમયથી (આગલા જ સમયથી) કર્મની સ્થિતિના અંત સમય સુધી નિરંતર-હર સમયમાં કોઈ ને કોઈ પરમાણુ ખરતા રહે છે. એને કર્મનો 'ઉદયકાલ' કહે છે. એક જ સમયમાં ઉદયમાં આવનારા કર્મ પરમાણુના સમૂહને 'નિષેક' કહેવાય છે.

એક સમયમાં બાંધેલા કર્મ સતત અનેક વર્ષો સુધી ઉદયમાં આવતા રહે છે, આપણે હર સમયે કર્મ બાંધતા આવ્યા છીએ. તેથી જે કર્મ

પરમાણુની સ્થિતિ પૂર્ણ થાય એવા અલગ અલગ અનેક સમયોમાં બાંધેલા પરમાણુ એક સમયે ઉદયમાં આવે છે અને તેઓનું ફળ તેમના અનુભાગાનુસાર મળે છે.


આ પ્રમાણે સત્તામાં જે કર્મો છે તેમાં જે જે પરમાણુ સમાન સ્થિતિના છે તેઓના સમૂહને નિષેક કહે છે. આને સત્તામાં રહેલ નિષેક કહે છે. તેમાંનો હર સમયે એક નિષેક ખરી જાય છે. વર્તમાન સમયમાં ઉદયમાં આવનારા નિષેકને 'પ્રથમ નિષેક' કહે છે. આકૃતિમાં આડી રેખા દોરી તેને બતાવવામાં આવે છે. તેની ઉપરની બાજુએ બીજી આડી રેખા દોરે છે, જે બીજો નિષેક દર્શાવે છે. દર સમયમાં એક નિષેક એ પ્રમાણે પ્રત્યેક કર્મના પોતપોતાના અનેક નિષેક-અનેક કોડાકોડી સાગરોના નિષેકો સત્તામાં હોય છે.




કર્મની સ્થિતિ દર્શાવવા નિષેક રચના હોય છે. તમે અહીં એમ સમજશો નહીં કે જીવના પ્રદેશોમાં કર્મ કતારો કરી ઉભા છે. જ્યારે જ્યારે કર્મ બંધાય ત્યારે આત્માના અસંખ્યાત પ્રદેશોમાં તે પરમાણુ સમાનરૂપે ફેલાય છે. કર્મ પરમાણુ જ્યાં ત્યાં સ્થિત છે પણ જે જે પરમાણુની સમાન સ્થિતિ હોય તે બધાને મળી આપણે નિષેક કહીએ છીએ.


કર્મ પરમાણુમાં સ્થિતિ સાથે જ વિશિષ્ટ અનુભાગ પણ હોય છે-તેની પોતાની ફલદાન શક્તિ હોય છે. આ શક્તિ અવિભાગ પ્રતિચ્છેદોમાં મપાય છે. શક્તિના પ્રત્યેક નાના અંશને 'અવિભાગ પ્રતિચ્છેદ' કહે છે. કર્મ પરમાણુમાં તેમની શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ હોય છે. માટે એક પરમાણુને એક 'વર્ગ' કહે છે. જે જે પરમાણુમાં અર્થાત્ વર્ગોમાં સમાન અવિભાગ પ્રતિચ્છેદ મળી આવે છે તે વર્ગના સમૂહને 'વર્ગણા' કહેવામાં આવે છે.

સૌથી ઓછા અવિભાગ પ્રતિચ્છેદવાળા વર્ગોના વર્ગણાને 'જઘન્ય વર્ગણા' કે 'પ્રથમ વર્ગણા' કહેવામાં આવે છે, જેમાં એક અધિક અવિભાગ પ્રતિચ્છેદ હોય એવા વર્ગોની વર્ગણાને દ્વિતીય વર્ગણા કહેવાય છે. પ્રથમ વર્ગણા નીચે દર્શાવાય છે અને દ્વિતીયાદિ વર્ગણા આકૃતિમાં બતાવ્યા મુજબ ઉપરની બાજુએ દર્શાવાય છે.




અનંત વર્ગણાઓના સમૂહને 'સ્પર્ધક' કહે છે. વર્ગણાઓના વર્ગોનો અવિભાગ પ્રતિચ્છેદ વધતો વધતો જે વર્ગણામાં બમણો થાય, તે વર્ગણાથી બીજો સ્પર્ધક શરૂ થાય છે, જ્યારે ત્રણગુણો થાય તે વર્ગણાથી ત્રીજો સ્પર્ધક શરૂ થાય છે.

કોઈપણ એક સમયમાં બાંધેલા પરમાણુની જ્યારે આપણે નિષેકરચના જોઈએ ત્યારે તેના પ્રથમ નિષેકમાં પરમાણુની સંખ્યા સૌથી વધુ હોય છે. ~~પરંતુ અનુભાગ સૌથી હીન હોય છે~~, ઉપર ઉપરના નિષકોમાં પરમાણુ ઓછા થતાં જાય ~~અને અનુભાગ વધતો જાય~~ છે.




નિષેક રચના હોય કે સ્પર્ધક રચના હોય, તે તો કેવળ આલેખ

છે, ચિત્રાંકન છે. જેમ વસ્તુઓની કિંમતો દર્શાવનારા આલેખ હોય કે ટી.વ્હી. પર ક્રિકેટ મેચ બતાવતા સમયે તેઓના રન સંખ્યાનો આલેખ બતાવે છે તેમ જ અહીં પણ સમજવું.

પ્રત્યેક કર્મપ્રકૃતિની અનંતાનંત વર્ગણા અને સ્પર્ધક હોય છે. તેમાં મંદ અનુભાગથી તીવ્રતમ અનુભાગ સુધીના અનેક સ્પર્ધક વર્ણવા માટે તેઓને ઉપમા આપી - નામ આપી સમજાવાય છે.

ઘાતિકર્મ અને અઘાતિકર્મના સ્પર્ધક રચનાના નામો આગળ જણાવ્યા મુજબ છે.

ઘાતિકર્મમાં મંદ અનુભાગથી તીવ્ર અનુભાગના સ્પર્ધકોના ચાર પ્રકાર છે.૧)લતાભાગ ૨)દારુભાગ ૩)અસ્થિભાગ ૪)શૈલભાગ.

લતા અર્થાત્ વેલ નરમ હોય છે, કઠણ નહીં. તેમ આ સ્પર્ધકોમાં અનુભાગ મંદ હોય છે. લતા કરતા દારુ અર્થાત્ કાષ્ટ કઠણ હોય છે. આ પ્રમાણે આ સ્પર્ધકોનો અનુભાગ અધિક હોય છે. તેનાથી અધિક અનુભાગ અસ્થિભાગવાળા સ્પર્ધકોમાં અને સર્વાધિક અનુભાગ શૈલભાગવાળા સ્પર્ધકોમાં હોય છે. કાષ્ટ કરતા અસ્થિ અને અસ્થિ કરતા શૈલ અર્થાત્ શીલા - પથ્થર કઠણ હોય છે તેમ અહીં પણ સમજવું. આ પ્રત્યેક પ્રકારના અનંત સ્પર્ધક હોય છે.

આ પ્રમાણે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મોમાં તીવ્રતાની અપેક્ષાએ શૈલ, અસ્થિ, દારુ અને લતા એમ અનુભાગોના ચાર સ્થાન હોય છે. જ્યારે કોઈ કર્મમાં ચારેય પ્રકારનો અનુભાગબંધ થાય ત્યારે તેને ચતુઃસ્થાનગત બંધ કહેવાય છે.

જીવના વિશુદ્ધ પરિણામોને નિમિત્તે જ્યારે અતિતીવ્ર અનુભાગવાળી ઘાતિકર્મની પ્રકૃતિ બંધાતી નથી ત્યારે ત્રિસ્થાનગત અર્થાત્ અસ્થિ, દારુ અને લતા ભાગવાળા સ્પર્ધકો બંધાય છે. શૈલ ભાગવાળા બંધાતા નથી. જ્યારે દ્વિસ્થાનગત બંધ થાય ત્યારે દારુ અને લતા ભાગરૂપ બંધ થાય છે, શૈલ ને અસ્થિ ભાગવાળો બંધ થતો નથી.

ઘાતિકર્મમાં અનુભાગ અપેક્ષાએ સ્પર્ધકોના ચાર સ્થાન જોયા. તેમ જ અઘાતિકર્મમાં પણ સ્પર્ધકોના ચાર-ચાર પ્રકાર છે. અઘાતિકર્મોમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે પ્રકારની પ્રકૃતિઓ છે, તેઓના પોતપોતાના સ્પર્ધકોના નામ અલગ અલગ છે.

પ્રશસ્ત પ્રકૃતિઓમાં મંદ અનુભાગથી તીવ્ર અનુભાગવાળા સ્પર્ધકોના ચાર સ્થાન આ પ્રમાણે છે.

૧) ગુડ ૨) ખાંડ ૩) શર્કરા (ખડી સાકર) ૪) અમૃત.

આ ચાર પદાર્થોમાં મીઠાસ ક્રમશઃ અધિક છે તેમ આ પ્રશસ્ત પ્રકૃતિઓના સ્પર્ધકોમાં અનુભાગ અર્થાત્ ફળ આપવાની શક્તિ અધિકાધિક હોય છે. આમાં જ્યારે દ્વિસ્થાનગત બંધ થાય એવું કથન આવે ત્યારે ગુડ અને ખાંડવાળા સ્પર્ધકોનો બંધ સમજવો અને જ્યારે ચતુઃસ્થાનગત બંધ એવું કથન આવે ત્યારે ચારેય પ્રકારના સ્પર્ધકોનો બંધ સમજવો.

અઘાતિકર્મોની અપ્રશસ્ત પ્રકૃતિઓમાં મંદ અનુભાગથી તીવ્ર અનુભાગવાળા સ્પર્ધકોના ચાર સ્થાન આ પ્રમાણે છે-

૧)નિંબ ૨)કાંજીર ૩)વિષ ૪)હલાહલ.

આ પદાર્થો વધુ ને વધુ કડવા છે. તે પ્રમાણે તેમના અનુભાગ તીવ્ર છે. જ્યારે જીવના પરિણામોની વિશુદ્ધિ વધતી જાય, ત્યારે અઘાતિકર્મોના અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગબંધ પણ દ્વિસ્થાનગત થવા માંડે, ચતુઃસ્થાનગત બંધ થતો નથી. એટલું જ નહીં પણ પહેલાં બાંધેલા ચતુઃસ્થાનગત સ્પર્ધકોનો અનુભાગ અનંતગુણો ઓછો ઓછો થતો જાય છે, અને સત્તામાં પડેલા કર્મોમાં દ્વિસ્થાનગત અનુભાગ બાકી રહે છે. આ વિષે ચર્ચા આગળ યથાયોગ્ય સ્થાને કરીશું જ. આને હવે ચાર્ટ-આકૃતિ દ્વારા જોઈશું:-

ઘાતિકર્મના અને અઘાતિકર્મના અનુભાગ અપેક્ષાએ ચાર ચાર સ્થાન-

| ઘાતિકર્મ | અઘાતિકર્મ | |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| અપ્રશસ્ત જ છે | પ્રશસ્ત | અપ્રશસ્ત |
| શૈલ | અમૃત | હલાહલ |
| અસ્થિ | શર્કરા | વિષ |
| દારુ | ખાંડ | કાંજીર |
| લતા | ગુડ | નિંબ |

ઘાતિકર્મમાં બે પ્રકારની પ્રકૃતિઓ છે - સર્વઘાતિ પ્રકૃતિ અને દેશઘાતિ પ્રકૃતિ. જેમ કે કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ ઈત્યાદિ સર્વઘાતિ પ્રકૃતિ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ,

મનઃપર્યયજ્ઞાનાવરણ ઈત્યાદિ દેશઘાતિ પ્રકૃતિઓ છે.

આ પ્રકૃતિઓના જે સ્પર્ધક છે તેમાં પણ બે પ્રકારના સ્પર્ધકો હોય છે - સર્વઘાતિ સ્પર્ધક અને દેશઘાતિ સ્પર્ધક.

આપણે ઘાતિકર્મોમાં ચાર પ્રકારના સ્પર્ધક જોયા - શૈલ, અસ્થિ, દારુ, લતાભાગવાળા. તેમાંથી શૈલ, અસ્થિ સ્પર્ધક અને દારુભાગના અનંત બહુભાગ સ્પર્ધક સર્વઘાતિ સ્પર્ધક છે અને દારુભાગના એકભાગ સ્પર્ધક અને લતાભાગના બધા સ્પર્ધક દેશઘાતિ સ્પર્ધક છે.

તમે કહેશો, 'આમા કહેવાની શી જરૂર છે? સર્વઘાતિ પ્રકૃતિઓના સ્પર્ધક સર્વઘાતિ હશે અને દેશઘાતિ પ્રકૃતિઓના સ્પર્ધક દેશઘાતિ હશે.' તમારું અર્ધુ જ કથન સત્ય છે. સર્વઘાતિ પ્રકૃતિઓના બધા જ સ્પર્ધકો સર્વઘાતિ હોય છે પણ દેશઘાતિ પ્રકૃતિમાં બન્ને પ્રકારના સ્પર્ધક હોય છે - સર્વઘાતિ સ્પર્ધક અને દેશઘાતિ સ્પર્ધક.

આ ફરીથી એકવાર સમજી લઈએ, પરંતુ તે પહેલાં બહુભાગ અને એકભાગ કોને કહે છે તે જોઈએ. સમજો, તમને ૧૦૦૦ની સંખ્યાને ૧૦ થી ભાગી બહુભાગ અને એકભાગ કરવો છે. તે માટે એક હજારને દસથી ભાગીએ તો ૧૦૦ આવે છે. ૧૦૦૦÷૧૦=૧૦૦ અર્થાત્ એક ભાગની કિંમત ૧૦૦ છે. દસ ભાગમાંથી એક ભાગ જુદો કરીએ તો બહુભાગ અર્થાત્ નવભાગની કિંમત નવસો આવે છે. માટે બહુભાગ ૯૦૦ અને એકભાગ ૧૦૦ થશે.

દારુભાગવાળા અનંત સ્પર્ધકો છે, તેને યથાયોગ્ય તે કરતા ઓછા અનંત વડે ભાગીએ તો અનંત જ આવે છે. તેમાં બહુભાગ અને એકભાગ કરીએ તો દારુભાગના બહુભાગ તો સર્વઘાતિ સ્પર્ધક છે, અને એકભાગ દેશઘાતિ સ્પર્ધક છે.

ઘાતિકર્મ

- સર્વઘાતિ પ્રકૃતિ
  - સર્વઘાતિ સ્પર્ધક: શૈલ, અસ્થિ, દારુ(બહુભાગ)
- દેશઘાતિ પ્રકૃતિ
  - સર્વઘાતિ સ્પર્ધક: શૈલ, અસ્થિ, દારુ(બહુભાગ)
  - દેશઘાતિ સ્પર્ધક: દારુ(એકભાગ), લતા

અહીં એ વાત સમજી લ્યો કે પ્રકૃતિ દેશઘાતિ હોવા છતાં તેના સ્પર્ધક બે પ્રકારના હોય છે-સર્વઘાતિ સ્પર્ધક અને દેશઘાતિ સ્પર્ધક.

આપણે આને જ્ઞાનાવરણકર્મની પ્રકૃતિઓ પર ઘટાવીએ. કેવલજ્ઞાનાવરણ સર્વઘાતિ પ્રકૃતિ છે, તેના બધાં સ્પર્ધકો સર્વઘાતિ છે અર્થાત્ પૂર્ણપણે ઘાત કરનારા છે, તેથી પર્યાયમાં કેવલજ્ઞાન પ્રગટ થતું નથી. કર્મ કાંઈ જ કરતું નથી પરંતુ જ્યારે જીવ કેવલજ્ઞાનરૂપ પરિણમન કરતો નથી ત્યારે ત્યાં કેવલજ્ઞાનાવરણ તેમ જ અન્ય જ્ઞાનાવરણ કર્મોનો ઉદય વિદ્યમાન હોય છે.

મતિજ્ઞાનાવરણ દેશઘાતિ પ્રકૃતિ છે. તેના સર્વઘાતિ સ્પર્ધકોનો કદી ઉદય થતો નથી, હંમેશ દેશઘાતિ સ્પર્ધકોનો જ ઉદય હોય છે. સમજો, સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય થાય તો જીવ પર્યાયમાં સર્વથા જ્ઞાનરહિત થશે - અચેતન થશે - જે કદાપિ બનતું નથી.

આથી હવે 'ક્ષયોપશમ' ની પરિભાષા શીખવવાનું ઘણું જ સહેલું થશે. એમ તો 'ક્ષયોપશમલબ્ધિ' વિષે જ્ઞાન કરી લેવા પૂર્વે ક્ષયોપશમનું સ્વરૂપ જાણવું આવશ્યક છે.

તમે ઘણીવાર સાંભળ્યું હશે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન - એ બધા ક્ષયોપશમ જ્ઞાન છે. તેમાં પ્રતિપક્ષી કર્મોનો ક્ષયોપશમ જોવા મળે છે. તેને આપણે મતિજ્ઞાનાવરણ કર્મ ઉપર ઘટાવીએ.

ક્ષયોપશમની વ્યાખ્યા આ પ્રમાણે છે - 'વર્તમાનકાલીન સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, ભવિષ્યકાલીન તે જ સ્પર્ધકોનો સદવસ્થારૂપ ઉપશમ અને વર્તમાનકાલીન દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય - કર્મોની આ ત્રણ અવસ્થાઓને ક્ષયોપશમ કહે છે'.

વર્તમાન સમયમાં સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય ન થવાને જ ક્ષય કહેવામાં આવે છે. અહીં ક્ષયનો અર્થ સત્તામાંથી નાશ થવો એમ નથી. ભવિષ્યમાં તો તે સ્પર્ધકો વિદ્યમાન છે જ - સત્તામાં છે પણ સર્વઘાતિરૂપે તે કદી ઉદયમાં આવતા નથી - છે ત્યાં જ રહે છે, અને સ્થિતિ પૂર્ણ થયે દેશઘાતિરૂપે થઈ ઉદયમાં આવે છે. તેઓની ઉદીરણા થઈ ઉદયરૂપ ન થવું એને જ સદવસ્થારૂપ ઉપશમ (અપ્રશસ્ત ઉપશમ) કહે છે. વર્તમાન સમયમાં દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય થતો હોય છે.

દેશઘાતિ એને જ કહે છે કે જે પૂર્ણ ઘાત કરવા સમર્થ નથી હોતા. માટે જ એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિયો સુધી જીવોને મતિશ્રુતજ્ઞાન ઉઘાડરૂપે રહે જ છે. કોઈપણ જીવ જ્ઞાનરહિત હોતો નથી. સૂક્ષ્મ નિગોદ જીવોમાં પણ જ્ઞાનનો કોઈ ને કોઈ અંશ પ્રગટ હોય છે જ.

તમે કહેશો, 'હમણા જ તે ઉપર કહ્યું હતું કે અવધિજ્ઞાનાવરણ દેશઘાતિ પ્રકૃતિ છે, તો પછી આપણને અવધિજ્ઞાન પ્રગટ કેમ નથી?'

તમારો પ્રશ્ન માર્મિક છે. પણ થોડો વધુ વિચાર કરીએ તો તમે પોતે જ તેનો જવાબ શોધી કાઢશો.

જુઓ, આપણને અવધિજ્ઞાન પ્રગટ નથી તે આપણી યોગ્યતાથી જ પ્રગટ નથી તેનો પ્રથમ સ્વીકાર કરો. હવે રહી કર્મની વાત. અવધિજ્ઞાનાવરણ કર્મના જે સર્વઘાતિ સ્પર્ધકો છે - શૈલ, અસ્થિ, દારુ(બહુભાગ) વાળા જે સ્પર્ધકો છે તેઓનો હાલ ઉદય ચાલુ છે માટે અવધિજ્ઞાન પ્રગટ નથી. આ આપણું ઔદયિક અજ્ઞાન છે. હવે જે જીવોમાં અવધિજ્ઞાન પ્રગટ છે તેઓના શૈલ, અસ્થિ અને દારુ(બહુભાગ) વાળા સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય છે, ભવિષ્યકાલીન એ જ સ્પર્ધકોનો સદવસ્થારૂપ ઉપશમ છે અને લતાભાગરૂપ સ્પર્ધકોનો ઉદય છે. તેઓનું આ ક્ષાયોપશમિક અવધિજ્ઞાન છે.

આ લતાભાગવાળા સ્પર્ધકો પણ મંદથી માંડી તીવ્ર સુધી અનેક હોય છે. જો તેમાંનો તીવ્ર અનુભાગ અર્થાત્ અધિક આવરણનો ઉદય હોય તો ઓછી શક્તિવાળું અવધિજ્ઞાન પ્રગટ થશે. જો મંદ આવરણનો ઉદય હોય તો તે અવધિજ્ઞાન વધુ શક્તિશાલી હશે. માટે જ દેશાવધિજ્ઞાનના અને પરમાવધિજ્ઞાનના અનેક ભેદ જોવામાં આવે છે. અને સર્વોત્કૃષ્ટ એવા સર્વાવધિ નામના અવધિજ્ઞાનનો એક જ પ્રકાર હોય છે.

મતિ, શ્રુત જ્ઞાનમાં પણ દેશઘાતિ સ્પર્ધકોમાંથી મંદ આવરણનો ઉદય હોય તો જ્ઞાનનો ઉઘાડ વધુ હોય અને તીવ્ર આવરણનો ઉદય હોય તો જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય છે.

લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવોમાં શ્રુતજ્ઞાનનો સૌથી હીન ઉઘાડ હોય તેને 'પર્યાયજ્ઞાન' કહે છે. એને જ અક્ષરનો અનંતમો ભાગ કહે છે. અક્ષર નામનો શ્રુતજ્ઞાનનો એક પ્રકાર છે. પર્યાયજ્ઞાનમાં જ્ઞાનના

અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય છે. તે કરતા અનંતગુણા અવિભાગ પ્રતિચ્છેદ અક્ષરજ્ઞાનમાં હોય છે. અક્ષરજ્ઞાનની અપેક્ષાએ કહેવાનું થાય તો અક્ષરજ્ઞાનમાં જ્ઞાનના જેટલા અવિભાગ પ્રતિચ્છેદ હોય છે તેના અનંતમા ભાગપ્રમાણ અવિભાગ પ્રતિચ્છેદ પર્યાયજ્ઞાનમાં હોય છે. પર્યાયજ્ઞાન બાદ અક્ષરજ્ઞાન સુધી વધતાં ક્રમમાં અવિભાગ પ્રતિચ્છેદવાળાં જ્ઞાનના અનેક સ્થાન અર્થાત્ ભેદ છે તે બધાંને મળી એક નામ છે - પર્યાયસમાસજ્ઞાન.

જીવને પર્યાયજ્ઞાન જેટલું જ્ઞાન તો ઓછામાં ઓછું રહેશે જ, સર્વથા જ્ઞાનરહિત જીવ કદી હોઈ જ શકતો નથી. આનો અર્થ જરા સમજી લ્યો. આપણને જેટલું અથવા જે જે પદાર્થો વિષે જ્ઞાન હોય તેનું તેટલું જ આવરણ કરનારું કર્મ પણ હોય છે. તમે જર્મનભાષા જાણતા નથી, ત્યારે જર્મનભાષાજ્ઞાનાવરણ કર્મનો ઉદય ચાલુ છે. હવે જો તમે જર્મનભાષા જાણવા માંડશો તો ત્યાં તે જ્ઞાનાવરણનો ઉદય રહેશે નહીં. તેમ જ પર્યાય નામનું જ્ઞાન નિગોદમાં પ્રગટ છે એનો અર્થ એવો કે તેને પર્યાયજ્ઞાનાવરણ કર્મનો ઉદય નથી. જો કોઈ જીવના પર્યાયજ્ઞાનાવરણનો ઉદય થાય તો તે જીવ સર્વથા જ્ઞાનરહિત અચેતન બની જશે. આ વાત ત્રણ કાળમાં કદી બનતી નથી માટે પર્યાયજ્ઞાનને નિરાવરણજ્ઞાન કહ્યું છે.

તો હવે મારા પ્રશ્નનો જવાબ આપો. શું તમને પર્યાયજ્ઞાન છે? તમે કહેશો, ‘બા, અમને શું તું નિગોદ સમજે છે? અમે તો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્યજીવ છીએ, અમારું જ્ઞાન તો તેમનાથી અનંતગણું છે.’

આનો જવાબ હું બીજો પ્રશ્ન પૂછી આપીશ. તમે સમજી લ્યો. મને કહો કોઈ કરોડપતિ પાસે એક રૂપિયો તો હશે કે નહીં ?

જો તમારી પાસે પર્યાયજ્ઞાન નથી એમ માનીએ તો તમારા પર્યાયજ્ઞાનાવરણ કર્મનો ઉદય છે એમ માનવું પડશે. સમ્યગ્જ્ઞાનચંદ્રિકામાં લખ્યું છે કે પર્યાયજ્ઞાન વગર કોઈ જીવ નથી. કેવલજ્ઞાનીને પણ પર્યાયજ્ઞાન સંભવે છે. મહાજ્ઞાનમાં અલ્પજ્ઞાન ગર્ભિત છે એમ જાણવું.

પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવોને કેવલજ્ઞાન હોતું નથી. એ તેઓનું ઔદયિક અજ્ઞાન છે અને તેમને મતિશ્રુત આદિ જ્ઞાન હોય એ તેઓનું ક્ષાયોપશમિક જ્ઞાન છે.

અહીં એક વાત બરાબર સમજી લ્યો, કેવલજ્ઞાનાવરણ પ્રકૃતિ સર્વઘાતિ છે, પરંતુ તે જ્ઞાનનો પૂર્ણ ઘાત કરતી નથી, માત્ર પોતાના પ્રતિપક્ષી કેવલજ્ઞાનનો પૂર્ણ ઘાત કરે છે. તેના ઉદયમાં તો અન્ય ચાર જ્ઞાનનો ક્ષયોપશમ ચાલુ રહે છે. તેમ જ સ્ત્યાનગૃધ્દ્યાદિક પાંચ દર્શનાવરણ કર્મ સર્વઘાતિ છે પણ તે પ્રકૃતિ દર્શનનો પૂર્ણ ઘાત કરતી નથી. તેમનો પ્રતિપક્ષી અર્થાત્ જાગૃત અવસ્થા તેનો પૂર્ણ ઘાત કરે છે. તેઓના ઉદયમાં બાકીના ચાર દર્શનાવરણનો ઉદય કે ક્ષયોપશમ યથાયોગ્ય ચાલુ રહે છે. આનો અર્થ કે કેવલદર્શનાવરણ સર્વઘાતિ પ્રકૃતિ છે, તેનો ઉદય બારમા ગુણસ્થાનના અંત સુધી નિરંતર રહે છે અને તેના નિમિત્તે કેવલદર્શનનો પૂર્ણ ઘાત થાય પણ અન્ય - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન કે અવધિદર્શન થતું રહે છે.

જાગૃત અવસ્થામાં ચાર દર્શનાવરણ કર્મનો ઉદય હોય અને નિદ્રાવસ્થામાં ચાર દર્શનાવરણ કર્મો સાથે પાંચ નિદ્રામાંથી એક નિદ્રાદર્શનાવરણ કર્મનો ઉદય હોય છે.

કર્મોનો ક્ષય થઈ ક્ષાયિકભાવ પ્રગટ થાય છે અને ક્ષયોપશમ થઈ ક્ષાયોપશમિકભાવ પ્રગટ થાય છે. ક્ષાયિકજ્ઞાન અર્થાત્ કેવલજ્ઞાન સર્વઘાતિ અને દેશઘાતિ એવા બન્ને પ્રકારના જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થવાથી પ્રગટ થાય છે. ક્ષાયિકદર્શન અર્થાત્ કેવલદર્શન સર્વઘાતિ અને દેશઘાતિ એવા બધા જ દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી પ્રગટ થાય છે. ક્ષાયિક સમ્યક્ત્વ સર્વઘાતિ એવા મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વ તથા દેશઘાતિ એવી સમ્યક્ પ્રકૃતિ બન્ને પ્રકારના દર્શનમોહનીયનો ક્ષય થવાથી પ્રગટ થાય છે. ક્ષાયિક ચારિત્ર પણ સર્વઘાતિ અને દેશઘાતિ એવા બન્ને પ્રકારના ચારિત્રમોહનીય પ્રકૃતિઓનો ક્ષય થવાથી પ્રગટ થાય છે.

અંતરાય કર્મમાં તો માત્ર દેશઘાતિ પ્રકૃતિ જ છે માટે તેના ક્ષયથી ક્ષાયિકદાન, ક્ષાયિકલાભ, ક્ષાયિકભોગ, ક્ષાયિકઉપભોગ અને ક્ષાયિકવીર્ય પ્રગટ થાય છે.

પરંતુ ક્ષાયોપશમિકભાવ તો માત્ર દેશઘાતિ કર્મોનો ક્ષયોપશમ થવાથી જ થાય છે. સર્વઘાતિ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થતો નથી. તેમ જ અઘાતિકર્મમાં પણ ક્ષયોપશમ થવાનો પ્રશ્ન આવતો નથી.

ઉપર જણાવ્યા મુજબ ક્ષાયિકભાવ તો નવ જ છે. હવે દેશઘાતિ પર ઘટાવતા અઢાર ક્ષાયોપશમિકભાવ તમારા સહેજે ધ્યાનમાં આવશે.

ક્ષાયોપશમિકભાવમાં ઉદય તો દેશઘાતિનો હોય છે. તે સમજાવવા સર્વઘાતિ અને દેશઘાતિ પ્રકૃતિઓના નામો જોઈએ.


| મૂલ પ્રકૃતિ | સર્વઘાતિ પ્રકૃતિ | દેશઘાતિ પ્રકૃતિ |
|---|---|---|
| (૧) જ્ઞાનાવરણ | કેવલજ્ઞાનાવરણ. | મતિજ્ઞાનાવરણ,<br>શ્રુતજ્ઞાનાવરણ,<br>અવધિજ્ઞાનાવરણ,<br>મનઃપર્યયજ્ઞાનાવરણ. |
| (૨) દર્શનાવરણ | કેવલદર્શનાવરણ,<br>સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રા નિદ્રા,<br>પ્રચલાપ્રચલા, નિદ્રા, પ્રચલા. | ચક્ષુદર્શનાવરણ,<br>અચક્ષુદર્શનાવરણ,<br>અવધિદર્શનાવરણ. |
| (૩) મોહનીય | | |
| દર્શનમોહનીય | મિથ્યાત્વ,સમ્યગ્મિથ્યાત્વ. | સમ્યક્ પ્રકૃતિ. |
| ચારિત્રમોહનીય | અનંતાનુબંધી ૪,<br>અપ્રત્યાખ્યાનાવરણ ૪,<br>પ્રત્યાખ્યાનાવરણ ૪, | સંજ્વલન ૪.<br>નોકષાય ૯. |
| (૪) અંતરાય | —— | દાનાંતરાય,લાભાંતરાય,<br>ભોગાંતરાય,<br>ઉપભોગાંતરાય,વીર્યાંતરાય. |
| | કુલ ૨૧ | કુલ ૨૬ |

હવે દેશઘાતિ સામે જોતા જોતા ક્ષાયોપશમિકભાવ યાદ કરો. તે આ પ્રમાણે છે - મતિશ્રુતાદિ સમ્યક્જ્ઞાન ૪, કુજ્ઞાન ૩, દર્શન ૩, ક્ષયોપશમ સમ્યક્ત્વ, સરાગચારિત્ર, સંયમાસંયમ અને દાનાદિ ૫.

આ પ્રમાણે વિચાર કરશો તો સહેજે ધ્યાનમાં આવશે - મોઢે પાણ થશે, કરવા પડતા નથી.

હવે બીજા થોડાક પારિભાષિક શબ્દો જોઈ પછી આપાણા વિષયનો પ્રારંભ કરીએ.

જીવના પરિણામને નિમિત્તે જ્યારે સત્તામાં રહેલા કર્મોની સ્થિતિ અને અનુભાગ ઓછો થાય - ઘટે છે ત્યારે તેને 'અપકર્ષણ' કહે છે, અને જ્યારે વધે છે ત્યારે તેને 'ઉત્કર્ષણ' કહે છે. અપકર્ષણમાં સ્થિતિની હાનિ થાય છે. તે ચાર્ટ વડે સમજાય છે.




પહેલાં આપણે નિષેકરચના જોઈ ગયા હતા. તેમાં ઉપરના નિષેકોના કેટલાક પરમાણુ નીચેના નિષેકોમાં આવી મળે છે એવું કથન કરાય છે અને ચાર્ટમાં પણ બતાવાય છે.

કર્મ પરમાણુ તો છે ત્યાં જ સ્થિત રહે છે, ઉપર નીચે દોડાદોડ કરતાં નથી. આપણે છાપામાં જોઈએ કે આંતરરાષ્ટ્રીય બજારોમાં રૂપિયાનું મૂલ્ય નીચે લસરે છે ત્યારે ચાર્ટ દ્વારા નીચેની દિશામાં રેખા દોરી તે બતાવાય છે. પણ ત્યારે આપણી તિજોરીમાં રાખેલા રૂપિયાની નોટો કાંઈ નીચે લસરતી નથી. અનુભાગની બાબતમાં પણ એમ જ સમજવું. જ્યારે સ્પર્ધકોનો અનુભાગ ઘટે ત્યારે કથન આવે છે કે ઉપરના સ્પર્ધકોમાંથી કેટલાક પરમાણુ નીચેના સ્પર્ધકોમાં આવી મળ્યા. એનો અર્થ એમ સમજવો કે તેઓનો અનુભાગ ઓછો થયો.

ઉપરના સ્પર્ધકો કે નિષેકો કાયમ રહી તેમાંના કેટલાક પરમાણુ નીચેના સ્પર્ધક કે નિષેકોમાં આવી મળે છે ત્યારે તેને અપકર્ષણ કહે છે. પણ વિશેષ વિશુદ્ધ પરિણામોને નિમિત્તે ઉપરના અનેક નિષેકોનો સમૂહ નષ્ટ થઈ તેના બધા પરમાણુ નીચેના નિષેકોમાં આવી મળે છે ત્યારે તેને 'સ્થિતિકાંડકઘાત' કહે છે, અને જ્યારે ઉપરના અનેક સ્પર્ધકોનો અભાવ થઈ તેના બધા પરમાણુ નીચેના ઓછા અનુભાગના સ્પર્ધકોમાં આવી મળે છે ત્યારે તેને 'અનુભાગકાંડકઘાત' કહે છે.

આ વાત બરાબર સમજી લો કે કાંડકઘાત દ્વારા કર્મની સ્થિતિ અને અનુભાગ ઘટે છે પરંતુ કર્મ નષ્ટ થતાં નથી, તે અકર્મરૂપ થતાં નથી, નીચેના નિષેકોના પરમાણુની સંખ્યા વધે છે, આમ સત્તામાં રહેલ કર્મોની સ્થિતિ ઘટે છે તેમ જ તેની ફળ આપવાની શક્તિ પણ હીન થાય છે. કર્મોમાં અન્ય પણ ઘણા પરિવર્તનો થાય છે. તેઓના નામો તથા સ્વરૂપ આગળ પર યોગ્ય સ્થાને કહેવામાં આવશે.

હવે આગળના પત્રથી આપણા વિષયનો પ્રારંભ કરીએ.

જય જિનેન્દ્ર.

તમારી બા

# પ્રથમોપશમ સમ્યક્ત્વ-પાત્રતા

પત્રાંક ૫ ૩૦ જુલાઈ ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

કર્મોના નામો તથા તેમની સામાન્ય માહિતી અને કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ જાણ્યાબાદ હવે આપણે મૂળ વિષય વિષે ચર્ચાનો પ્રારંભ કરીએ છીએ. પૂર્વ પીઠિકામાં જ ચર્ચા બહુ જ લંબાણી, કહેવાય છે ને 'પાશેરામાં પહેલી પૂણી' એમ થયું. પણ આ ચર્ચા આવશ્યક જ હતી. અહીં પત્રો વડે આપણે સ્થૂલ-ઉપરછલ્લી ચર્ચા કરવાના છીએ. આ વિષયની સૂક્ષ્મ ચર્ચા ગોમ્મટસાર - લબ્ધિસાર, ધવલા વગેરે ગ્રંથોમાંથી જાણવા જેવી છે.

લબ્ધિનો અર્થ છે પ્રાપ્તિ અથવા લાભ - કંઈક ઉપલબ્ધિ થવી. આપણને લાભ તો અનંતસુખની પ્રાપ્તિ થવામાં છે. મોક્ષ અનંતસુખરૂપે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય સંવર અને નિર્જરા છે અને તે પણ સુખરૂપે જ છે. માટે તેમની પ્રાપ્તિ થાય તે લબ્ધિ છે.

જેટલો જેટલો આસ્રવ અને બંધ ઓછો થશે તેટલું તેટલું દુઃખ ઓછું થશે. કર્મની ભાષામાં કહેવાનું થાય તો બંધની હાનિ થાય અર્થાત્ કોઈ વિશિષ્ટ કર્મ પ્રકૃતિનો બંધ થંભી જવો તે સંવર છે અને પૂર્વબદ્ધ કર્મોની હાનિ થાય અર્થાત્ કર્મ વધુ પ્રમાણમાં ખરી જાય તે નિર્જરા છે. આ કાર્ય સમ્યગ્દર્શન અને અધિકાધિક આત્મસ્થિરતા દ્વારા અર્થાત્ ચારિત્ર દ્વારા થાય - કોઈપણ ઉચ્ચ પ્રકારના શુભભાવ દ્વારા એ સંભવ નથી માટે તેથી જ લબ્ધિસાર ગ્રંથમાં કહેલ છે કે દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય તે લબ્ધિ છે.

લબ્ધિ શબ્દ અનેક જુદા જુદા અર્થે કે અલગ અલગ સંદર્ભમાં શાસ્ત્રમાં આવે છે. ક્ષયોપશમ જ્ઞાનમાં લબ્ધિ અને ઉપયોગ એવા બે ભેદ છે. વિશિષ્ટ ક્ષયોપશમને લબ્ધિ કહેવામાં આવે છે અથવા તેના નિમિત્તે આત્મામાં જ્ઞાનના ઉઘાડરૂપ જે શક્તિ હોય છે તેને લબ્ધિ કહેવામાં આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે 'લબ્ધિઉપયોગૌ ભાવેન્દ્રિયમ્'.

ગુણપ્રાપ્તિના અર્થમાં, વિશિષ્ટ તપના પ્રભાવથી પ્રાપ્ત થનાર ૠદ્ધિને પણ લબ્ધિ કહે છે.

દાનાંતરાય આદિ અંતરાય કર્મની પાંચ પ્રકૃતિઓના ક્ષયોપશમથી કે ક્ષયથી પ્રાપ્ત થનાર દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યને પણ લબ્ધિ કહે છે. અરહંત ભગવાનની સ્તુતિમાં તેમનું વર્ણન કરતાં કહ્યું છે, 'નવકેવલલબ્ધિરમા ધરંત' એટલે અરહંત ભગવંતોને નવ ક્ષાયિક લબ્ધિ હોય છે, તે આ પ્રમાણે - ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક દાન, ક્ષાયિક લાભ, ક્ષાયિક ભોગ, ક્ષાયિક ઉપભોગ અને ક્ષાયિક વીર્ય.

આપણો વિષય 'પંચલબ્ધિ' છે. પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થવા પૂર્વે જે નિયમથી હોય છે એવા પાંચ લબ્ધિની આપણે ચર્ચા કરવાના છીએ. તેઓના નામ આગળ મુજબ છે ૧)ક્ષયોપશમલબ્ધિ ૨)વિશુદ્ધિલબ્ધિ ૩)દેશનાલબ્ધિ ૪)પ્રાયોગ્યલબ્ધિ ૫)કરણલબ્ધિ.

એને સાગાર ધર્મામૃત નામના ગ્રંથમાં જુદા શબ્દોમાં કહી છે. ૧)સંજ્ઞિત્વ ૨) શુદ્ધિ ૩) દેશના ૪) કર્મહાનિ ૫)અસ્તમિથ્યાત્વ.

નિયમસાર ગ્રંથના તાત્પર્યવૃત્તિનામક ટીકામાં પાંચ લબ્ધિના નામો આ પ્રમાણે છેઃ- ૧) કાલલબ્ધિ ૨) કરણલબ્ધિ ૩) ઉપદેશલબ્ધિ ૪) ઉપશમલબ્ધિ ૫) પ્રાયોગ્યતાલબ્ધિ.

આ પાંચ લબ્ધિપૂર્વક પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. લબ્ધિનું સ્વરૂપ જોવાપૂર્વે પ્રથમોપશમ સમ્યક્ત્વનો અર્થ સમજી લ્યો. સમ્યક્ત્વ શબ્દથી તો તમે બરાબર પરિચિત છો. 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' એ સૂત્રનો અર્થ આપણે પહેલાં જ વિગતવાર જોયો છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ સૌપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે તે ઔપશમિક સમ્યક્ત્વ જ હોય છે. સાદિ મિથ્યાદષ્ટિ જીવ પણ કર્મોનો ઉપશમ કરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. આ બન્ને પ્રકારથી જ્યારે વિશિષ્ટ કર્મોનો ઉપશમ કરીને મિથ્યાદષ્ટિ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે.

સાદિ તથા અનાદિ શબ્દોનો અર્થ યાદ છે ને? સ+આદિ=સાદિ અને અન+આદિ=અનાદિ. જે જીવે અનાદિકાળથી ક્યારેય સમ્યક્ત્વ

પ્રાપ્ત કર્યું નથી, જે અનાદિકાલથી મિથ્યાત્વ અવસ્થામાં જ છે, તેને અનાદિ મિથ્યાદષ્ટિ કહે છે. જે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યાબાદ ફરીથી અતત્ત્વશ્રદ્ધાથી મિથ્યાદષ્ટિ થાય છે તેને સાદિ મિથ્યાદષ્ટિ કહે છે.

હવે એ જોઈએ કે કયા કર્મોનો ઉપશમ કરી જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અનાદિ મિથ્યાદષ્ટિ પાસે દર્શનમોહનીય કર્મની એક મિથ્યાત્વ પ્રકૃતિ સત્તામાં હોય છે, કારણ બંધ તો માત્ર એક મિથ્યાત્વ પ્રકૃતિનો જ થતો હોય છે, પણ સાદિ મિથ્યાદષ્ટિ પાસે દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓ અર્થાત્ મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ કેટલાક કાળ સુધી સત્તામાં રહે છે કારણ પહેલી વખત પ્રથમોપશમ સમ્યક્ત્વ થયાબાદ મિથ્યાત્વના એવા ત્રણ ટુકડા થાય છે.

જે જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વસહિત પહેલા ગુણસ્થાનમાંથી ચોથા ગુણસ્થાનમાં જાય તે દર્શનમોહનીય અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ઉપશમ કરે છે. અહીં અનાદિ મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની ચાર એવી પાંચ પ્રકૃતિઓનો ઉપશમ કરી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તો સાદિ મિથ્યાદષ્ટિ જીવ દર્શનમોહનીયના ત્રણ અને અનંતાનુબંધીની ચાર એવી સાત પ્રકૃતિઓનો ઉપશમ કરી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

આનો અર્થ એમ થાય છે કે જ્યારે જ્યારે જીવ ઉપર જણાવેલ કર્મોનો ઉપશમ કરી મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે ત્યારે ત્યારે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે. સૌથી પહેલાં-પહેલી વાર સમ્યક્ત્વ થયું માટે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહેતા નથી, પણ જ્યારે જ્યારે કોઈ મિથ્યાદષ્ટિ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે ત્યારે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ એમ કહેવામાં આવે છે. પછી ભલે તે પહેલી વાર થાય કે બીજી વાર કે અસંખ્યાત વાર થાય.

શુ થયું ? નવાઈ કેમ પામ્યા ? તમે એ ભ્રમમાં રહેશો નહીં કે એક વાર સમ્યક્ત્વ થયું એટલે કામ પત્યું. કોઈ જીવને સમ્યક્ત્વ થઈ તે છૂટે - તે જીવ મિથ્યાત્વમાં આવે - તો વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ સુધી તે મિથ્યાત્વમાં જ રહી શકે. તે અનંતકાળ છે. તત્ત્વશ્રદ્ધાની થયો, આત્માનો અનુભવ કર્યો છતાં તેમાંથી પડી જઈ

જીવ પાછો મિથ્યાત્વમાં જઈ શકે છે.

હાં, દ્રવ્યાનુયોગમાં અને ઉપદેશની મુખ્યતાથી જ્યાં પુરુષાર્થની પ્રેરણા આપવામાં આવે છે ત્યાં પડવાની વાત થતી નથી. પરંતુ અહીં કરણાનુયોગમાં વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે. આ બધું કેવલીગમ્ય છે. એક જીવમાં પણ આટલી વાર સમ્યક્ત્વથી પડી જવાનું થાય તો તે વાત કરણાનુયોગ ચોક્કસ કહેશે.

આ વાંચી ગભરાવાનું કોઈ કારણ નથી, તેમ જ સમ્યક્ત્વ થયા પછી ફિશિયારી મારવાની કંઈ જરૂર નથી. કોઈ કહેશે કે આમ પડવાની શક્યતા હોય તો અમે સમ્યક્ત્વનો પુરુષાર્થ જ નહીં કરીએ, ત્યારે તેને સમજાવાય છે કે એક વાર જો સમ્યક્ત્વ થાય તો તું અલ્પ કાળમાં મુક્ત થઈશ જ, હવે જો તું ઇચ્છે તોપણ અધિક સમય સંસારમાં ભટકી શકતો નથી. જો સમ્યક્ત્વ પ્રાપ્ત થયાબાદ કોઈને ખોટું અભિમાન થાય, તેને મદ થાય તો પર્યાયમાં અહંબુદ્ધિ થવાથી સમ્યક્ત્વમાંથી ભ્રષ્ટ થઈ તે મિથ્યાત્વમાં આવશે. તેને કહેવામાં આવે છે કે પલ્યના અસંખ્યાતમા ભાગપ્રમાણ વાર જીવ મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વમાં અને સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વમાં જઈ શકે છે, માટે પોતાના પરિણામોને સાચવો, દઢ શ્રદ્ધાની થાઓ.

સમ્યક્ત્વના ત્રણ પ્રકાર છે ૧)ઔપશમિક અથવા ઉપશમ સમ્યક્ત્વ ૨)ક્ષાયોપશમિક અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ અથવા વેદક સમ્યક્ત્વ ૩)ક્ષાયિક સમ્યક્ત્વ.

દર્શનમોહનીય અને અનંતાનુબંધી કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થયો હોય ત્યારે જીવમાં જે અવસ્થા જોવામાં આવે છે તેને અનુક્રમે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે.

ઉપશમ ચાલુ હોય ત્યારે આ કર્મોના ઉદયનો અભાવ હોય છે. કર્મ સત્તામાં તો હોય પણ અંતર્મુહૂર્ત કાળ સુધી દબાઈ જાય છે, ઉદયમાં આવતા નથી. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર - એમ છ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે અને સમ્યક્ પ્રકૃતિનો ઉદય હોય છે. સમ્યક્ પ્રકૃતિ દેશઘાતિ હોવાથી સમ્યક્ત્વનો ઘાત કરતી નથી. કોઈ સાદિ મિથ્યાદૃષ્ટિ જીવ પહેલા ગુણસ્થાનમાંથી

ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ચોથા ગુણસ્થાનમાં જઈ શકે છે અથવા કોઈ ઉપશમ સમ્યક્ત્વપૂર્વક ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં આ કર્મોનો સત્તામાંથી પૂર્ણ નાશ થયેલો હોય છે.

ઔપશમિક અથવા ઉપશમ સમ્યક્ત્વના બે પ્રકાર છે -

૧) પ્રથમોપશમ સમ્યક્ત્વ ૨) દ્વિતીયોપશમ સમ્યક્ત્વ.

પહેલી વાર થાય તે પ્રથમોપશમ સમ્યક્ત્વ અને બીજી વાર થાય તે દ્વિતીયોપશમ સમ્યક્ત્વ એવો અર્થ બિલકુલ નથી. પ્રથમોપશમ સમ્યક્ત્વની ચર્ચા આપણે કરી જ છે. દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કોને અને ક્યારે થાય તે હવે જોઈએ.

જ્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વના ધારક એવા છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાંના મુનિરાજ ઉપશમ શ્રેણી ચઢવાના અર્થાત્ ૮મા, ૯મા, ૧૦મા અને ૧૧મા ગુણસ્થાનમાં આરોહણ કરવા સન્મુખ થાય ત્યારે ૭મા ગુણસ્થાનમાં ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી ફરીથી તે કર્મોનો ઉપશમ કરી તે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

આપણી ચર્ચા તો પ્રથમોપશમ સમ્યક્ત્વ વિષે અર્થાત્ મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા સંબંધી ચાલુ છે. સર્વપ્રથમ આપણે એ જોઈએ કે પ્રથમોપશમ સમ્યક્ત્વ કોને પ્રાપ્ત થાય અને કોને પ્રાપ્ત થતું નથી.

'ચારેય ગતિના, ભવ્ય, મિથ્યાદષ્ટિ, સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત, ગર્ભજ (મનુષ્ય અને તિર્યંચોમાં), મંદ કષાયરૂપ વિશુદ્ધિનો ધારક, જાગૃત, સાકાર જ્ઞાનોપયોગી જીવ પાંચ લબ્ધિપૂર્વક, પાંચમા કરણલબ્ધિના અનિવૃત્તિકરણના અનંતર સમયમાં પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.'

હવે આમાં જે જે બાબતો પાત્રતારૂપે જણાવી છે તે વિષે ચર્ચા કરીએ:

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચારેય ગતિના મિથ્યાદષ્ટિ જીવોને પ્રથમોપશમ સમ્યક્ત્વ થઈ શકે છે, પરંતુ ભવ્ય જીવોને જ થશે અભવ્યને નહીં થાય.

તમે પૂછશો, 'આવો અન્યાય શા માટે? તેઓના કયા કર્મને કારણે તેઓ અભવ્ય છે?'

તેનું સમાધાન એમ છે કે ભવ્યત્વ અને અભવ્યત્વ કોઈપણ કર્મથી હોતું નથી. તેને તો જીવનો પારિણામિકભાવ કહ્યો છે. આનો એ જ અર્થ થાય છે કે તેમાં કર્મની અપેક્ષા હોતી નથી. તેવા જ પ્રકારની યોગ્યતા તે જીવને અનાદિકાલથી વિદ્યમાન હોય છે. અભવ્ય જીવ ત્રણ કાળમાં કદી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી. તેઓને પ્રાયોગ્યલબ્ધિ સુધીની ચાર લબ્ધિ તો થઈ શકે છે પણ તેઓને કરણલબ્ધિ પ્રગટ થતી નથી અને સમ્યક્ત્વ પણ કદીય થઈ શકતું નથી.

ભવ્ય જીવોમાં તેની પાત્રતા તો હોય છે. તેઓને પણ કાલલબ્ધિ આવતા, ભવિતવ્યતાનુસાર પુરુષાર્થથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેમાં દેશનારૂપ નિમિત્ત પણ હોય છે. જે જીવ અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળમાં મોક્ષે જવાનો હોય ત્યારે તેને સૌપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા હોય છે. જે ત્યારબાદ અધિક કાળબાદ મોક્ષે જવાનો હોય કે જે અનંતાનંત કાળ પછી પણ મોક્ષ પ્રાપ્ત કરવાનો ન હોય એવા દૂરાનુદૂર ભવ્યોને સમ્યક્ત્વ થશે નહીં.

આપણે 'કારણ કાર્ય રહસ્ય' પુસ્તકમાં પાંચ સમવાયોની ચર્ચા કરી હતી. સમ્યક્ત્વ પ્રાપ્તિમાં પણ પાંચેય સમવાય તો હોય જ છે. કેવળ કાલલબ્ધિ આવી છે માટે પુરુષાર્થ વગર જ સમ્યક્ત્વ પ્રગટ થશે એવું કદી સંભવતું નથી.

તમે પૂછશો, 'કર્મોનો ઉપશમ કરવારૂપ પુરુષાર્થ કરીને તો સમ્યક્ત્વ થશે ને ?'

અરે બેટા, જીવનો પુરુષાર્થ જીવમાં પોતામાં જ થાય છે. કોઈપણ દ્રવ્યની કોઈપણ પર્યાય બીજું દ્રવ્ય કરી શકતું નથી, બદલી શકતું નથી, નષ્ટ પણ કરી શકતું નથી. પ્રથમોપશમ સમ્યક્ત્વ થયા પૂર્વે તેમ જ થયાબાદ કર્મમાં તેમ જ નવા થનાર બંધમાં અનેક સ્થિત્યંતરો થાય છે - અવસ્થામાં બદલ થાય છે. કર્મોની આ બધી અવસ્થાઓ કર્મોમાં તેઓની પોતાની યોગ્યતાથી જ થાય છે. જીવ તો માત્ર તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણય કરે છે - એ જ પુરુષાર્થ છે. તત્ત્વવિચાર કરતાં

કર્મના ઉપશમાદિ એની મેળે જ થાય છે - જીવને કર્મોમાં કાંઈપણ કરવું પડતું નથી. તે કાંઈ જ કરી શકતો નથી.

આ પ્રમાણે આપણે જોયું કે ચારેય ગતિના ભવ્ય મિથ્યાદષ્ટિને પ્રથમોપશમ સમ્યક્ત્વ થઈ શકે. જરા ધ્યાનથી સાંભળો, આપણે મિથ્યાદષ્ટિને કહ્યું છે, સમ્યગ્દષ્ટિને નહીં. કારણ ક્ષયોપશમ સમ્યક્ત્વ તો ઉપશમ સમ્યગ્દષ્ટિને થાય અર્થાત્ પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વક ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય અને ક્ષયોપશમ સમ્યક્ત્વપૂર્વક ક્ષાયિક સમ્યક્ત્વ થાય. દ્વિતીયોપશમ સમ્યક્ત્વ પણ ક્ષયોપશમ સમ્યક્ત્વપૂર્વક થાય. માટે પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રગટ કરવાનું કાર્ય મિથ્યાદષ્ટિ જીવ જ કરે છે.

ચારેય ગતિના જીવોમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોને જ પ્રથમોપશમ સમ્યક્ત્વ થશે, અસંજ્ઞી જીવોને નહીં, અપર્યાપ્તોને પણ નહીં. પર્યાપ્ત અને અપર્યાપ્ત વિષયની ચર્ચા આપણે 'કરણાનુયોગ પરિચય' માં વિસ્તારથી કરી હતી. જેઓની પર્યાપ્તિ પૂર્ણ થાય તેઓને પર્યાપ્ત જીવ કહે છે, તેઓને પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે. જેઓની એક પણ પર્યાપ્તિ પૂર્ણ થતી નથી, તે પહેલાં જ શ્વાસના અઢારમાં ભાગમાં જીવ મરણને પ્રાપ્ત થાય તેઓને અપર્યાપ્ત કહે છે. તેઓને અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે. તેઓને લબ્ધિ અપર્યાપ્ત (લબ્ધ્યપર્યાપ્ત) અથવા ક્ષુદ્રભવના જીવ એમ કહે છે.

પર્યાપ્ત જીવોમાં પણ જ્યાં સુધી બીજી શરીરપર્યાપ્તિ પૂર્ણ થતી નથી ત્યાં સુધી તેઓને નિર્વૃત્તિ અપર્યાપ્ત કહે છે. ચારેય ગતિના અપર્યાપ્ત જીવો પ્રારંભે નિર્વૃત્તિ અપર્યાપ્ત હોય છે અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં જ તેઓને પર્યાપ્ત કહેવામાં આવે છે. બધી પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી મરણ થતું નથી. મનુષ્યમાં બધા ગર્ભજ મનુષ્ય પર્યાપ્ત જ હોય છે અને બધા સમ્મૂર્ચ્છન મનુષ્ય લબ્ધિ અપર્યાપ્ત જ હોય છે.

દેવ, મનુષ્ય અને નારકી તો નિયમથી સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે. તિર્યંચોમાં એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિયો સુધીના જીવો જોવામાં આવે છે. એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને સમ્યક્ત્વ પ્રાપ્તિની પાત્રતા જ હોતી નથી. તે પર્યાયોમાં તેઓને સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી, અને સમ્યગ્દષ્ટિ જીવ મરીને તે પર્યાયોમાં જન્મ પણ

લેતા નથી.

સંજ્ઞી જીવોમાં જ આ પાત્રતા હોય છે, તેનું કારણ કે મનસહિત જીવોને જ્ઞાનનો એટલો ઉઘાડ હોય છે કે તે જીવોમાં જ ઉપદેશ સાંભળવો, ધારણામાં લેવો, તેના પર વિચાર કરવો, તત્ત્વનિર્ણય કરવો એ બાબતો સંભવે છે. મનરહિત - અસંજ્ઞી જીવોમાં આ પાત્રતા હોતી નથી.

દેવ અને નારકી જીવો પર્યાપ્તિ પૂર્ણ થયાબાદ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રગટ કરી શકે છે. મનુષ્યોમાં અને તિર્યંચોમાં પર્યાપ્ત, ગર્ભજ હોવું આવશ્યક છે. અપર્યાપ્ત જીવોમાં તેમ જ સમ્મૂર્ચ્છન જીવોમાં પ્રથમોપશમ સમ્યક્ત્વ હોઈ શકતું નથી. મનુષ્યમાં ગર્ભસહિત આઠ વર્ષો પૂર્ણ થયાબાદ પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની પાત્રતા આવે છે, તત્પૂર્વે નહીં. ગર્ભજ તિર્યંચોમાં જન્મબાદ યથાયોગ્ય કાળમાં એ પાત્રતા આવે છે. તે કાળને દિવસ પૃથક્ત્વ કહ્યો છે, અર્થાત્ ૩ થી ૯ દિવસ.

તમે પૂછશો, 'અમે તો પૂ. કાનજીસ્વામીજીના પ્રવચનમાં અનેકવાર વાંચ્યું છે કે સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાત સમ્મૂર્ચ્છન મહામત્સ્ય સમ્યગ્દષ્ટિ છે, પંચમ ગુણસ્થાનવર્તી છે. અને તું તો ગર્ભજ તિર્યંચોની વાત કરે છે. એમ કેમ? ગર્ભજ અને સમ્મૂર્ચ્છન એ તે વળી શું છે?'

અહીં આપણે પ્રથમોપશમ સમ્યક્ત્વ વિષે વાત કરીએ છીએ. સમ્મૂર્ચ્છન સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જે સાદિ મિથ્યાદષ્ટિ છે, તે ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ પ્રથમોપશમ સમ્યક્ત્વ નહીં. ગર્ભજ શબ્દનો અર્થ - માતાના ગર્ભમાં જન્મનારા, માતાનું સ્ત્રીબીજ અને પિતાનું વીર્ય - તેના નિમિત્તે જેઓના શરીરની ઉત્પત્તિ થાય. 'સમ્મૂર્ચ્છન' અર્થાત્ આજુબાજુના વાતાવરણમાંથી પુદ્ગલોનું અર્થાત્ આહારવર્ગણાનું ગ્રહણ કરી તેઓને શરીરરૂપે પરિણમાવે છે.

સંજ્ઞી પંચેન્દ્રિય, સમ્મૂર્ચ્છન તિર્યંચ પર્યાપ્ત પણ હોઈ શકે છે અને અપર્યાપ્ત પણ હોઈ શકે છે. એકેન્દ્રિયોથી ચતુરિન્દ્રિય સુધી બધાં જ તિર્યંચ નિયમથી સમ્મૂર્ચ્છન તિર્યંચ હોય છે. તેઓમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવો હોય છે.

મનુષ્યોમાં પણ સમ્મૂર્ચ્છન જીવ જોવા મળે છે, જે લબ્ધિ અપર્યાપ્ત હોય છે. આર્યખંડની મહિલાઓના બગલમાં અને અન્ય સ્થાને વિશિષ્ટ અંગોમાં તેઓની ઉત્પત્તિ થતી હોય છે.

હવે વિષય નિકળ્યો જ છે તો દેવોના અને નારકીઓના જન્મ વિષેની જાણકારી લઈએ. તેઓના ઉપપાદ જન્મ હોય છે. સ્વર્ગ અને નરકમાં માતા પિતા દ્વારા ઉત્પત્તિ થતી નથી. તેઓના ઉપપાદ સ્થાનો છે, ત્યાં એક અંતર્મુહૂર્તમાં જીવ પૂર્ણ વૃદ્ધિસહિત - યુવાવસ્થામાં જ જન્મે છે. સ્વર્ગમાં બાલબચ્ચા હોતા નથી. તે જીવોને બાલ એટલે કેશ પણ હોતા નથી અને બચ્ચા એટલે બાળકો પણ હોતા નથી.

તમે કહેશો, 'અરે વાહ ! કેટલું સારું ! અમે તો આખો દિવસ બાળકોને સંભાળવામાં, તેઓનું પાલનપોષણ કરવામાં, ખવડાવવા - પિવડાવવામાં, તેઓનો અભ્યાસ - ગૃહપાઠ લેવામાં મૂર્ખા જેવી દોડા દોડ કરતા હોઈએ માટે જ ત્યાં સ્વર્ગસુખ છે એમ કહેતા હશે. અમારો તો 'બાલસંગોપનમાં' એટલે બાળકોને સાચવવામાં - સાર સંભાળમાં અને બાલ એટલે વાળનું ધ્યાન રાખવામાં જ પસાર થાય છે.'

ચાલો, આ બાબતની ખટક તો છે એમ કહેવું પડશે ! એ પણ થોડું નથી ! પણ એમ થવા દેશો નહીં કે તેમાં જ જીવન વ્યતીત થશે અને અમારી ઉમરના થશો કે જ્યારે 'બાલ' અને 'બચ્ચા' બન્ને છોડીને જતા રહે ત્યારે તેઓની યાદમાં જ દિવસ પસાર કરવાનો વારો આવે.

કોઈપણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને સમ્યક્ત્વ થશે જ એમ નથી. મંદકષાયરૂપ વિશુદ્ધ પરિણામવાળો જીવ જ તેને પાત્ર હોય છે. એનું કારણ છે કે કષાય મંદ થયાવિના અને ધર્માનુરાગરૂપ બુદ્ધિ થયા વિના જીવ શાસ્ત્રશ્રવણ કરવા તૈયાર જ હોતો નથી. તીવ્ર કષાયી જીવોને ધર્માનુરાગરૂપ પરિણામ થતા નથી. તેઓને દેવાદિકોની શ્રદ્ધા હોતી નથી, આચાર્યોના ઉપદેશ સાંભળવાની વૃત્તિ હોતી નથી. જે જીવ પોતાનું અર્થાત્ આત્માનું સ્વરૂપ સાંભળવા પણ તત્પર હોતો નથી તેને સમ્યક્ત્વ કેમ કરી પ્રાપ્ત થશે ? માટે સંકલેશ પરિણામવાળા તીવ્રકષાયી જીવોને સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા હોતી નથી.

તમે પૂછશો, 'નારકી જીવોમાં તો અશુભ લેશ્યા હોય છે, તેઓમાં તીવ્ર ક્રોધાદિ પરિણામ જોવા મળે છે, તો પછી તેઓ મંદકષાયી કેવી રીતે હોઈ શકે? હાં, સ્વર્ગના દેવોને ત્રણ શુભ લેશ્યા હોય છે માટે તેઓને તો આપણે મંદકષાયી કહી શકીએ'.

નરકમાં અને સ્વર્ગમાં પોતપોતાની નરકની કે સ્વર્ગની લેશ્યા જોવા મળે છે. અક્કેક લેશ્યામાં તો અસંખ્યાત લોકપ્રમાણ જેટલાં સ્થાન હોય છે. અહીં આપણે મંદકષાયી કહીએ ત્યારે પૂર્વ પરિણામોની અપેક્ષાએ તે જીવોના કષાય મંદ થાય છે એમ સમજવું.

મનુષ્ય અને તિર્યંચોમાં ચોથા ગુણસ્થાન સુધી છએ લેશ્યા જોવા મળે છે. પણ પ્રથમોપશમ સમ્યક્ત્વ થવા પૂર્વે તેઓને નિયમથી પીત, પદ્મ કે શુક્લ લેશ્યારૂપ મંદકષાયોમાં જ સમ્યક્ત્વ પ્રાપ્ત થશે, અશુભ લેશ્યામાં નહીં.

સમ્યક્ત્વની પ્રાપ્તિ જાગૃત અવસ્થામાં થાય, ઉંઘમાં થતી નથી. જાગૃત અવસ્થામાં પણ સાકાર જ્ઞાનોપયોગવાળાને થશે, નિરાકાર દર્શનોપયોગમાં સમ્યક્ત્વનો પ્રારંભ થતો નથી, ઉપશમ સમક્ત્વના કાળમાં પાછળથી દર્શનોપયોગ હોઈ શકે છે.

જ્ઞાનોપયોગને સાકાર કહે છે કારણ જ્ઞાન જ્ઞેયોના વિશેષોને જાણે છે અને દર્શનોપયોગને નિરાકાર કહે છે કારણ તેમાં માત્ર સામાન્ય અવલોકન એટલે પ્રતિભાસ થાય છે. પદાર્થોના વિશેષોને જાણવાને જ જ્ઞાનનો આકાર કહે છે. જેમ કે સુગંધને જાણ્યું એમ કહેવું હોય તો જ્ઞાન સુગંધાકાર થયું એમ કહેવાય છે. આમાં આકારનો અર્થ 'આકૃતિ' એવો થતો નથી. જ્ઞાનાકાર અને જ્ઞેયાકાર વિષે આપણે 'કારણ કાર્ય રહસ્ય' પુસ્તકમાં સવિસ્તાર ચર્ચા કરી છે જ.

મનોયોગ, વચનયોગ કે કાયયોગમાંથી કોઈપણ યોગવાળા જીવને પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આપણે શરૂઆતમાં જોયેલ પાંચ લબ્ધિપૂર્વક જ પ્રથમોપશમ સમ્યક્ત્વ થાય છે.

કોઈ પૂછે છે કે અમને હમણા કેટલી લબ્ધિ પ્રાપ્ત થઈ છે?

અમે ઘણા વર્ષોથી શાસ્ત્રસ્વાધ્યાય કરતાં આવ્યા છીએ, તો પછી અમને ચાર લબ્ધિ તો પ્રાપ્ત છે ને?

જીવ ચાર લબ્ધિમાં શા માટે સંતુષ્ટ રહે છે ભલા ! અભવ્ય જીવોને પણ અનેકવાર પ્રાયોગ્યલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. જો ભવ્ય જીવ પણ પ્રાયોગ્યલબ્ધિ સુધી આવી કરણલબ્ધિમાં ન જાય, તેઓએ જો આત્મસન્મુખ પુરુષાર્થ ન કર્યો હોય તો તેઓને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ નહીં થાય. પોતાના ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માનો મહિમા અને મહાનતા જ્યાં સુધી ભાસિત થતી નથી ત્યાં સુધી આ તત્ત્વોને સાંભળી, યાદ કરી, મોઢે કરી ધારણામાં રાખી પણ કાંઈ ફાયદો નથી. તે પ્રકારે પરિણમન થાય તો જ કાર્ય થશે.

આમાં એક એક લબ્ધિનો કાળ અંતર્મુહૂર્ત છે અને બધાનો મળી કાળ પણ એક અંતર્મુહૂર્ત છે.

તત્ત્વજિજ્ઞાસા - આત્માને જાણવાની તીવ્ર રુચિ ઉત્પન્ન થાય ત્યારે વિશુદ્ધિ પણ વૃદ્ધિંગત થતી જાય, એવા સમયે દેશના સાંભળી અથવા પૂર્વે સાંભળેલી દેશનાનો અર્થાત્ જિનેન્દ્રકથિત તત્ત્વોનો વિચાર કરવા માંડે - તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણય કરવા માંડે ત્યારે એ ચારેય લબ્ધિ એક સાથે જ થાય છે, એકદમ થાય છે - એક સમયે જ થાય છે. માટે દેશના તો પૂર્વભવની પણ હોઈ શકે છે. આ વિષે વધુ ચર્ચા દેશનાલબ્ધિના પ્રકરણમાં આગળ પર કરીશું.

તમે કહેશો, 'બસ ! તત્ત્વજિજ્ઞાસા થઈ, તત્ત્વો સાંભળ્યા, કંઠસ્થ કર્યા અને થઈ આત્માનુભૂતિ? કાંઈ કરવું ધરવું નથી? તો પછી-દ્રવ્યાનુયોગ જાણીને જ કામ ફત્તે થશે. કરણાનુયોગ જાણ્યો નથી તોય કાર્ય તો થશે ને? ચરણાનુયોગની તો હવે જરૂર જ નથી.'

જુઓ તો ખરા, જીવે આજ સુધી કોઈ ને કોઈ ક્રિયા કરવામાં જ ધર્મ થશે એમ માન્યું હતું. હવે જ્યારે ક્રિયાથી કશું જ વળતું નથી એમ સાંભળે છે ત્યારે આ જીવ ક્રિયા છોડી દેવા ઈચ્છે છે. તેમાં પણ તેની પર વિષે કર્તૃત્વબુદ્ધિ તો કાયમ જ રહી, કારણ તે એમ જ માને છે કે હું કરી શકું છું, પરંતુ હવે કરીશ નહીં. સમ્યગ્દર્શનરૂપી

કાર્યનું કારણ બહારના દેવ, શાસ્ત્ર, ગુરુ, વિશિષ્ટ આચરણ, શારીરિક ક્રિયા છે એમ માની તેણે પોતાની 'કારણ વિપરીતતા' કાયમ રાખી છે.

અહીં આપણો વિષય કરણાનુયોગના આધારે પાંચ લબ્ધિ સમજવાનો છે. છતાં જે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેના આચરણમાં ચરણાનુયોગના કથનાનુસાર સહજ પરિણામોની વિશુદ્ધિ થાય છે. તેનું લૌકિક જીવન પણ સદાચાર અને નૈતિકતાથી યુક્ત હોય છે. તે અષ્ટમૂલગુણોનો ધારક હોય છે અર્થાત્ પાંચ ઉદુમ્બર ફળો અને મદ્ય, માંસ અને મધનો ત્યાગી હોય છે. તેને સાત વ્યસનો હોતાં નથી. સ્વચ્છંદી જીવન અને હિંસાદિક ક્રૂર પરિણામ તેને હોતા નથી. તે અભક્ષ્યભક્ષણનો ત્યાગી અને અન્યાય અનીતિનો ત્યાગી હોય છે.

દ્રવ્યાનુયોગ અનુસાર તે તત્ત્વવિચાર કરે છે. પ્રથમાનુયોગ વાંચી તે સંસાર વિષે ભયભીત થાય છે. તીર્થંકરાદિ પુરુષોના ચરિત્રો વાંચી તે પોતાનો પુરુષાર્થ વધારે છે.

કરણાનુયોગના કથનાનુસાર કર્મોની અવસ્થા સહજ સ્વયમેવ થાય છે. જીવ તો તત્ત્વવિચારોમાં એટલો ઉંડો ઉતરી જાય છે - તલ્લીન થાય છે કે અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ સહજતાથી પ્રાપ્ત થાય છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પાત્રતા કેવી હોય છે તે વિષે સવિસ્તાર ચર્ચા આપણે 'કરણાનુયોગ પરિચય' પુસ્તકમાં કરી જ હતી. હવે અહીં આપણો વિષય છે પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની પ્રક્રિયા. એમાં જીવના પરિણામ અને કર્મોની અવસ્થાના વર્ણનો દ્વારા આપણે સમ્યક્ત્વ પ્રગટ થવા પૂર્વે થનાર પાંચ લબ્ધિનું સ્વરૂપ જોઈશું.

હવે આપણે ક્રમશઃ એકેક લબ્ધિનું સ્વરૂપ જોઈએ.

આજે આપણે અહીં જ વિરામ લઈએ.

જય જિનેન્દ્ર.

તમારી બા

# ક્ષયોપશમલબ્ધિ અને વિશુદ્ધિલબ્ધિ

પત્રાંક ૬ ૧૮ ઓગસ્ટ ૨૦૦૨.

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પ્રથમોપશમ સમ્યક્ત્વ કોને પ્રાપ્ત થઈ શકે એ જોયાબાદ હવે તે પહેલાં થનારી પાંચ લબ્ધિનું સ્વરૂપ જોઈએ. તેમના નામો તો આપણે જોયા જ છે. તેમાંથી પહેલા ક્ષયોપશમલબ્ધિ વિષે આપણે ચર્ચા કરીએ.

ક્ષયોપશમ શબ્દથી હવે તમે પરિચિત છો. જ્ઞાનના ઉઘાડને ક્ષયોપશમ કે ક્ષયોપશમજ્ઞાન કહે છે. કર્મની અવસ્થાનું નામ પણ ક્ષયોપશમ છે. તેનું સ્વરૂપ આપણે વિસ્તારથી જોયું છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મોનો ક્ષયોપશમ અનાદિકાલથી બધા જીવોમાં હોય છે.

મિથ્યાત્વ નામના પહેલા ગુણસ્થાનથી ક્ષીણકષાય નામક બારમા ગુણસ્થાન સુધી અને એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સુધી બધાંમાં આ કર્મનો ક્ષયોપશમ જોવા મળે છે. ક્ષયોપશમ નામક સમ્યક્ત્વ પણ છે જે ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધી જોવા મળે છે. ક્ષયોપશમ ચારિત્ર પણ હોય છે.

આપણો વિષય ક્ષયોપશમ નથી પણ ક્ષયોપશમલબ્ધિ છે. ક્ષયોપશમલબ્ધિ તો માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયને જ પ્રાપ્ત થાય પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય બનવું અર્થાત્ જ્ઞાનનો આટલો ઉઘાડ થવાને ક્ષયોપશમલબ્ધિ કહેતાં નથી. તેની વ્યાખ્યા આગળ આવી છે-

**ક્ષયોપશમલબ્ધિઃ-** 'જ્ઞાનાવરણાદિ સમસ્ત અપ્રશસ્ત કર્મ પ્રકૃતિઓની શક્તિ અર્થાત્ અનુભાગ જે કાળમાં હર સમયે અનંતગુણા ઘટતા અનુક્રમથી ઉદયમાં આવવા લાગે છે તે કાળમાં ક્ષયોપશમલબ્ધિ થાય છે. અપ્રશસ્ત કર્મોની શક્તિ હીન હીન થઈ ઉદયમાં આવતી રહે છે'.

'અનંતગુણા ઘટવું' નો અર્થ બરાબર સમજો. જ્યારે કોઈ સંખ્યાના અનંતગુણા કહે ત્યારે તે સંખ્યાને અનંતથી ગુણવું અને જ્યારે અનંતગુણા ઘટતા કે 'અનંતગુણા ઘાટી' એમ કહીએ ત્યારે અનંતમો

ભાગ સમજવો. દા.ત. ૧૬ સંખ્યાને ચારગુણા કરવાથી ૧૬×૪=૬૪ સંખ્યા આવે અને જ્યારે ૧૬ સંખ્યા ચારગુણા ઘટે એમ કહીએ ત્યારે ૧૬÷૪=૪ સંખ્યા આવે છે.

જીવે પૂર્વે બાંધેલા અને સત્તામાં પડેલા અપ્રશસ્ત કર્મ હોય તેનો અનુભાગ ઘટતો જાય અને હર સમયમાં પહેલાંના અનુભાગનો અનંતમો ભાગરૂપ રહે છે. ઉદયમાં આવતાં અનંતમો ભાગ થઈ ઉદયમાં આવે છે. ત્યાં માત્ર અપ્રશસ્ત કર્મોની જ વાત છે, પ્રશસ્ત કર્મોની નહીં. પહેલાં આપણે અપ્રશસ્ત કર્મોનું વિસ્તૃત વર્ણન જોયું હતું, યાદ છે?

બધા ઘાતિકર્મો અપ્રશસ્ત જ છે. અઘાતિકર્મોમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભેદ છે. ઘાતિકર્મોમાં જ્ઞાનાવરણાદિ કર્મોના પોતપોતાના અનંત સ્પર્ધક હોય છે. તેમાં મંદ અનુભાગથી તીવ્ર અનુભાગ સુધી સ્પર્ધકોના ૪-૪ ભેદ કે સ્થાન આપણે જોયાં હતાં - લતા, દારુ, અસ્થિ અને શૈલ. અઘાતિકર્મોની જે અપ્રશસ્ત પ્રકૃતિઓ છે તેઓના સ્પર્ધકોના પણ ૪-૪ સ્થાન છે - નિંબ, કાંજીર, વિષ અને હલાહલ.

આ ૪-૪ સ્થાનોમાં અનંત સ્પર્ધક અને અક્કેક સ્પર્ધકમાં અનંત અનંત વર્ગણા હોય છે, તેમ જ એક એક વર્ગણામાં અનંત અનંત વર્ગ હોય છે. અભવ્ય રાશિના અનંત ગુણા અને સિદ્ધરાશિના અનંતમા ભાગપ્રમાણ જે અનંત છે તેટલા વર્ગ અર્થાત્ કર્મ પરમાણુ અક્કેક વર્ગણામાં હોય છે અને તેટલી જ વર્ગણા એક એક સ્પર્ધકમાં હોય છે.

આ બધાં અપ્રશસ્ત કર્મોનો અનુભાગ અર્થાત્ ફળ આપવાની શક્તિ અનંતમા ભાગપ્રમાણ ઘટતી જાય અને ઉદયમાં આવે છે.

હવે ક્ષયોપશમ અને ક્ષયોપશમલબ્ધિ એ બેમાંનું અંતર તમારા ખ્યાલમાં આવશે. ક્ષયોપશમ તો ફક્ત દેશઘાતિ પ્રકૃતિઓમાં જ જોવા મળે છે પણ ક્ષયોપશમલબ્ધિમાં હર સમયમાં અનુભાગના અનંતગુણા ઘટવાનું કાર્ય તો બધા ઘાતિકર્મોમાં અને અઘાતિકર્મોની અપ્રશસ્ત પ્રકૃતિઓમાં થતું હોય છે.

ક્ષયોપશમમાં તો દેશઘાતિ કર્મોનો જેટલો અનુભાગ છે તેટલો જ ઉદયમાં આવે પરંતુ ક્ષયોપશમલબ્ધિમાં દર સમયમાં અનંતમો ભાગ થઈ ઉદયમાં આવતો રહે છે.

ક્ષયોપશમ તો નિરંતર વિદ્યમાન હોય - ઉંઘમાં, બેશુદ્ધ અવસ્થામાં પણ કાયમ રહે છે. પણ ક્ષયોપશમલબ્ધિ માત્ર અંતર્મુહૂર્ત સુધી જ હોય છે. તે પણ જાગૃત અવસ્થામાં હોય છે.

ક્ષયોપશમ તો જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મોના દેશઘાતિ પ્રકૃતિઓમાં હોય છે, પરંતુ ક્ષયોપશમલબ્ધિમાં આ ત્રણ કર્મોના સર્વઘાતિ તથા દેશઘાતિ બેઉ પ્રકારની પ્રકૃતિઓનો અને તે ઉપરાંત મિથ્યાત્વ અને ચારિત્રમોહનીય કર્મોનો અનુભાગ પણ અનંતગુણા ઘટતો ઉદયમાં આવે છે. તેઓનો તીવ્ર અનુભાગઉદય ન થતા મંદ અનુભાગઉદય થાય અને તે પણ હર સમયે મંદતર થતો જાય છે.

જેને શૈલભાગરૂપ કે અસ્થિભાગરૂપ તીવ્ર અનુભાગવાળા મિથ્યાત્વનો ઉદય છે, જેને ૭૦ કોડાકોડીસાગર વર્ષ કે તત્સમ ઉત્કૃષ્ટ સ્થિતિવાળો મિથ્યાત્વનો બંધ થતો હોય એવા જીવને ક્ષયોપશમલબ્ધિ છે એમ કહેવાતું નથી. તે જીવને વિશુદ્ધિલબ્ધિ અને દેશનાલબ્ધિની પાત્રતા હોતી નથી. 'ભાવદીપિકા' ગ્રંથમાં પં. દીપચંદજી કાસલીવાલ કહે છે કે ઉપરના તીવ્ર અનુભાગવાળા સ્પર્ધકોનો જેઓને ઉદય છે એવા તીવ્ર મિથ્યાત્વી જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ પણ આપવો યોગ્ય નથી. ઉપદેશ આપતી વખતે પણ પાત્રતા અપાત્રતાનો વિવેક રાખવો જોઈએ.

જે તીવ્ર મિથ્યાત્વી અને તીવ્ર કષાયી જીવ છે તેને ધર્મોપદેશ સાંભળવાની બુદ્ધિ હોતી નથી; કોઈ સંભળાવવા માગે તો તેને કષાયોની વૃદ્ધિ થાય- તે ઉપદેશદાતાનો તેમ જ જેમાં સત્ય ઉપદેશ છે એવા સત્શાસ્ત્રોનો જ દ્વેષ કરવા માંડે છે. તેઓને વિઘ્ન લાવે છે. પરંતુ આવા જીવોને જોઈ આપણે તેમનો દ્વેષ કરવો યોગ્ય નથી. તેઓની સમ્યક્ત્વની કાલલબ્ધિ હજુ દૂર છે અને હોનહાર કાંઈ ભલતી જ છે એમ સમજવું જોઈએ. જ્યારે તેઓની સમ્યક્ત્વની કાલલબ્ધિ આવશે ત્યારે આ પાંચ લબ્ધિપૂર્વક જ તેઓને સમ્યક્ત્વ થશે.

ત્યારે તેઓનું મિથ્યાત્વ અને કષાય મંદ થશે, જિનેન્દ્રકથિત સત્ શાસ્ત્રનો મહિમા તેઓને ભાસવા લાગશે, ઉપદેશદાતા પણ મળશે અને ઉપદેશનું ગ્રહણ પણ થશે.

તેઓ આજે માને કે ન માને કે થોડા કાળ બાદ માને, પરંતુ

સાચા મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજ્યા વિના, આત્માનું સ્વરૂપ સમજ્યા વિના, સાચાં દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ માન્યા વિના તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે નહીં. સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર મોક્ષમાર્ગની શરૂઆત નહીં થાય, અને મોક્ષમાર્ગ વિના મોક્ષની પ્રાપ્તિ નહીં થાય - સુખની પ્રાપ્તિ નહીં થાય - જન્મમરણના ફેરામાંથી છુટકારો નહીં મેળવે.

મિથ્યાત્વ સર્વઘાતિ પ્રકૃતિ છે, તેમાં શૈલ, અસ્થિ અને દારુ (બહુભાગ) એવા ત્રણ પ્રકારના સ્પર્ધકો છે. ક્ષયોપશમલબ્ધિમાં તેઓનો અનુભાગ અનંતગુણો ઘટતો જાય, તોપણ તેને મિથ્યાત્વ કર્મનો ક્ષયોપશમ કહેતાં નથી.

અસાતાવેદનીયાદિ અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ પણ હર સમયે ઘટતો હોય છે.

જુઓ જોઉં, કેવો સહજ સુંદર નિયમ છે. કોઈ જીવે પહેલાં ઘણા પાપો કર્યા હોય, તીવ્ર મિથ્યાત્વનું સેવન કરી તીવ્ર અનુભાગવાળા કર્મોનો બંધ કર્યો હશે તોપણ જ્યારે તેને પોતાના આત્માનું સ્વરૂપ અને તત્ત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા અને તીવ્ર રુચિ ઉત્પન્ન થાય, ત્યારે તેના પૂર્વબદ્ધ કર્મોનો અનુભાગ મંદ થતો જાય. જ્યારે મિથ્યાત્વ અને ચારિત્રમોહનીય મંદ થઈ ઉદયમાં આવવા માંડે ત્યારે સહજ જ જીવના મંદકષાયરૂપ પરિણામ થશે, ધર્માનુરાગરૂપ પરિણામ થશે.

આ જ વાતને વિશુદ્ધિલબ્ધિને રૂપે કહેવામાં આવે છે. પૂર્વબદ્ધ કર્મોનો અનુભાગઉદય મંદ થવો એ કારણ છે - નિમિત્ત છે અને મિથ્યાત્વ અને રાગાદિ મંદ થાય - શુભપરિણામ થાય તે એનું નૈમિત્તિક કાર્ય છે. માટે જ ક્ષયોપશમલબ્ધિને કારણ જાણી પહેલાં કહી છે અને વિશુદ્ધિલબ્ધિને કાર્ય જાણી પાછળથી કહી છે. એમ જોઈએ તો એ બેઉ લબ્ધિ એકદમ એક સમયે વિદ્યમાન હોય છે - એક નાણાની બે બાજુ છે.

હવે નવા થનારા પરિણામ શુભરાગરૂપ હોય છે તેઓના નિમિત્તે સાતાવેદનીય, શુભઆયુ, શુભનામ, ઉચ્ચગોત્ર આદિ પ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ થાય છે. કારણ આઠેય કર્મોનો ઉદય હોવા છતાં નવો બંધ તો મિથ્યાત્વ અને કષાયોના નિમિત્તે થતો હોય છે. શુભપરિણામોથી અઘાતિકર્મોની પ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ થાય છે, તો અશુભપરિણામોથી

અઘાતિકર્મોની અપ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ થાય છે. બન્ને પ્રકારના પરિણામોથી જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો બંધ તો થશે જ પરંતુ નવો સ્થિતિબંધ અને અનુભાગબંધ શુભપરિણામોને કારણે ઓછો બંધાશે અને અશુભ પરિણામોથી વધુ બંધાશે. એ જ વાત વિશુદ્ધિલબ્ધિ દ્વારા કહેવામાં આવે છે તેની વ્યાખ્યા જોઈએ-

**વિશુદ્ધિલબ્ધિઃ-** 'ક્ષયોપશમલબ્ધિ જેને પ્રાપ્ત થઈ છે, તે નિમિત્તે જીવને સાતાવેદનીયાદિ પ્રશસ્ત પ્રકૃતિઓના બંધને કારણભૂત એવા ધર્માનુરાગરૂપ શુભપરિણામ થાય છે, તેમની પ્રાપ્તિ થવી એ વિશુદ્ધિલબ્ધિ છે.' ક્ષયોપશમલબ્ધિના ફલસ્વરૂપ જીવના મિથ્યાત્વ અને કષાય હર સમયે મંદ થતા જાય તેથી સહજ જ તેની ધર્માનુરાગરૂપ વૃત્તિ થઈ દેવદર્શન કરવું, પૂજા સ્વાધ્યાય કરવા, સદાચારયુક્ત નૈતિક જીવન હોવું, અભક્ષ્યભક્ષાણનો ત્યાગ કરવો, વ્યસનાધીન ન થવું, અન્યાય, અનીતિ ન કરવી ઈત્યાદિ ભાવ તેને સહજ જ ઉત્પન્ન થાય છે. એ શુભપરિણામોને નિમિત્તે તેને સાતાવેદનીય આદિ પ્રશસ્ત કર્મોનો બંધ થવા લાગે છે.

વિશુદ્ધિ શબ્દ શાસ્ત્રમાં જુદે જુદે ઠેકાણે જુદા જુદા અર્થમાં વપરાય છે. વિશુદ્ધિલબ્ધિના પ્રકરણમાં તેમ જ ઈતર સામાન્ય કથનમાં વિશુદ્ધિનો અર્થ શુભપરિણામ જ કરવો. કરણલબ્ધિના પ્રકરણમાં જ્યારે કહેવાય કે વિશુદ્ધિ અનંતગુણી વધતી જાય ત્યારે ત્યાં તત્ત્વજ્ઞાનની નિર્મલતા અને શ્રદ્ધા અને ચારિત્રની નિર્મલતા સાથે હાનિને પ્રાપ્ત થનારા કષાયોના ઉદયસ્થાનને વિશુદ્ધિ કહ્યું છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વને સમયે શ્રદ્ધા અર્થાત્ પ્રતીતિ અને તત્ત્વનિર્ણયની નિર્મલતા એમ સમજવું અને અપૂર્વકરણાદિ શ્રેણીના ગુણસ્થાનમાં ચારિત્ર સંબંધી નિર્મલતા એટલે કે વૃદ્ધિંગત વીતરાગતા એમ સમજવું, તેઓ સાથે થનારા જીવોના કષાયોના ઉદયસ્થાનો હાનિને પ્રાપ્ત થતાં જાય છે - તેને વિશુદ્ધિ કહે છે.

ક્યાંક ક્યાંક વિશુદ્ધિ એટલે વિશેષ શુદ્ધિ-પૂર્ણ વીતરાગતાના અર્થે પણ આ શબ્દ વપરાય છે. કષાયોનો ઉદય પૂર્ણતઃ થંભી ગયાબાદ પૂર્ણ વિશુદ્ધ કહેવાય છે. જ્યાં જે અર્થ યોગ્ય હોય ત્યાં તે ગ્રહણ કરવો.

જીવના કષાયોને બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે - ૧)સંક્લેશ પરિણામ ૨)વિશુદ્ધ પરિણામ. કષાયોના કુલ સ્થાનો અસંખ્યાત લોકપ્રમાણ છે. તેમાંથી બહુભાગ સંક્લેશના સ્થાનો છે અને એકભાગ વિશુદ્ધિના સ્થાનો છે. પ્રથમ તે બેઉમાં શું ફરક છે તે જોઈએ.

સાતા, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય આદિ શુભ પ્રકૃતિઓના બંધને કારણભૂત એવા કષાયસ્થાનોને વિશુદ્ધિસ્થાન કહે છે અને અસાતા, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય આદિ અશુભ પ્રકૃતિઓના બંધને કારણભૂત એવા કષાયોના સ્થાનોને સંક્લેશ સ્થાન કહે છે.

અત્યંત તીવ્ર કષાયોના અભાવમાં જે મંદ કષાય થાય તેને વિશુદ્ધિ કહે છે. સાતાવેદનીયના ચતુઃસ્થાનગત બંધની અપેક્ષાએ સાતાવેદનીયના ત્રિસ્થાનગત અનુભાગ બંધ કરનારા જીવોના પરિણામ સંક્લિષ્ટતર (અધિક સંક્લેશવાળા) હોય છે, અર્થાત્ તેઓ કરતા તીવ્ર કષાયવાળા છે.

વર્ધમાન (વધતી) કષાયોને સંક્લેશ અને હીયમાન(ઘટનારી) કષાયોને વિશુદ્ધિ કહેવું પણ ઠીક નથી. કષાયોની વૃદ્ધિ કેવળ અસાતાના બંધનું કારણ નથી, કારણ કષાયોની વૃદ્ધિના કાળમાં પણ સાતાનો પણ બંધ હોય છે. તેમ જ કષાયોની હાનિના કાળમાં પણ અસાતાનો બંધ હોય છે.

અહીં પ્રશ્ન પૂછાય છે કે વધતી કષાયોને સંક્લેશ અને ઓછી થતી કષાયોને વિશુદ્ધિ કેમ સ્વીકારતા નથી? કારણ એનો સ્વીકાર કરતાં સંક્લેશસ્થાન અને વિશુદ્ધિસ્થાનની સંખ્યા સમાન થવાનો પ્રસંગ આવશે. પરંતુ આપણે ઉપર જોયું હતું કે સંક્લેશસ્થાનો અસંખ્યાત બહુભાગ છે અને વિશુદ્ધિસ્થાનો એકભાગ પ્રમાણ છે.

આ તો સામાન્ય સંસાર અવસ્થાની વાત થઈ. પરંતુ સમ્યક્ત્વોત્પત્તિના કાળમાં હાનિને પ્રાપ્ત થનાર કષાયસ્થાનોને જ વિશુદ્ધિ કહે છે. અહીં આમ કહેવું ઠીક છે. કારણ દર્શનમોહ અને ચારિત્રમોહની ક્ષપાણા કે ઉપશમના ચાલુ હોય ત્યારે પૂર્વ સમયમાં ઉદયને પ્રાપ્ત થનારા અનુભાગ સ્પર્ધકો કરતા અનંતગુણા હીન એવા અનુભાગ સ્પર્ધકોના ઉદયથી ઉત્પન્ન થયેલ કષાયસ્થાનોને અહીં વિશુદ્ધ કહેવામાં આવ્યા છે.

આ ચર્ચાથી એટલું નિષ્પન્ન થાય છે - સ્પષ્ટ થાય છે કે નરકગતિમાં

કૃષ્ણાદિ ત્રણ લેશ્યા હોવાં છતાં ત્યાં વિશુદ્ધિલબ્ધિ હોય છે.

જુઓ જોઉં, હજુ તો આ વિશુદ્ધિલબ્ધિવાળા જીવોને દેશના અર્થાત્ મોક્ષમાર્ગના સ્વરૂપ વિષે ઉપદેશ સાંભળવાની તક પ્રાપ્ત થઈ નથી. તેની પ્રાપ્તિ તો દેશનાલબ્ધિના પ્રકરણમાં કહેવામાં આવશે. હમણા તો કેવળ પુણ્યબંધને કારણભૂત એવા ધર્માનુરાગરૂપ શુભપરિણામ થઈ રહ્યા છે.

કેટલાક જીવો એટલાથી જ સંતુષ્ટ થઈ જીવન જીવે છે ને માનવતાની ભાવનાથી બીજાઓને મદદ કરવી, સદાચારથી રહેવું, દેવદર્શન, પૂજા, યાત્રા, દયા, દાનાદિ કરવું તેમાં જ તેઓ જીવનનું કર્તવ્ય માને છે, સફલતા માને છે. હજુ એવા જીવોને તત્ત્વજ્ઞાનનો અણસાર પણ હોતો નથી. સાચાં દેવ, ગુરુ, શાસ્ત્રની પરખ નથી. કોઈ જીવ ધર્માનુરાગવશ ક્યાંક પ્રવચન-શાસ્ત્ર સાંભળવા જાય છે ખરો પરંતુ હજુ સુધી તેને સાચા ઉપદેશની પ્રાપ્તિ થઈ નથી. પૂ. કાનજીસ્વામીજી કહેતાં હતાં - 'આ જીવ બૈરાં-છોકરાં, વેપાર ધંધામાંથી માંડ એકાદ કલાક કાઢીને શાસ્ત્રવાંચન સાંભળવા જાય તો કુગુરુ તેને લૂટે - તેનો સમય નકામો જાય.'

તમે જ વિચારો, અનાદિકાળથી આપણે જન્મ મરણ કરતાં આવ્યાં છીએ. તેમાં અનંતવાર ક્યારેક વિશુદ્ધ પરિણામો દ્વારા પુણ્ય પ્રકૃતિ બાંધી તો ક્યારેક સંક્લેશ પરિણામો દ્વારા પાપપ્રકૃતિ બાંધી પણ બંધનમાંથી છૂટવાનો માર્ગ પ્રાપ્ત થયો નથી.

તેમાંથી છૂટવાનો માર્ગ - મોક્ષમાર્ગ અને તેનો ઉપદેશ - જે જિનેન્દ્ર ભગવંતોએ કહ્યો છે તે જ યથાર્થ છે, સત્ય છે. બંધનમાંથી છૂટવાનો માર્ગ આજે આપણને ઉપલબ્ધ છે, તેના મૂળકર્તા - મૂળ ઉપદેશક તીર્થંકર ભગવાન છે. તેઓની દિવ્યધ્વનિમાં આ ઉપદેશ સહજ રીતે કહેવામાં આવ્યો છે. તદનુસાર ગણધર આચાર્ય બાર અંગોની રચના કરે છે, જેને આપણે દ્વાદશાંગ દ્રવ્યશ્રુત કહીએ છીએ. આચાર્યોની પરંપરાથી આ માર્ગ આજ સુધી ચાલતો આવ્યો છે.

એ માર્ગનો ઉપદેશ સાંભળવાની જિજ્ઞાસા ઉત્પન્ન થવી, તેવી બુદ્ધિ થવી અને આ સત્ય ઉપદેશ સાંભળવાની તક મળવી એવું મહાભાગ્ય - મહાન પુણ્ય તેને જ હોય કે જેને ક્ષયોપશમલબ્ધિ અને

વિશુદ્ધિલબ્ધિપૂર્વક દેશનાલબ્ધિ પ્રાપ્ત થાય. વિશુદ્ધિલબ્ધિ વગર જીવ જિનેન્દ્રકથિત ઉપદેશ સાંભળવા તૈયાર નહીં થાય, તેને તેવી બુદ્ધિ નહીં થાય.

જેમ પથ્થર પર વાવેલું બી ઉગતું નથી - છોડ ઉગતો નથી - નકામું જાય છે, તે માટે મૃદુ માટીમાં જ વાવવું આવશ્યક છે તેમ જિનવાણી સાંભળવાનું મહાન ભાગ્ય અને સાંભળીને તે સમજવાનું મહાન ભાગ્ય તેને જ લાભશે કે જેના પરિણામ મૃદુ હશે, વિશુદ્ધ હશે. હજુ એક વાત એમ છે કે જેને મહાન પુણ્યનો ઉદય હશે તેને જ મહાન દુર્લભ એવી જિનવાણીશ્રવણનું મહાભાગ્ય પ્રાપ્ત થશે, અન્યથા આ ઉપદેશ કાન પર પડવો પણ અત્યંત દુર્લભ છે.

લોકો તો પુણ્યનું ફળ સંપત્તિ અને ઘરબાર પ્રાપ્ત થવામાં જ છે એમ માને છે. તે તો જીવે અનંતવાર પ્રાપ્ત કર્યા છે અને છોડ્યા પરંતુ તે પુણ્યને આપણે સારું કેમ કહી શકીએ કે જે સંસારમાં ભ્રમણ કરાવે ?

જીવને જ્યારે આત્માનું સ્વરૂપ જાણવાની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થાય, તેને ધર્માનુરાગરૂપ મંદ કષાય થાય ત્યારે તેની આ પાત્રતાથી જ તેને દેશનારૂપ નિમિત્તની સહજ ઉપલબ્ધિ થાય છે. હવે દેશનાલબ્ધિનું સ્વરૂપ સમજીએ.

**દેશનાલબ્ધિઃ-** 'છ દ્રવ્યો, સાત તત્ત્વો અર્થાત્ નવ પદાર્થ, મોક્ષમાર્ગ, સાચાં દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ, સ્વ અને પરનું જ્ઞાન, હેય - જ્ઞેય - ઉપાદેય આદિ ભાવ ઈત્યાદિ વિષે સાચો ઉપદેશ આપનારાં આચાર્યોદિકોનો અર્થાત્ તીર્થંકર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, પંચમ કે ચતુર્થ ગુણસ્થાનવર્તી જ્ઞાની જીવોનો સમાગમ મળવો, તેઓ દ્વારા અપાયેલો ઉપદેશ એટલે દેશના મળવી અને ઉપદેશિત પદાર્થોનું જ્ઞાનમાં ધારણ થવું, તેને જ દેશનાલબ્ધિ કહે છે.'

ઉપદેશને દેશના કહે છે અને ઉપદેશ સાંભળી તે સમજવા ને લક્ષમાં રાખવો, તેના પર વારંવાર, પુનઃ પુનઃ વિચાર કરવો તે દેશનાલબ્ધિ છે. શ્રવણ, ગ્રહણ, ધારણ આદિ તેના અંગો છે.

માત્ર ઉપદેશ સાંભળવાની ક્રિયા તે દેશનાલબ્ધિ નથી. દેશનાલબ્ધિવાળો જીવ તો પોતાના સ્વરૂપ વિષેનો ઉપદેશ ઘણી જ

રુચિપૂર્વક સાંભળતો હોય છે. પદ્મનંદી પંચવિંશતિકા ગ્રંથમાં આચાર્ય પદ્મનંદી કહે છે -

**'તત્પ્રતિ પ્રીતિચિત્તેન યેન વાર્તાऽપિ હિ શ્રુતા ।**
**નિશ્ચિતં સ ભવેત્ ભવ્ય ભાવિ નિર્વાણભાજનમ્ ॥'**

પોતાના સ્વરૂપ વિષેનું કથન સાંભળી જીવ ખુશ થાય છે, આનંદિત થાય છે. તે વિષે વધુ જાણવાની તેને તીવ્ર જિજ્ઞાસા અને ઉલ્લાસ ઉત્પન્ન થાય છે. ઘરગૃહસ્થીના કામમાંથી કોઈપણ રીતે સમય કાઢી તે મોટા ઉલ્લાસથી ઉપદેશ સાંભળવા જાય છે. આ તો આપણાં બધાનાં અનુભવની વાત છે કે ટી.વ્હી. પરની પોતાની ગમતી સિરિયલ જોવા માટે લોકો બાકીના બધા કામો ઝડપથી પતાવી સિરિયલને સમયે બરાબર ટી.વ્હી. સામે આવીને બેસી જાય છે.

તેમ જ જેને તીવ્ર જિજ્ઞાસા જાગૃત થઈ છે, તેની રુચિ જ તેનો માર્ગ બનાવે છે - માર્ગ શોધી કાઢે છે. વિષયકષાયની વાતો કરતા તેને તત્ત્વશ્રવણમાં અધિક રસ લાગે છે, વ્યવસાયમાં થનારું આર્થિક નુકસાન પણ તેને દેશના સાંભળવામાં વિઘ્ન લાવી શકતું નથી - તેને વિચલિત કરી શકતું નથી.

જેની દેશનાલબ્ધિની યોગ્યતા હોય, ભવિતવ્ય હોય, તેને જ્ઞાનીનો સમાગમ અને ઉપદેશની પ્રાપ્તિ પણ સહેજે મળી આવે છે. તે જીવની તીવ્ર રુચિ જ આ બધાને કારણભૂત હોય છે.

તમને યાદ છે? ૧૯૭૫ સાલમાં રીના તું જ્યારે છ વર્ષની હતી અને મોના તું ત્રણ વર્ષની હતી ત્યારે તમને બેઉને તમારા કાકા કાકીને ત્યાં મૂકી અમે બેઉ અને તમારા દાદા-દાદી ધર્મચક્ર જાત્રામાં સામેલ થયાં હતાં, અમે સતત ત્રણ મહિના ભારતભરના તીર્થક્ષેત્રની અને સિદ્ધક્ષેત્રની વંદના કરતાં કરતાં પ્રવાસ કરતાં હતાં. એક હજાર જાત્રાળુઓ અને અનેક વિદ્વાનો સાથે એ જાત્રા નીકળી હતી, તેમાં દરરોજ અનેક વિદ્વાનોના પ્રવચનોનો અમને લાભ મળતો હતો.

જાત્રાએ જવાનું મને ઘણું જ તીવ્ર ખેંચાણ હતું, રુચિ હતી. અમારી જાત્રા તો સફળ થઈ જ પણ તેની સાથે ભવભવાંતરમાં અત્યંત દુર્લભ એવું સાચું તત્ત્વજ્ઞાન સાંભળવાની તક પ્રાપ્ત થઈ. ત્યારે એ સમજાયું કે 'અહાહા ! આવું મારું વિલક્ષણ - અદ્ભુત સ્વરૂપ !

મને તો આ વાતની - તત્ત્વજ્ઞાનના આ અભ્યાસની જાણ પણ ન હતી.' આમ જોઈએ તો બાલપણથી ધાર્મિક રુચિ અને સંસ્કાર તો હતાં જ પરંતુ તત્ત્વજ્ઞાનના શાસ્ત્રીય દૃષ્ટિકોણથી અભ્યાસ ન હતો, તેનું મહાત્મ્ય કદી ભાસ્યું ન હતું. ત્યારબાદ પણ અનેકવાર, તમને લઈ તો ક્યારેક તમને મૂકી અમે શિબિરોમાં અને પ્રવચનોમાં જતાં હતાં.

તમે બેઉ એટલી નાની હતી છતાં કેટલી સમજુ, ડાહી અને સહનશીલ હતી કે તેની યાદ આવે તો આજે પણ મને ઘણું આશ્ચર્ય થાય છે. અમારા બેઉની તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં તમારા બેઉનો અમૂલ્ય સહકાર લાધ્યો છે તેમાં કોઈ શંકા નથી. તે બાબતમાં તમારા ઉપકારનું સ્મરણ થાય ત્યારે આજે પણ કૃતજ્ઞતાથી મારી આંખો ભરાઈ આવે છે.

જેને તીવ્ર રુચિ હોય છે તેને જ્ઞાનીઓનો સમાગમ, દેશના મળવી અને તે પ્રકારના સંજોગો સહજ જ પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં સંયોગો કદી બાધક હોતા નથી, આપણી સંયોગોની રુચિ અને ગૃદ્ધતા જ બાધક હોય છે. જેને તત્ત્વજ્ઞાનની રુચિ હોતી નથી તે પ્રતિકૂલ સંયોગોના નામ હેઠળ બહાનું જ શોધતો હોય છે.

આપણે જોયું હતું કે મિથ્યાત્વ અને કષાયોના અનુભાગનો મંદ, મંદતર ઉદય થતો રહે છે. તેમ જ જ્ઞાનાવરણાદિ કર્મોનો અનુભાગ ઉદય પણ મંદ થતો રહે છે. આ કારણે જીવ જે ઉપદેશ શ્રવણ કરે, ગ્રહણ કરે, સમજે છે તે વિષે યોગ્ય શું અને અયોગ્ય શું છે તે નિર્ણય કરવાની બુદ્ધિ - એટલો વિવેક પણ તેને હોય જ છે. સામેની વ્યક્તિ જ્ઞાની છે અને શાસ્ત્રનો આ ઉપદેશ સત્ય જ છે તેનો એને પોતાની બુદ્ધિથી દૃઢ પરિચય થાય છે. લૌકિક જીવનમાં આપણે જોઈએ છીએ કે બીજાની બુદ્ધિ મુજબ કામ કરનારા જીવો પોતે યોગ્ય નિર્ણય લઈ શકતાં નથી.

ધર્મનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ કહેનારા-સમજાવનારા વક્તાઓમાં કોઈ સાચો ઉપદેશ આપે તો કોઈ ધર્મ અને આત્માના નામથી ખોટો ઉપદેશ આપી મિથ્યા માન્યતાઓનો પ્રચાર કરે છે. એવી પરિસ્થિતિમાં ઉપદેશની સત્યતા અને અસત્યતાનો નિર્ણય કરવાયોગ્ય અને તેની પરીક્ષા કરવાયોગ્ય વિવેક આપણી પાસે હોવો આવશ્યક છે.

આપણે સારાં સંયોગો અને ધનસંપત્તિ તરફ જોઈ કહીએ કે

આ આપણો પુણ્યનો ઉદય છે. પરંતુ દેશના આપનારા, સાચો ઉપદેશ આપવાવાળા જ્ઞાની જીવોનો સમાગમ થવો, તેઓનો સહવાસ પ્રાપ્ત થવો અને તેમના વડે આપેલા ઉપદેશનું શ્રવણ, ગ્રહણ કરવાનું મહાભાગ્ય પ્રાપ્ત થવું એ તો ઉંચી જાતના પુણ્યનું ફળ છે.

શાસ્ત્ર કથનનો ખોટો અર્થ કહેનારા અને પોતાની મતિકલ્પના મુજબ ફાવે તેવા ઉપદેશ આપનારા લોકોની કાંઈ કમી નથી. તે તો પોતાને દેશના આપનારા સમજે અને ઢોંગ તો એવો કરે કે જાણે દુનિયાના કલ્યાણ માટે જ તેઓનો અવતાર થયો હોય. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓને ભક્તોની કદી અછત ભાસતી નથી. તેઓને રવાડે ચડી અવિવેકથી વર્તનારા લોકોને જોઈ વિચાર આવે છે કે તેઓનું ભવિતવ્ય સારું નથી.

કોઈને પૂછીએ, 'કેમ, જમ્યા કે?' ત્યારે તે જવાબ આપે, 'અરે ભાઈ, અમે તો બધાના ભોજનની વ્યવસ્થા કરનારા છીએ. જુઓ ને ! મેં હજાર લોકોને ભોજનના પાસ બનાવી આપ્યાં'. તેને પૂછીએ, 'તો પછી તમારું પેટ ભરાયું હશે ?' ત્યારે તે જવાબ આપે છે, 'ભાઈ મને ફુરસદ જ ક્યાં છે? પાસ આપતાં આપતાં મને જમવાનો સમય જ ક્યાં મળ્યો છે?'

બીજો એક દાખલો જોઈએ. બીજા એક મહાશયને પુછ્યું 'તમને પૈસાની કંઈ કમી નથી ને ?' તેણે કહ્યું, 'મને પૂછો છો? અરે ભાઈ, રોજ મારી સામે કરોડપતિ લોકો લાઈન લગાડી ઉભા રહે છે મારી પાસેથી પૈસા લેવા અને પૈસા આપવા!'. પાછો પ્રશ્ન પૂછીએ, 'તો પછી તમને પૈસાની કાંઈ ચિંતા જ નથી ?' તે કહે છે, 'તમને હું કેમ કહું ? મારે ઘર લેવાનું છે, દીકરીના લગન કરવા છે, દીકરાને ઉચ્ચ શિક્ષણ આપવાનું છે, આ બધા માટે પૈસાની ખુબ જ જરૂરીયાત છે' તેને પૂછ્યું, 'પણ તમે તો કહેતાં હતાં....?' તે કહે છે, 'હાં, હું બેંકમાં કેશીયર છું. આટલા બધા લાખો રૂપિયા આપવાના, લેવાના, ગણવાના કામ કરવા માટે મને થોડાક હજાર રૂપિયા પગાર મળે છે.'

તેમ જ એકને પૂછ્યું, 'કેમ, તમને દેશના તો મળી જ હશે નહીં કે ?' તે કહે, 'શું વાત કરો છો ! હું તો દેશના આપનારાઓ માંથી છું. મેં તો આટલા બધા ગ્રંથોનું ટાઈપ સેટીંગ કર્યું છે, પ્રૂફ

રીડીંગ કર્યું છે, વ્યાખ્યાન સંભળાવ્યા છે'. તેને કહ્યું, 'બહુ જ સારી વાત. તો પછી આપ દેશના આપનારા જ્ઞાની ધર્માત્મા છો'. તે પર તે કહે છે, 'ના ભાઈ ના, અમારું એટલું ભાગ્ય ક્યાંથી હોય ?'

દેશના તો જ્ઞાની જીવોના ઉપદેશને જ કહે છે. તે ઉપદેશ પણ મોક્ષમાર્ગ સંબંધી હોવો આવશ્યક છે, દ્રવ્યાનુયોગ વિષે હોવો જોઈએ, સ્વ-પર ભેદ-વિજ્ઞાન કરવામાં કાર્યકારી હોવો જોઈએ. અન્ય અનુયોગો ના સંબંધી કથન હશે તો તે પણ વીતરાગતાની પુષ્ટી કરનારા હોવા જોઈએ, દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોને સિદ્ધ કરનારા હોવા જોઈએ.

કોઈક જ્ઞાની ગૃહસ્થ જીવ પોતાના છોકરાઓને વ્યાપાર ધંધા, ઘરબાર સંબંધી સલાહ આપતો હશે, ઉપદેશ આપતો હશે, સમાજમાં કેમ વર્તવું જોઈએ તે બાબતમાં કોઈ શિખામણ આપતો હશે તો તેને દેશના કહેતા નથી.

દેશનાનું મૂળ સ્રોત અરહંત ભગવાન છે. તેમના ઉપદેશાનુસાર રચાયેલા શાસ્ત્રો અને તે શાસ્ત્રોનો ઉપદેશ આપનારા ગુરુ પણ દેશનાના સ્રોત છે, દેશના આપનારા છે. તે તો માત્ર મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપે છે. પણ ચોથા પાંચમા ગુણસ્થાનના જીવો હજુ ગૃહસ્થાવસ્થામાં છે, શાસ્ત્ર સ્વાધ્યાય કરતી વખતે તેઓ પણ કેવળ મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપશે, આત્મસ્વરૂપનું કથન કરશે, દ્રવ્યાનુયોગના અનેક સિદ્ધાંતો સમજાવશે. જેમ, નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, પાંચ સમવાય, ક્રમબદ્ધપર્યાય, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, હેય-જ્ઞેય-ઉપાદેય તત્ત્વોનું સ્વરૂપ આદિનું સવિસ્તાર વર્ણન કરશે - સમજાવશે. પણ ગૃહસ્થોચિત ઈતર કાર્યોમાં પોતાના કુટુંબીઓને, સાધર્મીઓને અને સમાજના અન્ય લોકોને ગરજ પડે તો લૌકિક ઉપદેશ પણ આપે છે. તેઓના શાસ્ત્ર વિષેના ઉપદેશને તો દેશના કહેવાય પણ લૌકિક ઉપદેશને દેશના કહેવું યોગ્ય ન કહેવાય.

અહીં તો આપણે દેશના વિષે ચર્ચા કરી. આપણો વિષય તો દેશનાલબ્ધિ છે. તે વિષે વધુ ચર્ચા આપણે આગળના પત્રમાં કરીશું.

પત્ર બહુ લંબાયો, હવે વિરામ લઈએ.

જય જિનેન્દ્ર.

તમારી બા

# દેશનાલબ્ધિ

પત્રાંક ૭ ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

ગયા પત્રથી આપણે દેશનાલબ્ધિ વિષે ચર્ચા શરૂ કરી હતી. પ્રથમોપશમ સમ્યક્ત્વ પૂર્વે દેશનાલબ્ધિ હોવી આવશ્યક છે, બીજો નિયમ એવો છે કે દેશના જ્ઞાની જીવોથી જ પ્રાપ્ત થાય છે અથવા એમ કહો કે જ્ઞાનીના ઉપદેશને જ દેશના કહે છે.

તમે પૂછ્યું છે, 'તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શનના બે ભેદ કહ્યા છે - નિસર્ગજ અને અધિગમજ સમ્યગ્દર્શન. બીજાના ઉપદેશથી જે પ્રાપ્ત થાય તેને અધિગમજ કહે છે અને કોઈના ઉપદેશ વિના જ જે પ્રાપ્ત થાય તેને નિસર્ગજ કહે છે. આથી એમ દેખાય છે કે દેશનાલબ્ધિની આવશ્યકતા બધાને હોતી નહીં હોય?'

એટલું ધ્યાનમાં રાખજો કે આ ભવમાં કોઈ જીવને જ્ઞાની દ્વારા ઉપદેશની અર્થાત્ દેશનાની પ્રાપ્તિ થઈ ન હોય અને છતાં તેને સમ્યગ્દર્શન થયું હોય તો એમ સમજવું કે તેને પૂર્વભવમાં નિયમથી દેશના પ્રાપ્ત થઈ છે. આ ભવમાં તેને દેશના મળી નથી માટે તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે અને જેને આ જ ભવમાં દેશના મળી હોય અને પાછળથી સમ્યગ્દર્શન થયું તો તેને અધિગમજ સમ્યગ્દર્શન કહે છે. પરંતુ દેશના વિના સમ્યગ્દર્શન થશે એવું સર્વથા નિસર્ગજ સમ્યગ્દર્શન થઈ જ શકતું નથી.

નારકી અને દેવોમાં અવધિજ્ઞાન જોવામાં આવે છે. અવધિજ્ઞાન દ્વારા તેઓ પૂર્વની દેશનાને જાણે છે. મનુષ્ય અને તિર્યંચોમાં જાતિસ્મરણ જ્ઞાનથી પણ પૂર્વ ભવની દેશના યાદ આવે છે અથવા પૂર્વ ભવમાં સાંભળેલો, શીખેલો ઉપદેશ ધારણા જ્ઞાનમાં હો તો તેના કારણે આ ભવમાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે છે.

આગળના ભવમાં ઉપદેશના શબ્દો યાદ રહ્યા ન હોય તોપણ તત્ત્વોનો ભાવ ધ્યાનમાં આવે અને અંતર્મુખ વિચાર દશામાં તત્ત્વોનું

ભાવભાસન થવા લાગે છે. તેમાં બાહ્યનિમિત્ત જિનબિમ્બદર્શન, સ્વર્ગમાં ઋદ્ધિ - વૈભવ વિગેરે જોવા કે નરકમાં તીવ્ર વેદના થવી અને મનુષ્યમાં ધર્મશ્રવણ, ધર્મસ્મરણ, શાસ્ત્રવાંચન કે ઉપદેશ સાંભળવો ઈત્યાદિ હોઈ શકે છે. તેને બાહ્યદેશના કે દેશના કહ્યું છે અને દેશનાલબ્ધિમાં જીવ તેનું શ્રવણ, ગ્રહણ, ધારણ કરે છે, તેના પર વિચાર કરે છે, તેનો નિર્ધાર કરે છે, માત્ર ઉપદેશ સાંભળવાને દેશનાલબ્ધિ કહેવાતી નથી.

સમજો તમે રોહિતને કહ્યું, 'જા બેટા, પાણી લઈ આવ'. તે ઉભો થઈ તમારી સામુ જોતો જ રહે ત્યારે તમે ફરીથી કહેશો છતાં તે ન સાંભળે તો ગુસ્સે થશો અને પૂછશો, 'કેમ રે, સાંભળ્યું નથી કે ?' સાંભળી તે પાણી લાવે તો જ આપણે કહીએ કે તેણે સાંભળ્યું. તમારા કહેવા મુજબ છોકરાઓ વર્તે તો તમે કહેશો કે મારો દીકરો સારો છે, મારું બધું સાંભળે છે.

શું આપણે કદી વિચાર કર્યો છે કે આપણે ભગવંતોએ અને આચાર્યોએ કહેલી કેટલી વાતો સાંભળીએ ? તમારા છોકરાઓના દૃષ્ટાંત પરથી તમે સમજી જ જશો કે માત્ર કાનેથી સાંભળવું તેને સાંભળવું કહેતાં નથી. સાંભળી તે સમજવું પણ આવશ્યક છે, ધ્યાનમાં રાખવું પણ આવશ્યક છે, તેના પર વિચાર કરવો, નિર્ણય કરવો અને તે અનુસાર પરિણમન કરવું એ બધા અંગો આવશ્યક છે. તે સિવાય કેમ કહી શકાય કે ભગવંતોનો ઉપદેશ સાંભળ્યો ?

લોકો ભગવંતોને ક્યાં સાંભળવા ઈચ્છે છે ? તે તો ભગવંતોને સંભળાવવા ઈચ્છે છે, સંભળાવતા રહે છે, રોજ મંદિરમાં જોરજોરથી પૂજાપાઠ બોલતા ભક્તિ કરે, ગાય, ભગવાનનો જયજયકાર કરે છે. પણ ભગવંતોએ શું કહ્યું છે તે શાસ્ત્રો દ્વારા કે ગુરુ પાસેથી કે વિદ્વાનો પાસેથી સાંભળવા ઈચ્છતા નથી. આ તે કેવી અવસ્થા થઈ જાણો છો ? દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવો, જેને વિકલેન્દ્રિયો કહે છે, તેઓને વચન એટલે ભાષા તો હોય છે પણ પંચેન્દ્રિયો જેવા કર્ણેન્દ્રિયો હોતા નથી. માટે તે સાંભળી શકતા નથી. આપણે પણ જો ભગવંતોને અને મંદિરમાં ઉપસ્થિત બીજા લોકોને ભક્તિ પૂજાપાઠ સંભળાવીએ અને પ્રવચનકાર શું કહે તે સાંભળતા નહીં હોઈએ તો આપણી અવસ્થા પણ વિકલેન્દ્રિયો જેવી જ છે એમ કહેવું પડશે.

દેશનામાં નિમિત્તરૂપે સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ હોય છે પરંતુ દેશના ત્યારે જ કહેવાય જ્યારે જીવ તેનું શ્રવણ કરે, ગ્રહણ કરે એટલે કે સમજી લેશે, યાદ રાખશે અર્થાત્ ધારણામાં રાખશે. જો જે સાંભળ્યું હોય તે સમજાયું જ ન હોય તો તે શા કામનું ? તેમ જ સમજાયું તો ખરું પણ તાત્કાળ વિસ્મરણ થાય તોપણ શા કામનું ? જે સાંભળ્યું, સમજી લીધું, યાદ રાખ્યું તેનું સ્મરણ કરી વિચાર કરવો, ચિંતન કરવું, પોતે યુક્તિ અને ન્યાય દ્વારા તર્કની કસોટી પર ઘસી તે તત્ત્વોના સત્યતાનો નિર્ણય કરવો એ જ તો મહત્વની બાબત છે. નિર્ણય થતાંની સાથે જ તે પ્રમાણે પરિણમન પણ થાય.

જેમ કે કોઈએ સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, સર્વજ્ઞતાનું સ્વરૂપ સાંભળ્યું ત્યારે તે વિચાર કરવા માંડે અને પોતાની પહેલાંની માન્યતા સાથે સરખામણી કરી જુએ કે મેં તો આજ સુધી એવું માન્યું હતું. હવે મને સાચું સ્વરૂપ શું છે તે સમજાયું છે. જો તેનો નિર્ણય થયો તો તે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રોને છોડી તેમના વિષેનો આદર, વિનય, ભક્તિ એ બધું છૂટી જશે.

ખરું જોતાં દેશના તો દેશનાલબ્ધિમાં નિમિત્ત છે. પરંતુ તે વિના પ્રથમોપશમ સમ્યક્ત્વ થતું નથી. માટે સ્થૂલરૂપે ઉપચારથી દેશનાને કે દેશના જેની વડે પ્રાપ્ત થાય તે સાચાં દેવ શાસ્ત્ર ગુરુને સમ્યક્ત્વનું નિમિત્ત કહેવામાં આવે છે.

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક જ સમયમાં થનારા બે કાર્યોમાં હોય છે. એક તો અનુકૂલ ભાસિત થનારા નિમિત્તરૂપ પરદ્રવ્યનું કાર્ય અને એક નૈમિત્તિક કાર્ય. આ બન્નેનો કાળ એક જ હોય છે. એને શાસ્ત્રમાં કાલપ્રત્યાસત્તિ કહ્યું છે. બે ભિન્ન કાર્યોનો કાળ એક જ હોવો અને તેમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા તેને કાલપ્રત્યાસત્તિ કહે છે. દેશનાલબ્ધિરૂપ કાર્યમાં દેશના નિમિત્તરૂપે હોય છે. સમ્યગ્દર્શનરૂપી કાર્ય તો ત્યારબાદ થાય છે.

અહીં આપણે વારંવાર દેશનાને દેશનાલબ્ધિનું નિમિત્ત કહેતાં આવ્યા છીએ. દેશનાલબ્ધિ તો જ્ઞાનની પર્યાય છે. પોતાની તીવ્ર રુચિ અને પોતાનું સ્વરૂપ જાણવાની તીવ્ર જિજ્ઞાસા હોય તો દેશનાલબ્ધિની પર્યાય આપણી યોગ્યતાથી પ્રગટ થવાનો કાળ આવતા જ જ્ઞાનીની

દેશના પણ નિમિત્તને રૂપે સહજે મળે છે. પરંતુ નિમિત્તથી જ્ઞાન થતું નથી. એટલું જ નહીં તો દેવ શાસ્ત્ર ગુરુ વિષે આદરભાવ, રાગભાવ રહે છે પરંતુ તે રાગભાવને કારણે પણ જ્ઞાન થતું નથી.

પ્રવચનસારની ૩૫મી ગાથા પરની ટીકા પર પ્રવચન કરતાં પૂ. કાનજીસ્વામીજી કહે છે - 'સામે તીર્થંકર, આચાર્યાદિ છે માટે જ્ઞાન થયું અથવા ઉપદેશ સાંભળ્યો-દિવ્યધ્વનિ સાંભળી માટે જ્ઞાન થયું એમ નથી. વાણીને કારણે જ્ઞાન થયું, અચેતનથી જ્ઞાન થયું એમ માનનારો પોતાના ચૈતન્યસ્વભાવને નકારે છે-તેનો ઘાત કરે છે.'

નિમિત્તથી કાર્ય થતું નથી તોપણ વિવક્ષિત કાર્યમાં યોગ્ય નિમિત્ત જ હોય છે - ગમે તે નિમિત્તની ઉપસ્થિતિમાં કાર્ય થતું નથી. દેશનાલબ્ધિમાં સર્વજ્ઞ ભગવંતોની - જિનેન્દ્રભગવંતોની વાણી જ નિમિત્ત હોય છે. તે વાણી તીર્થંકરોની કે અન્ય કેવલીની હોય કે તેઓની દિવ્યધ્વનિ અનુસાર બીજા આચાર્યોએ કે અન્ય સમ્યગ્જ્ઞાની જીવોએ કહેલી હોય - તેને જ દેશના કહેવામાં આવે. અન્યમતિઓની કલ્પના અને તેઓનો ઉપદેશ તો મોક્ષમાર્ગની દૃષ્ટિએ ત્રણ કાળમાં કાર્યકારી થશે નહીં.

અહીં નિમિત્તનું જ્ઞાન કરાવવામાં આવે છે પણ તેને વિષે આદરભાવ તોડાય છે, નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવાય છે.

જેને નિમિત્ત નૈમિત્તિક સંબંધની સહજતા સમજાતી નથી એવા કેટલાય જીવોને પ્રશ્ન પડે કે, 'અમને જ્ઞાનીની દેશના પ્રાપ્ત કરવી છે તો સામેની વ્યક્તિ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ છે એ કેમ ઓળખવું ?'

મિથ્યાત્વી જીવને જ્ઞાનીની સાચી ઓળખ-સાચી પરીક્ષા હોઈ શકતી નથી. તેને શોધવા વિષેની આકુલતા કરવાની કોઈ આવશ્યકતા નથી, મિથ્યાદૃષ્ટિ જીવ તો અન્ય જીવોની બાહ્ય પ્રવૃત્તિ અને ક્રિયા જોઈને તેમના દ્વારા તેઓની પરખ કરી જુએ છે. સામેના જીવોના અભિપ્રાયને-સમ્યગ્દર્શનને તે સમજી શકતો નથી-ઓળખી શકતો નથી-તેના ધ્યાનમાં તે આવતું નથી. આપણને તો ઉપદેશની સત્યતા ઓળખવી છે. કારણ જ્ઞાની જીવ પણ જે ઉપદેશ આપે તે સર્વજ્ઞના વચનાનુસાર આપે છે, પોતાના ઘરની એટલે કે પોતાની કલ્પનાની વાતો કરતા નથી.

શાસ્ત્રવાંચનકાર પણ પ્રારંભ કરતી વખતે કહે છે, 'અસ્ય મૂલગ્રંથકર્તારઃ શ્રી સર્વજ્ઞદેવઃ, તદુત્તર ગ્રંથકર્તારઃ શ્રી ગણધર દેવાઃ......'

અર્થાત્ 'આ ગ્રંથના મૂળકર્તા શ્રી સર્વજ્ઞ ભગવાન છે, તેઓની દિવ્યધ્વનિ સાંભળી ગ્રંથની રચના કરનાર શ્રી ગણધરદેવ આચાર્ય છે, તેમના ઉપદેશાનુસાર આચાર્યોની પરંપરાથી જે ગ્રંથ રચાયા છે, તેમાંના આ વિશિષ્ટ ગ્રંથનો આપણે સ્વાધ્યાય કરીએ છીએ, શ્રોતાઓએ સાવધાન થઈ સાંભળવું.'

આગમોનું વચન અર્થાત્ કથન સર્વજ્ઞ ભગવંતોનું હોય છે, કોઈપણ વક્તાનું તે હોતું નથી. આ કથન એટલે તો વસ્તુસ્વરૂપ વિષેની યથાર્થ માહિતી છે.

સમજો તમને કોઈએ એક લાખ રૂપિયાનો ડિમાંડ ડ્રાફ્ટ પોસ્ટમાં મોકલ્યો. પોસ્ટમેને તમને તે આપ્યો. તમે પોસ્ટમેન સામે જોયું ત્યારે તેણે જુનાં કપડાં, જુની ચંપલો પહેરેલી દેખાઈ, તેની બેગ પણ ફાટેલી હતી. તેને જોઈ તમે એવો તો વિચાર કરતા નથી કે આ માણસ આટલો ગરીબ દેખાય છે તો એક લાખ રૂપિયાનો ડિમાંડ ડ્રાફ્ટ કેવી રીતે આપી શકે ? કારણ તમે તો જાણો છો કે આ તો પત્રો, લિફાફા પહોંચાવનારો છે. લાખ રૂપિયા કાંઈ તેના નથી. લાખ રૂપિયા મોકલનાર તો કોઈ બીજો જ છે.

તમે કહેશો, 'અમે જ્ઞાનીને ઓળખી શકવાના નથી. પણ હમણા જ તે કહ્યું હતું કે તેમના ઉપદેશની સત્યતા ચકાસી જોવી જોઈએ. કોઈનો ઉપદેશ સાચો છે કે ખોટો એ અમે કેવી રીતે ઓળખીએ ?'

જેના ઉપદેશમાં રાગભાવનું પોષણ થતું હોય, 'નિમિત્તથી કાર્ય થાય માટે પ્રથમ નિમિત્તને શોધો' અથવા 'શુભભાવ કરવાથી તમારું કલ્યાણ થશે, પુણ્ય કરતાં કરતાં તમને મોક્ષ પ્રાપ્ત થશે' અથવા 'મોટા ગ્રંથોનો શાસ્ત્રસ્વાધ્યાય કરશો નહીં તે તમારું કામ નથી' વિગેરે વાતો જેના કથનમાં આવતી હશે, જે પોતે ઉંચી પદવી ધારણ કરી સ્વચ્છંદ આચરણ કરતો હોય, કુદેવાદિકોની પૂજા સત્કાર કરવાનો ઉપદેશ આપતો હોય, પોતે શાસ્ત્રવિરુદ્ધ-આગમવિરુદ્ધ આચરણ કરતો હોય, લોકોને ભડકાવી દ્વેષબુદ્ધિ નિર્માણ કરી સમાજમાં ફૂટ પાડતો હોય - ઝગડા કરાવતો હોય તો તેનો બધો જ ઉપદેશ ખોટો છે - જૂઠો છે.

ખોટો ઉપદેશ આપનારો પણ શાસ્ત્રમાંના શબ્દો વાપરી કરીને પણ મિથ્યા માન્યતાનો જ પ્રચાર કરે છે. કોઈ લોકો કહે છે, 'આપણને

એનાથી શું લેવું કે દેવું? અમે તો તેમના ઉપદેશમાંથી ફક્ત સારી વસ્તુ જ ગ્રહણ કરીએ !'

પણ આ વાત સર્વથા અયોગ્ય છે. લૌકિક બાબતોમાં આ જીવ ઘણો જ ચતુર છે, પણ આ બાબતમાં તે આવો અવિવેક કરે છે તે ઘણી આશ્ચર્યની વાત છે. દૂધના મોટા તપેલામાં ઝેરનું ટીપું પણ પડે તો આપણે બધું દૂધ ફેંકી દઈએ, જ્યાં ઝેર પડે ત્યાનું થોડુંક દૂધ ફેંકી દઈ બાકીનું દૂધ વાપરતા નથી. તે વિષમિશ્રિત દૂધ પિવાથી આ ભવનો અંત આવશે એ બીકથી તે કેટલો દક્ષ રહે છે, કેટલી કાળજી લ્યે છે.

પરંતુ જે ઉપદેશથી અનેક ભવોનું નુકશાન થાય અને જીવ જન્મ મરણના ચક્રમાં અટકી અનંત કાળ સુધી નિગોદમાં જાય તે ઉપદેશ સારો છે એમ સમજી કોઈ જીવ તેને સાંભળે અને તદનુસાર ખોટા માર્ગે ચાલ્યો જાય. તેની તેવી જ હોનહાર હશે કે તેઓને એવી વિપરીત બુદ્ધિ થતી હોય છે.

અવિરત સમ્યગ્દષ્ટિની ઓળખ તેમનાં બાહ્ય આચરણથી થતી નથી. અણુવ્રત અને મહાવ્રતના ધારક એવા જ્ઞાની જીવોના વ્રતો તો આપણે જાણી શકીએ. પરંતુ આ બધા જીવોની વાણી મને પોતાને કલ્યાણકારી છે કે નહીં એ વાતની ખાત્રી દેશનાલબ્ધિ પ્રાપ્ત કરનારા જીવોને અવશ્ય થાય છે. એ વાણી, એ ઉપદેશ જો જિનેન્દ્રકથિત વસ્તુવ્યવસ્થાનુસાર હોય, ભાવલિંગી સંતોના શાસ્ત્રાનુસાર કથન કર્યું હોય તો તે નિશ્ચિત જ જીવને હિતકારી હોય છે.

પણ કોઈ વકતા જિનાગમના વિરુદ્ધ ઉપદેશ આપતો હોય તો તે પોતાનું તેમ જ તેના અનુયાયીઓનું અકલ્યાણ જ કરતો હોય છે. શાસ્ત્રમાં તેને 'ઉપલનાવ' કહ્યું છે. ઉપલ એટલે પથ્થર, શીલા. પથ્થરની નાવ પાણીમાં પોતે તો ડૂબે જ પણ તેમાં બેસનારા જીવોને લઈ ડૂબે છે. તે જ પ્રમાણે ખોટો ઉપદેશ આપનારા અને તે ઉપદેશને યોગ્ય સમજી ગ્રહણ કરનારા બધાં જીવો ભવસાગરમાં ગુલાંટો ખાઈ કાલાંતરે નિગોદ અવસ્થા પ્રાપ્ત કરે છે.

કોઈ કષાયી જીવોએ મૂળ શાસ્ત્રમાં ફેરફાર કરી રાગાદિનું પોષણ કરનારા, મિથ્યા માન્યતાઓનું પોષણ કરનારા  કેટલાક કથનો શાસ્ત્રોમાં

ઘુસાડ્યા છે. પરંતુ જ્ઞાની જીવો એ કથનોનો નિષેધ કરે છે, વિવેકી બુદ્ધિમાન જીવોના તે ધ્યાનમાં આવે છે. આપણી પણ કોઈ દિશાભૂલ તો કરતું નથી ને તે જોવાની જવાબદારી આપણી પોતાની છે. આપણે તે વિષે સજાગ રહેવું જોઈએ.

હાલમાં લૌકિક દૈનંદિન વ્યવહારમાં છેતરપીંડી કરનારા, ધુતારા અનેક લોકો છે. દાગદાગીના, કપડા, ખાદ્યપદાર્થો વિગેરેમાં કોઈ ભેળસેળ, ઘાલમેલ નથીને એ બાબતમાં આપણે કેટલા સજાગ હોઈએ છીએ, તે જ પ્રકારની સજાગતા દેશનાબાબત રાખવી જોઈએ. કારણ અહીં તો આપણાં કલ્યાણની વાત છે, ભવોનો અભાવ કરી મોક્ષ પ્રાપ્ત કરવાની મહાન વાત છે.

તમે કહેશો, 'સાચા વક્તાનું અને સાચા ઉપદેશનું સ્વરૂપ તો સમજાયું પણ ગુરુને તો સર્વસ્વ સમર્પણ કરવું પડશે ને ? કેમ કે અમે ક્યાંક વાચ્યું છે'.

સમર્પણ શાનું કરશો ? તન, મન, ધન તે તો પરપદાર્થો છે. તેમનું સમર્પણ કરવું તો સર્વપરસમર્પણ થયું, સર્વસ્વ સમર્પણ ક્યા થયું ? ઉપરાંત પરપદાર્થોમાં કોઈનું કાંઈ જ ચાલે એમ નથી માટે તેમનું સમર્પણ આપણે આધીન નથી. હે જીવ ! તું તો ચેતન છે, જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાનોપયોગ પૂર્ણરૂપે શાસ્ત્રસ્વાધ્યાયમાં લગાવવું, તત્ત્વનિર્ણય કરવામાં બધી બુદ્ધિ લગાડવી એ જ સર્વસ્વ સમર્પણ કહેવાશે.

સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદષ્ટિનું વર્ણન કરતાં પં. ટોડરમલજી કહે છે, "સાચો ઉપદેશ સાંભળી સાવધાન થઈ આ જીવ વિચાર કરવા લાગે છે કે, 'અહો, મને તો આ વાતની ખબર જ ન હતી, હું ભ્રમથી પ્રાપ્ત પર્યાયમાં જ (મનુષ્યાદિ પર્યાયોને અહીં પર્યાય કહી છે) તન્મય થયો છું. પરંતુ આ પર્યાયની સ્થિતિ ખૂબ જ અલ્પ છે, તેમ જ અહીં મને બધા નિમિત્તો પ્રાપ્ત છે. માટે મારે આ બધી વાતો સરખી સમજી લેવી જોઈએ કારણ તેમાં મારું જ હિત - મારું જ પ્રયોજન ભાસિત થાય છે.' એવો વિચાર કરી જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કરવાનો ઉદ્યમ કર્યો."

નિર્ધારણ કરવાના ત્રણ અંગો છે-તેના ત્રણ પગથિયાં છે-

૧)ઉદ્દેશ અર્થાત્ તેમના નામો જાણવા ૨) લક્ષણનિર્દેશ અર્થાત્ તેમના લક્ષણો જાણવા, અને પછી ૩) વિચાર સહિત પરીક્ષા કરવી - આ તત્ત્વો આવા જ છે કે નહીં તેના પર વિચાર કરવો. જ્યાં સુધી જિનેન્દ્ર ભગવંતોએ જેવા તત્ત્વો કહ્યા છે તેવો જ આપણો નિર્ણય થતો નથી ત્યાં સુધી આ રીતે આપણા વિવેકથી - બુદ્ધિથી વિચાર કરવો. જો કોઈ શંકા હોય તો પોતાના ગુરુને કે અન્ય વિદ્વાનોને પૂછવું કે અન્ય સાધર્મીઓને પૂછવું. વિવેકપૂર્વક એકાંતમાં વિચાર કરવો કે જેવો ઉપદેશ આપ્યો છે, તેમ જ છે કે અન્યથા છે.

અહીં આપણી માન્યતાનું પોષણ કરવાનું નથી પરંતુ જિનદેવોએ કહેલા તત્ત્વોનો અનુમાન દ્વારા વિચાર કરી તેવો જ નિર્ણય થશે તે મુજબ વિચાર કરવાનો છે. ગણિતના પુસ્તકના દાખલા ગણ્યાંબાદ આપણે પુસ્તકને છેવટે આપેલ જવાબો સાથે આપણા જવાબો મેળવી લઈએ અને જો આપણો જવાબ તે જવાબથી મળતો નં હોય તો આપણી ક્યાં ભૂલ થાય છે તે જોઈ સુધારી લઈએ. જો ભૂલ સમજાતી ન હોય કે શોધાતી ન હોય તો શિક્ષકને અથવા આપણા સહાધ્યાયીને પૂછીએ, પણ પોતાની કલ્પના અનુસાર આપણા જવાબ મુજબ પુસ્તકના જવાબમાં સુધારો કરતા નથી. તેમ જ અહીં પણ સમજવું.

દેશનાલબ્ધિ જ્ઞાનની પર્યાય હોઈ ઉપયોગરૂપ જ્ઞાનમાં આ બધી વાતો હોય છે. દેશનાલબ્ધિ દ્વારા જીવ તત્ત્વોનું શ્રવણ કરે છે, તેનું ગ્રહણ કરે અર્થાત્ સમજી લ્યે અને ધારણામાં લ્યે છે અર્થાત્ સરખું યાદ કરે કે મોઢે કરે છે. જો ઉપદેશ ધારણ ન કર્યો તો પાછળથી તેના પર વિચાર કરી તેની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય શી રીતે કરી શકશે ?

જેમ ગાય ઘાસ ખાય છે પછી આરામથી બેસી વાગોળે છે તેમ જ ધારણામાં રાખેલા સિદ્ધાંતોનું સ્મરણ કરી તેના પર વિચાર કરી તેનું ચિંતન, મનન કરવું આવશ્યક છે.

દેશના અર્થાત્ ઉપદેશ સાંભળવા ટાણે જીવે વિવેકપૂર્વક સાંભળવું જોઈએ. તેનું કારણ એમ છે કે જિનાગમનો ઉપદેશ ચાર અનુયોગોમાં વિભાજિત છે. ચારેય અનુયોગોનું તાત્પર્ય વીતરાગતા છે, પરંતુ પ્રત્યેક અનુયોગના કથનપદ્ધતિમાં અને વિષયમાં અંતર છે, ફરક છે. એક

જ પ્રવચનમાં વિશિષ્ટ પ્રયોજન માટે અન્ય અન્ય અનુયોગના કથન કરવામાં આવી શકે છે. ત્યારે તે કથનનો યોગ્ય અર્થ અને તેનું પ્રયોજન આપણને સમજવું આવશ્યક છે. શાસ્ત્રનું પ્રયોજન તો વીતરાગતાનો ઉપદેશ આપવાનું છે, રાગાદિ મટાડવાનું તેમાં પ્રયોજન હોય છે, ક્યાંક રાગાદિ વધારવાનો હેતુ હોતો નથી.

દેશનામાં દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોનું મોટું મહત્વ છે. કારણ તેમાં જીવાદિ પદાર્થોનું યથાર્થ શ્રદ્ધાન થવાની દૃષ્ટિથી વિસ્તારપૂર્વક યુક્તિ, હેતુ, દૃષ્ટાંત આપી નિરૂપણ કરવામાં આવે છે, પ્રમાણ અને નય દ્વારા વસ્તુનું વિવેચન કરાય છે, વસ્તુવ્યવસ્થાનું જ્ઞાન કરાવાય છે. જેમ સ્વ-પર ભેદવિજ્ઞાન થશે તેમ જીવ-અજીવનો નિર્ણય કરાવાય છે, જેનાથી વીતરાગભાવ ઉત્પન્ન થાય તે રીતે આસ્રવાદિકનું સ્વરૂપ કહેવામાં આવે છે, તેમાં જ્ઞાન-વૈરાગ્યને કારણભૂત થનારા આત્માનુભવાદિકોનો મહિમા વર્ણવામાં આવે છે.

પં. ટોડરમલજી કહે છે - "જે જીવો આત્માનુભવનો ઉપાય કરતા નથી અને બાહ્ય ક્રિયાકાંડમાં જ મગ્ન છે તેઓને આત્માનુભવનમાં જોડવા વ્રત-શીલ-સંયમાદિનું હીનપણું પ્રગટ કરવામાં આવે છે-કહેવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે આ બધું છોડી પાપમાં જોડાઈ જવું. શુદ્ધોપયોગ પ્રગટ કરવા શુભોપયોગનો નિષેધ કરે છે. અધ્યાત્મશાસ્ત્રમાં પુણ્ય અને પાપ બેઉ બંધના કારણો હોવાથી તેઓને સમાન કહ્યા છે. પરંતુ પુણ્ય મંદકષાયરૂપ છે અને પાપ તીવ્રકષાયરૂપ છે. માટે પુણ્ય છોડી પાપતરફ પ્રવૃત્ત થવું યોગ્ય નથી." ઉપદેશનું મર્મ તો આપણે સમજી લેવું જોઈએ. ઉપદેશનો ઉંધો અર્થ કરી યથાર્થ ઉપદેશનો નિષેધ કરવો યોગ્ય નથી.

કોઈ લોકોનું એમ કહેવું છે કે દ્રવ્યાનુયોગમાં વ્રત સંયમાદિ વ્યવહારધર્મને હીન કહ્યો છે, સમ્યગ્દૃષ્ટિના વિષયભોગને નિર્જરાનું કારણ કહ્યું છે - એવા વિધાનો સાંભળી જીવો સ્વચ્છંદી બનશે, પુણ્ય છોડી પાપમાં મગ્ન થશે માટે આવા ગ્રંથો વાંચવા-સાંભળવા યોગ્ય નથી.

તમે જ વિચાર કરો, તીવ્ર મિથ્યાત્વી જીવ કલ્યાણકારી અધ્યાત્મગ્રંથોનો ઉપદેશ સાંભળીને પણ સ્વચ્છંદી જ બનશે પરંતુ તે કારણે વિવેકી જીવ અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવાનો તો છોડશે નહીં.

જે યથાર્થ રીતે સાંભળશે તે સ્વચ્છંદી બનશે નહીં. પણ આગળ પાછળના સંદર્ભરહિત કોઈપણ વાત- કોઈપણ વાક્ય વાંચી કે સાંભળી કોઈ જીવ પોતાના મિથ્યા અભિપ્રાયથી સ્વચ્છંદી થાય તો તેમાં ગ્રંથનો તો કોઈ દોષ છે નહીં, તે જીવનો જ દોષ છે.

"જો ખોટા દોષની કલ્પના કરી અધ્યાત્મશાસ્ત્ર વાંચવાનો - સાંભળવાનો નિષેધ કરે તો મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ તો તેમાં જ છે. તેનો નિષેધ કરવાથી મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. સ્વચ્છંદી બનનારો જીવ પહેલાં પણ મિથ્યાત્વી હતો અને હવે અધ્યાત્મશાસ્ત્ર વાંચીને પણ મિથ્યાત્વી જ રહ્યો. પરંતુ જો અધ્યાત્મશાસ્ત્રનો ઉપદેશ જ ન રહે તો અનેક જીવોની મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અભાવ થશે અને તેમાં અનેક જીવોનું ખૂબ જ નુકશાન થશે. આ કારણે અધ્યાત્મશાસ્ત્રના ઉપદેશનો નિષેધ કરવો ન જોઈએ."

આ બધું વિવેચન પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથના 'ઉપદેશનું સ્વરૂપ' નામક આઠમા અધિકારમાં કર્યું છે. તે સંપૂર્ણ પ્રકરણ અર્થાત્ આઠમો અધિકાર શરૂઆતથી અંત સુધી ધ્યાનપૂર્વક વાંચો. તેમાં આપણી અનેક શંકાઓનું નિરસન થાય છે. તે લખે છે -

"કેટલાક જીવો કહે છે કે દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ ઉપદેશ છે, તે ઉત્કૃષ્ટ છે, માટે જેઓને ઉચ્ચ દશા પ્રાપ્ત થઈ છે તેઓને જ તે કાર્યકારી છે, નીચલી દશાવાળા જીવોને વ્રત સંયમાદિનો ઉપદેશ આપવો જ યોગ્ય છે.

તેઓને કહેવામાં આવે છે- જિનાગમમાં એવી પરિપાઠી છે કે પહેલાં સમ્યક્ત્વ થાય અને ત્યારબાદ વ્રતો થાય છે. તે સમ્યક્ત્વ સ્વ-પરનું શ્રદ્ધાન થયાબાદ થાય અને તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે. માટે પ્રથમ દ્રવ્યાનુયોગાનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું, ત્યારબાદ ચરણાનુયોગાનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થવું - આમ મુખ્યરૂપે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે, ગૌણરૂપે જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી એમ દેખાઈ આવે તેને પ્રથમ એકાદ વ્રતનો ઉપદેશ આપવામાં આવે છે. માટે ઉચ્ચ દશાવાળાઓએ અધ્યાત્મનો અભ્યાસ કરવો યોગ્ય છે એમ સમજી નીચલી દશાવાળાઓએ વિમુખ થવું યોગ્ય નથી."

તથા જો એમ કહેશો કે ઉચ્ચ ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાને (અજ્ઞાનીને) ભાસિત થતું નથી.

તેનો જવાબ એવો છે - અન્ય તો અનેક પ્રકારની ચતુરાઈ તેને સમજાય અને અહીં મૂર્ખપણું બતાવે તો એ યોગ્ય નથી. અભ્યાસ કરવાથી સ્વરૂપ સારી રીતે ભાસિત થાય. પોતાની બુદ્ધિપ્રમાણે ઓછું - વત્તું ભાસિત થશે પણ સર્વથા નિરુદ્યમી થવાની પુષ્ટિ કરવી એ તો જિનમાર્ગના દ્વેષી થવા જેવું છે.

તથા જો એમ કહેશો કે આ કાળ નિકૃષ્ટ છે માટે ઉત્કૃષ્ટ એવા અધ્યાત્મ ઉપદેશની મુખ્યતા કરવી નહીં.

તો તેઓને કહેવામાં આવે - આ કાળ સાક્ષાત્ મોક્ષ ન થવાની અપેક્ષાએ નિકૃષ્ટ છે, આત્માનુભવનાદિકો દ્વારા સમ્યક્ત્વાદિ થવાની આ કાળમાં મનાઈ નથી. માટે આત્માનુભવનાદિકો માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો.

આ જ પંચમકાળના કુંદકુંદાચાર્ય મુનિએ મોક્ષપાહુડમાં કહ્યું છે કે આ કાળમાં પણ દ્રવ્યાનુયોગનો ઉપદેશ મુખ્ય જોઈએ."

દ્રવ્યાનુયોગ શાસ્ત્રનો નિષેધ કરવો, જિનવાણીનું અપમાન કરવું, બહાર ફેંકી દેવી, નષ્ટ કરવી, તેમ કરનારની અનુમોદના કરવી, તેઓનો આદર કરવો, એ તો નરક-નિગોદની ટિકિટ પર આપણા હાથે સહી કરવા જેવું છે. ન સમજ્યા ? આપણે બહારગામ જવા માટે પ્રવાસ પહેલાં રેલ્વેના ટિકિટોનું આરક્ષણ કરીએ તે માટે સહી કરી આવેદન પત્ર (ફૉર્મ) ભરી આપવું પડે છે. એનો અર્થ એવો થાય કે આપણે પોતે સ્વેચ્છાથી ત્યાં જવાની તૈયારી કરીએ છીએ.

અહીં પણ એમ જ સમજવું. એવા પરિણામોના ફલસ્વરૂપ જ્ઞાનાવરણી પાપપ્રકૃતિઓનો એવો તીવ્રબંધ થાય કે તેના ફલસ્વરૂપ તેને અનંત કાળ સુધી નિગોદમાં જન્મમરણ કરવું પડે છે.

દેશનાલબ્ધિના વર્ણનમાં આપણે જોયું કે શ્રવણ, ગ્રહણ, ધારણ અને નિર્ધારણ તેના અંગો છે. દિવ્યધ્વનિમાં ચારેય અનુયોગોનું કથન આવે છે માટે ચારેય દેશનારૂપ છે. તેમાં દ્રવ્યાનુયોગમાં કહેલા તત્ત્વોની હેય, જ્ઞેય, ઉપાદેયરૂપે પરીક્ષા કરવી. તેમાં જીવાદિક દ્રવ્યોને અને જીવાદિક

તત્ત્વોને ઓળખવા, સ્વ અને પરને ઓળખવા. ત્યાગવાયોગ્ય એવા મિથ્યાત્વ રાગાદિકોનું અને ગ્રહણ કરવાયોગ્ય એવા સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ ઓળખવું - સમજવું, નિમિત્ત - નૈમિત્તિક જેમ છે તેમ ઓળખવા.

કરણાનુયોગ, ચરણાનુયોગ, પ્રથમાનુયોગનું કથન જાણવું. જ્યાં પરીક્ષા થઈ શકે ત્યાં કરવી, જ્યાં ન થઈ શકે ત્યાં આજ્ઞાનુસાર જાણવું.

પં. ટોડરમલજી લખે છે - "આ પ્રમાણે તે જાણવા માટે કદી પોતે જ વિચાર કરે છે, કદી શાસ્ત્ર વાંચે છે તો ક્યારેક અભ્યાસ કરે છે, ક્યારે પ્રશ્નોત્તર કરે છે ઈત્યાદિરૂપ પ્રવર્તન કરે છે. પોતાનું કાર્ય કરવાનો તેને ખૂબ જ ઉત્સાહ છે માટે અંતરંગ પ્રીતિથી તેનું સાધન કરે છે. આમ સાધના કરતાં કરતાં જ્યાં સુધી ૧) સાચું તત્ત્વશ્રદ્ધાન થતું નથી, ૨) 'આ આવુ જ છે' એવી પ્રતીતિસહિત જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ પોતાને ભાસિત થતું નથી, ૩) જેવી પર્યાયમાં આત્મબુદ્ધિ છે તેવી માત્ર આત્મામાં જ અહંબુદ્ધિ થતી નથી, ૪) હિત અહિતરૂપ પોતાના ભાવોને ઓળખતો નથી - ત્યાં સુધી સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદૃષ્ટિ છે. આવો જીવ થોડા જ કાળમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે. તે જ ભવમાં અથવા આગળના ભવમાં તેને સમ્યક્ત્વ થશે."

તે આગળ લખે છે - "જુઓ તત્ત્વવિચારનો મહિમા ! તત્ત્વવિચારથી રહિત છે એવો જીવ દેવાદિકોની પ્રતીતિ કરે, અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ નહીં થાય અને તત્ત્વવિચાર કરનારો જીવ ઉપર જણાવેલ વાતો ન હોવા છતાં સમ્યક્ત્વનો અધિકારી બને છે."

જીવ તો માત્ર તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણય કરવા લાગે તે દ્વારા જ તેને પ્રાયોગ્યલબ્ધિની પ્રાપ્તિ થાય અને ઉંડા તત્ત્વચિંતનમાં મગ્ન બની જાય છે ત્યારે તેને શુદ્ધાત્મસન્મુખ અવસ્થામાં કરણલબ્ધિની અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ સહજ જ થાય છે. બીજું કાંઈ કરવા ધરવાની વાત જ નથી.

પ્રાયોગ્યલબ્ધિ વિષે ચર્ચા આપણે આગળના પત્રમાં કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# પ્રાયોગ્યલબ્ધિ

પત્રાંક ૮ ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

દેશનાલબ્ધિના પ્રકરણમાં આપણે દેશના અને દેશનાલબ્ધિનું સ્વરૂપ વિસ્તારથી જોયું, દેશનાલબ્ધિના શ્રવણ, ગ્રહણ, ધારણ, નિર્ધારણ આદિ અંગોની ચર્ચા પણ કરી - દ્રવ્યાનુયોગના જે તત્ત્વોને અને સિદ્ધાંતોને આપણને પરીક્ષાપૂર્વક જાણવું છે અને જેનો નિર્ણય કરવો છે તે અતિમહત્વના વિષયોની વિસ્તૃત ચર્ચા આપણે 'જૈનતત્ત્વ પરિચય' તથા 'જિનાગમનું કારણ કાર્ય રહસ્ય' પુસ્તકો દ્વારા કરી છે.

શાસ્ત્રોનું શ્રવણ અને વાચન કર્યાબાદ 'હવે અમને શું કરવાનું છે?' એ પ્રશ્ન લોકોના મનમાં ઉદ્‌ભવે છે તેનું કારણ એવું છે કે જીવ અનાદિકાળથી કાંઈપણ કરવાની ઈચ્છા કરતો રહે તે છે. પણ હું શું કરી શકું અને શું કરી શકતો નથી તેનો નિર્ણય ન હોવાથી વિશિષ્ટ ક્રિયા એટલે ભક્તિ, પૂજા, ધ્યાન, સ્વાધ્યાય જેવી ક્રિયાઓ કરી મારું સમ્યગ્દર્શનરૂપી કાર્ય કેમ થતું નથી એવો વિચાર કરી આ જીવ નિરાશ થાય છે.

પરંતુ તત્ત્વવિચાર દ્વારા તત્ત્વનિર્ણય કરવો એ જ પુરુષાર્થ છે અને જ્યારે જીવ પુરુષાર્થ કરે છે ત્યારે બાકીના સમવાય પણ સહજ જ ઉપસ્થિત હોય છે. કર્મોનું ઉપશમાદિરૂપ નિમિત્ત પણ સહજ જ ઉપસ્થિત થાય છે.

તત્ત્વોનો ઉપદેશ પ્રાપ્ત થવામાં બાહ્ય ગુરુ અર્થાત્ જ્ઞાની નિમિત્તરૂપે હોય છે પરંતુ સ્વતત્ત્વની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવામાં આત્મા જ આત્માનો ગુરુ છે. આત્મા પોતે જ પોતાનું સ્વરૂપ જાણવા ઉત્સુક હોય છે. તેની જિજ્ઞાસા ને રુચિ જ તેની ઉપાદાન શક્તિ છે

જેને કારણે તેને બાહ્ય ઉપદેશક અને ઉપદેશ સહજ પ્રાપ્ત થાય છે. આત્મા પોતે જ તેના પર વારંવાર વિચાર કરવા પ્રવૃત્ત થાય છે. તેની પોતાની યોગ્યતાથી જ બીજી વાતોમાં તેને રસ પડતો નથી, સ્વરૂપ અનુભવનું તેને તીવ્ર ખેંચાણ થાય છે અને તેનો ઉપયોગ પરપદાર્થ અને પર્યાયથી ખસી નિજ ધ્રુવ ત્રિકાલી જ્ઞાયક સ્વભાવ પર કેન્દ્રિત થાય છે. કોઈની શીખામણથી આ બાબતો બની શકતી નથી.

કોઈ ગુરુ મારું ભલું કરશે એવી માન્યતા નિમિત્તાધીન દૃષ્ટિ છે. નિમિત્ત અર્થાત્ ગુરુ તો હોય છે, દેશના પણ હોય છે પણ દેશનાલબ્ધિ તો ઉપાદાનથી પ્રાપ્ત થાય છે. દેશના તો સાચાં દેવ ગુરુ શાસ્ત્રો મારફત જ પ્રાપ્ત થાય છે, કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર કદી પણ દેશનામાં નિમિત્ત બની શકતાં નથી. માટે સાચાં દેવ ગુરુ શાસ્ત્રનો નિર્ણય કરવો આપણું આદ્ય કર્તવ્ય છે. કુદેવાદિકો વડે વિપરીત ઉપદેશ મળે છે, પહેલાંની વિપરીત માન્યતાઓનું પોષણ થાય છે, વિશિષ્ટ ક્રિયા કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય એવો ઉપદેશ સાંભળી જીવની દિશાભૂલ થાય છે.

સમ્યગ્દર્શનરૂપી કાર્યનું કારણ બાહ્ય દેવ ગુરુ શાસ્ત્ર, એકાદ વિશિષ્ટ આચરણ, શારીરિક ક્રિયા વિગેરેને માની આ જીવે 'કારણ વિપરીતતા' કાયમ રાખી, પરંતુ ખરું કારણ તો ઉપાદાનરૂપે પોતાના દ્રવ્યમાં જ વિદ્યમાન છે. સ્વભાવ પર્યાયનું અર્થાત્ શુદ્ધ પર્યાયનું કારણ તો ત્રિકાલ શુદ્ધ સ્વભાવ - પારિણામિક ભાવ છે, તેનો કારણરૂપે સ્વીકાર કરી તેનાથી અભેદ બની જાણતાં રહેવાથી સમ્યગ્દર્શનરૂપી કાર્ય પ્રગટ થાય છે. તે પહેલાં પ્રગટ થનારી પાંચ લબ્ધિ વિષે આપણે ચર્ચા કરીએ છીએ. જીવ તત્ત્વવિચાર અને તત્ત્વચિંતન કરે છે ત્યારે કર્મોની અવસ્થાઓ કેવા પ્રકારની હોય તેની ચર્ચા હવે પ્રયોગ્યલબ્ધિના આ પ્રકરણમાં આપણે કરીશું. પ્રથમ તેનું સ્વરૂપ સમજાવી પછી તેને વિસ્તારથી સમજાવીશ.

**પ્રાયોગ્યલબ્ધિ** - ક્ષયોપશમશબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ અને દેશનાલબ્ધિપૂર્વક જીવની વિશુદ્ધિ હર સમયે વધતી જાય છે, તેને કારણે આયુ સિવાય ઈતર સાત કર્મોની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગર પ્રમાણ

રહે છે. સ્થિતિનું આ ઘટવું સ્થિતિકાંડકઘાત દ્વારા થાય છે. અપ્રશસ્ત કર્મોનો અનુભાગ ઘટી ઘાતિકર્મોમાં લતા અને દારુભાગરૂપ તથા અઘાતિકર્મોમાં નિંબ તથા કાંજીરરૂપ બાકી રહે છે. અપ્રશસ્ત કર્મોના અનુભાગોનું આ ઘટવું અનુભાગકાંડકઘાત દ્વારા થાય છે.

પ્રાયોગ્યલબ્ધિમાં જે નવો કર્મબંધ થાય તેમાં સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ થઈ જાય છે જે ક્રમે ક્રમે ઘટતો જાય છે તેને સ્થિતિબંધાપસરણ કહે છે. હજારો હજારો સ્થિતિબંધાપસરણ થયાબાદ ક્રમશઃ કેટલીક પ્રકૃતિઓનો બંધ થતો થંભી જાય છે, તેને પ્રકૃતિબંધાપસરણ કહે છે.

સ્થિતિબંધ અને પ્રકૃતિબંધ ઘટે છે તે પ્રમાણે અપ્રશસ્ત કર્મોનો ઘટતો જનારો દ્વિસ્થાનગત અનુભાગબંધ થાય પરંતુ પ્રશસ્ત પ્રકૃતિઓનો વધતો જનારો ચતુઃસ્થાનગત અનુભાગબંધ થાય છે, પ્રદેશબંધ પણ અનુત્કૃષ્ટ અને અજઘન્ય થાય છે.

ઉપર જાણાવેલ કાર્ય કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય તેને પ્રાયોગ્ય લબ્ધિ અથવા પ્રાયોગ્યતાલબ્ધિ કહે છે. પહેલાં જોયેલ ત્રાણ લબ્ધિપૂર્વક જીવ તત્ત્વવિચાર કરવા લાગે તે કાળમાં વૃદ્ધિંગત વિશુદ્ધિને કારણે-નિમિત્તથી ઉપર જાણાવેલી કર્મોની અવસ્થાઓ સહજ બને છે. તે માટે જીવને અન્ય કોઈપાણ પુરુષાર્થ કરવો પડતો નથી. જીવે કોઈ વિશિષ્ટ પ્રયોગ કરવાથી પ્રાયોગ્યલબ્ધિ થતી હશે એમ જરાય નથી. આ ચારેય લબ્ધિમાં જીવ બુદ્ધિપૂર્વક એટલું જ કરે છે કે તત્ત્વજિજ્ઞાસાપૂર્વક તત્ત્વશ્રવાણાદિ કરી તત્ત્વવિચાર કરવા લાગે છે.

ઉપર જાણાવેલ વાતો પર હવે વિસ્તારથી ચર્ચા કરીએ, કારણ તેમાં અનેક પારિભાષિક શબ્દો છે. સરળ ભાષામાં કહીએ તો જીવ પ્રાયોગ્યલબ્ધિમાં પ્રવેશ કરે છે ત્યારે તેની સત્તામાં રહેલા પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગર પ્રમાણ રહે છે. તેમ જ નવા કર્મોનો થનારો બંધ પણ અંતઃકોડાકોડી સાગરથી ઓછી સ્થિતિવાળો થાય અને અનેક પ્રકૃતિઓનો બંધ થતો થંભી જાય છે.

સર્વપ્રથમ અંતઃકોડાકોડી સાગર શબ્દનો અર્થ સમજી લઈએ. સાગરનું પ્રમાણ તો તમે જાણો જ છો - દસ કોડાકોડી અધ્દાપલ્યોનો એક અધ્દાસાગર થાય. કોડાકોડીનો અર્થ છે કરોડ ગુણિયા કરોડ, કર્મની સ્થિતિ અદ્ધાસાગરમાં ગણાય છે. અદ્ધાસાગરનું પ્રમાણ ભૂલી ગયા કે શું? ફરીથી સ્થૂલરૂપે જોઈએ.

એક યોજન પહોળો અને એક યોજન ઊંડો એવો એક ખાડો અર્થાત્ પલ્ય ખોદવો - આ બધું કલ્પનામાં જ કરવાનું છે હો ! ત્યારબાદ ઉત્તમ ભોગભૂમિના જન્મેલા સાત દિવસથી ઓછી ઉમરના ઘેટાના વાળના અગ્રભાગથી તે ખાડો ઠસોઠસ ભરવો - તેને રોમખંડ કહે છે. હવે દર સો વર્ષોથી એક રોમખંડ કાઢી નાખવો. જ્યારે ખાડો ખાલી થશે ત્યારે તેટલા સમયાવધિને એક પલ્ય કહે છે, એક પલ્યના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્યાત કરોડ વર્ષ હોય છે. તેને વ્યવહાર પલ્ય કહે છે. એવા અસંખ્યાત વ્યવહાર પલ્યોનો એક ઉદ્ધારપલ્ય થાય છે અને અસંખ્યાત ઉદ્ધારપલ્યોનો એક અદ્ધાપલ્ય થાય છે. આવા દશ કોડાકોડી અદ્ધાપલ્યોનો એક અદ્ધાસાગર બને છે. કોઈ જીવ મિથ્યાત્વનો અતિતીવ્ર પરિણામ કરે છે ત્યારે તે એક સમયમાં ઉત્કૃષ્ટ અર્થાત્ વધુમાં વધુ ૭૦ કોડાકોડી સાગર વર્ષોનો સ્થિતિબંધ કરે છે.

પણ એક વાત સમજી લ્યો કે આવો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનારો જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી. તેમ જ શ્રેણીમાં આરોહણ કરનારા જીવો પ્રમાણે જે જઘન્ય સ્થિતિબંધ કરે છે તેને પણ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી.

પ્રાયોગ્યલબ્ધિ પહેલાં જીવોને આયુસિવાય ઈતર સાત કર્મોની સ્થિતિ અનેક કોડાકોડી સાગરની હોય છે. તે બધાં સાત કર્મોની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગરની રહી જાય છે. અર્થાત્ કરોડ ગુણિયા કરોડ સાગર વર્ષોથી ઓછી થાય છે. કોડાકોડી સાગરો કરતા ઓછી અને કરોડ સાગરો કરતા વધુ સંખ્યાને અંતઃકોડાકોડી સાગર કહે છે. સ્થિતિનું આ ઘટવું સ્થિતિકાંડકઘાત દ્વારા થાય છે.

કાંડક એટલે ખંડ અર્થાત્ ટૂકડો. અનેક નિષેકોના સમૂહને અહીં

કાંડક કહ્યું છે. સમાન સ્થિતિવાળા પરમાણુના સમૂહને નિષેક કહે છે. અક્કેક સમયમાં એક એક નિષેક એમ અનેક કોડાકોડી સાગરોના નિષેક સત્તામાં હોય છે. તેમાં અંતઃકોડાકોડી સાગર જેટલી સ્થિતિના નિષેક છોડી તે ઉપરના બધા નિષેકોના સમૂહને અહીં એક કાંડકરૂપે ગ્રહણ કર્યો છે - કહ્યા છે.

પ્રાયોગ્યલબ્ધિના પ્રારંભમાં એક અંતર્મુહૂર્ત કાળમાં આ કાંડકના બધા પરમાણુ નીચેના શેષ નિષેકોમાં નિક્ષેપિત કરવામાં આવે છે, તેઓનું નિક્ષેપણ કરવામાં આવે છે, એટલે કે તે નીચેના નિષેકોમાં આવીને ભળી જાય છે એને 'સ્થિતિકાંડકઘાત' કહે છે.

જુઓ અહીં કર્મો હજુ સત્તામાં જ પડ્યા છે પરંતુ તત્ત્વવિચારને નિમિત્તે અનેક કોડાકોડી સાગરોની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગર પ્રમાણ બાકી રહી જાય છે. આ કાર્ય આયુકર્મ વ્યતિરિક્ત બીજા સાત કર્મોમાં થાય છે. આનો અર્થ એમ થાય કે પ્રશસ્ત તથા અપ્રશસ્ત બધા કર્મોની સ્થિતિ ઘટે છે. આયુકર્મની જેટલી સ્થિતિ હોય તે તેટલી જ રહે છે.

લબ્ધિસાર ગ્રંથમાં સ્થિતિકાંડકઘાતનું સ્વરૂપ આગળ મુજબ વર્ણવ્યું છે - "સ્થિતિસત્ત્વ અર્થાત્ સત્તામાં રહેલ કર્મોની સ્થિતિ, તેમાંથી એક એક સમય વ્યતીત થતા એક એક નિષેક જ ખરી પડે છે - સ્થિતિસત્ત્વ અક્કેક સમયનો ઘટે છે. પરંતુ દર્શનલબ્ધિ અને ચારિત્રલબ્ધિને નિમિત્તે સ્થિતિકાંડક વિધાન દ્વારા કે અપકૃષ્ટિ વિધાન દ્વારા અર્થાત્ અપકર્ષણ દ્વારા બહુ જ વધુ પ્રમાણમાં સ્થિતિસત્ત્વ ઘટે છે. સ્થિતિકાંડકઘાતનું વિધાન એટલે તેની પ્રક્રિયા આગળ જણાવ્યા મુજબ છે.

અધિક પ્રમાણવાળા સ્થિતિસત્ત્વ હોય છે. તેમાં દર સમયે ઉદયમાં આવવાયોગ્ય અનેક નિષેકો હોય છે અર્થાત્ એક એક સમયમાં એક એક નિષેક એમ નિષેકોની સંખ્યા ઘણી હોય છે. તેમાંથી ઉપરના અનેક નિષેકોનો નાશ કરી સ્થિતિસત્ત્વ ઘટાડવાને સ્થિતિકાંડકઘાત કહે છે. નાશ કરવા જેવા બધા નિષેકોના સમૂહને કાંડક કહે છે. કાંડકમાંના નિષેકોના બધા પરમાણુ બાકીના નિષેકોમાંના આવલીપ્રમાણ ઉપરના નિષેકોને

છોડી અર્થાત્ અતિસ્થાપનાવલી છોડી નીચેના બધા નિષેકોમાં નિક્ષેપણ કરાય છે અર્થાત્ તેઓમાં આવી ભળી જાય છે-તેઓની સ્થિતિ નીચેના નિષેકોસમાન થાય છે.

આ બધા પરમાણુમાંથી થોડા પરમાણુનું પહેલા સમયમાં નિક્ષેપણ કરવામાં આવે છે, કેટલાક દ્વિતીયાદિ સમયમાં-આ પ્રમાણે યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળ સુધી બધા પરમાણુ નીચેના નિષેકોમાં આવી ભળી જાય અને ઉપરના વિશિષ્ટ નિષેકોનો નાશ થાય છે-અભાવ થાય છે. જેટલા નિષેકોનો નાશ થાય તેટલા સમયોની સ્થિતિ ઘટે અર્થાત્ સ્થિતિસત્ત્વ ઘટે છે.

આને દૃષ્ટાંત આપી સમજાવાય છે, જેમ, સ્થિતિસત્ત્વ ૪૮ સમય છે તેના ૪૮ નિષેકો છે અને બધા નિષેકોના પરમાણુ ૨૫૦૦૦ છે. તેમાંના ૮ નિષેકોનો નાશ કરવાનો છે અર્થાત્ ૮ નિષેકોના એક કાંડકનો ઘાત કરવાનો છે, તેમાં ૧૦૦૦ પરમાણુ છે. તે પરમાણુ બાકીના ૪૦ નિષેકોમાંથી ઉપરના બે નિષેકોને છોડી નીચેના ૩૮ નિષેકોમાં આવી મળે છે. તેમાંથી કેટલાક પરમાણુ પહેલા સમયમાં, કેટલાક બીજા સમયમાં, એ મુજબ ચાર સમય સુધી આવી ભળી જાય છે. ચોથા સમયમાં બાકીના બધા પરમાણુને તે ૩૮ નિષેકોમાં ભળી ઉપરના ૮ નિષેકોનો અભાવ થાય છે. આમ ૪૮ નિષેકોનું સ્થિતિસત્ત્વ ઘટી ૪૦ સમય રહે છે. આ તો દૃષ્ટાંત થયો.

દાર્ષ્ટાંતમાં અર્થાત્ વાસ્તવમાં અનેક કોડાકોડી સાગરોના નિષેક કાંડકઘાત દ્વારા નષ્ટ થઈ તેમાંના બધા પરમાણુ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ નીચેના નિષેકોમાં આવી ભળે છે. આમ એક અંતર્મુહૂર્તમાં અનેક કોડાકોડી સાગરોનું સ્થિતિસત્ત્વ ઘટે છે. જે એક આવલીપ્રમાણ નિષેકોમાં આ પરમાણુ આપવામાં આવતા નથી તેઓને અતિસ્થાપનાવલી કહે છે.''

જેમ સ્થિતિકાંડકઘાત દ્વારા કર્મોનું સ્થિતિસત્ત્વ ઘટે છે અને અંતઃકોડાકોડી સાગર પ્રમાણ બાકી રહે છે, તેમ જ અપ્રશસ્ત કર્મોનો અનુભાગ ઘટી અનંતમા ભાગ પ્રમાણ અનુભાગ બાકી રહે છે. આ

કાર્ય અનુભાગકાંડકઘાત દ્વારા પાર પડે છે. પહેલાં સત્તામાં રહેલ અપ્રશસ્ત પ્રકૃતિઓનો જેટલો અનુભાગ હતો તેના અનંત ભાગ કરાતા તેમાંથી બહુભાગવાળા સ્પર્ધકોનો અનુભાગ ઘટી એક ભાગવાળા સ્પર્ધકો સમાન ઓછો અનુભાગ થાય છે. અથવા એને એમ પણ કહી શકાય કે તીવ્ર અનુભાગવાળા અર્થાત્ શૈલ અને અસ્થિવાળા તેમ જ હલાહલ અને વિષવાળા સ્પર્ધકો નષ્ટ થઈ તેમના બધા પરમાણુ મંદ અનુભાગવાળા અર્થાત્ દારુ અને લતાવાળા તેમ જ કાંજીર અને નિંબવાળા સ્પર્ધકોમાં આવી ભળી જાય છે. તીવ્ર અનુભાગવાળા અનેક સ્પર્ધકોનો અર્થાત્ એક અનુભાગકાંડકનો નાશ એક અંતર્મુહૂર્તમાં થાય છે, આને અનુભાગકાંડકઘાત કહે છે. આ પ્રક્રિયા માત્ર અપ્રશસ્ત પ્રકૃતિઓમાં જ થાય છે. પ્રશસ્ત પ્રકૃતિઓમાં તો અનુભાગ અનંત ગુણા વધી ચતુઃસ્થાનગત અર્થાત્ ગુડ, ખાંડ, શર્કરા, અમૃત ભાગરૂપે થાય છે.

પહેલાં બાંધેલા અને સત્તામાં રહેલા આયુસિવાય ઈતર બધા કર્મોની સ્થિતિ આમ ઘટે છે. તેમ જ હવે અહીં જે નવો કર્મબંધ થાય તેનો સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી સાગરોનો જ થાય છે. છતાં સ્થિતિસત્ત્વના સંખ્યાતમા ભાગ જેટલો (સંખ્યાતમો હિસ્સો) ઓછો સ્થિતિબંધ થાય છે. એ સ્થિતિબંધ પણ ક્રમશઃ ઘટતો ઘટતો જાય છે. આને સ્થિતિબંધાપસરણ કહે છે. અપસરણ એટલે ઓછું થવું, ઘટવું.

લબ્ધિસાર ગ્રંથમાં સ્થિતિબંધાપસરણનું વર્ણન આગળ આપ્યા મુજબ છે - ‘‘સ્થિતિબંધ કષાયાનુસાર થાય છે માટે મિથ્યાત્વ અને કષાય હીન થવાથી - મંદ થવાથી સ્થિતિબંધ ઘટે અર્થાત્ નવો બંધ ઓછી સ્થિતિવાળો થાય છે. ઘટાડાને અપસરણ કહે છે, સ્થિતિબંધના ઘટવાને સ્થિતિબંધાપસરણ કહે છે. પ્રાયોગ્યલબ્ધિમાં સ્થિતિબંધ ક્રમશઃ ઘટતો જાય છે. જેટલી સ્થિતિ ઓછી બંધાણી અર્થાત્ સ્થિતિબંધમાં જેટલી ઘટ-ઘટાડો થયો તેટલું તો સ્થિતિબંધાપસરણ થયું અને ઘટાડાબાદ જેટલા પ્રમાણમાં સ્થિતિ બંધાશે તેટલો સ્થિતિબંધ શેષ રહ્યો. જેટલો સ્થિતિબંધ બાકી રહ્યો તેટલો જ સ્થિતિબંધ અંતર્મુહૂર્તકાળ સુધી સમાન

પ્રમાણમાં - તે જ પ્રમાણમાં થતો રહે છે. આને 'સ્થિતિબંધાપસરણ કાલ' કહેવામાં આવે છે. ત્યારબાદ બીજો સ્થિતિબંધાપસરણ થાય છે.

આને દૃષ્ટાંત આપી સમજાવ્યું છે. જેમ કે પહેલાં ૧ લાખ વર્ષોનો સ્થિતિબંધ થતો હતો. તેમાં ૧૦૦૦ વર્ષ પ્રમાણ સ્થિતિબંધાપસરણ થયું. ૯૯૦૦૦ વર્ષ જેટલો સ્થિતિબંધ બાકી રહ્યો. સ્થિતિબંધાપસરણ કાલના પ્રથમ સમયમાં, બીજા સમયમાં .... આમ અંતર્મુહૂર્ત કાલ સુધી એટલો જ સમાન સ્થિતિબંધ થતો રહેશે. ત્યારબાદ ૮૦૦ વર્ષ પ્રમાણ બીજો સ્થિતિબંધાપસરણ થયો, ત્યારે ૯૮૨૦૦ વર્ષ જેટલો સ્થિતિબંધ બાકી રહ્યો. અંતર્મુહૂર્ત કાલ સુધી એટલો જ સમાન સ્થિતિબંધ થતો રહેશે. ત્યારબાદ ત્રીજો સ્થિતિબંધાપસરણ થશે.''

દૃષ્ટાંતમાં ૧૦૦૦ વર્ષ, ૮૦૦ વર્ષ એ કાલ્પનિક પ્રમાણ કહ્યો છે. પ્રત્યક્ષમાં પલ્યના સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધાપસરણ થાય. એ જ રીતે સંખ્યાત(હજારો - કરોડો) વખત સ્થિતિબંધાપસરણ થયા બાદ જ્યારે પૃથક્ત્વ સો સાગર અર્થાત્ ૭૦૦ થી ૮૦૦ સાગર જેવડી ઘટ થાય ત્યારે પહેલીવાર પ્રકૃતિબંધાપસરણ થાય છે. એને પ્રકૃતિબંધાપસરણનું પ્રથમ સ્થાન કહે છે. પૃથક્ત્વનો અર્થ અહીં ૭ થી ૮ જેવો કરવો. અન્યત્ર કેટલેક ઠેકાણે પૃથક્ત્વનો અર્થ ૩ થી ૯ એવો કરાય છે. પૃથક્ત્વ સો સાગરનો અર્થ થાય સાતસો થી આઠસો સાગર વર્ષ.

જેમ સ્થિતિબંધનો ક્રમશઃ ઘટવાને સ્થિતિબંધાપસરણ કહે છે તેમ જ વિશિષ્ટ કર્મપ્રકૃતિઓનો બંધ ક્રમશઃ ઘટવું - તેનો બંધ થવો થંભી જવો - તેને પ્રકૃતિબંધાપસરણ કહે છે.

એક એક સ્થિતિબંધાપસરણ દ્વારા સ્થિતિબંધમાં પલ્યના સંખ્યાતમા ભાગ જેટલી ઘટ થાય છે. એવા સંખ્યાત હજાર સ્થિતિબંધાપસરણ થયા બાદ જ્યારે કુલ ૭૦૦ થી ૮૦૦ સાગર વર્ષો જેટલી ઘટ થાય ત્યારે પ્રકૃતિબંધાપસરણનું એક સ્થાન આવે છે. ત્યારે વિશિષ્ટ પ્રકૃતિનું બંધ થંભે છે. ત્યારબાદ પાછો સંખ્યાત હજાર સ્થિતિબંધાપસરણો દ્વારા જ્યારે સ્થિતિબંધ બીજા ૭૦૦ થી ૮૦૦ સાગર વર્ષો જેટલો ઘટે છે ત્યારે

પ્રકૃતિબંધાપસરણનું બીજું સ્થાન આવે છે. તેમાં બીજી કેટલીક પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે.

એ જ પ્રમાણે સંખ્યાત હજાર સ્થિતિબંધાપસરણ બાદ ત્રીજી વાર પ્રકૃતિબંધાપસરણ થાય. એ જ ક્રમથી પ્રાયોગ્યલબ્ધિમાં પ્રકૃતિબંધાપસરણના કુલ ૩૪ સ્થાનો છે. આ ૩૪ સ્થાનો દ્વારા ૪૬ પ્રકૃતિઓનો બંધ રોકાઈ જાય છે. બંધોના આ રોકાવાને બંધની વ્યુચ્છિત્તિ એમ પણ કહે છે. તોપણ પ્રકૃતિબંધાપસરણ અને બંધની વ્યુચ્છિત્તિ એ બેઉ ભિન્ન બાબતો છે. તે બન્નેમાં જે ફરક છે તેની ચર્ચા આપણે બાદમાં કરીશું.

આ ૩૪ સ્થાનોમાં જે ૪૬ પ્રકૃતિઓનું બંધાપસરણ થાય - બંધ થોભી જાય તેઓના નામો જોઈએ. તેમાં કેટલાક સ્થાનોમાં એક કરતા અધિક પ્રકૃતિઓના નામો છે. અહીં આ પ્રકૃતિઓનો સંયોગરૂપ બંધ થોભે છે એમ સમજવું. જેમ સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્તનો સંયોગરૂપ બંધ થોભે છે પરંતુ સૂક્ષ્મ, સાધારણ, પર્યાપ્ત બંધ થતો રહે છે અથવા બાદર, પ્રત્યેક, દ્વીન્દ્રિયાદિકો સાથે અપર્યાપ્ત કર્મનો બંધ થતો રહે છે. એ પ્રકૃતિઓનો એક સાથે થનારો બંધ થતો અટકે છે. આ પ્રકૃતિઓ યથાસંભવ બીજી પ્રકૃતિઓ સાથે બાદમાં પણ બંધાય છે.

હજુ એક વાત સરખી લક્ષમાં રાખો. અહીં આપણે ૪૬ પ્રકૃતિઓનું બંધાપસરણ થાય એમ કહ્યું છે. ત્યારે એમ સમજવું કે તે અપુનરુક્ત પ્રકૃતિઓ છે. અપુનરુક્તનો અર્થ એમ છે કે સંયોગરૂપે એકાદ પ્રકૃતિનું નામ અનેકવાર આવે તોપણ ગણતરી કરતી વખતે તે પ્રકૃતિને એકવાર જ ગણાય. જેમ, અપર્યાપ્ત નામકર્મનું નામ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયો સાથે અનેકવાર આવ્યું છે. પરંતુ તેને એકવાર જ ગણવું જોઈએ. તેથી વિરુદ્ધ પર્યાપ્ત નામકર્મ સંયોગરૂપે એકેન્દ્રિયોથી અસંજ્ઞી પંચેન્દ્રિય સહિત અનેકવાર આવ્યું છે છતાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત એ બંધ ચાલુ જ રહે છે. તેનો બંધ રોકાતો નથી. તે માટે બંધાપસરણ થનારી ૪૬ પ્રકૃતિઓમાં પર્યાપ્ત નામકર્મ ગણાતું નથી. બાદર નામકર્મની બાબતમાં પણ એમ જ સમજવું.

હવે આપણે તે ૩૪ સ્થાનોને ક્રમશઃ જોઈશું કે જેથી આ વાત તમારા

સમજમાં આવશે - સ્પષ્ટ થશે. અહીં સ્થાનોનો ક્રમાંક અને તે સ્થાન પર બંધાપસરણ થનારી પ્રકૃતિઓનાં નામ લખું છું.

૧) નરકાયુ ૨) તિર્યંચાયુ ૩) મનુષ્યાયુ ૪) દેવાયુ.

ચારેય આયુકર્મોનો બંધ ક્રમશઃ થંભી જાય છે. પ્રથમોપશમ સમ્યક્ત્વ કાલ પૂરો થયા પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય ત્યારે મનુષ્યાયુનો અને દેવાયુનો બંધ પાછો શરૂ થાય છે. બીજી પણ કેટલીક પ્રકૃતિઓનો બંધ પાછો થવા માંડે છે. ૩૩ મા અને ૩૪મા સ્થાન પર કહેલ કુલ ૧૧ પ્રકૃતિઓનો બંધ પણ શરૂ થાય છે. હવે આગળનું સ્થાન જોઈશું.

૫) નરકગતિ અને નરકગત્યાનુપૂર્વી.

ત્યારબાદ અપર્યાપ્ત નામકર્મ સાથે સંયોગરૂપ સ્થાન નીચે પ્રમાણે છેઃ-

૬) સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ.

૭) સૂક્ષ્મ, અપર્યાપ્ત, પ્રત્યેક.

૮) બાદર, અપર્યાપ્ત, સાધારણ.

૯) બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક.

૧૦) દ્વીન્દ્રિય, અપર્યાપ્ત.

૧૧) ત્રીન્દ્રિય, અપર્યાપ્ત.

૧૨) ચતુરિન્દ્રિય, અપર્યાપ્ત.

૧૩) અસંજ્ઞી, પંચેન્દ્રિય, અપર્યાપ્ત.

૧૪) સંજ્ઞી, પંચેન્દ્રિય, અપર્યાપ્ત.

ત્યારબાદ પર્યાપ્ત નામકર્મ સહિત સંયોગરૂપ સ્થાન નીચે જણાવ્યા મુજબ છે-

૧૫) સૂક્ષ્મ, પર્યાપ્ત, સાધારણ.

૧૬) સૂક્ષ્મ, પર્યાપ્ત, પ્રત્યેક.

૧૭) બાદર, પર્યાપ્ત, સાધારણ.

૧૮) બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, એકેન્દ્રિય, સ્થાવર, આતપ.

એકેન્દ્રિય સંબંધી બંધનું આ અંતિમ સ્થાન હોવાથી તેની સાથે જ એકેન્દ્રિય અને સ્થાવર પ્રકૃતિઓનો બંધ પણ થંભી જાય છે. તેમ જ આતપ પ્રકૃતિ માત્ર એકેન્દ્રિય, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક સાથે જ બંધાય છે, બીજી પ્રકૃતિઓ સાથે બંધાતી નથી માટે તે પ્રકૃતિનો બંધ પણ અહીં જ થંભી જાય છે. માટે ૧૮ મું સ્થાન ઉપરોક્ત છ પ્રકૃતિઓના સંયોગરૂપે બંધાપસરણનું સ્થાન છે.

આગળ લખેલ પર્યાપ્ત પ્રકૃતિ સહિતવાળા સ્થાન પણ દ્વીન્દ્રિયોથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી જ છે કારણ સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્તનો બંધ તો ચાલુ જ રહે છે તેનું બંધાપસરણ થતું નથી. હવે આગળના સ્થાનો જોઈએ.

૧૯) દ્વીન્દ્રિય, પર્યાપ્ત.

૨૦) ત્રીન્દ્રિય, પર્યાપ્ત.

૨૧) ચતુરિન્દ્રિય, પર્યાપ્ત.

૨૨) અસંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત.

૨૩) તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, ઉદ્યોત.

૨૪) નીચ ગોત્ર.

જુઓ તિર્યંચગતિ સંબંધી બંધ અહીં થંભી ગયો છે માટે તેની સાથે બંધાનારી ઉદ્યોત પ્રકૃતિનો બંધ પણ અહીં થંભી જાય છે.

આ પ્રકૃતિ તિર્યંચગતિસહ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય, પર્યાપ્ત સાથે જ બંધાય છે.

૨૫) અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુસ્વર, અનાદેય.

૨૬) હુંડક સંસ્થાન, અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન.

આ છઠ્ઠું સંસ્થાન અને છઠ્ઠું સંહનન છે, આ પદ્ધતિથી યાદ રાખવું સહેલું જશે.

૨૭) નપુંસકવેદ.

૨૮) વામન સંસ્થાન, કીલિત સંહનન (પાંચમું સંસ્થાન અને પાંચમું સંહનન).

૨૯) કુબ્જક સંસ્થાન, અર્ધનારાચ સંહનન (ચોથું સંસ્થાન અને ચોથું સંહનન).

૩૦) સ્ત્રીવેદ.

૩૧) સ્વાતિ સંસ્થાન, નારાચ સંહનન (ત્રીજું સંસ્થાન અને ત્રીજું સંહનન).

૩૨) ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, વજ્રનારાચ સંહનન (બીજું સંસ્થાન અને બીજું સંહનન).

૩૩) મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, ઔદારિક, ઔદારિક અંગોપાંગ, વજ્રવૃષભનારાચસંહનન.

અહીં પહેલું સંહનન તો કહ્યું પરંતુ પહેલા સંસ્થાનનો બંધ થંભી જતો નથી. આઠમા ગુણસ્થાન સુધી તેનો બંધ ચાલુ રહે છે તેનું કારણ પૂછો તે પહેલાં જ હું તમને કહી દઉં છું.

સંહનન નામકર્મ તો તિર્યંચગતિ અને મનુષ્યગતિ સાથે જ બંધાય જાય કારણ તિર્યંચોનું અને મનુષ્યનું શરીર ઔદારિક શરીર હોય છે અને તે સંહનનસહિત હોય છે. અહીં એકેન્દ્રિયને છોડી ઈતર બધા તિર્યંચ સમજવા. પરંતુ સંસ્થાન એટલે આકારનો તો ચારેય ગતિસહિત બંધ થાય છે. આઠમા ગુણસ્થાન સુધી દેવ ગતિનો બંધ થાય છે, ત્યારે તેની સાથે સમચતુરસ્ર નામક પહેલું સંસ્થાન નામકર્મ પણ બંધાય છે. હવે છેલ્લું સ્થાન જોઈએ.

૩૪) અસ્થિર, અશુભ, અસાતાવેદનીય, અયશસ્કીર્તિ, અરતિ અને શોક.

ત્યારબાદ ૩૩મા સ્થાનનો બંધ ફરીથી શરૂ થઈ ચોથા ગુણસ્થાનમાં

ચાલુ રહે છે, ચોથા ગુણસ્થાનના અંતમાં થંભી જાય છે તેમ જ ૩૪ મા સ્થાનનો બંધ ફરીથી શરૂ થઈ છઠ્ઠા ગુણસ્થાનના અંત સુધી થતો રહે છે. આમ પ્રાયોગ્યલબ્ધિમાં ૩૪ સ્થાનો દ્વારા ૪૬ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે.

તમે કહેશો, 'ચાલો, બહુ સારી વાત કહી. હવે અમે પ્રાયોગ્યલબ્ધિમાં જ રહીશું, તેથી અમારી આટલી બધી પ્રકૃતિઓનો બંધ થવાનો થોભી જશે અને અમારો સંવર શરૂ થશે. કારણ સાત તત્ત્વોના પ્રકરણમાં અમે શીખ્યા હતાં કે બંધ થવાનું થંભી જાય તે સંવર છે.'

દીકરીઓ, આવી ભૂલ કદાપિ કરશો નહીં. જો પાપપ્રકૃતિઓના બંધ ન થાય પણ પુણ્યપ્રકૃતિઓનો બંધ થાય માટે સંવર થાય એમ માનશો તો જ્યારે પુણ્યપ્રકૃતિઓનો બંધ ન થતા તેને બદલે પાપ પ્રકૃતિઓનો બંધ થાય ત્યારે પુણ્યપ્રકૃતિઓનો પણ સંવર માનવો પડશે. અહીં તો માત્ર અઘાતિકર્મોની કેટલીક પાપપ્રકૃતિઓનો બંધ ફક્ત એક અંતર્મુહૂર્ત માટે થોભ્યો છે. ઉપરાંત આ પ્રમાણેના પ્રાયોગ્યલબ્ધિના પરિણામ અને પ્રકૃતિબંધાપસરણના ૩૪ સ્થાન તો અભવ્યોને પણ હોઈ થકે છે. તો શું તમે એમ માનશો કે અભવ્યોને પણ સંવર થાય છે? ઘાતિકર્મો તો બધા જ પાપરૂપ છે, તેઓનો નિરંતર બંધ થતો જ રહે છે.

સૌથી મોટું પાપ અને પાપકર્મ તો મિથ્યાત્વ છે. તેનો બંધ અને ઉદય પણ અહીં ચાલુ જ છે. કરણલબ્ધિના આખરી સમય સુધી મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયો ઈત્યાદિનો બંધ ચાલુ રહે છે. પ્રથમોપશમ સમ્યક્ત્વના પહેલા સમયથી તેઓનો બંધ તેમ જ ઉદય બન્ને મટી જાય છે. જીવ શુદ્ધોપયોગરૂપે ભાવસંવર કરે ત્યારે કર્મોમાં મિથ્યાત્વાદિ ૧૬ અને અનંતાનુબંધી આદિ ૨૫ એમ કુલ ૪૧ પ્રકૃતિઓનો દ્રવ્યસંવર આપોઆપ થાય. કર્મની કોઈપણ અવસ્થા જીવ કરી જ શકતો નથી. જીવ કેવળ પુરુષાર્થ કરે છે.

પુરુષાર્થ પર્યાય છે તેથી તે સ્વદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં થાય છે, દ્રવ્યની બહાર થતી નથી, પરદ્રવ્યમાં તો થતી જ નથી. માટે જીવનો પુરુષાર્થ જીવમાં જ થાય છે. શરીરમાં કે કર્મમાં થતો નથી.

એક વાત બરાબર ધ્યાનમાં રાખો કે આ પહેલી ચાર લબ્ધિમાં થનારા શુભ અને શુભતર વિશુદ્ધ પરિણામો દ્વારા મોક્ષમાર્ગમાં થાય એવો સંવર થતો નથી.

બીજી વાત, શું તમે પ્રાયોગ્યલબ્ધિમાં જ રહેવા ઈચ્છો છો ? કે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવા ઈચ્છો છો ? આટલાથી સંતુષ્ટ થઈ થોડું ઘણું પુણ્ય બાંધી તેનું ફળ કેટલા સમય સુધી ભોગશો? પુણ્ય અને તેના ફળની વાંછા તેમાં તો મિથ્યાત્વ પુષ્ટ થતો રહે છે, તેનો કદી વિચાર કરશો ? બીજી એક વાત, આ ચાર લબ્ધિનો પ્રત્યેકનો કાળ તેમ જ ચારેયનો મળી કાળ એક અંતર્મુહૂર્ત હોય છે, વધુ નહીં.

કોઈ કહેશે કે અમે અનેક વર્ષોથી સ્વાધ્યાય કરતા આવ્યા છીએ માટે આટલા વર્ષોથી અમારી પ્રાયોગ્યલબ્ધિ ચાલુ છે, તો એવું નથી.

જે ભવમાં સંજ્ઞી પંચેન્દ્રિયપણું મળ્યું તે સંપૂર્ણ ભવ-આખો ભવ ક્ષયોપશમલબ્ધિ નથી, પરંતુ સમ્યક્ત્વની ઉત્પત્તિ થવા યોગ્ય પ્રક્રિયા જ્યારે જ્યારે થશે, ત્યારે ત્યારે ક્ષયોપશમાદિ પાંચ લબ્ધિ થશે અને તે જ પ્રક્રિયા વડે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની યોગ્યતા ઉત્પન્ન થશે. યોગ્યતા ઉત્પન્ન થઈ માટે સમ્યક્ત્વ થશે જ એમ નથી, પરંતુ જ્યારે સમ્યક્ત્વ થાય ત્યારે તેના પૂર્વે આ લબ્ધિરૂપ યોગ્યતાની પ્રાપ્તિ અવશ્ય થાય જ છે.

હવે આપણે પ્રકૃતિબંધાપસરણ અને બંધની વ્યુચ્છિત્તિ એ બેમાં શું અંતર છે - શું ફરક છે તે જોઈએ. તેથી બંધાપસરણમાં સંવર થવાનો તમારો ભ્રમ પણ દૂર થશે.

પ્રકૃતિબંધાપસરણનું સ્વરૂપ આપણે વિસ્તારથી જોયું. વિશિષ્ટ ગુણસ્થાનમાં વિશિષ્ટ પ્રકૃતિઓનાં બંધની વ્યુચ્છિત્તિ થાય એમ જ્યારે કહેવાય છે, ત્યારે એમ સમજવું કે તે પ્રકૃતિઓનું બંધ તે ગુણસ્થાનના અંતિમ સમય સુધી થાય, તે ગુણસ્થાન પછીના ઉપરના કોઈપણ ગુણસ્થાનમાં તેનો બંધ જોવા મળતો નથી. જેમ કે મિથ્યાત્વ પ્રકૃતિના બંધની વ્યુચ્છિત્તિ પહેલા ગુણસ્થાનમાં થાય તેનો અર્થ કે મિથ્યાત્વ પ્રકૃતિ પહેલા ગુણસ્થાનમાં બંધાય છે, બીજા કે ઉપરના કોઈપણ ગુણસ્થાનમાં તે બંધાતી નથી. તેમ જ પહેલા

ગુણસ્થાનમાં કુલ ૧૬ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય છે.

તેમ જ અનંતાનુબંધી આદિ ૨૫ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ બીજા ગુણસ્થાનમાં થાય-એનો અર્થ કે તે પ્રકૃતિ બીજા ગુણસ્થાનના અંતિમ સમય સુધી બંધાય છે. અર્થાત્ પહેલા અને બીજા ગુણસ્થાનમાં બંધાય છે, ઉપરના કોઈપણ ગુણસ્થાનમાં બંધાતી નથી. આમ દરેક ગુણસ્થાનની બંધ વ્યુચ્છિત્તિ નિશ્ચિત છે. એની ચર્ચા આપણે ભવિષ્યમાં કરીશું, હમણા તો આપણે તે બેમાં અંતર જોઈએ છીએ.

પ્રકૃતિબંધાપસરણ તો પ્રાયોગ્યલબ્ધિથી ઉપશમ સમ્યક્ત્વના કાળ સુધી થાય છે. તેમાં માત્ર અઘાતિકર્મોની થોડીક પાપપ્રકૃતિઓનો બંધ અંતર્મુહૂર્ત સુધી થંભી જાય છે. જ્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તેને સંવર કહી શકાય નહીં. કારણ પ્રાયોગ્યલબ્ધિમાં તો હજુ મિથ્યાત્વ ગુણસ્થાન જ ચાલુ છે.

જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી જ્યારે ઉપરના ગુણસ્થાનોમાં જાય છે ત્યારે જ પહેલાના ગુણસ્થાનોમાં થનારા બંધની વ્યુચ્છિત્તિ થઈ એમ કહી શકાય. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જ જીવ ચોથા ગુણસ્થાનમાં જાય ત્યારે મિથ્યાત્વાદિ ૧૬ અને અનંતાનુબંધી આદિ ૨૫ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય. આને ૪૧ પ્રકૃતિઓનો સંવર કહી શકાય.

બંધાપસરણ તો માત્ર અંતર્મુહૂર્ત માટે જ થાય પરંતુ બંધની વ્યુચ્છિત્તિ તો જ્યાં સુધી જીવ ઉપરના ગુણસ્થાનમાં છે ત્યાં સુધી નીચેના ગુણસ્થાન વિષેની બંધની વ્યુચ્છિત્તિ કાયમ રહે છે. પ્રકૃતિબંધાપસરણ તો ભવ્ય અને અભવ્ય બન્નેમાં થાય પણ બંધની વ્યુચ્છિત્તિ તો માત્ર ભવ્યોમાં જ અને તે પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થયાબાદ જ થાય છે.

અહીં આપણે પ્રાયોગ્યલબ્ધિનું સ્વરૂપ જોઈએ છીએ. જીવના પરિણામ હર સમયે અધિકાધિક વિશુદ્ધ થતા જાય છે, તેના નિમિત્તે કર્મની સત્તા, બંધ અને ઉદય એ બધામાં પરિવર્તન થતા હોય છે. સત્તામાં પડેલા કર્મોના સ્થિતિ અને અનુભાગ સ્થિતિકાંડકઘાત દ્વારા અને અનુભાગકાંડકઘાત દ્વારા ઘટે છે. નવો બંધ થાય તેમાં પણ સ્થિતિબંધ સ્થિતિબંધાપસરણ દ્વારા

અને વિશિષ્ટ પ્રકૃતિઓનો બંધ પ્રકૃતિબંધાપસરણ દ્વારા ઘટતો જાય. આપણે બંધના ચાર પ્રકાર જોયા હતાં - પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ.

અહીં પ્રદેશબંધ પણ અનુત્કૃષ્ટ અને અજઘન્ય થાય છે. પ્રદેશબંધનો અર્થ છે એક સમયમાં જેટલા કર્મપરમાણુ બંધાય તેની સંખ્યા. સૌથી ઓછી સંખ્યાને જઘન્ય પ્રદેશબંધ કહે છે, અને સૌથી વધુ સંખ્યાને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કહે છે. તે બેઉની વચલી સંખ્યામાંથી ઉત્કૃષ્ટ તરફની સંખ્યાને અનુત્કૃષ્ટ અને જઘન્ય તરફની સંખ્યાને અજઘન્ય કહે છે.

અનુભાગબંધના થોડા વૈશિષ્ટયો છે. તેમાં ફક્ત ઘટવું નથી. અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગબંધ દ્વિસ્થાનગત થાય છે, તેમાં પણ હર સમયે અનુભાગ અનંતગુણા ઘટનારો એવો બંધાય છે અર્થાત્ પાપપ્રકૃતિઓનો અનુભાગ ઘણો જ ઘટતો ઘટતો બંધાય છે. પરંતુ પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ તેથી ઉલટો અર્થાત્ ચતુઃસ્થાનગત અને તે પણ હર સમયમાં અનંતગુણો વધતો એવો બંધાય છે.

હવે ઉદયમાં આવનારા કર્મોમાં કયા પરિવર્તન થાય તે જોઈએ. જે કર્મનો ઉદય હોય તે કર્મનો જીવ ભોક્તા હોય છે. ઉદય તો એક સમયમાં એક જ નિષેકનો થાય છે. માટે સ્થિતિના ઉદયમાં વર્તમાન એક સમયની સ્થિતિવાળો એક નિષેક જ ઉદયમાં આવે છે. અનુભાગઉદયમાં અપ્રશસ્ત કર્મોનો દ્વિસ્થાનગત અને પ્રશસ્ત કર્મોનો ચતુઃસ્થાનગત અનુભાગઉદય થાય છે - જીવ તેઓનો ભોક્તા હોય છે. જુઓ તો ખરા પૂર્વબદ્ધ તીવ્ર પાપકર્મનું ફળ મંદ થઈ ઉદયમાં આવે છે અને પૂર્વબદ્ધ પુણ્યકર્મનું ફળ વધુ પ્રમાણમાં ઉદયમાં આવે છે. પ્રદેશઉદય પણ અજઘન્ય અને અનુત્કૃષ્ટ થાય છે. જે પ્રકૃતિ ઉદયરૂપ છે તેઓની જ ઉદીરણા થાય છે.

આ પ્રમાણે પ્રાયોગ્યલબ્ધિમાં કર્મોમાં થનારા પરિવર્તનોની આપણે ચર્ચા કરી. બાકી ચર્ચા આગળના પત્રમાં કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# કરણલબ્ધિ - અધ:પ્રવૃત્તકરણ

પત્રાંક ૯ ૧૨ ઓક્ટોબર ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પ્રથમોપશમ સમ્યક્ત્વપૂર્વે થનારી પાંચ લબ્ધિનું સ્વરૂપ આપણે જોઈએ છીએ. તેમાંથી ચાર લબ્ધિની ચર્ચા આપણે કરી છે. આપણે એ પણ જોયું કે ભવ્ય અને અભવ્ય એ બેઉ પ્રકારના જીવોને પ્રાયોગ્યલબ્ધિ સુધી ચાર લબ્ધિ પ્રાપ્ત હોઈ શકે છે. પરંતુ પાંચમી કરણલબ્ધિ માત્ર ભવ્ય જીવોને જ પ્રાપ્ત થાય છે, અભવ્ય જીવ તો કરણલબ્ધિ પ્રાપ્ત કરી જ શકતા નથી.

ભવ્ય જીવોમાંથી કેટલાક જીવો કરણલબ્ધિ પ્રાપ્ત કરશે અથવા કેટલાક તો પ્રાપ્ત પણ નહીં કરે. તેઓમાં પાત્રતા હોવા છતાં ઉપાદાનગત યોગ્યતાનુસાર, પુરુષાર્થાનુસાર, ભવિતવ્યતાનુસાર અને કાલલબ્ધિ અનુસાર જે જીવો અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર હશે તે જ જીવો કરણલબ્ધિમાં પ્રવેશ કરશે અર્થાત્ તેઓને કરણલબ્ધિ પ્રાપ્ત થશે. તે સમયે નિમિત્તરૂપે કર્મોનો ઉપશમ પોતાના ઉપાદાન યોગ્યતાથી સ્વયમેવ થશે.

શાસ્ત્રમાં કાલલબ્ધિની અપેક્ષાએ - તેની મુખ્યતાથી કથન કરાય છે, ત્યારે કહેવામાં આવે છે કે જેની કાલલબ્ધિ આવી તેને જ સમ્યક્ત્વ પ્રગટ થશે. કથન કોઈપણ એક સમવાયની અપેક્ષાએ કરાયું હોય છતાં ત્યાં પાંચેય સમવાયોનો સુમેળ હોય છે. ઉપદેશમાં પુરુષાર્થ કરવાની પ્રેરણા અપાતા પુરુષાર્થની મુખ્યતાથી કથન કરાય છે કે જે જીવ મોક્ષનો પુરુષાર્થ કરશે - મોક્ષનો ઉપાય કરે તેના પાંચેય સમવાય ઉપસ્થિત રહે છે અને તેનો મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે.

જુઓ હોં ! અહીં સમ્યક્ત્વનો પુરુષાર્થ ન કહેતાં મોક્ષનો પુરુષાર્થ કહ્યો છે. તત્ત્વનિર્ણય કરી સ્વ અને પરનું ભેદવિજ્ઞાન કરી , અખંડ અભેદ ત્રિકાલી ધ્રુવ નિજ શુદ્ધાત્માને નિજરૂપે જાણતાં રહેવું - તે જ પુરુષાર્થ છે. આ ભેદવિજ્ઞાન દ્વારા જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે દ્વારા

જ ઉપરના ગુણસ્થાનો પ્રગટ થાય છે અને કેવલજ્ઞાન પણ તેના દ્વારા જ પ્રગટ થાય છે.

મોક્ષમાર્ગ પ્રગટ થવાની એ જ વિધિ છે માટે 'કેવલી ભગવંતોએ અમારું સમ્યક્ત્વ જ્યારે થવાનું હોય તે જાણ્યું છે ત્યારે જ તે થશે, તો પછી અમને પુરુષાર્થ કરવાનો ઉપદેશ શા માટે આપો છો ?' અથવા 'કેવલી ભગવંતોએ અમારી ભવિષ્યની પર્યાયો જેમ થવાની હોય તેમ જ જાણી છે, માટે તે તેમ જ થશે, તો પછી અમારો પુરુષાર્થ તે શું રહ્યો ? અમે તો પરાધીન થયા' ઈત્યાદિ પ્રશ્ન અને માન્યતાઓ ખોટી છે એ વાત તમારા ખ્યાલમાં આવી હશે.

તમે આ વાત વિષે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે ભવ્ય જીવો પ્રમાણે અભવ્ય જીવોને પણ પ્રાયોગ્યલબ્ધિ થઈ શકે છે અને તેઓના કર્મોમાં પણ સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત, સ્થિતિબંધાપસરણ, પ્રકૃતિબંધાપસરણ વિગેરે બાબતો થાય છે.

દીકરીઓ, શુભભાવો તો ભવ્ય અભવ્ય બન્નેને થતા હોય છે, તેમના નિમિત્તે પ્રશસ્ત કર્મોનો બંધ થાય છે. પરંતુ ભવ્ય જીવો પણ જો પ્રાયોગ્યલબ્ધિ સુધી આવી સ્વભાવ સન્મુખતાનો, તત્ત્વનિર્ણયનો અને તદનુસાર પરિણમવાનો પુરુષાર્થ ન કરે એટલે કે જો તેઓને કરણલબ્ધિની પ્રાપ્તિ નહીં થાય તો તેઓને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ નહીં થાય.

જે કરણલબ્ધિનું નામ તમે અનેકવાર સાંભળ્યું છે અને જે પ્રાપ્ત થવાથી નિયમથી સમ્યક્ત્વ થાય જ છે, તેમ જ જો તે પ્રાપ્ત નહીં થાય તો સમ્યક્ત્વ થઈ જ શકતું નથી, તેનું સ્વરૂપ જાણવા માટે તમે ખૂબ જ ઉત્સુક છો તે હું જાણું છું. હવે તેની ચર્ચા કરીએ.

'કરણ' પરિણામોને કહે છે. પૂર્વોક્ત ચાર લબ્ધિપૂર્વક જીવોના પરિણામોની વિશુદ્ધિ હર સમયે વૃદ્ધિંગત થતી હોય છે. કરણલબ્ધિમાં પ્રવેશ કરનારા ચારેય ગતિના અને ત્રિકાલવર્તી બધા જીવોના પરિણામની તુલના કરતા તેમાં ત્રણ પ્રકાર જોવા મળે છે. જુઓ, કેવલી ભગવાન તો બધાં દ્રવ્ય ગુણ પર્યાયોને જાણે છે. અનંત જીવોના અનાદિઅનંત કાળના હર સમયના પરિણામ તે યુગપત્ - એક જ સમયે જાણે છે.

પૂર્વે જે જીવોએ કરણલબ્ધિના પરિણામ કર્યા હતાં, વર્તમાન કાળમાં જે કરી રહ્યા છે અને ભવિષ્યમાં જે કરશે તે બધા જીવોન

પરિણામ કેવલી ભગવાન એક સમયમાં - યુગપત્ જાણે છે. પ્રત્યેક જીવના પરિણામોની વિશુદ્ધિ હર સમયે અનંતગુણા વધતી રહે છે. પરંતુ ભિન્ન ભિન્ન જીવોના પરિણામોમાં રહેલી સમાનતા કે અસમાનતાની અપેક્ષાએ તે પરિણામના ત્રણ ભેદ કરવામાં આવે છે. તે પરિણામોના એટલે કે ત્રણ કરણના નામો આ પ્રમાણે છે -

૧) અધઃપ્રવૃત્તકરણ ૨)અપૂર્વકરણ ૩)અનિવૃત્તિકરણ.

આમ ચાર લબ્ધિપૂર્વક જીવનો ઉપયોગ નિજશુદ્ધાત્માં તરફ લાગે છે તે સમયે ક્રમશઃ અધઃપ્રવૃત્તકરણ એટલે અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ પરિણામ થાય છે. આને કરણલબ્ધિ કહે છે.

કરણલબ્ધિનો કાળ એક અંતર્મુહૂર્ત હોય છે, ત્રણે કરણોનો કાળ પણ પોતપોતાનો એક એક અંતર્મુહૂર્ત હોય છે. છતાં અનિવૃત્તિકરણનો કાળ સૌથી અલ્પ છે, અપૂર્વકરણનો કાળ તે કરતા સંખ્યાતગુણો મોટો છે અને અધઃકરણનો કાળ તે કરતા પણ સંખ્યાતગુણો મોટો છે.

સૌપ્રથમ ત્રણે કરણનું સ્વરૂપ અને વિશેષતા જોઈ ત્યારબાદ તેના પર સવિસ્તાર ચર્ચા કરીશું.

**અધઃપ્રવૃત્તકરણઃ-** અધઃપ્રવૃત્તકરણ શરૂ કરી જેને અધિક સમયો વીતી ગયા છે એવા ઉપરના સમયવર્તી કેટલાક જીવોના પરિણામ અને અધઃપ્રવૃત્તકરણ શરૂ કરી થોડો જ કાળ થયો છે એવા નીચલા સમયવર્તી કેટલાક જીવોના પરિણામ - એ બેમાં સંખ્યા અને વિશુદ્ધિની સમાનતા હોઈ શકે છે. તેને અનુકૃષ્ટિ રચના કહેવામાં આવે છે.

અહીં ચાર આવશ્યક થાય છે. નિયમથી થનારા બાબતોને આવશ્યક કહે છે. તે આમ છે-

૧) વિશુદ્ધિ હર સમયમાં અનંતગુણી વધે છે.

૨) સ્થિતિબંધાપસરણ થાય છે.

૩) પ્રશસ્ત પ્રકૃતિઓમાં હર સમયમાં અનંતગુણો વધતો એવો ચતુઃસ્થાનગત અનુભાગ બંધ થાય છે.

૪) અપ્રશસ્ત પ્રકૃતિઓમાં હર સમયમાં અનંતગુણો ઘટતો એવો દ્વિસ્થાનગત અનુભાગબંધ થાય છે.

અલગ અલગ જીવોના વિશુદ્ધિના પરિણામ જુદાં જુદાં હોય છે. ત્રણે કાળના અનંત જીવોના કરણલબ્ધિના પરિણામ જિનેન્દ્ર ભગવંતોએ પ્રત્યક્ષ જાણ્યાં છે અને કહ્યા છે, જે અસંખ્યાત લોકપ્રમાણ છે. લોકાકાશમાં જેટલા અસંખ્યાત પ્રદેશો છે તે સંખ્યાને એક લોક કહે છે. તેને ચિહ્ન દ્વારા એટલે સહનાની દ્વારા બતાવવાનું થાય તો '≡'એમ બતાવાય છે. એવા ૧ લોક, ૨ લોક, ૩ લોક.... કરોડ લોક, ....... અસંખ્યાત લોક બતાવવા માટે '≡∂' એવું ચિહ્ન લખે છે.

અમારા સવારના સ્વાધ્યાયમાં હાલ પં. ટોડરમલજી લિખિત 'અર્થસંદષ્ટિ અધિકાર' ચાલે છે. પલ્ય, અસંખ્યાત, અનંત વિગેરે મોટી મોટી સંખ્યા ચિહ્નો દ્વારા - સંદષ્ટિ દ્વારા બતાવી તેના પર દાખલા આપ્યા છે. તેમાંનું આ ચિહ્ન તમને બતાવું છું.

હવે અપૂર્વકરણનું સ્વરૂપ અને તેની વિશેષતા જોઈએ:

**અપૂર્વકરણઃ-** અહીં દર સમયે વિશુદ્ધિના પરિણામ અપૂર્વ અપૂર્વ થાય છે. નીચલા અને ઉપરના સમયના પરિણામ કદી પણ સમાન થઈ શકતા નથી. અર્થાત્ અહીં અનુકૃષ્ટિ રચના થતી નથી. અધઃપ્રવૃત્તકરણમાં થનારા ચાર આવશ્યકો સાથે અહીં ચાર વધુ આવશ્યક થાય છે તે આ પ્રમાણે - ૧) ગુણશ્રેણી ૨) ગુણસંક્રમણ ૩) સ્થિતિકાંડકઘાત ૪) અનુભાગકાંડકઘાત.

અધઃપ્રવૃત્તકરણના પરિણામો કરતા પણ અહીંના પરિણામો અસંખ્યાત લોક ગુણા થાય છે તેને સંદષ્ટિ દ્વારા આ પ્રમાણે લખે છે '≡∂≡∂'.

ઉપર જણાવેલ બધાં આવશ્યકોનું સવિસ્તાર વર્ણન આપણે પાછળથી જોઈશું. તે પહેલાં અનિવૃત્તિકરણનું સ્વરૂપ જોઈએ.

**અનિવૃત્તિકરણઃ-**નિવૃત્તિ = પરિણામોમાં ભેદ કે અસમાનતા.

અનિવૃત્તિ = ત્રિકાલવર્તી નાના જીવોના પરિણામોમાં સમાનતા.

અહીં પ્રત્યેક સમયના પરિણામ અનંતગુણા વિશુદ્ધ થતા રહે છે, છતાં બધા અનંત જીવોના એક એક સમયના પરિણામ સમાન જ હોય છે. અહીં પણ આયુસિવાય બાકીના સાત કર્મોમાં ગુણશ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિકાંડકઘાત અને અનુભાગકાંડકઘાત થાય છે.

અનિવૃત્તિકરણનો સંખ્યાત બહુભાગ વ્યતીત થયાબાદ દર્શનમોહનીય કર્મમાં 'અંતરકરણ' અને 'ઉપશમકરણ' થાય છે.

હવે આ ત્રાણે કરણનું સ્વરૂપ વિસ્તારથી જોઈએ. તેમાંના અનેક નવા શબ્દો વાંચી ગભરાઈ જવાનું કારણ નથી. વારંવાર સાંભળવાથી કે વાંચવાથી આપણે કોઈપણ વિષયથી પરિચિત થતા હોઈએ છીએ. મોના, તે જ તો કહ્યું હતું કે તું દરરોજ રિયાને છ દ્રવ્ય, સાત તત્ત્વ, ઈન્દ્રિયો, પાપ, કષાય, ઈત્યાદિના નામ શીખવે છે. પાંચ વર્ષની રિયા જ્યારે કષાયોના નામો કહેતા ક્રોધ, માન, એમ કહી થોડી અટકી ત્યારે પોણા બે વર્ષનો સોહમ્ તેની કાલી ભાષામાં તરત જ બોલ્યો 'માયા, લોભ'. ત્યારે મોના તું પોતે જ નવાઈ પામી હતી અને હવે તું દરરોજ બેઉ છોકરાઓને શીખવે છે એ બહુ સારી વાત છે.

નાના બાળકોની આકલનશક્તિ અને નિરીક્ષણ શક્તિ તીવ્ર હોય છે, મોટાઓનું અનુસરણ કરવાની વૃત્તિ તેઓમાં જોવા મળે છે. રીના, સાત અને પાંચ વર્ષના તારા રોહિત અને રોહન તારી પાસેથી સ્વાધ્યાયની વાતો તો શીખે છે જ, તેની સાથે કુદેવોને ન માનવા, અભક્ષ્ય ભક્ષણ ન કરવું, બાજારના કેક વગેરે ચીજો ન ખાવી તે વિષે તેઓ ચોક્કસ છે. કોઈને ઘરે એકાદ નવી વાનગી ખાવાનો પ્રસંગ આવે તો પહેલાં પૂછે છે, 'મમ્મી, તું આ ખાઈ શકે છે? જો તમારી હાં હોય તો જ અમે ખાઈશું.'

બાળકો ઉપર સુયોગ્ય સંસ્કાર પાડવા તે જ એમના હિતની વાત છે, તે જ તેમના માટે ઉત્તમ સંપત્તિ છે. આ બધા બાળકો પ્રશંસાને પાત્ર છે જ, તમે બન્ને પણ સુયોગ્ય માતાનું કર્તવ્ય પાર પાડો છો, એ વાતનો મને સંતોષ છે. હવે પોતાના બાળકો જોડે ઓળખીતા અને સગાવહાલાંઓના બાળકોને પણ જરૂર શીખવો. તે પણ સ્વાધ્યાયનું અંગ છે. અમને કશું આવડતું નથી તેવો વિચાર પણ મનમાં લાવવો નહીં.

મને પણ ક્યાં વધું જ્ઞાન છે? મારી અલ્પ બુદ્ધિમાં જે કાંઈપણ આવ્યું છે તેને શાસ્ત્રાનુસાર લખવાનો વિકલ્પ મને આવે છે, અને તેમાં મારું જ ઉંડાણપૂર્વક ચિંતન થાય છે. શક્યતા છે કે આ નિમિત્તે તમારી રુચિ જાગૃત થઈ તમને મૂળ ગ્રંથ વાંચવાની પ્રેરણા મળે અને ગ્રંથોનો અર્થ જાણવાનું તમને સહેલું થાય.

તમારો પ્રશ્ન હતો, 'તું તો શુદ્ધોપયોગની વાત જ કરતી નથી માત્ર કરણપરિણામોના ફલસ્વરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય એમ વારંવાર કહે છે, એમ કેમ?'

સારો પ્રશ્ન છે, અહીં આપણે કરણાનુયોગ દ્વારા પરિણામોનું અને કર્મોનું સૂક્ષ્મ વર્ણન જોઈએ છીએ. પ્રત્યેક અનુયોગની ભાષા અર્થાત્ વર્ણન કરવાની રીત અલગ અલગ છે. મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથમાં પં. ટોડરમલજી એ વિષે લખે છે -

"ચરણાનુયોગમાં બાહ્ય ક્રિયાની મુખ્યતાએ સમજાવાય છે, દ્રવ્યાનુયોગમાં આત્મપરિણામોની મુખ્યતાથી વર્ણન કરાય છે અને કરણાનુયોગમાં સૂક્ષ્મ વર્ણન કરાય છે. દ્રવ્યાનુયોગમાં સ્થૂલ નિરૂપણ હોય છે. દ્રવ્યાનુયોગમાં ઉપયોગના ત્રણ ભેદ જણાવ્યા છે - શુભોપયોગ, અશુભોપયોગ અને શુદ્ધોપયોગ. છદ્મસ્થ જીવોને બુદ્ધિગોચર અર્થાત્ જ્ઞાનમાં આવવાયોગ્ય પરિણામોની અપેક્ષાએ તે કથન કરાય છે. તેમાં ધર્માનુરાગરૂપ પરિણામ શુભોપયોગ છે, પાપાનુરાગરૂપ અને દ્વેષરૂપ પરિણામ અશુભોપયોગ છે અને રાગદ્વેષરહિત પરિણામ શુદ્ધોપયોગ છે - એમ કહ્યું છે.

કરણાનુયોગમાં કષાયશક્તિની અપેક્ષાએ ગુણસ્થાનમાં સંક્લેશ કે વિશુદ્ધ પરિણામોની અપેક્ષાએ કથન કરાય છે. કરણાનુયોગમાં રાગાદિરહિત શુદ્ધોપયોગ યથાખ્યાત ચારિત્ર થયાબાદ થાય છે અને તે મોહનો નાશ થયાબાદ સ્વયમેવ થાય છે. નીચલા ગુણસ્થાનમાં એવો શુદ્ધોપયોગ કેમ હોઈ શકે? પરંતુ દ્રવ્યાનુયોગમાં શુદ્ધોપયોગ કરવાનો જ મુખ્ય ઉપદેશ આપવામાં આવે છે. તેથી છદ્મસ્થ જીવ જે કાળમાં બુદ્ધિગોચર ભક્તિ આદિ તેમ જ હિંસા આદિ કાર્યરૂપ પરિણામોને છોડી આત્માનુભવનાદિ કાર્યોમાં પ્રવર્તન કરે છે તે કાળમાં તેને શુદ્ધોપયોગી કહે છે. તે કાળમાં પણ કેવલજ્ઞાનગમ્ય સૂક્ષ્મ રાગાદિ થાય છે, પરંતુ દ્રવ્યાનુયોગમાં તેની વિવક્ષા કરાતી નથી, પોતાની બુદ્ધિમાં જણાય એવા - બુદ્ધિગોચર રાગાદિક છોડવાની અપેક્ષાએ તેને શુદ્ધોપયોગી કહેવામાં આવે છે.

યથાખ્યાત ચારિત્ર થયાબાદ દ્રવ્યાનુયોગ અને કરણાનુયોગ બેઉની અપેક્ષાએ શુદ્ધોપયોગ છે, પરંતુ નીચલા ગુણસ્થાન (ચોથા, પાંચમા આદિ) દ્રવ્યાનુયોગની અપેક્ષાએ કદી કદી શુદ્ધોપયોગ થાય પરંતુ

કરણાનુયોગની અપેક્ષાએ સદૈવ કષાય અંશનો સદ્‌ભાવ હોવાથી શુદ્ધોપયોગ થતો નથી. માટે દ્રવ્યાનુયોગની કથનપદ્ધતિ કરણાનુયોગ સાથે મેળવી જોતા કોઈકવાર મળે તો કોઈવાર મળતી નથી.''

પં. ટોડરમલજી આગળ લખે છે -

``કરણાનુયોગમાં કષાયશક્તિની અપેક્ષાએ કથન હોય છે. કષાયોની પ્રવૃત્તિ અલગ બાબત છે અને અંતરંગ કષાયશક્તિ અલગ વાત છે. કોઈ જીવની કષાયોની પ્રવૃત્તિ વધુ હશે અને જો તેની અંતરંગ કષાયશક્તિ ઓછી હશે તો તેને મંદકષાયી કહે છે. પરંતુ જે જીવની કષાયોની પ્રવૃત્તિ ઓછી છે પરંતુ અંતરંગ કષાયશક્તિ ખૂબ હોય તો તેઓને તીવ્રકષાયી કહે છે. જેમ, વ્યંતરાદિ દેવ કષાયથી નગરાદિનો નાશ કરવાનું કાર્ય કરે છતાં તેઓની કષાયશક્તિ ઓછી હોવાથી તેઓને પીત લેશ્યા હોય છે. તેથી વિરુદ્ધ એકેન્દ્રિયાદિ જીવો કોઈપણ કષાયકાર્ય કરતા દેખાતા નથી છતાં કષાયશક્તિ ખૂબ જ વધુ હોવાથી તેઓને કૃષ્ણાદિ ત્રણ લેશ્યા હોય છે.

સર્વાર્થસિદ્ધિ નામક સૌથી ઉપરના સ્વર્ગના દેવ કષાયરૂપ ઓછું પ્રવર્તન કરે છે પરંતુ કષાયશક્તિ વધુ હોવાથી તેઓને અસંયમ છે, તેથી ઉલટું પાંચમા ગુણસ્થાનમાં ગૃહસ્થ લગ્ન કરે છે, વેપારાદિ કરે ઈત્યાદિ કષાયકાર્ય તો ખૂબ કરે પરંતુ કષાયશક્તિ મંદ હોવાથી તેઓને દેશસંયમી કહેવામાં આવ્યા છે.''

એક એક લેશ્યામાં અસંખ્યાત લોકપ્રમાણ કષાયોના સ્થાન હોય છે, તેમાં મંદ તીવ્ર ભેદ હોય છે. જીવોની બધી કષાય અસંખ્યાત લોકપ્રમાણ છે. તેને યથાયોગ્ય અસંખ્યાત લોક સંખ્યાથી ભાગતા અસંખ્યાત લોક જ આવે છે. તેમાં બહુભાગ પ્રમાણ તો સંકલેશ પરિણામ છે જેમાં કૃષ્ણ, નીલ અને કપોત લેશ્યા હોય છે. એકભાગ પ્રમાણ વિશુદ્ધ પરિણામ છે જેમાં પીત, પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે.

સંક્લેશ પરિણામોમાં કોઈપણ લેશ્યાના તીવ્ર સંકલેશને તીવ્રકષાય અને સંક્લેશની હાનિ થવાને મંદ કષાય કહે છે. પરંતુ વિશુદ્ધ પરિણામોમાં કોઈપણ લેશ્યાની વિશુદ્ધિની વૃદ્ધિને મંદકષાય અને વિશુદ્ધિની હાનિને તીવ્રકષાય કહે છે.

ઉપરના દાખલામાં સર્વાર્થસિદ્ધિના દેવોને ત્રણ કષાય ચોકડી

વિદ્યમાન છે - અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન. પંચમ ગુણસ્થાનવર્તી જીવને બે કષાય ચોકડી વિદ્યમાન છે - પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન. સર્વાર્થસિદ્ધિવાળાઓને શુક્લ લેશ્યા હોય તોપણ અપ્રત્યાખ્યાનાવરણમાં કષાયશક્તિ વધુ છે, તે થોડો પણ ત્યાગનો પરિણામ થવા દેતા નથી.

પ્રત્યાખ્યાનાવરણમાં તેના કરતા કષાયશક્તિ ઓછી છે. તેથી પાંચમા ગુણસ્થાનવાળાઓને થોડો ત્યાગ થઈ શકે છે, પરંતુ સકલસંયમ થવા દેતું નથી. માટે પીતાદિ ત્રણ લેશ્યા હોવા છતાં ત્યાં દેશસંયમ કહ્યું છે.

પં. ટોડરમલજી લખે છે -

"કષાયો પ્રમાણે યોગની બાબતમાં પણ આવું જ છે. યોગની પ્રવૃત્તિ અલગ વાત છે અને કર્માકર્ષણયોગ શક્તિ અલગ વાત છે. (કર્માકર્ષણ શક્તિનો અર્થ છે કર્મને આકર્ષણ કરવાની યોગશક્તિ જેને ભાવયોગ કહે છે.) કોઈ જીવની મન, વચન, કાયાની પ્રવૃત્તિ-ક્રિયા ખૂબ જ ઓછી દેખાઈ આવે, પણ કર્માકર્ષણ શક્તિની અપેક્ષાએ તેને યોગ વધુ છે, તેથી ઉલટું કોઈ જીવની આ પ્રવૃત્તિ - પ્રયત્ન વધુ દેખાય પણ કર્માકર્ષણ શક્તિ અલ્પ હોવાથી અલ્પયોગ કહેવામાં આવે છે. જેમ કે કેવલી ભગવાન ગમનાદિ ક્રિયાથી રહિત છે, તેઓને યોગ વધુ છે. અને દ્વીન્દ્રિયાદિક જીવો ગમનાદિ કરે છે છતાં તેઓને યોગ અલ્પ છે.

કરણાનુયોગમાં કર્મોનું અને પરિણામોનું સૂક્ષ્મ વિવેચન કરાય છે. તે અનુસાર પ્રયત્નપૂર્વક કોઈપણ ઉદ્યમ થઈ શકતો નથી. કરણાનુયોગમાં યથાર્થ વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે, તેમાં આચરણની મુખ્યતા હોતી નથી. ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ આદિના ઉપદેશાનુસાર જે વર્તે તે નિમિત્તે જે કાર્ય થવાનું હોય તે સ્વયમેવ થશે. જેમ કે, કોઈ કર્મનો ઉપશમ વિગેરે કરવા ઈચ્છે તો કઈ રીતે થાય ? જે સ્વયં તત્ત્વાદિકનો નિર્ણય કરવાનો ઉદ્યમ કરશે તે નિમિત્તે સહજ ઉપશમાદિ સમ્યક્ત્વ થશે.

માટે કરણાનુયોગાનુસાર જેમ છે તેમ જાણી લેવું પણ પ્રવૃત્તિ તો બુદ્ધિગોચર જેથી ભલું થશે તેવી કરવી."

ઉપરોક્ત સંપૂર્ણ વિવેચન મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથના આઠમા અધિકારમાં છે. તમે પૂછશો, 'જો દ્રવ્યાનુયોગાનુસાર તત્ત્વો જાણી

તત્ત્વનિર્ણય કરવો એ જ પુરુષાર્થ કે પ્રયત્ન-ઉદ્યમ છે, તો પછી કરણાનુયોગ જાણવો જ શા માટે? વિનાકારણ સમય અને શક્તિ શા માટે બગાડવી?'

દીકરીઓ, આપણને જેમાં રુચિ છે એવા મોક્ષમાર્ગનું સર્વાંગીણ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પણ સહજ જ થાય છે. દુનિયાભરની ઈતર ઘટનાઓ જાણવાનો રસ ઓછો થઈ સત્ય પરિસ્થિતિ જાણવાની ઉત્સુકતા થાય, તેમાં ઉત્સાહ આવે તે સ્વાભાવિક છે. જેઓને ક્રિકેટમાં રુચિ છે, તેઓને મેચ કોણે જીતી એટલું જ જાણી સમાધાન થાય છે કે? તે લોકો તો આખો દિવસ ટી.વ્હી. સામે બેસી શરૂઆતથી છેવટ સુધી મેચ જુએ છે, પાછા હાયલાઈટ્સ જુએ છે, વારંવાર તે જ વિષય પર એકબીજા જોડે વાતો કરતા હોય છે, ગપાટા મારતા હોય છે.

મારા જેવીને પ્રશ્ન થાય કે એક દડાની ફેંકાફેંક કરવામાં આટલા બધા ખેલાડીઓ દોડાદોડ કરે છે અને તેઓને જોવાવાળા લાખો લોકો ઉંચા નીચા થતા હોય - હર્ષ શોક કરતા હોય, એવું તેમાં તે શું છે? તેના પર કોઈક ક્રિકેટ રસિયો જવાબ આપશે, 'અરસિકેષુ કવિત્વ નિવેદનં શિરસિ મા લિખ, મા લિખ, મા લિખ' અર્થાત્ 'હે ભગવાન ! જેને કાવ્ય, શાસ્ત્ર, વિનોદ ઈત્યાદિમાં રસ નથી, તેની રુચિ નથી તેને કાવ્ય શું છે તે શીખવવું મારા નસીબમાં લખીશ નહીં.'

પરંતુ અહીં તો કરણાનુયોગમાં જેઓને રસ નથી, રુચિ નથી એવા જીવોને પણ તેમના જ કલ્યાણ માટે કહેવાનું મન થાય છે, 'હે જીવ ! તું શું કરે છે, તેનો તને જ ખ્યાલ નથી. અનાદિ કર્મબંધનોમાં અટકી સતત કર્મબંધનનું જ કાર્ય તું કરે છે. જો, તેમાંથી છૂટવાનો માર્ગ અત્યંત સરલ, સુલભ અને સહજ છે. સાંભળ, તું તો માત્ર તત્ત્વવિચારાદિકનું કાર્ય કર, કર્મોમાં આ બધા સ્થિત્યંતરો સ્વયમેવ થશે, તને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે, તારા કર્મબંધનો ઢીલા પડી જશે, પૂર્વબદ્ધ પાપકર્મો શક્તિહીન થશે. તેઓની સ્થિતિ પણ ઘટશે પણ પુણ્યકર્મોની શક્તિ વધી તને તેનું ફળ પણ મળતું રહેશે, તેમ જ તેઓનો પણ નાશ થઈ તને જલદી મોક્ષની પ્રાપ્તિ થશે.'

અહીં આપણે કરણાનુયોગના આધારે કરણ પરિણામોની ચર્ચા કરીએ છીએ. પૂર્વોક્ત ચાર લબ્ધિપૂર્વક જીવ કરણ પરિણામ માંડે અર્થાત્ જયસેનાચાર્યની ભાષામાં કહેવું હોય તો, 'અધ્યાત્મભાષામાં

નિજશુદ્ધાત્મભાવનારૂપ સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાન દ્વારા અને આગમભાષામાં અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ કરણ પરિણામ દ્વારા આત્મામાં લીન થાય - એકાગ્ર થાય છે.' અહીં ભાવના શબ્દનો અર્થ છે તદ્દરૂપ થવું-એકાગ્ર થવું, ફક્ત ઈચ્છા કરતા રહેવું એવો ભાવના શબ્દનો અર્થ થતો નથી.

પં. ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથમાં લખે છે -

"કરણલબ્ધિવાળા જીવોને બુદ્ધિપૂર્વક એટલો જ ઉદ્યમ કરવાનો રહે છે કે તે ઉપયોગને તત્ત્વવિચારમાં તદ્દરૂપે મગ્ન કરે છે, તે કારણે હર સમયે પરિણામ નિર્મલ થતા રહે છે, તત્ત્વોપદેશનો વિચાર નિર્મલ થતો જાય છે અને થોડા જ કાળમાં તેને તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ થાય છે. એ પરિણામોની તારતમ્યતા કેવલજ્ઞાની જાણે છે. તેનું નિરૂપણ કરણાનુયોગમાં કર્યું છે."

હવે, આપણે એક એક કરણ પરિણામોનું સ્વરૂપ વિસ્તારથી જોઈએ. તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણયમાં ઉપયોગ લાગે ત્યારે જીવના પરિણામો અનંતગુણા વિશુદ્ધ થતા જાય છે. આપણે વિશુદ્ધિલબ્ધિમાં વિશુદ્ધિ વધવાની ચર્ચા કરી હતી, અહીં કરણલબ્ધિમાં પણ વિશુદ્ધિ કહેવામાં આવે છે. પહેલાં તો સાતાવેદનીય આદિ પ્રકૃતિઓના બંધને કારણભૂત એવા પરિણામોને વિશુદ્ધ પરિણામ કહ્યું હતું. હવે અહીં જે વિશુદ્ધિ છે તેમાં તત્ત્વજ્ઞાન વિષે નિર્મળતા જાણવી, તત્ત્વશ્રદ્ધાન સંબંધી નિર્મલતા જાણવી. અહીં કરણલબ્ધિમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ઉત્તરોત્તર મંદ, મંદતર, મંદતમ થતા જાય છે તેની અપેક્ષાએ વિશુદ્ધિ સમજવી.

આપણે પહેલાં જોયું હતું કે ચારેય ગતિના ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, તેઓમાં કોઈ સાતમા નરકનો નારકી હશે જેને કૃષ્ણ લેશ્યા હોય, કોઈ નવમા ગ્રૈવેયક સ્વર્ગનો મિથ્યાદૃષ્ટિ જીવ હશે જેને શુક્લ લેશ્યા હોય છે, કોઈ મનુષ્ય અથવા તિર્યંચ હશે જેને પીત, પદ્મ કે શુક્લ લેશ્યા હોય છે. અહીં પોતપોતાની લેશ્યા તો કાયમ રહે છે પણ અશુભ લેશ્યાવાળાના સંક્લેશ ઘટે છે ત્યારે શુભ લેશ્યાવાળાની વિશુદ્ધિ વધે છે. તેઓના કષાયોના સ્થાનો તેઓના પૂર્વ પરિણામો કરતા ઘટતા જાય છે.

તોપણ બધાં જીવોમાં તત્ત્વજ્ઞાનની નિર્મલતારૂપ વિશુદ્ધ પરિણામોમાં પ્રારંભે સમાનતા કે અસમાનતા હોય છે અને અનિવૃત્તિકરણમાં બધાના પરિણામો એકસરખા વિશુદ્ધ હોય છે - સમાન હોય છે.

અધઃપ્રવૃત્તકરણમાં ઉપરના અને નીચેના સમયોમાં સમાન પરિણામ હોય છે તેને અનુકૃષ્ટિ રચના કહે છે. તેનું સ્વરૂપ હવે આપણે જોઈએ. તમે ટી.વ્હી. પર ક્રિકેટ મેચ જુઓ છો. તે મેચનું તાદૃશ વર્ણન-કોમેંટ્રી કરતાં કરતાં પહેલા રમાઈ ગયેલ ઈતર મેચો સાથે તેની સરખામણી કરી તેનું વર્ણન કરવામાં આવે છે. કોઈ ટીમ ચોથી ઓવર સુધી જેટલા રન કરે, તેટલા જ રનસ્ કોઈ ટીમ ત્રીજી ઓવર સુધી, એકાદ ટીમ બીજી ઓવર સુધી, તો કોઈ ટીમ પહેલી ઓવરમાં જ કરે છે. તેઓની રન સંખ્યામાં આ પ્રમાણે સમાનતા હોઈ શકે છે.

તે મુજબ જ અહીં ત્રિકાલવર્તી અનંત જીવો જે અધઃપ્રવૃત્તકરણ માંડે છે તેઓના પરિણામોમાં પહેલા, બીજા આદિ સમયોમાં સમાનતા હોઈ શકે છે.

ક્રિકેટમાં તો માત્ર ભૂતકાલીન મેચ સાથે તુલના - સરખામણી કરાય છે. પરંતુ કેવલી ભગવાન તો યુગપત્ - એક જ સમયમાં, બધા અનંત જીવોના ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમયના બધા પરિણામ જાણે છે. તે પરિણામોની વિશુદ્ધિ જોઈએ તો અલગ અલગ જીવોમાં અલગ અલગ પરિણામોની સંખ્યા અસંખ્યાત લોકપ્રમાણ હોય છે.

અધઃપ્રવૃત્તકરણના અંતર્મુહૂર્ત કાળના દર સમયના પરિણામોની સંખ્યા વિશિષ્ટ હોય છે. તેમાં પહેલા સમયમાં જેટલા પરિણામ હોય તે કરતા બીજા સમયના પરિણામોની વિશુદ્ધિ તો અનંતગુણી વધે છે જ પરંતુ પરિણામોની સંખ્યામાં પણ વિશિષ્ટ વૃદ્ધિ થાય છે. ત્રીજા સમયમાં વિશુદ્ધિ તે કરતા અનંતગુણી થાય છે અને તેઓની સંખ્યામાં તેવી જ સમાન વૃદ્ધિ થાય. હર સમયે સંખ્યામાં સમાન વૃદ્ધિ થતી હોય છે તેને 'ચય' કહે છે. આમ બધા સમયના કુલ પરિણામોની સંખ્યા અસંખ્યાત લોકપ્રમાણ હોય છે. એનું વિસ્તૃત વર્ણન ગોમ્મટસાર જીવકાણ્ડ, લબ્ધિસાર આદિ ગ્રંથમાં કર્યું છે. આપણે અહીં સ્થૂલરૂપે તેની ચર્ચા કરીએ.

આપણે અહીં કાલ્પનિક સંખ્યા લઈ આ અધઃપ્રવૃત્તકરણની અનુકૃષ્ટિ રચના સમજી લઈએ. આ કાલ્પનિક સંખ્યા દ્વારા ગણિત સમજવાને 'અંકસદષ્ટિ' કહે છે અને યથાર્થ સંખ્યાઓ વડે તે સમજવાને 'અર્થસંદષ્ટિ' કહે છે.

અધઃપ્રવૃત્તકરણની અંકસંદષ્ટિ નીચે જણાવ્યા પ્રમાણે છે -

અધઃપ્રવૃત્તકરણનો કાળ એક અંતર્મુહૂર્ત છે, આપણે ૧૬ સમય માનીએ. ત્રિકાલવર્તી અનંત જીવોનું અધઃકરણ પરિણામ અસંખ્યાત લોક છે, આપણે ૩૦૭૨ માનીએ. પહેલા સમયમાં જુદા જુદા જીવોની વિશુદ્ધિ અલગ અલગ હોય છે. સૌથી જઘન્ય વિશુદ્ધિને આપણે પહેલા ક્રમાંકનો પરિણામ કહીએ, તે કરતા અધિક વિશુદ્ધ એવો અન્ય એક પરિણામ બીજા ક્રમાંક પર છે. તેનાથી અધિક વિશુદ્ધ એવો ત્રીજો પરિણામ છે. આમ પહેલા સમયમાં સંભવનીય એવા બધા પરિણામો અહીં અંકસંદષ્ટિમાં ૧૬૨ થાય. આ પરિણામોના આપણે ચાર ખંડ કરીએ - ચાર ગ્રુપ્સ્ બનાવીએ. પરંતુ પહેલા ગ્રુપ કરતા બીજા ગ્રુપમાં ૧ પરિણામ વધુ હશે (+૧), બીજા ગ્રુપ કરતા ત્રીજામાં વધુ એક (+૨), તેમ જ ત્રીજા કરતા ચોથામાં વધુ એક (+૩). આ એકએકથી વધુ થવાને સમાન 'ચય' કહે કે સમાન વૃદ્ધિ કહે છે. બધા ચય મળી 'ચયધન' થાય જે અહીં ૧+૨+૩=૬ છે. ૧૬૨ સંખ્યાના ચારખંડ કરવા સર્વપ્રથમ તેમાંથી ચયધન બાદ કરીએ. ૧૬૨-૬=૧૫૬. હવે આના ચાર સમાન ખંડ કરવાથી ૧૫૬÷૪=૩૯ થશે.

ચય મેળવ્યાબાદ પહેલા સમયના ચાર ખંડ આ પ્રમાણે થશે -

૩૯, ૪૦, ૪૧, ૪૨. તેનું તાત્પર્ય એમ કે ૧ થી ૩૯ ક્રમાંકોના જુદા જુદા પરિણામોનો એક ખંડ અથવા ગ્રુપ છે. ૪૦ થી ૭૯ ક્રમાંકોના જુદા જુદા પરિણામોનો દ્વિતીય ખંડ છે તેમાં કુલ ૪૦ પરિણામ છે. તૃતીય ખંડમાં ૮૦ થી ૧૨૦ ક્રમાંકોના કુલ ૪૧ પરિણામ છે અને ચતુર્થ ખંડમાં ૧૨૧ થી ૧૬૨ ક્રમાંકોના કુલ ૪૨ પરિણામ છે. આમ પહેલા સમયમાં કુલ ૧૬૨ પરિણામ હોઈ શકે છે. તેમાં ચાર ખંડ છે. પહેલા ક્રમાંકના પરિણામને પ્રથમ સમયના પ્રથમ ખંડના જઘન્ય પરિણામ કહે છે, અને ૩૯મા પરિણામને પ્રથમ સમયના પ્રથમ ખંડમાંનો ઉત્કૃષ્ટ પરિણામ કહે છે અને બીજાથી ૩૮મા પરિણામોને તેના મધ્યમ પરિણામ કહે છે. પ્રત્યેક ખંડના જઘન્ય પરિણામથી તે જ ખંડનો ઉત્કૃષ્ટ પરિણામ

અનંતગુણો વિશુદ્ધ હોય છે.

તે પ્રમાણે જ ૪૦ મો પરિણામ પ્રથમ સમયના દ્વિતીય ખંડમાંનો જઘન્ય પરિણામ છે, ૭૯ મો પરિણામ પ્રથમ સમયના દ્વિતીય ખંડમાંનો ઉત્કૃષ્ટ પરિણામ છે અને ૪૧ થી ૭૮ મા પરિણામ સુધી બધાં પરિણામ મધ્યમ છે. તેમ જ ત્રીજા અને ચોથા ખંડમાંના પરિણામોને જાણવા. ૧૬૨મો પરિણામ પ્રથમ સમયના ચતુર્થ ખંડનો ઉત્કૃષ્ટ પરિણામ છે અથવા પહેલા સમયનો સર્વોત્કૃષ્ટ પરિણામ છે.

એટલું ખ્યાલમાં રહેવા દો કે ભિન્ન જીવોના આ ભિન્ન ભિન્ન પરિણામ છે. ૧લા પરિણામ કરતા ૨ જો અધિક વિશુદ્ધ, તે કરતા ત્રીજો અધિક વિશુદ્ધ છે. અહીં અંકસંદષ્ટિમાં તો અધિક વિશુદ્ધ કહ્યું છે પણ યથાર્થમાં પ્રત્યેક ખંડના પરિણામોમાં ષટ્સ્થાનપતિત વૃદ્ધિના અસંખ્યાત લોકપ્રમાણ સ્થાનો હોય છે. આ વિષય જુદો છે અને લખીને સમજાવા માટે કઠણ પણ છે, તેથી તે બાબત અધિક કાંઈ લખતી નથી. તમને રુચિ હોય તો હમણા મેં જ્ઞાનમાર્ગણામાં આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિનો વિષય લીધો હતો તેની કેસેટો સાંભળજો. તેમ જ ૩૯ માં પરિણામ કરતા ૪૦ મો પરિણામ અનંતગણો વિશુદ્ધ છે. આનો અર્થ એવો કે પહેલા ખંડમાંના ઉત્કૃષ્ટ પરિણામ કરતા બીજા ખંડમાંનો જઘન્ય પરિણામ અનંતગુણો વિશુદ્ધ છે.

આ પહેલા સમયની વાત થઈ. હવે પ્રત્યેક જીવની બીજા સમયમાં પોતપોતાના પૂર્વ પરિણામો કરતા વિશુદ્ધિ અનંતગુણી વધે છે, તેની સાથે જ બધા પરિણામોની સંખ્યા પણ વધે છે. આપણે માનીએ કે પ્રત્યેક ખંડમાંની સંખ્યામાં એકથી વધારો થાય છે અર્થાત્ પ્રત્યેક સમયમાં ચાર ચાર પરિણામોની વૃદ્ધિ થાય છે. પહેલા સમયમાં આપણે ૧૬૨ પરિણામ જોયાં હતા, બીજા સમયમાં વિશુદ્ધિ તો અનંતગુણી વધે છે અને પરિણામ ૧૬૬ થાય છે.

પ્રથમ સમયના પ્રથમ ખંડમાં ૧ થી ૩૯ પરિણામ થાય તે પ્રત્યેકની વિશુદ્ધિ અનંતગુણી વધે છે અને સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ હવે તેની વિશુદ્ધિ અને સંખ્યા ૪૦ થી ૭૯ પરિણામ સમાન થાય છે.

જુઓ, પ્રથમ સમયના દ્વિતીય ખંડમાં જેટલી વિશુદ્ધિ અને સંખ્યા હતી તેટલી જ વિશુદ્ધિ અને સંખ્યા દ્વિતીય સમયના પ્રથમ ખંડમાં થાય છે.

તેમ જ પ્રથમ સમયના દ્વિતીય ખંડમાં ૪૦ થી ૭૯ સુધી ૪૦ પરિણામ હતા તેની વિશુદ્ધિ અનંતગુણી અને સંખ્યા એકથી વધી તે પરિણામ ૮૦ થી ૧૨૦ સુધી ૪૧ થાય છે.

પ્રથમ સમયના તૃતીય ખંડમાં ૮૦ થી ૧૨૦ સુધીના ૪૧ પરિણામ હતા તેની વિશુદ્ધિ અને સંખ્યા વધીને દ્વિતીય સમયના તૃતીય ખંડમાં ૧૨૧ થી ૧૬૨ સુધીના ૪૨ પરિણામ થાય છે.

પ્રથમ સમયના ચતુર્થ ખંડમાં ૧૨૧ થી ૧૬૨ સુધીના ૪૨ પરિણામ હતા તેઓની વિશુદ્ધિ અને સંખ્યા વધી દ્વિતીય સમયના ચતુર્થ ખંડમાં ૧૬૩ થી ૨૦૫ સુધીના ૪૩ પરિણામ થાય છે. આમ દ્વિતીય સમયના કુલ પરિણામ ૪૦+૪૧+૪૨+૪૩=૧૬૬ થાય છે.

આ નીચે જાણાવ્યા મુજબ કોઠામાં લખાય છે. પ્રથમ સમય નીચે લખે છે. અને દ્વિતીય સમય તેની ઉપર લખે છે. માટે નીચેથી ઉપર વાંચવું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨જો | ૧૬૬ | ૪૦<br>(૪૦થી૭૯) | ૪૧<br>(૮૦થી૧૨૦) | ૪૨<br>(૧૨૧થી૧૬૨) | ૪૩<br>(૧૬૩થી૨૦૫) |
| ૧લો | ૧૬૨ | ૩૯<br>(૧થી૩૯) | ૪૦<br>(૪૦થી૭૯) | ૪૧<br>(૮૦થી૧૨૦) | ૪૨<br>(૧૨૧થી૧૬૨) |
| સમય | કુલ પરિણામ | પ્રથમ ખંડ | દ્વિતીય ખંડ | તૃતીય ખંડ | ચતુર્થ ખંડ |

ત્રીજા સમયમાં પણ પરિણામોની વિશુદ્ધિ અનંતગુણી વધે છે અને સંખ્યા સમાન વૃદ્ધિથી - સમાન ચયસહિત વધે છે. ચય એટલે ડીફરન્સ. પહેલા સમયમાં આપણે ૧૬૨ પરિણામ માન્યા હતાં, બીજા સમયમાં ૪ થી વૃદ્ધિ થઈ તેની સંખ્યા ૧૬૬ થાય છે, ત્રીજા સમયમાં હજુ ૪ થી વધીને તેની સંખ્યા ૧૭૦ થાય છે. એક એક સમયના કુલ પરિણામોની સંખ્યામાં ૪ થી વૃદ્ધિ થાય તેમ જ પ્રત્યેક ખંડના પરિણામોમાં ૧થી વૃદ્ધિ થાય.

અધઃકરણના આપણે ૧૬ સમય માન્યા હતા. તેમાંના પ્રત્યેક સમયના પરિણામોની સંખ્યા ક્રમથી ૧૬૨, ૧૬૬, ૧૭૦, ૧૭૪, ૧૭૮, ૧૮૨, ૧૮૬, ૧૯૦, ૧૯૪, ૧૯૮, ૨૦૨, ૨૦૬, ૨૧૦, ૨૧૪, ૨૧૮ અને ૨૨૨ થશે અને એ બધાનો સરવાળો કરતા અધઃકરણના કુલ પરિણામ ૩૦૭૨ થાય છે.

આ ૧૬ સમયના પરિણામ અને ખંડ નીચે દર્શાવેલ કોઠામાં જોઈએ:

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | ૨૨૨ | ૫૪ (૬૯૧થી૭૪૪) | ૫૫ (૭૪૫થી૭૯૯) | ૫૬ (૮૦૦થી૮૫૫) | ૫૭ (૮૫૬થી૯૧૨) |
| ૧૫ | ૨૧૮ | ૫૩ (૬૩૮થી૬૯૦) | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૧૪ | ૨૧૮ | ૫૨ (૫૮૬થી૬૩૭) | ૫૩ | ૫૪ | ૫૫ |
| ૧૩ | ૨૧૦ | ૫૧ (૫૩૫થી૫૮૫) | ૫૨ | ૫૩ | ૫૪ |
| ૧૨ | ૨૦૬ | ૫૦ (૪૮૫થી૫૩૪) | ૫૧ | ૫૨ | ૫૩ |
| ૧૧ | ૨૦૨ | ૪૯ (૪૩૬થી૪૮૪) | ૫૦ | ૫૧ | ૫૨ |
| ૧૦ | ૧૯૮ | ૪૮ (૩૮૮થી૪૩૫) | ૪૯ | ૫૦ | ૫૧ |
| ૯ | ૧૯૪ | ૪૭ (૩૪૧થી૩૮૭) | ૪૮ | ૪૯ | ૫૦ |
| ૮ | ૧૯૦ | ૪૬ (૨૯૫થી૩૪૦) | ૪૭ | ૪૮ | ૪૯ |
| ૭ | ૧૮૬ | ૪૫ (૨૫૦થી૨૯૪) | ૪૬ | ૪૭ | ૪૮ |
| ૬ | ૧૮૨ | ૪૪ (૨૦૬થી૨૪૯) | ૪૫ | ૪૬ | ૪૭ |
| ૫ | ૧૭૮ | ૪૩ (૧૬૩થી૨૦૫) | ૪૪ | ૪૫ | ૪૬ |
| ૪ | ૧૭૪ | ૪૨ (૧૨૧થી૧૬૨) | ૪૩ | ૪૪ | ૪૫ |
| ૩ | ૧૭૦ | ૪૧ (૮૦થી૧૨૦) | ૪૨ | ૪૩ | ૪૪ |
| ૨ | ૧૬૬ | ૪૦ (૪૦થી૭૯) | ૪૧ | ૪૨ | ૪૩ |
| ૧ | ૧૬૨ | ૩૯ (૧થી૩૯) | ૪૦ | ૪૧ | ૪૨ |
| સમય | પરિણામપુંજ | પ્રથમ ખંડ | દ્વિતીય ખંડ | તૃતીય ખંડ | ચતુર્થ ખંડ |

આ કોઠો ધ્યાનથી જોતા એક વાત ખ્યાલમાં આવે છે કે ૧થી૩૯ પરિણામ તો માત્ર પ્રથમ સમયમાં જ છે, તેમ જ ૧૬મા સમયના ચતુર્થ ખંડના ૫૭ પરિણામ અન્યત્ર ક્યાંય નથી. ૪૦ પરિણામ પહેલા અને બીજા સમયમાં સમાન છે. ૪૧ પરિણામ પહેલા, બીજા અને ત્રીજા સમયમાં સમાન છે. તેમ જ ૪૨ પરિણામ પહેલા, બીજા, ત્રીજા અને ચોથા સમયમાં સમાન છે. પરિણામોની આ સમાનતા ચાર સમયો સુધી જોવામાં આવે છે. જેમ ૪૮ પરિણામ ૭મા, ૮મા, ૯મા અને ૧૦મા સમયમાં સમાન છે. જેટલા સમય સુધી પરિણામોની સમાનતા જોવા મળો છે તેટલા સમયોને નિર્વર્ગણા કાંડક કહે છે, જે અહીં ૪ છે. આપણે પ્રત્યેક સમયના પરિણામોના તેટલા જ ખંડ કરીએ છીએ.

એક એક સમયના પરિણામ ખંડોને વર્ગણાકાંડક કહે છે. સમયના સમાનતાને વર્ગણા કહે છે, તેનારહિત એવા ઉપરના સમયવર્તી ખંડોના કાંડક તે નિર્વર્ગણા કાંડક છે.

એક સમયના ખંડ આડી લીટીમાં લખે છે, તે ચાર ખંડોને તિર્યક્ગચ્છ કહે છે. અધઃકરણના ૧૬ સમય એક ઉપર એક લખાય છે તેને ઊર્ધ્વગચ્છ કહે છે. મૂળ ગ્રંથ વાંચવામાં સહેલું જાય માટે હું આ શબ્દો લખું છે.

છેલ્લા નવ વર્ષમાં અમે સમ્યગ્જ્ઞાનચંદ્રિકાના બધા ભાગોનો તેમ જ અર્થસંદષ્ટિ અધિકારનો અનેકવાર અભ્યાસ કર્યો, તે ગ્રંથો મેં શીખવ્યા પણ. પરંતુ મારી અલ્પબુદ્ધિ વડે તેનો અર્થ સ્પષ્ટ થતાં બહુ જ અઘરું લાગ્યું. ગ્રંથ વાંચતા અર્થ સમજાતો નથી અને અઘરું લાગે એવું બહાનું કાઢી તમે ગ્રંથ વાંચવાનું છોડી ન દેશો એમ મને લાગે છે. માટે કેટલાક શબ્દોનો અર્થ હું અહીં જાણી જોઈને લખું છું.

નીચેના અને ઉપરના સમયોના પરિણામોની વિશુદ્ધિ અને સંખ્યામાં સમાનતા હોઈ શકે છે. તેને જ અનુકૃષ્ટિ રચના કહે છે. એટલું યાદ રાખો કે આ સમાનતા ભિન્ન ભિન્ન અર્થાત્ નાના જીવોની અપેક્ષાએ કહી છે, એક જીવની અપેક્ષાએ તો દર સમયમાં વિશુદ્ધિ અનંતગુણી વધતી જાય, તેમ જ એક જીવનું એક સમયમાં એક જ પરિણામ હોય છે.

અધઃપ્રવૃત્તકરણમાં આપણે ચાર આવશ્યક જોયાં હતા -

૧) સમયે સમયે અનંતગુણી વિશુદ્ધિ - જીવની વિશુદ્ધિ પહેલા સમય કરતા બીજા સમયમાં અનંતગુણી વધે છે. ત્રીજા સમયમાં તે કરતા પણ અનંતગુણી - આમ અંતર્મુહૂર્ત કાળ સુધી વિશુદ્ધિ હર સમયે અનંતગુણી વધતી જાય છે.

૨) સ્થિતિબંધાપસરણ - એનું સ્વરૂપ તો આપણે પ્રાયોગ્યલબ્ધિમાં જોયું હતું. પરંતુ અહીં જુદા ઘટતા પ્રમાણમાં નવો સ્થિતિબંધ થાય છે. એ સ્થિતિબંધ ઘટતો જાય અને આવા હજારો સ્થિતિબંધાપસરણો થાય છે. સ્થિતિબંધમાં પ્રત્યેકવાર પલ્યના સંખ્યાતમા ભાગ જેવડી ઘટ થાય છે તેથી અધ:કરણની શરૂઆતમાં જેટલો સ્થિતિબંધ થતો હતો તેના સંખ્યાતમા ભાગ જેવડો સ્થિતિબંધ તેને છેલ્લે થવા માંડે છે.

જે જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પહેલામાંથી પાંચમા ગુણસ્થાનમાં જાય છે તેનો - તેના કરતા પણ સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધ શેષ રહે છે. જે જીવ પહેલામાંથી સાતમા ગુણસ્થાનમાં જાય તેનો સ્થિતિબંધ તેના કરતા પણ સંખ્યાતમા ભાગ જેવડો બાકી રહે છે.

૩) પ્રશસ્ત પ્રકૃતિઓમાં અનંતગુણો વધતો એવો ચતુ:સ્થાનગત અનુભાગબંધ થાય છે. સ્થિતિબંધ તો સાતેય પ્રકૃતિઓમાં ઘટે છે પરંતુ અનુભાગબંધ પ્રશસ્ત પ્રકૃતિઓમાં વધે છે તો અપ્રશસ્ત પ્રકૃતિઓમાં ઘટે છે. પ્રશસ્ત પ્રકૃતિઓની અપેક્ષાએ ચાર પ્રકાર કહ્યા હતા, યાદ છે ને ? ગુડ, ખાંડ, શર્કરા અને અમૃત નામના સ્પર્ધક છે. અધ:પ્રવૃત્તકરણની વધતી વિશુદ્ધિને કારણે અહીં પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ હર સમયમાં અનંતગુણો વધતો એવો બંધાય છે જેમાં આ ચારેય પ્રકારના સ્પર્ધકો છે.

૪) અપ્રશસ્ત પ્રકૃતિઓમાં અનંતગુણો ઘટતો એવો અનુભાગબંધ થાય છે, તે પણ દ્વિસ્થાનગત થાય. લતા અને દારુ ભાગરૂપ તથા નિંબ અને કાંજીર ભાગરૂપ થાય.

અધ:પ્રવૃત્તકરણબાદ અપૂર્વકરણ પરિણામ થાય તેની ચર્ચા આપણે આગળના પત્રમાં કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# કરણલબ્ધિ - અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ

પત્રાંક ૧૦ ૨૪ ઓક્ટોબર ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પહેલાંના પત્ર વિષે તમારી બન્નેની પ્રતિક્રિયા વાંચી હું પ્રસન્ન થઈ. તમે લખ્યું છે કે 'અધઃપ્રવૃત્તકરણની વધતી વિશુદ્ધિ પ્રમાણે અમારી જિજ્ઞાસા પણ ઉત્તરોત્તર વધતી જાય છે, હવે અપૂર્વકરણ સંબંધી અપૂર્વ વાતો જાણવા અમે ઉત્સુક છીએ'.

એ યોગ્ય જ છે. આત્માર્થી જીવોને ચારેય અનુયોગના અભ્યાસની રુચિ હોય છે. કરણાનુયોગ વિષે અરુચિ એ જિનવાણી પ્રતિ અરુચિભાવ દર્શાવે છે. આ 'પંચલબ્ધિ' વિષય પર મેં હજુ સુધી ચાર વાર કક્ષા લીધી છે. બે વાર જયપુર શિબિરમાં અને બે વાર દેવલાલીમાં. બ્ર.પં. યશપાલજી જૈન અને શિબિરોના અન્ય નિર્દેશકો અને આયોજકોની પ્રેરણાથી તેમ જ લોકોના કરણાનુયોગ શીખવા બાબતની તીવ્ર ભાવનાથી જ હું આ સાહસ કરવા તૈયાર થઈ હતી.

ઘણાં લોકોના મનમાં પ્રશ્ન ઉઠે છે કે 'કરણાનુયોગની આટલી બધી સૂક્ષ્મ બાબતો જાણ્યા વિના પણ સમ્યક્ત્વ થઈ શકે તો પછી આમાં શા માટે નકામા ગુંચવાઈએ ? માત્ર દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરી અમે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લઈશું ?'

સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું તે આપણું આદ્ય કર્તવ્ય છે. દ્રવ્યાનુયોગ તો કાર્યકારી છે જ, પરંતુ કરણાનુયોગના સૂક્ષ્મ વર્ણનથી દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોને પુષ્ટિ મળે છે, આપણા જ્ઞાન શ્રદ્ધાનમાં દૃઢતા આવે છે. આપણને મોક્ષમાર્ગની અને મોક્ષની રુચિ છે, પોતાના શુદ્ધાત્માની રુચિ છે તો તેના સંબંધી સર્વાંગીણ માહિતી કરી લેવામાં પણ તેટલી જ રુચિ સહજ ઉત્પન્ન થાય છે.

પહેલાં જોયું હતું કે જેને ક્રિકેટમાં રુચિ છે તેને માત્ર કોણ જીત્યું એટલું જાણી સંતોષ થતો નથી, તેને તો સંપૂર્ણ મેચ જોવામાં રસ હોય

મેળ ખાતો નથી-તેઓ જેવા સમાન હોતા નથી, અપૂર્વ અપૂર્વ જ હોય છે. આમ હર સમયના પરિણામોની વિશુદ્ધિ અનંતગુણી-અનંતગુણી થતી જાય છે.

આ તો વિશુદ્ધિની વાત થઈ. હર સમયના પરિણામોની સંખ્યાનો વિચાર કરતા પ્રથમ સમયના પરિણામોની સંખ્યામાં એક 'ચય' પ્રમાણ સંખ્યા વધીને દ્વિતીય સમયના પરિણામોની સંખ્યા આવે છે. તેમાં એક વધારે 'ચય' ઉમેરતા દ્વિતીય સમયના પરિણામોની સંખ્યા આવે છે. આમ જ હર સમયમાં એક એક ચય વધતો જાય - આને આપણે અંકસંદષ્ટિ દ્વારા સમજીએ અર્થાત્ કાલ્પનિક સંખ્યા વડે સમજીએ.

સમજો, પ્રથમ સમયમાં ૪૫૬ પરિણામ અર્થાત્ જઘન્ય વિશુદ્ધિવાળો ૧ લો પરિણામ અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળો ૪૫૬મો પરિણામ છે. તે બન્નેની વચલા મધ્યમ પરિણામ છે.

દ્વિતીય સમયમાં પરિણામોની વિશુદ્ધિ તો પૂર્વ પરિણામો કરતા અનંતગુણી થાય પરંતુ પરિણામોની સંખ્યા ૧૬ થી વધી ત્યાં કુલ ૪૭૨ પરિણામ થાય છે. તાત્પર્ય એ કે પ્રથમ સમયમાં ૧ થી ૪૫૬ પરિણામ છે તો બીજા સમયમાં ૪૫૭ થી ૯૨૮ સુધી કુલ ૪૭૨ પરિણામ છે. પ્રથમ સમયનો ૪૫૬મો પરિણામ ઉત્કૃષ્ટ છે તેના કરતા દ્વિતીય સમયનો ૪૫૭મો જઘન્ય પરિણામ અનંતગુણો વિશુદ્ધ છે. ૪૫૭મા પરિણામ કરતા દ્વિતીય સમયનો ૯૨૮ મો ઉત્કૃષ્ટ પરિણામ અનંતગુણો વિશુદ્ધ છે.

આપણે અધઃપ્રવૃત્તકરણમાં જોયું હતું કે પ્રથમ સમયમાં ૧૬૨ પરિણામ હતા અને દ્વિતીય સમયમાં ૧૬૬ પરિણામ હતા, પરંતુ ત્યાં અનેક પરિણામ બન્ને સમયમાં સમાન હતા. ૪૦મા પરિણામથી ૧૬૨મા પરિણામ સુધીના પરિણામ બન્નેમાં સમાન હતાં. તે પ્રકારની સમાનતા અહીં અપૂર્વકરણમાં જોવા મળતી નથી.

૧ થી ૪૫૬ સુધીના કોઈ જ પરિણામ દ્વિતીય સમયમાં જોવા મળતા નથી. દ્વિતીય સમયના બધા પરિણામ અપૂર્વ જ હોય છે, કે જે પહેલાંના (પૂર્વ) સમયમાં કોઈપણ જીવમાં જોવામાં આવતા નથી.

દ્વિતીય સમયના ૪૫૭ થી ૯૨૮ સુધીના ૪૭૨ પરિણામોમાં

છે - તેમાં તેની રુચિ હોય છે. તે વખતે તેના મનમાં એવો પ્રશ્ન ઉભો થતો નથી કે 'આખો દિવસ વેડફી નાખવાની શી આવશ્યકતા છે ? હું જોવું કે ન જોવું તોયે જે હાર જીત થવાની હોય તે થવાની જ છે.' માત્ર કરણાનુયોગ શીખવા વિષે તેને આ પ્રશ્ન ઉભો થાય તો તેની રુચિ હજુ અન્યત્ર ક્યાંક છે એમ જાણવું.

આજે આપણે અપૂર્વકરણ સંબંધી ચર્ચા કરીશું-

અહીં પણ પરિણામોની વિશુદ્ધિ હર સમયમાં અનંતગુણી વધતી જ જાય છે, તેને કારણે અપૂર્વ-અપૂર્વ પરિણામ થાય છે. નીચલા અને ઉપરના સમયના કોઈપણ જીવોના પરિણામ કદી સમાન હોઈ શકતા નથી અર્થાત્ અહીં અનુકૃષ્ટિ રચના થતી નથી. ભિન્ન સમયવર્તી અનેક જીવોના પરિણામ ભિન્ન જ હોય છે, એક સમાન નથી હોતા. પરંતુ એક જ સમયવર્તી જીવોના પરિણામ સમાન અર્થાત્ સદશ પણ હોઈ શકે છે અથવા અસદશ અર્થાત્ અસમાન પણ હોઈ શકે છે.

એક જ સમયમાં ત્રિકાલવર્તી અનંત જીવોની અપેક્ષાએ જઘન્યથી માંડી ઉત્કૃષ્ટ સુધી અનેક પ્રકારની વિશુદ્ધિ સંભવે છે. અધઃપ્રવૃત્તકરણના અંતિમ સમયમાં જેટલા ભિન્ન ભિન્ન પ્રકારના પરિણામ હતા તેમાંના એક એક પરિણામમાંથી અસંખ્યાત લોક પ્રમાણ ભેદોની ઉત્પત્તિ થાય છે.

તેથી અધઃપ્રવૃત્તકરણમાં અસંખ્યાત લોક પ્રમાણ પરિણામ હોય છે, ત્યારે અપૂર્વકરણના બધા પરિણામ અસંખ્યાત લોક × અસંખ્યાત લોક હોય છે.


પ્રથમ સમયમાં પરિણામોના જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી અનેક ભેદ જોવા મળે છે, તેમાં જઘન્ય વિશુદ્ધિ કરતા ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે. પ્રથમ સમયના પરિણામોની આ વિશિષ્ટ 'રેન્જ' અથવા મર્યાદા કહી શકાય. પણ દ્વિતીય સમયના પરિણામોની જઘન્ય વિશુદ્ધિ પણ પ્રથમ સમયના ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતા અનંતગુણી હોય છે. તે કરતા દ્વિતીય સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે. દ્વિતીય સમયના પરિણામોની પોતાની વિશિષ્ટ રેન્જ-મર્યાદા હોય છે. દ્વિતીય સમયના પરિણામ પ્રથમ સમયના કોઈપણ પરિણામ સાથે મળતા આવતા નથી-

ચય ૧૬ વધી તૃતીય સમયમાં ૪૮૮ પરિણામ થાય તે ૯૨૯ થી ૧૪૧૬ સુધી હોય છે.

આ પણ આપણે કોઠા વડે સમજીએ. આપણે પહેલાં જોયેલું હતું કે અપૂર્વ કરણનો કાળ એક અંતર્મુહૂર્ત હોય છે. પણ તે અધઃપ્રવૃત્તકરણના અંતર્મુહૂર્ત કાળના સંખ્યાતમા ભાગ જેવડો હોય છે. આપણે માનીએ કે તેનો અર્ધો એટલે કે ૮ સમયનો છે. તેમ જ અપૂર્વકરણના બધા પરિણામ ૪૦૯૬ છે. પ્રત્યેક સમયમાં જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી કેટલા પરિણામ હોય છે તે નીચે જણાવેલ આકૃતિ વડે સમજીએ:

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૫૬૮ | ૩૫૨૯ | થી | ૪૦૯૬ |
| ૭ | ૫૫૨ | ૨૯૭૭ | થી | ૩૫૨૮ |
| ૬ | ૫૩૬ | ૨૪૪૧ | થી | ૨૯૭૬ |
| ૫ | ૫૨૦ | ૧૯૨૧ | થી | ૨૪૪૦ |
| ૪ | ૫૦૪ | ૧૪૧૭ | થી | ૧૯૨૦ |
| ૩ | ૪૮૮ | ૯૨૯ | થી | ૧૪૧૬ |
| ૨ | ૪૭૨ | ૪૫૭ | થી | ૯૨૮ |
| ૧ | ૪૫૬ | ૧ | થી | ૪૫૬ |
| સમય | કુલ પરિણામ | જઘન્ય પરિણામ | | ઉત્કૃષ્ટ પરિણામ |

પ્રત્યેક સમયની વિશુદ્ધિ નીચે જણાવ્યા મુજબ છે:



ઉપર દર્શાવ્યા મુજબ વિશિષ્ટ સમયની જઘન્ય વિશુદ્ધિ કરતા તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે. અને તે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતા પછીના સમયમાંની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય છે. આને 'સાપની ચાલ' (સર્પની ચાલ) કહેવામાં આવે છે.


હવે અહીં ચાર આવશ્યક થાય છે તેઓનું સ્વરૂપ જોઈએ. એ વાત ખ્યાલમાં રાખવી જોઈએ કે અધઃપ્રવૃત્તકરણમાં કહેલા ચાર આવશ્યક તો અહીં પણ થાય છે. તેની સાથે જ બીજી ચાર બાબતો બને છે, તેની ચર્ચા કરીએ. તેઓના નામ આપણે પહેલાં જોયા હતા - ગુણશ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિકાંડકઘાત અને અનુભાગકાંડકઘાત. અધઃપ્રવૃત્તકરણમાં સ્થિતિબંધાપસરણ તો થતું જ રહે છે.

૧) **ગુણશ્રેણી :** શ્રેણી અર્થાત્ પંક્તિ - લીટીઓ - નિષેકોની પંક્તિ - કર્મોની નિષેક રચના દર્શાવતી આકૃતિ વડે આપણે એક એક સમયમાં એક એક નિષેક બતાવ્યો હતો. વર્તમાન સમયનો નિષેક સૌથી નીચે આડી રેખા વડે બતાવવામાં આવે છે. તેની ઉપર દ્વિતીયાદિક એક એક સમયનો નિષેક એક એક આડી રેખા વડે બતાવાય છે.

તેમાં વર્તમાન સમયથી એક આવલી કાળ સુધીના નિષેકોને 'ઉદયાવલી' કહે છે. ઉપરના નિષેકોને 'ઉપરિતન સ્થિતિ' કહે છે. પરિણામોની વિશુદ્ધિને નિમિત્તે સત્તામાં રહેલ કર્મોનું અપકર્ષણ થાય અર્થાત્ તેમની સ્થિતિ ઓછી થાય છે. ઉપરના નિષેકોમાંના પરમાણુની સ્થિતિ ઓછી થવાથી તે નીચેના નિષેકોમાં આવી ભળી જાય છે. અહીં ઉપર નીચે જે કહેવાય છે તે સમજવા માટે જ કહેવાય છે. કર્મો કઈ લાઈનો(હારો) લગાડીને ઉભા રહેતા નથી.

અપકર્ષિત કરેલા પરમાણુ જે વિવક્ષિત પંક્તિબદ્ધ નિષેકોમાં ગુણિત પ્રમાણમાં આપવામાં આવે છે તેટલા નિષેકોની 'ગુણશ્રેણી રચના' બને છે. એક સમયમાં જેટલા પરમાણુ ગુણશ્રેણીમાં આપવામાં આવે છે તેમનું વિભાજન - વહેંચાણી કેવી રીતે થાય છે તે જોઈએ. સૌથી નીચેના નિષેકોમાં જેટલા પરમાણુ (દ્રવ્ય) આપવામાં આવે છે તેના કરતા અસંખ્યાતગુણા પરમાણુ બીજા નિષેકમાં આપવામાં આવે છે. તે કરતા પણ અસંખ્યાત પરમાણુ ત્રીજા નિષેકમાં એમ ગુણશ્રેણીના અસંખ્યાત નિષેકોમાં અસંખ્યાત ગુણા ક્રમથી આપવામાં આવે છે.

પહેલાંના નિષેકોમાં તો કર્મ પરમાણુ હતા જ, હવે તેમાં એટલા બધાં પરમાણુ આવી મળે છે જે તેઓ સાથે ઉદયમાં આવશે. સમજો એક સમયમાં ૮૫ પરમાણુનું અપકર્ષણ થઈ ગુણશ્રેણીમાં આપવામાં આવ્યા. અહીં આપણે ગુણશ્રેણી ૪ સમયોની માનીએ. તેમ જ અસંખ્યાતનું પ્રમાણ પણ ૪ માનીએ. પહેલા નિષેકમાં ૧ પરમાણુ, બીજામાં ૪, ત્રીજામાં ૧૬ અને ચોથામાં ૬૪ પરમાણુ આપવામાં આવ્યા. આ તે પ્રથમ સમયની વાત થઈ, દ્વિતીય સમયમાં તે કરતા પણ અસંખ્યાતગુણા પરમાણુ અપકર્ષિત થાય છે. એવી રીતે ૮૫×૪=૩૪૦ પરમાણુ ગુણશ્રેણીમાં આપવામાં આવશે, તે પણ તે જ પદ્ધતિથી અસંખ્યાતગુણા ક્રમથી આપવામાં આવશે. પહેલા નિષેકમાં ૪, બીજામાં ૧૬, ત્રીજામાં ૬૪ અને ચોથામાં ૨૫૬.





પહેલાના નિષેકો પહેલો સમય બીજો સમય

આ પ્રમાણે જ હર સમયમાં પરમાણુ અપકર્ષિત થાય છે અને ગુણશ્રેણીમાં આપવામાં આવે છે. જ્યારે તે નિષેકો ઉદયમાં આવશે ત્યારે અસંખ્યાતગુણા સમયપ્રબદ્ધની નિર્જરા થાય, આને 'ગુણશ્રેણી નિર્જરા' કહે છે.

આયુકર્મને છોડી બીજા સાત કર્મોમાં આ ગુણશ્રેણી રચના થાય છે. અહીં જે ગુણશ્રેણી રચના થાય છે તે ઉદયાવલીના નિષેકોને છોડી તેની ઉપરના નિષેકોમાં થાય છે. તમે પૂછશો, 'કેટલા નિષેકોમાં અર્થાત્ કેટલા સમયના નિષેકોમાં આ ગુણશ્રેણી થાય છે?' તેનો જવાબ છે કે ગુણશ્રેણીનો આયામ (લંબાઈ) અર્થાત્ નિષેકોની સંખ્યા સમયમાં કહેવામાં આવે છે. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બન્નેનો મળી જે અંતર્મુહૂર્ત કાળ છે તેના કરતા ગુણશ્રેણીનો આયામ થોડો વધુ છે અર્થાત્ તેમાં જેટલા સમયો છે તેટલા સમયોમાં એટલે જ તેટલા નિષેકોમાં આ 'ગુણશ્રેણી' રચના થાય છે. થોડો વધુ જે કહ્યું છે તેનું જે પ્રમાણ છે તેને 'ગુણશ્રેણી શીર્ષ' કહે છે.

અપકર્ષણ કરેલું દ્રવ્ય (પરમાણુ) ગુણશ્રેણીના ઉપરના ઈતર નિષેકોમાં પણ આપવામાં આવે છે, તે નિષેકોને 'ઉપરિતન સ્થિતિ' કહે છે. પરંતુ અહીં ઘટતા પ્રમાણમાં આપવામાં આવે છે. તેને આકૃતિ વડે સમજી લઈએ.




પ્રત્યેક સમયમાં કેટલા પરમાણુ અપકર્ષિત થઈ નીચે આવે છે તેનું પણ ગણિત છે. હું અહીં લખુ છું, સમજાયું તો ઠીક છે, ન સમજાય તોય ચિંતા કરવાનું કારણ નથી, પ્રત્યક્ષ મળીશું ત્યારે સમજાવીશ.

બધા નિષેકોના કુલ પરમાણુની સંખ્યાને વિશિષ્ટ સંખ્યાથી ભાગ આપવામાં(ભાગવામાં) આવે છે તેને 'અપકર્ષણ ભાગહાર' કહે છે. ભાગહાર એટલે ભાજક. ભાગ આપ્યાબાદ જે સંખ્યા આવે તેટલા પરમાણુનું અપકર્ષણ થઈ તે પરમાણુ નીચેના નિષેકોમાં અર્થાત્ ઉદયાવલીમાં, ગુણશ્રેણીમાં અને ઉપરિતન સ્થિતિમાં આપવામાં આવે છે. ક્યાં કેટલા આપવામાં આવે છે તે પણ જોઈએ:

ઉપરની સંખ્યાને પલ્યના અસંખ્યાતમા ભાગથી ભાગી તેમાંનો બહુભાગ ઉપરિતન સ્થિતિમાં આપવામાં આવે છે, પરંતુ ત્યાં અંતઃકોડાકોડી સાગર પ્રમાણ નિષેક હોવાથી એક એક નિષેકમાં બહુ જ થોડું દ્રવ્ય આપવામાં આવે છે. તેમાંના સૌથી ઉપરના એક આવલી પ્રમાણ નિષેકોમાં અપકર્ષિત દ્રવ્ય આપવામાં આવતું નથી તેને 'અતિસ્થાપનાવલી' કહે છે.

ગુણશ્રેણી અને ઉદયાવલી મળી તેમાં એકભાગ આપવામાં આવે

છે, તેને અસંખ્યાત લોકથી ભાગી બહુભાગ ગુણશ્રેણીમાં આપવામાં આવે છે - જે અસંખ્યાતગુણા ક્રમથી આપવામાં આવે છે અને શેષ એકભાગ ઉદયાવલીમાં આપવામાં આવે છે.

હર સમયે આ પ્રકારથી અપકર્ષણ થતું રહે છે. ગુણશ્રેણીમાં હર સમયે અસંખ્યાતગુણા દ્રવ્ય આપવામાં આવે છે. આ ગુણશ્રેણી વિધાન સાતેય કર્મોમાં થાય છે. આયુકર્મનો તો એક સમયમાં એક જ નિષેક ખરે છે, તેમાં ગુણશ્રેણી વિધાન થતું નથી.

અપકર્ષણ વડે સ્થિતિ ઘટે તેની સાથે જ અપ્રશસ્ત કર્મોનો અનુભાગ હર સમયે અનંતગુણો ઘટતો ઘટતો ઉદયમાં આવે છે. ગુણશ્રેણીના આ નિષેકો જ્યારે ઉદયાવલીમાં આવી ઉદયરૂપ થશે ત્યારે હર સમયે અસંખ્યાત સમયપ્રબદ્ધ જેટલી નિર્જરા થશે, અસંખ્યાતગુણી નિર્જરા થશે. તેને 'ગુણશ્રેણી નિર્જરા' કહેવામાં આવે છે.

તેથી જ તો છહઢાળામાં કહ્યું છે --

**"કોટી જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે ।**
**જ્ઞાની કે છિનમાંહિ ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે ॥"**

જ્ઞાનીની એક સમયમાં જેટલી નિર્જરા થાય તેટલી નિર્જરા અજ્ઞાનીની કરોડો ભવમાં તપ કરવાથી પણ થતી નથી. કારણ કેવળ શુભભાવ કરવાથી અર્થાત્ શુદ્ધોપયોગરહિત વ્રત તપ કરવાથી ગુણશ્રેણી નિર્જરા થતી નથી, ત્યાં તો ફક્ત એક સમયપ્રબદ્ધ જેટલી જ નિર્જરા થાય છે, જેને સ્થિતિ પૂર્ણ થયાબાદ થનારી સવિપાક નિર્જરા કહે છે. એટલું જ નહીં પણ ત્યાં નવો બંધ પણ થતો જ હોય છે. અજ્ઞાનીને સંવર થતો નથી.

જ્ઞાની જીવોને કેટલીક પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થવાથી સંવર થાય છે અને પૂર્વબદ્ધ કર્મ વધુ પ્રમાણમાં ખરવાથી નિર્જરા હોય છે.

તમે કહેશો, 'હજુ તો અપૂર્વકરણની વાત ચાલી રહી છે, હજુ તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થઈ નથી, તે પહેલાં જ ગુણશ્રેણી નિર્જરા શી રીતે હોઈ શકે ?'

તેનું સમાધાન એમ છે કે કરણપરિણામમાં જ્ઞાનોપયોગ નિજશુદ્ધાત્માસન્મુખ જ હોય છે, પરંતુ પરિણતિમાં હજુ મિથ્યાત્વ

હોય છે, કારણ અનિવૃત્તિકરણના અંતિમ સમય સુધી મિથ્યાત્વનો ઉદય હોય છે. અત્યંત મંદ થતો થતો અર્થાત્ અનુભાગ હર સમયે અનંતગુણો હીન થઈ મિથ્યાત્વ ઉદયમાં આવે. ઉપરાંત આ જીવોને આ કરણપરિણામોના અનંતર સમયમાં (તરત જ પછીના સમયમાં) નિયમથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે શુદ્ધોપયોગના ફલસ્વરૂપે ત્યાં ગુણશ્રેણી નિર્જરા થાય છે.

કોઈને સહજ જ પ્રશ્ન ઉઠે કે ગુણશ્રેણી દ્વારા તો અસંખ્યાતગુણા પરમાણુ ઉદયમાં આવે છે, તો પછી મિથ્યાત્વના અધિક પરમાણુનો ઉદય થવાથી મિથ્યાત્વ વધતો હશે.

તેમ નથી. પરમાણુની સંખ્યા પર તે કર્મનું ફળ અવલંબતું નથી પરંતુ તેઓના અનુભાગઉદયનું જ ફળ મળતું હોય છે અર્થાત્ તેનું જીવના પરિણામો સાથે નિમિત્તપણું બને છે. અહીં પરમાણુની સંખ્યા એટલે પ્રદેશઉદય વધે છતાં પણ અનુભાગઉદય ઘણો જ મંદ થવાથી જીવનું મિથ્યાત્વ પરિણામ પણ મંદ-મંદતર થતો જાય છે. અન્ય અપ્રશસ્ત કર્મોમાં પણ ગુણશ્રેણી દ્વારા એમ જ થાય છે એમ સમજવું.

હવે આપણો વિષય દર્શનમોહનીય કર્મની ઉપશમના કરનારા જીવો વિષે ચાલે છે. દર્શનમોહનીય કર્મની ક્ષપણા કરનારા તેમ જ શ્રેણી ચઢનારા જીવોને પણ કરણપરિણામ હોય છે. ત્યાં થનારી ગુણશ્રેણી નિર્જરા અહીં થનારા ગુણશ્રેણી નિર્જરા કરતા અસંખ્યાતગુણી હોય છે. અર્થાત્ ઉપરના ગુણસ્થાનોમાં નિર્જરા થનારા પરમાણુની સંખ્યા અસંખ્યાતગુણી હોય છે. હવે ગુણસંક્રમણનું સ્વરૂપ જોઈએ. અહીં થનારા અપૂર્વકરણમાં ગુણસંક્રમણ થતું નથી, ઉપશમ સમ્યક્ત્વના કાળમાં થાય છે. પરંતુ શ્રેણી ચઢતી વખતે આદિ અન્યત્ર અપૂર્વકરણમાં ગુણસંક્રમણ થતું હોય છે માટે તેનું સ્વરૂપ આપણે હમણા જ જોઈએ.

**ગુણસંક્રમણઃ-** તેની વ્યાખ્યા નીચે જણાવ્યા મુજબ છે :-

'જે અપ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ થતો નથી તે પ્રકૃતિઓનું જે દ્રવ્ય (પરમાણુ) છે, તે હર સમયમાં અસંખ્યાતગુણા ક્રમથી, જેઓનો બંધ થાય છે એવા સ્વજાતીય પ્રકૃતિઓમાં સંક્રમિત થાય છે, પોતાનું સ્વરૂપ છોડી તે અન્ય પ્રકૃતિરૂપે પરિણમે છે - આ વિધાનને ગુણસંક્રમણ કહે છે.'

આમ હર સમયે અસંખ્યાતગુણા ક્રમથી સજાતીય અન્ય પ્રકૃતિરૂપ સંક્રમિત થવાને ગુણસંક્રમણ કહે છે. આ પ્રકારનું ગુણસંક્રમણ શ્રેણી ચઢતા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં થાય છે, ત્યારે ત્યાં અસાતાવેદનીય પ્રકૃતિનું સાતાવેદનીય પ્રકૃતિરૂપ સંક્રમણ થાય છે.

તે જ પ્રમાણે અનંતાનુબંધીનું વિસંયોજન થતી વખતે અનંતાનુબંધીના બધા પરમાણુ ગુણસંક્રમણ વિધાન દ્વારા અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન પ્રકૃતિરૂપે પરિણમે છે. ત્યાં પણ કરણ પરિણામો દ્વારા આ ગુણસંક્રમણ થાય છે.

જ્યારે જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કરે છે ત્યારે પહેલાં ત્રણ કરણ દ્વારા અનંતાનુબંધીનું વિસંયોજન કરે છે, તે કારણથી સત્તામાં રહેલા - પડેલા અનંતાનુબંધીના બધા પરમાણુ અન્ય ત્રણ કષાયકર્મરૂપ થાય છે. તત્પશ્ચાત્ એક અંતર્મુહૂર્તબાદ જીવ પાછો ત્રણ કરણ પરિણામ માંડે છે તેના કારણે પ્રથમ મિથ્યાત્વના અને પશ્ચાત્ ફરીથી ત્રણ કરણ દ્વારા સમ્યગ્મિથ્યાત્વના બધા પરમાણુ સમ્યક્ પ્રકૃતિરૂપે સંક્રમિત થઈ તે બે પ્રકૃતિઓનો સત્તામાંથી પૂર્ણ ક્ષય થાય છે, ત્યાં પણ ગુણસંક્રમણ દ્વારા જ આ કામ નિષ્પન્ન થાય છે.

જુઓ હોં, અહીં સંક્રમણ નથી કહ્યું પણ ગુણસંક્રમણ કહ્યું છે. માત્ર સંક્રમણ તો ક્ષયોપશમ સમ્યક્ત્વના કાળમાં પણ થતું હોય છે. ત્યાં પણ મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વના પરમાણુ સમ્યક્ પ્રકૃતિરૂપ થઈ તેરૂપે ઉદયમાં આવતાં રહે છે. પરંતુ ત્યાં સંક્રમિત થનારા પરમાણુની સંખ્યા અલ્પ હોય છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં પ્રારંભે વિશુદ્ધિની અનંતગુણી વૃદ્ધિ થાય છે. ત્યારબાદ વિશુદ્ધિની મંદતાને કારણે અલ્પ પરમાણુ સંક્રમિત થાય તેને 'વિધ્યાત સંક્રમણ' કહે છે. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં વિધ્યાત સંક્રમણ થતું હોય છે.

એક સમયમાં કેટલા પરમાણુ સંક્રમિત થાય તેની સંખ્યા શોધવા બધા પરમાણુની સંખ્યાને વિશિષ્ટ સંખ્યાથી ભાગવામાં આવે છે. જ્યારે 'ગુણસંક્રમણ ભાગહાર' સંખ્યાથી ભાગી જે સંખ્યા આવે તેટલા પરમાણુ સંક્રમિત થાય છે, ત્યારે તેને ગુણસંક્રમણ કહે છે.

જ્યારે 'વિધ્યાત સંક્રમણ ભાગહાર' સંખ્યાથી ભાગી જે સંખ્યા આવે તેટલા પરમાણુ સંક્રમિત થાય છે, ત્યારે તેને વિધ્યાત સંક્રમણ કહે છે. આ રીતે અન્ય અન્ય ભાગહારના કારણે અન્ય અન્ય પાંચ પ્રકારના સંક્રમણ સંભવે છે પરંતુ તે વિષય અહીં અપેક્ષિત નથી. કર્મકાણ્ડના 'પંચભાગહાર ચૂલિકા' પ્રકરણમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

આ પ્રમાણે ગુણસંક્રમણમાં પ્રતિ સમય અસંખ્યાતગુણા અસંખ્યાતગુણા પરમાણુ સંક્રમિત થાય છે.

અપૂર્વકરણના ચાર આવશ્યકોમાં સ્થિતિકાંડકઘાત અને અનુભાગકાંડકઘાત પણ થતા હોય છે -

**સ્થિતિકાંડકઘાતઃ** સત્તામાં રહેલા કર્મોની સ્થિતિ અર્થાત્ સ્થિતિસત્ત્વ કાંડકરૂપે હીન થવું - ઓછું થવું - તેને સ્થિતિકાંડકઘાત કહે છે. કાંડક એટલે ટુકડો - અનેક નિષેકોના સમૂહને અહીં કાંડક કહ્યું છે. એક કાંડકમાં અનેક સમયોના જે નિષેકો છે તે બધાનો અભાવ થઈ તેઓના બધા પરમાણુ એક અંતર્મુહૂર્ત કાળમાં નીચેના નિષેકોમાં આવી ભળી જાય. પ્રાયોગ્યલબ્ધિના પ્રકરણમાં આપણે તેનું સ્વરૂપ જોયું હતું. પરંતુ પ્રાયોગ્યલબ્ધિમાં સ્થિતિકાંડકઘાત થાય તોપણ સમ્યક્ત્વ થશે જ એવો નિયમ નથી.

આપણે જોયું હતું કે અધઃપ્રવૃત્તકરણના પહેલા સમયથી જ સ્થિતિબંધાપસરણ થતું રહે છે, જે કારણે નવો થનારો બંધ ઓછી સ્થિતિવાળો થતો જાય છે અને તે પણ દર અંતર્મુહૂર્તમાં ઘટતો જાય છે. અપૂર્વકરણમાં સ્થિતિબંધાપસરણ તો થતો જ હોય છે તેની સાથે હજારો સ્થિતિકાંડકઘાત દ્વારા સ્થિતિસત્ત્વ ઘટતું જાય છે.

સ્થિતિબંધ એટલે બંધાનારા કર્મોની સ્થિતિ અને સ્થિતિસત્ત્વ એટલે સત્તામાં પડેલા-રહેલ કર્મોની સ્થિતિ. અહીં સંખ્યાત હજાર સ્થિતિકાંડકઘાત થાય છે.

કાંડકનું પ્રમાણ નાનું અર્થાત્ જઘન્ય કે મોટું અર્થાત્ ઉત્કૃષ્ટ, તેમ જ મધ્યમ હોઈ શકે છે. આ પ્રમાણ સ્થિતિસત્ત્વ અનુસાર હોય છે. સ્થિતિસત્ત્વનું પ્રમાણ જુદું જુદું હોય. કોઈનું જઘન્ય સ્થિતિસત્ત્વ અંતઃકોડાકોડી પલ્ય હોય તો કોઈનું ઉત્કૃષ્ટ સ્થિતિસત્ત્વ અંતઃકોડાકોડી સાગર હોય છે. મધ્યમ ભેદ અસંખ્યાત છે, માટે સ્થિતિ અનુસાર

કાંડકોનું પ્રમાણ પણ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ હોય છે.

જેટલા નિષેકોનો અભાવ થાય તેને કાંડક કહે છે અને તેટલા સમયોને 'કાંડક આયામ' એટલે કાંડકોની લંબાઈ એમ કહે છે. જઘન્ય સ્થિતિકાંડક આયામ પલ્યના સંખ્યાતમા ભાગપ્રમાણ હોય છે. તો ઉત્કૃષ્ટ સ્થિતિકાંડક આયામ પૃથકત્વ સાગર અર્થાત્ ૭ સાગર કે ૮ સાગર જેવડો હોય. એક સ્થિતિકાંડકઘાત થયાબાદ આટલી સ્થિતિ ઘટે છે.

એક વાર સ્થિતિકાંડકઘાત થાય તેને એક અંતર્મુહૂર્ત કાળ લાગે છે કારણ પ્રત્યેક સમયમાં થોડા પરમાણુ અપકર્ષિત થઈ નીચેના નિષેકોમાં આવી ભળી જાય છે અને એક અંતર્મુહૂર્તમાં કાંડકના બધા નિષેકોના બધા પરમાણુ નીચે આવી તે નિષેકોનો અભાવ થાય છે. આ કાલાવધિને 'સ્થિતિકાંડકોત્કરણ કાલ' કહે છે.

અહીં એક વાત બરાબર ખ્યાલમાં રાખો કે આ બધા પરમાણુ સત્તામાં જ રહે છે. ઉપરના નિષેકોમાંથી નીચેના નિષેકોમાં આવે છે. નીચેના નિષેકોમાંના પરમાણુની સંખ્યા વધતી જાય છે.

પહેલાં આપણે જોયું હતું કે સ્થિતિકાંડકઘાત સાથે અહીં સ્થિતિબંધાપસરણ અને અનુભાગબંધાપસરણ થતું હોય છે. સ્થિતિબંધ ઘટે ત્યારે એક અંતર્મુહૂર્ત કાળ સુધી તેટલો જ સમાન સ્થિતિબંધ થતો રહે છે, આ અંતર્મુહૂર્ત કાળને 'સ્થિતિબંધાપસરણ કાલ' કહે છે.

સ્થિતિકાંડકોત્કરણ કાલ અને સ્થિતિબંધાપસરણ કાલ બન્ને સમાન અંતર્મુહૂર્ત છે, પરંતુ અનુભાગકાંડકોત્કરણ કાલ અલ્પ છે. એક સ્થિતિકાંડકઘાતના કાળમાં સંખ્યાત હજાર વાર અનુભાગકાંડકઘાત થાય છે. તેઓનું સ્વરૂપ હવે જોઈએઃ

**અનુભાગકાંડકઘાત :** એક એક અંતર્મુહૂર્ત કાળમાં એક એક અનુભાગકાંડકઘાત થાય છે, તે અંતર્મુહૂર્ત કાળને 'અનુભાગકાંડકોત્કરણ કાલ' કહે છે. અનુભાગકાંડકઘાત દ્વારા અપ્રશસ્ત પ્રકૃતિઓનું અનુભાગસત્ત્વ ઘટે છે.

આપણે પહેલાં સ્પર્ધકોનું સ્વરૂપ જોયું હતું. એક એક પ્રકૃતિમાં અનંત અનંત સ્પર્ધક હોય છે. અપ્રશસ્ત પ્રકૃતિઓના અનંત સ્પર્ધકોને અનંતથી ભાગતા તેમાંથી બહુભાગ સ્પર્ધકોનો અનુભાગ ઘટી શેષ

એકભાગરૂપ સ્પર્ધકોસમાન થાય છે. આમ અનંત બહુભાગ સ્પર્ધકોનો એક કાંડક દ્વારા ઘાત થાય, તેને એક અનુભાગકાંડકઘાત કહે છે.

શેષ સ્પર્ધકોમાંથી અનંત બહુભાગનો બીજા અનુભાગકાંડકઘાત દ્વારા નાશ થઈ અનુભાગ ઘટે છે. આ પ્રમાણે અક્કેક અનુભાગકાંડકઘાત દ્વારા અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતમો ભાગ - અનંતમો ભાગ થતો જાય છે.

આવા અનુભાગકાંડકઘાત સંખ્યાત હજાર વાર થાય છે. તેટલા સમયમાં સ્થિતિકાંડકઘાત એક વાર થાય અને અપૂર્વકરણમાં અને અનિવૃત્તિકરણમાં આવા સ્થિતિકાંડકઘાત સંખ્યાત હજાર વાર થાય છે.

અનુભાગકાંડકઘાતની બાબતમાં એક વાત ખ્યાલમાં રાખો કે સાતાવેદનીય આદિ પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગકાંડકઘાત થતો નથી. તેથી ઉલટું હરસમયે તેઓનો અનુભાગ અનંતગુણો વધતો જાય છે. સ્થિતિકાંડકઘાત દ્વારા તો પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને પ્રકારની પ્રકૃતિઓની સ્થિતિ ઘટે છે.

આ પ્રકારે અપૂર્વકરણના પ્રથમ સમયમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત પ્રકૃતિઓનો જે અનુભાગસત્ત્વ હતો તેનાથી તેના અંત સમયમાં પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગસત્ત્વ અનંતગુણા વધેલો તથા અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગસત્ત્વ અનંતગુણો હીન થયેલો જોવા મળે છે.

આ પ્રકારે અપૂર્વકરણનો એક અંતર્મુહૂર્ત કાળ સમાપ્ત થયાબાદ અનિવૃત્તિકરણ પ્રારંભ થાય છે.

**અનિવૃત્તિકરણઃ** ઉપર અપૂર્વકરણના જે ચાર આવશ્યક જણાવ્યા હતાં, તે અહીં પણ થાય અર્થાત્ ગુણશ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિકાંડકઘાત અને અનુભાગકાંડકઘાત થતા રહે છે, સ્થિતિબંધાપસરણ પણ થાય છે. પરંતુ તેમાં એટલું જ અંતર છે કે અહીં સમાન સમયવર્તી બધા જીવોના પરિણામ અર્થાત્ અનિવૃત્તિકરણ માંડનારા ત્રિકાલવર્તી અનંત જીવોના પરિણામ સમાન જ હોય છે.

અનિવૃત્તિકરણના અંતર્મુહુર્ત કાળમાં હર સમયે વિશુદ્ધિ તો અનંતગુણી વધતી જાય, પરંતુ પ્રત્યેક સમયમાં અક્કેક જ પરિણામ હોય છે. માટે અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્ત કાળના જેટલા સમય હોય તેટલા

જ પરિણામ ત્યાં હોય છે. આ પ્રમાણે એક એક સમયના પરિણામ એક એક જ હોવાથી ત્યાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ભેદ હોતા નથી. માટે જ તેનું નામ અનિવૃત્તિકરણ છે. નિવૃત્તિ એટલે પરિણામોમાં ભેદ હોવા અને અનિવૃત્તિ એટલે પરિણામોમાં ભેદ ન હોવા.

અહીં કેવળ વિશુદ્ધિની અપેક્ષાએ પરિણામોની સમાનતા સમજવી જોઈએ. ગતિ, લેશ્યા, શરીરાદિનો આકાર, વર્ણ, જ્ઞાન, ઉદયરૂપ કષાય ઈત્યાદિમાં ભેદ હોવા છતાં બધા અનંત જીવોની વિશુદ્ધિ સમાન જ હોય છે. એ વિશુદ્ધિ હર સમયમાં અનંતગુણી વધતી જાય છે.

અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બન્નેમાં હજુ એક અંતર છે. અહીં જે સ્થિતિકાંડકઘાત થાય છે તેમાં સ્થિતિકાંડક, અનુભાગકાંડક અને સ્થિતિબંધનું પ્રમાણ ઘટે છે. તેનું કારણ કે સ્થિતિસત્ત્વ ઉત્તરોત્તર ઘટતું જાય છે. માટે કાંડકોનું પ્રમાણ તથા સ્થિતિબંધનું પ્રમાણ પણ ઉત્તરોત્તર ઘટતું જાય છે. કાંડક પણ નાના નાના થાય છે અને સ્થિતિબંધમાં થનારી ઘટ પણ ઓછી થાય છે.

અપૂર્વકરણ સમાપ્ત કરી જે અનિવૃત્તિકરણના પહેલા સમયમાં આવે ત્યારે તેનો સ્થિતિકાંડક આયામ-જઘન્ય પલ્યનો અનંતમા ભાગ જેવડો હોય છે ત્યારે ઉત્કૃષ્ટ તેના કરતા સંખ્યાતમા ભાગ વધારે હોય છે. પહેલા જ સમયમાં તે કાંડકનો ઘાત થતા બધા જીવોના પરિણામોની વિશુદ્ધિ સમાન હોવાથી તે બધા જીવોમાં સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત, સ્થિતિબંધાપસરણ, ગુણશ્રેણી નિર્જરા અને ગુણસંક્રમણ-બધામાં સમાનતા જોવા મળે છે.


પરંતુ અહીં યોગના સદશતાનો કોઈ નિયમ નથી. તેથી તેઓના પ્રદેશબંધમાં સમાનતાનો કોઈ નિયમ નથી.

પહેલાં આપણે જોયું હતું કે અપૂર્વકરણના કાળ કરતા અનિવૃત્તિકરણનો કાળ ટૂંકો હોય છે. અર્થાત્ તેના સંખ્યાતમા ભાગ જેટલો છે. આપાણે અંકસંદષ્ટિ દ્વારા અપૂર્વકરણનો કાળ ૮ સમય માન્યો હતો અને ૮ સમયોના બધા પરિણામ મળીને તેમની સંખ્યા ૪૦૯૬ માનેલી હતી. હવે અહીં અનિવૃત્તિકરણનો કાળ ૪ સમય માનીએ, તેથી પ્રત્યેક સમયનો એક પરિણામ એ હિસાબથી અહીં કુલ ૪ પરિણામ થશે જે ક્રમશઃ અનંતગુણા વિશુદ્ધિવાળા હશે.

અપૂર્વકરણમાં થનારા બધા આવશ્યક અહીં પણ થતા રહે છે. જ્ઞાનોપયોગ શુદ્ધ આત્મામાં એકાગ્ર રહે, છતાં હજુ પરિણતિમાં મિથ્યાત્વ હોય છે. મિથ્યાત્વના નિષેકો હજુ ઉદયમાં આવતા રહે છે. તેમ જ અનિવૃત્તિકરણના કાળને સંખ્યાતથી ભાગ દઈ બહુભાગ વ્યતીત થયાબાદ અર્થાત્ દાખલા તરીકે પાંચ ભાગોમાંથી ચાર ભાગ વ્યતીત થયાબાદ 'અંતરકરણ' થાય છે.

**અંતરકરણઃ** 'વિશિષ્ટ નિષેકોમાંનું બધું દ્રવ્ય ઈતર નિષેકોમાં અર્થાત્ આ ઠેકાણે ઉપરના અને નીચેના નિષેકોમાં નિક્ષેપણ કરી તે વિશિષ્ટ નિષેકોનો અભાવ કરવાને 'અંતરકરણ' કહેવામાં આવે છે.' એ 'અંતર' માત્ર દર્શનમોહનીય કર્મમાં જ કરવામાં આવે છે.

અનાદિ મિથ્યાદષ્ટિના સત્તામાં દર્શનમોહનીય કર્મની એકમાત્ર મિથ્યાત્વ પ્રકૃતિ જ વિદ્યમાન હોય છે, માટે ત્યાં માત્ર મિથ્યાત્વ પ્રકૃતિમાં અંતર કરવામાં આવે છે. સાદિ મિથ્યાદષ્ટિની સત્તામાં જેને દર્શનમોહનીયના મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ એ ત્રણેની સત્તા વિદ્યમાન છે, ત્યાં તે ત્રણેય પ્રકૃતિઓમાં અંતર કરવામાં આવે છે.




એ અંતર અનિવૃત્તિકરણ કાળબાદ ઉદય થવાયોગ્ય નિષેકોમાં અર્થાત્ ગુણશ્રેણી શીર્ષ અને તેના ઉપરના કેટલાક નિષેકો એ બેમાં કરવામાં આવે છે, અર્થાત્ તે નિષેકોના બધા પરમાણુ કોઈ નીચેના તો કોઈ ઉપરના નિષેકોમાં નિક્ષેપિત કરવામાં આવે છે. આ કાર્ય અપકર્ષણ અને ઉત્કર્ષણ દ્વારા થાય છે. તે કારણે ત્યાંના નિષેકોનો અભાવ થાય. જેટલા નિષેકોનો અભાવ થાય તેટલી સંખ્યાને-સમયોને 'અંતરાયામ' કહે છે.

આ અંતરકરણ દ્વારા નિષેકોની એક અતૂટ માળા તૂટી બે ભાગમાં વિભાજિત થાય - એક પ્રથમ કે પૂર્વ સ્થિતિ અને એક દ્વિતીય કે ઉપરિતન સ્થિતિ. તે બન્ને વચ્ચે અંતર્મુહૂર્ત પ્રમાણ અંતર પડે છે.

અંતરકરણ કરવાનું આ વિધાન - આ કાર્ય એક અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય, તે કાળને 'અંતરકરણ કાલ' કહે છે. એક સ્થિતિકાંડકઘાત થવા માટે જેટલો અલ્પ સમય લાગે તેટલા જ સમયમાં અંતરકરણ થાય છે.

અંતરકરણ દ્વારા જે નિષેકોનો અભાવ કરવામાં આવે છે તેના નીચેના નિષેકોને 'પ્રથમ સ્થિતિ' કહે છે. પ્રથમ સ્થિતિના નિષેક અનિવૃત્તિકરણના બાકીના સમયમાં ઉદય થઈ ખરી જાય છે. અંતરના ઉપરના નિષેકોને 'દ્વિતીય સ્થિતિ' કહે છે, ત્યાં અંતઃકોડાકોડી સાગર પ્રમાણ નિષેક હોય છે.

પ્રથમ સ્થિતિમાં મિથ્યાત્વ કર્મના નિષેક હર સમયે ઉદયમાં આવે છે અને ત્યારે જીવને પણ મિથ્યાત્વભાવ હોય છે. મિથ્યાત્વ કર્મનો ઉદય ચાલુ છે અને જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે એમ કદી બનતું નથી.

અંતરકરણ થયાબાદ અનિવૃત્તિકરણના શેષ સમયમાં જ દ્વિતીય સ્થિતિવાળા મિથ્યાત્વના નિષેકોનો ઉપશમ કરવામાં આવે છે અર્થાત્ તેની ઉદીરણા કે ઉદય થઈ તે જલદીથી ઉદયમાં આવી ન શકવા યોગ્ય કરવામાં આવે છે.

**ઉપશમકરણઃ** દર્શનમોહનીય કર્મમાં અંતર કર્યાબાદ દ્વિતીય સ્થિતિવાળા નિષેકોને અર્થાત્ મિથ્યાત્વના પરમાણુને ઉદય આવવાયોગ્ય થવા દેતા નથી - અર્થાત્ ઉદય માટે અયોગ્ય કરવામાં આવે છે - તેને 'ઉપશમકરણ' કહે છે.

આપણે જેમ ગુણસંક્રમણમાં જોયું હતું કે હર સમયમાં અસંખ્યાતગુણા દ્રવ્ય સંક્રમિત થાય છે, તે જ પ્રમાણે અહીં પણ હર સમયમાં અસંખ્યાતગુણા દ્રવ્ય ઉપશમિત કરવામાં આવે છે - એટલે જ કે ઉદય કે ઉદીરણા થવામાં અયોગ્ય કરવામાં આવે છે.

આ ઉપશમ વિધાનમાં અર્થાત્ ઉપશમકરણમાં દ્વિતીય સ્થિતિમાંના મિથ્યાત્વના પરમાણુને ગુણસંક્રમણ ભાગહાર સંખ્યાથી ભાગતા જેટલી સંખ્યા આવે તેટલા પરમાણુ હર સમયમાં ઉપશમિત કરવામાં આવે છે. પ્રત્યેક સમયમાં અસંખ્યાતગુણા-અસંખ્યાતગુણા દ્રવ્ય ઉપશમિત કરવામાં આવે છે. આ પ્રકારે એક અંતર્મુહૂર્ત કાળમાં દ્વિતીય સ્થિતિના બધું દ્રવ્ય

- બધા પરમાણુ ઉપશમિત કરવામાં આવે છે. આ કાળને 'ઉપશમકરણ કાલ' કહેવામાં આવે છે.

પ્રથમ સ્થિતિમાં દર્શનમોહનીયના જેટલા નિષેક છે તેટલા સમય સુધી અર્થાત્ અનિવૃત્તિકરણના શેષ સમયમાં અંતિમ સમય સુધી આ ઉપશમવિધાન થતું રહે છે. એ કાળમાં મિથ્યાત્વ કર્મની ગુણશ્રેણી થતી નથી પણ આયુ સિવાય ઈતર બધા કર્મોની ગુણશ્રેણી થતી રહે છે. પહેલાં મિથ્યાત્વ કર્મમાં જે ગુણશ્રેણી રચના થઈ હતી તેમાંનો એક એક નિષેક ઉદયમાં આવી ખરતો રહે છે.

આમ જ્યાં સુધી ઉપશમવિધાન દ્વારા દ્વિતીય સ્થિતિમાં રહેલ મિથ્યાત્વના દ્રવ્યને ઉપશમિત કરવાનું કાર્ય થતું રહે છે, ત્યાં સુધી પ્રથમ સ્થિતિના મિથ્યાત્વના નિષેકોનો ઉદય થતો રહે છે. ઉપશમવિધાનના કાળમાં જીવ સાસાદન ગુણસ્થાનને પ્રાપ્ત થતો નથી કારણ તેને મિથ્યાત્વનો ઉદય ચાલુ છે અને તેનું ગુણસ્થાન પણ પહેલું છે. સાસાદનમાં આવવાવાળો જીવ તો ઔપશમિક સમ્યક્ત્વમાંથી ભ્રષ્ટ થઈ અનંતાનુબંધીના ઉદયથી સાસાદન નામક બીજા ગુણસ્થાનમાં આવે છે.

અનિવૃત્તિકરણના અંતિમ સમયમાં પ્રથમ સ્થિતિનો અંતિમ નિષેક ખરી જાય છે અને તેના અનંતર (નિકટના પછીના) કાળમાં - સમયમાં અંતરાયામ હોય છે- અંતર હોય છે. ત્યાં તો મિથ્યાત્વના નિષેકો જ હોતા નથી તેથી મિથ્યાત્વનો ઉદય પણ રહેતો નથી. દ્વિતીય સ્થિતિમાં મિથ્યાત્વનું દ્રવ્ય સત્તામાં પડેલું છે. પરંતુ તે બધું ઉપશમિત કરવામાં આવવાથી ત્યાંથી છૂટી અંતરાયામના કાળમાં તેનો ઉદય થવાની જરા પણ સંભાવના રહી નથી. તેમાં અપકર્ષણ - ઉત્કર્ષણ ઈત્યાદિ થઈ શકતું નથી. માટે અનિવૃત્તિકરણના અનંતર સમયમાં 'અંતરનો કાળ' પ્રારંભ થતાં જ જીવને પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આ ઠેકાણે દર્શનમોહનીય કર્મમાં અંતરકરણ અને ઉપશમકરણ દ્વારા ઉપશમ થાય છે અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, અને લોભ માં અપ્રશસ્ત ઉપશમ થાય છે. અનંતાનુબંધી પ્રકૃતિઓમાં અંતર પડતું નથી પરંતુ તેનો ઉદય અપ્રત્યાખ્યાનાવરણાદિ ઈતર પ્રકૃતિરૂપે થાય છે. અહીં અનંતાનુબંધીમાં અપ્રશસ્ત ઉપશમ થાય છે. અપ્રશસ્ત ઉપશમ દ્વારા જે કર્મ ઉપશાંત થાય તેમાં અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ શક્ય

છે, માત્ર ઉદયાવલીમાં પ્રવિષ્ટ થવું શક્ય નથી.

આ રીતે અંતરાયામના પહેલા સમયથી જ દર્શનમોહનીય અને અનંતાનુબંધી ક્રોધાદિ કર્મોના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગનો સંપૂર્ણતઃ ઉપશમ થવાથી ઔપશમિક તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી જીવ પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ થાય છે.

અનાદિકાળથી હર સમયે મિથ્યાત્વ કર્મનો ઉદય અને જીવનો મિથ્યાત્વભાવ થતો જ આવ્યો હતો. હવે તેમાં ખંડ પડ્યો. અહીં મિથ્યાત્વ કર્મનો ઉદય પણ રહ્યો નથી અને જીવનો મિથ્યાત્વભાવ પણ રહ્યો નથી પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હવે ઉપયોગ પણ શુદ્ધ છે અને પરિણતિ પણ શુદ્ધ છે. ઉપયોગ અર્થાત્ જાનન ક્રિયાનો ઝુકાવ અને પરિણતિ અર્થાત્ શ્રદ્ધા - અભિપ્રાય - પ્રતીતિ.

કરણ પરિણામમાં ઉપયોગની શુદ્ધતાને કારણે અર્થાત્ નિજશુદ્ધાત્માને પોતાના જ્ઞાનનો વિષય બનાવી તેને જ જાણતો રહેતો હોવાથી સહજરૂપે પરિણતિમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે.

જયસેનાચાર્યની ભાષામાં કહેવું હોય તો નિજશુદ્ધાત્મભાવનારૂપ સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના બળથી નિર્વિકલ્પ નિજશુદ્ધાત્માનુભૂતિ પ્રાપ્ત થાય છે. અહીં પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાન પોતાના નિજશુદ્ધાત્માને જાણવામાં એકાગ્ર થાય છે ત્યારે તેને ભેદરહિત અખંડ આત્માનો તેમ જ રાગરહિત આત્માનો અનુભવ થાય છે. અહીં ભાવના શબ્દનો અર્થ એકાગ્રતા થાય, 'સવિકલ્પ' તે જ્ઞાનનું વિશેષણ છે અને 'નિર્વિકલ્પ' શબ્દ ભેદરહિત અભેદ નિજશુદ્ધાત્માનો અને રાગરહિત શુદ્ધોપયોગનો સૂચક છે.

હવે પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં શું શું ઘટે છે તેની ચર્ચા આગળના પત્ર દ્વારા કરીશું.

જય જિનેન્દ્ર.

તમારી બા

# પ્રથમોપશમ સમ્યક્ત્વ

પત્રાંક ૧૧ ૪ નવેમ્બર ૨૦૦૨

પ્રિય સૌ. રીના તથા સૌ. મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

અનાદિકાળથી આ જીવ પોતાના મિથ્યાત્વ પરિણામોને કારણે જન્મમરણરૂપી સંસારમાં પરિભ્રમણ કરતો આવ્યો છે. જ્યારે વિશિષ્ટ યોગ્યતાથી યુક્ત એવો જીવ જિનેન્દ્રકથિત તત્ત્વોનો ઉપદેશ ગ્રહણ કરી તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણય કરે છે ત્યારે પાંચ લબ્ધિપૂર્વક તેને પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

જીવના વૃદ્ધિંગત વિશુદ્ધ પરિણામોને નિમિત્તે કર્મોમાં પણ જે પરિવર્તનો થાય તેની આપણે ચર્ચા કરી. અનિવૃત્તિકરણના અનંતર સમયમાં જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. પરિણામોની વિશુદ્ધિને કારણે અહીં પણ કેટલીક વિશેષ બાબતો બને છે તેની આપણે ચર્ચા કરીએ.

પ્રથમોપશમ સમ્યક્ત્વના પહેલા સમયથી જ દ્વિતીય સ્થિતિમાંના ઉપશમિત કરેલી મિથ્યાત્વ પ્રકૃતિનું ગુણસંક્રમણ શરૂ થાય છે. દર્શનમોહનીયની મિથ્યાત્વ પ્રકૃતિનું દ્રવ્ય (પરમાણુ) હર સમયે અસંખ્યાતગુણા ક્રમથી સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિરૂપે પરિણમિત થાય છે. પરંતુ હવે અહીં મિથ્યાત્વની ગુણશ્રેણી, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત થતા નથી પરંતુ જ્ઞાનાવરણાદિ ઈતર કર્મોમાં થાય છે. અહીં મિથ્યાત્વનો ઉદય પણ નથી અને બંધ પણ નથી.

પહેલાં જે મિથ્યાત્વનો અનુભાગ હતો તેનો હજારો અનુભાગકાંડકઘાત દ્વારા અનંતમો ભાગ શેષ રહેલો હોય છે. તેમાંના થોડાક પરમાણુનો અનુભાગ તેના કરતા અનંતમો ભાગ થઈ સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિ તૈયાર થાય છે અને જે પરમાણુનો અનુભાગ તેના પણ અનંતમા ભાગ જેવડો થાય છે તે સમ્યક્ પ્રકૃતિરૂપ બને છે.

આ પ્રમાણે મિથ્યાત્વનો અનુભાગ અનંતગુણો હીન બની એક

મિથ્યાત્વ પ્રકૃતિમાંથી ત્રણ પ્રકૃતિઓ બને છે - મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ - આને જ એમ કહેવાય છે કે પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં મિથ્યાત્વના ત્રણ ટુકડા થાય છે.

એમાં અનુભાગ તો ક્રમશઃ અનંતમો ભાગ - અનંતમો ભાગ હોય છે પરંતુ તેઓના પરમાણુની સંખ્યા ક્રમશઃ અસંખ્યાતમા ભાગ-અસંખ્યાતમા ભાગ જેટલી થાય છે.

આમ સંખ્યાની અપેક્ષાએ-મિથ્યાત્વના દ્રવ્ય કરતા સમ્યગ્મિથ્યાત્વનું દ્રવ્ય અસંખ્યાતમા ભાગ અને સમ્યક્ પ્રકૃતિનું દ્રવ્ય તેના પણ અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે.

અને અનુભાગની અપેક્ષાએ - મિથ્યાત્વનો અનુભાગ તેના પૂર્વ અનુભાગના અનંતમા ભાગ પ્રમાણે થાય છે, સમ્યગ્મિથ્યાત્વનો અનુભાગ તેનાથી પણ અનંતમા ભાગ પ્રમાણ થાય અને સમ્યક્ પ્રકૃતિનો અનુભાગ તેનાથી પણ અનંતમા ભાગ પ્રમાણ થાય છે.


પ્રથમ સમયથી એક અંતર્મુહૂર્ત કાળ સુધી મિથ્યાત્વનું ગુણસંક્રમણ થાય છે. હર સમયે અસંખ્યાતગુણા પરમાણુ સંક્રમિત થાય છે.

પહેલા સમયમાં મિથ્યાત્વના કેટલાક પરમાણુ સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિરૂપે પરિણમિત થાય છે. ત્યાં સમ્યક્ પ્રકૃતિના દ્રવ્ય કરતા સમ્યગ્મિથ્યાત્વનું દ્રવ્ય અસંખ્યાતગુણા હોય છે.

બીજા સમયમાં મિથ્યાત્વનું દ્રવ્ય, જે પહેલા સમય કરતા અસંખ્યાતગુણા છે તે બે પ્રકૃતિરૂપ થાય છે. આ કારણથી પહેલા સમયમાંના સમ્યગ્મિથ્યાત્વના દ્રવ્ય કરતા બીજા સમયમાંના સમ્યક્ પ્રકૃતિનું દ્રવ્ય અસંખ્યાતગુણા હોય છે અને તેના કરતા બીજા સમયમાંના સમ્યગ્મિથ્યાત્વનું દ્રવ્ય અસંખ્યાતગુણા હોય છે.

તેના કરતા ત્રીજા સમયના સમ્યક્ પ્રકૃતિનું દ્રવ્ય અસંખ્યાતગુણા હોય છે અને તે કરતા પણ ત્રીજા જ સમયના સમ્યગ્મિથ્યાત્વનું દ્રવ્ય અસંખ્યાતગુણા હોય છે.એ જ રીતે અંતર્મુહૂર્તકાળ સુધી અર્થાત્ ગુણ સંક્રમણના કાળમાં સર્પની ચાલ(સાપની ચાલ) જેવો અસંખ્યાતગુણો ક્રમ થતો રહે છે. આપાણે આને અંકસંદષ્ટિ દ્વારા સમજીએ. અસંખ્યાત માટે સહનાની એટલે ચિહ્ન ૪ માની આગળ જણાવ્યા પ્રમાણે

સમજાવાય છે:




ગુણસંક્રમણનો કાળ પૂરો થયાબાદ આ સંક્રમણ અલ્પ પ્રમાણમાં ચાલુ રહે છે, તેને વિધ્યાત સંક્રમણ કહે છે. વિધ્યાતનો અર્થ મંદ-અહીં વિશુધ્ધિ મંદ થતા અલ્પ પરમાણુનું સંક્રમણ થાય છે.

આમ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી કોઈ જીવ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાંથી ચોથા અસંયત ગુણસ્થાનમાં, કોઈ પાંચમા દેશસંયત ગુણસ્થાનમાં તો કોઈ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં જાય છે. પાંચમા અને સાતમા ગુણસ્થાનમાં જનારાઓનું સ્થિતિસત્ત્વ ચોથા ગુણસ્થાનમાં જનારાઓના સ્થિતિસત્ત્વના સંખ્યાતમા ભાગ - સંખ્યાતમા ભાગ પ્રમાણ બાકી રહે છે. કારણ તેમાં વિશુધ્ધિ વધુ હોય છે.

ચોથા ગુણસ્થાનમાં જનારો જીવ મિથ્યાત્વ સાથે અનંતાનુબંધી ચોકડીનો અપ્રશસ્ત ઉપશમ કરે છે, પાંચમા ગુણસ્થાનમાં જનારો જીવ બે કષાય ચોકડીનો અપ્રશસ્ત ઉપશમ કરે છે ત્યારે સાતમા ગુણસ્થાનમાં જનારો જીવ ત્રણ કષાય ચોકડીનો અપ્રશસ્ત ઉપશમ કરે છે. તેઓના અનુદયમાં - ઉદય ન હોવાને કારણે - જીવની મંદકષાયરૂપ વિશુધ્ધિ વધે છે અને તેથી સ્થિતિસત્ત્વ વધુ પ્રમાણમાં ઘટે છે. તેમ જ ગુણશ્રેણી નિર્જરા પણ અસંખ્યાતગુણી થાય છે.

સાતમા ગુણસ્થાનમાં જનારો જીવ ચોથા-પાંચમા ગુણસ્થાનમાં જઈ ઉપર ચઢે છે એ માન્યતા બરાબર નથી એ વાત એ કર્મોની અવસ્થા દ્વારા સિધ્ધ થાય છે. તેમ જ મિથ્યાત્વ અવસ્થામાં કેવળ

દ્રવ્યલિંગ ધારણ કરવાથી તેનું સમ્યક્ત્વસહિત સાતમું ગુણસ્થાન જ પ્રગટ થાય એ વાત પણ સિદ્ધ થતી નથી.

તમે જાણો જ છો કે પાંચમા ગુણસ્થાનમાં જનારો જીવ દ્રવ્યલિંગી શ્રાવક હોવો આવશ્યક છે તથા સાતમા ગુણસ્થાનમાં જનારો જીવ દ્રવ્યલિંગી મુનિ હોવો આવશ્યક છે, કારણ યથોચિત દ્રવ્યલિંગ વગર ભાવલિંગ પ્રગટ થતું નથી.

હવે પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં શું વિશેષતા હોય તે જોઈએઃ

પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં મરણ નહીં થાય એવો નિયમ છે. અહીં દર્શનમોહનીય અને અનંતાનુબંધી ચોકડીના ઉપશમ હોવાથી તેઓના ઉદય પણ હોતો નથી અને બંધ પણ થંભી જાય છે. પરંતુ આયુસિવાય જ્ઞાનાવરણાદિ શેષ પ્રકૃતિઓમાં ગુણશ્રેણી, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત થતા રહે છે. તેના ફલસ્વરૂપે તે કર્મોની ગુણશ્રેણી નિર્જરા થાય છે.


ચોથા ગુણસ્થાન કરતા પાંચમા ગુણસ્થાનમાં અને તે કરતા સાતમા ગુણસ્થાનમાં નિર્જરા વધુ થાય છે, કારણ ત્યાં વિશુદ્ધિ વધુ હોય છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વના પહેલા સમયથી જ સંવર અને નિર્જરા ચાલુ થાય છે. પ્રાયોગ્યલબ્ધિમાં કેટલીક પ્રકૃતિઓનું બંધાપસરણ થયું હતું તે અહીં પણ ચાલુ રહે છે. તેની સાથે પહેલા અને બીજા ગુણસ્થાનમાં જેના બંધની વ્યુચ્છિત્તિ થાય તે બધી પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે, તેમના સંવર થાય છે, પાંચમા અને સાતમા ગુણસ્થાનમાં જનારા જીવોની ઈતર પણ અનેક પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિતિ થાય છે, તે વિષે પછી વાત કરીશું.

પ્રથમોપશમ સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત કાળમાંથી વધુમાં વધુ છ આવલી અને ઓછામાં ઓછી એક સમય બાકી રહે ત્યારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભમાંથી કોઈપણ એકનો ઉદય થવાથી જીવ સમ્યક્ત્વમાંથી ભ્રષ્ટ થાય છે અને બીજા સાસાદન ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. ત્યાંથી પડી તે મિથ્યાત્વમાં જાય છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વનો કાળ પૂરો થયાબાદ નિયમથી

દર્શનમોહનીય કર્મની ત્રાણ પ્રકૃતિઓમાંથી કોઈ એક પ્રકૃતિનો ઉદય થાય છે. તે શી રીતે તેને આપણે આકૃતિ દ્વારા સમજીએ:




પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં દ્વિતીય સ્થિતિમાંના દર્શનમોહનીયના ત્રાણ ટુકડા થાય છે. ઉપશમ સમ્યક્ત્વના કાળમાં તેમાંથી કોઈનું પાણ અપકર્ષાણ થઈ ઉદય કે ઉદીરાણા થવી સંભવતું નથી.

પ્રથમોપશમ સમ્યક્ત્વનો કાળ પૂરો થાય ત્યાં સુધી અંતરાયામમાં દર્શનમોહનીયના નિષેકોનો અભાવ હોય છે. પરંતુ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતા જ દ્વિતીય સ્થિતિમાંના ત્રાણેય પ્રકૃતિઓના પરમાણુ અપકર્ષાણ દ્વારા અંતરાયામમાં આવે છે અને અંતર ભરી કાઢે છે - ત્યાં નિષેકોની રચના થાય છે. આને 'અંતરપૂરાણ' કહે છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વનો કાળ પૂરો થતા જ અંતરાયામમાં નિષેકો હોતા નથી ત્યારબાદ દ્વિતીય સ્થિતિમાંથી અપકર્ષાણ થઈ નીચે આવે છે અને તેઓનો ઉદય થાય છે.

આથી એક વાત સિદ્ધ થાય છે કે દર્શનમોહનીયની પ્રકૃતિઓના ઉદયથી ઉપશમ સમ્યક્ત્વ છૂટતું નથી, પરંતુ ઉપશમનો કાળ એક અંતર્મુહૂર્ત જ હોય છે, ત્યારબાદ ઉપશમ છૂટી જાય છે. પરંતુ સમ્યક્ત્વ છૂટી જવાનો કોઈ નિયમ નથી.

આ ત્રાણ પ્રકૃતિઓમાંથી જીવના પરિણામના નિમિત્તે જે પ્રકૃતિ ઉદયરૂપ હોય છે તે તો ઉદયાવલીમાં આવે છે અને ઈતર બે પ્રકૃતિઓ ઉદયાવલીના ઉપર જ રહે છે અને ઉદયરૂપ પ્રકૃતિઓમાં સંક્રમિત થઈ તેરૂપે ઉદયમાં આવે છે.

આ પ્રમાણે પ્રથમોપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતા -

૧) મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી જીવ પાછો પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં જાય છે અથવા -

૨) સમ્યગ્મિથ્યાત્વના ઉદયથી જીવ ત્રીજા સમ્યગ્મિથ્યાત્વ (મિશ્ર) ગુણસ્થાનમાં જાય છે. અથવા -

૩) સમ્યક્ પ્રકૃતિના ઉદયથી જીવ ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ અર્થાત્ વેદક સમ્યગ્દષ્ટિ થાય. તેનું સમ્યક્ત્વ તેમ જ વિશિષ્ટ ગુણસ્થાન કાયમ રહે છે.

આમ પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ જીવ નિયમથી મિથ્યાત્વમાં જાય છે એ માન્યતાનું નિરાકરણ થાય છે. કષાયપાહુડ, ધવલા, લબ્ધિસાર, મોક્ષમાર્ગ પ્રકાશક ઈત્યાદિ ગ્રંથોમાં એનું વર્ણન છે. અહીં પ્રથમોપશમ સમ્યક્ત્વ વિષે બોલીએ છીએ.

ધવલા ગ્રંથમાં આ પ્રથમોપશમ સમ્યક્ત્વી જીવોમાં જ બે પ્રકાર કહ્યા છે. પ્રથમ સમ્યક્ત્વી અને અપ્રથમ સમ્યક્ત્વી. ત્યાં કહ્યું છે કે અનાદિ મિથ્યાદષ્ટિ જીવ પહેલી વાર પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂરો થતા નિયમથી મિથ્યાત્વમાં જાય છે, પરંતુ અપ્રથમ વાર એટલે દ્વિતીયાદિ વાર પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે જીવને ઉપર જાણાવેલ ત્રણ માર્ગો ખુલ્લા છે, તેને માટે મિથ્યાત્વમાં જવાનો નિયમ નથી.

તમે કહેશો, 'એક વાર સમ્યક્ત્વ પ્રાપ્ત થયાબાદ ફરી ફરી સમ્યક્ત્વ થવાની વાત કેમ કરે છે?'

જુઓ, કોઈ જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વબાદ મિથ્યાત્વમાં જઈ શકે અથવા કોઈ ક્ષયોપશમ સમ્યક્ત્વથી છૂટી મિથ્યાત્વમાં જઈ શકે. જ્યારે તે જીવ ફરી પાછો સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે ત્યારે કોઈ કર્મોનો ક્ષયોપશમ કરી - ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે અથવા કોઈ તેમનો (કર્મોનો) ઉપશમ કરી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે.

સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વ અને ફરીથી સમ્યક્ત્વ એવું અસંખ્યાત વાર (પલ્યના અસંખ્યાતમા ભાગ વાર) બની શકે છે. એક વાર પ્રથમોપશમ સમ્યક્ત્વ થયાબાદ દર્શનમોહનીયના ત્રણ પ્રકૃતિઓની સત્તા અસંખ્યાત વર્ષો સુધી રહે છે. પરંતુ તે જીવ મિથ્યાત્વમાં આવ્યા પછી

અસંખ્યાત વર્ષોબાદ ફરીથી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ તો એક અંતર્મુહૂર્ત પશ્ચાત્ પણ કરી શકે છે. એનું કારણ શું છે તે જોઈએ.

જીવ મિથ્યાત્વમાં જાય તોપણ આ ત્રણ પ્રકૃતિઓની સત્તાની સ્થિતિ અંતઃકોડાકોડી સાગર જેટલી રહે છે. ત્યારે ઈતર બે પ્રકૃતિઓ મિથ્યાત્વરૂપે ઉદયમાં આવતી રહે છે અને તેમનો એક એક નિષેક ખરી જાય છે. નવો થનારો બંધ તો મિથ્યાત્વનો જ થતો રહે છે. આમ એક એક નિષેક નીકળી જતા જ્યારે સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિની સત્તારૂપ સ્થિતિ બહુ જ થોડી બાકી રહે છે, ત્યારે તે જીવ ફરીથી એ ત્રણેય પ્રકૃતિઓનો અને અનંતાનુબંધીનો એકસાથે ઉપશમ કરી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે.

બહુ જ થોડી એટલે કેટલી તેનું પ્રમાણ ગોમ્મટસાર કર્મકાણ્ડ ગાથા ૬૧૫ માં આપ્યું છે. ત્યાં કહ્યું છે કે આ બે પ્રકૃતિઓની સત્તારૂપ સ્થિતિ ત્રસ જીવોમાં પૃથક્ત્વ સાગર પ્રમાણ બાકી રહે છે અને એકેન્દ્રિયોમાં એક સાગરમાં પલ્યનો અસંખ્યાતમો ભાગ ઓછો એટલી બાકી રહે છે, ત્યાં સુધીના કાળને વેદક-યોગ્ય કાળ કહે છે, અને તે કરતા પણ સત્તારૂપ સ્થિતિ ઓછી હોય તો તેને ઉપશમ કાલ કહે છે.

વેદકયોગ્ય કાળમાં જીવ પાછો પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી, વેદક એટલે ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ઉપશમ કાળમાં તે જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. આ ઉપશમયોગ્ય કાળમાં પેલી બે પ્રકૃતિઓ મિથ્યાત્વરૂપે સંક્રમિત થવા માંડે- તેને ઉદ્વેલના કહે છે. પ્રથમ સમ્યક્ પ્રકૃતિની ઉદ્વેલના થઈ તે સત્તામાંથી નષ્ટ થાય છે. પશ્ચાત્ સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિ પણ ઉદ્વેલના થઈ નષ્ટ થાય છે. એવો જીવ સાદિ મિથ્યાદષ્ટિ હોવા છતાં પણ તેની સત્તામાં દર્શનમોહનીયની એકમાત્ર મિથ્યાત્વ પ્રકૃતિ જ બાકી રહે છે.

માટે એક વાર પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી મિથ્યાત્વમાં ગયેલા જીવને ફરીથી પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા અસંખ્યાત કરોડ વર્ષોનો કાલાવધિ જાય છે - આને પ્રથમોપશમ સમ્યક્ત્વનું 'અંતર' કહે છે.

પરંતુ પ્રથમોપશમ સમ્યક્ત્વમાંથી પડી મિથ્યાત્વમાં આવેલો જીવ એક અંતર્મુહૂર્તબાદ તરત જ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે કારણ તે તેનો વેદકયોગ્ય કાળ હોય છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વની બાબતમાં જે અંતર જોયું તેટલું જ અંતર સાસાદન ગુણસ્થાનની બાબતમાં પણ સમજવું. કારણ પ્રથમોપશમ સમ્યક્ત્વમાંથી પડીને જ જીવ સાસાદનમાં આવે છે. ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી પડીને કોઈ સાસાદનમાં આવી શકતો નથી.

પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયાબાદ જીવ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાંથી ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવે ત્યારે તેને ૪૧ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય છે. આપણે જોયું હતું કે બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિઓ છે. તેમાંથી મોક્ષમાર્ગનો પ્રારંભ જ ૪૧ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિથી થાય છે. અહીં વ્યુચ્છિત્તિ શબ્દનો અર્થ જોઈએ.

જે પ્રકૃતિઓનો બંધ વિવક્ષિત ગુણસ્થાન સુધી જ થાય, તેના ઉપરના ગુણસ્થાનમાં થતો નથી તેને એમ કહેવાય છે કે તે વિવક્ષિત ગુણસ્થાનમાં તે વિશિષ્ટ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થઈ.

જેમ, મિથ્યાત્વાદિ ૧૬ પ્રકૃતિઓનો બંધ માત્ર પહેલા ગુણસ્થાનમાં જ થાય, બીજા કે તેની ઉપરના કોઈ જ ગુણસ્થાનમાં થતો નથી. માટે પહેલા ગુણસ્થાનમાં ૧૬પ્રકૃતિઓની બંધ વ્યુચ્છિત્તિ થાય એમ કહેવામાં આવે છે. વ્યુચ્છિત્તિ થવી એટલે બંધનો અભાવ થવો. પરંતુ જ્યારે આપણે કહીએ કે પહેલા ગુણસ્થાનમાં બંધની વ્યુચ્છિત્તિ થઈ ત્યારે એમ સમજવું કે તેના અંતિમ સમય સુધી બંધ છે પરંતુ દ્વિતીયાદિ ગુણસ્થાનોમાં બંધ નથી.

તમે પૂછશો, 'ત્યાં તો બંધ છે તોપણ ત્યાં જ બંધનો અભાવ થયો એમ કેમ કહે છે? ઉપરના ગુણસ્થાનમાં બંધનો અભાવ થયો એમ કહેવું યોગ્ય છે.'

આને દ્રવ્યાર્થિકનયનું કથન કહેવામાં આવે છે. એ આપણે દષ્ટાંત દ્વારા સમજીએ. આપાણે બધા દેવલાલીમાં ભેગા થયા હતા. શિબિર પછી મોના તું ઔરંગાબાદ ગઈ અને રીના તું અમારી સાથે મુંબઈ આવી. હવે મને કહો કે મોના અને અમે એકબીજાથી ક્યાં જુદા થયા ?

તેનો તમે જવાબ આપશો કે દેવલાલીમાં આપણે એકબીજાથી જુદા થયા-વિભક્ત થયાં. જો હું તમને પૂછૂં કે દેવલાલીમાં તો આપણે ભેગા હતા, તમે ત્યાં વિભક્ત થવાની વાત કેમ કરો છો ? તો કહેવામાં આવશે કે ત્યારબાદ આપણે ભેગા ન હતા માટે ત્યાં જ વિભક્ત થયા એમ કહેવાની રીત છે. તેમ જ જ્યાં સુધી બંધ હતો ત્યાં જ બંધની વ્યુચ્છિત્તિ થઈ એમ કહેવામાં આવે છે.

પહેલા ગુણસ્થાનમાં ૧૬ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય, તો બીજા ગુણસ્થાનમાં ૨૫ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ થાય છે, ત્રીજા ગુણસ્થાનમાં બંધ વ્યુચ્છિત્તિ થતી નથી. માટે જ્યારે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાનમાં ગયાબાદ તેને ૪૧ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે - તેટલો સંવર શરૂ થાય છે.

ચોથા ગુણસ્થાનમાં બીજી ૧૦ પ્રકૃતિઓની બંધ વ્યુચ્છિત્તિ થતી હોવાથી પાંચમા ગુણસ્થાનમાંના જીવોને ૫૧ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે. પાંચમા ગુણસ્થાનમાં ચાર પ્રકૃતિઓની બંધ વ્યુચ્છિત્તિ થાય છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં છ પ્રકૃતિઓની બંધ વ્યુચ્છિત્તિ થાય તેથી પહેલા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાનમાં જનારા જીવોને ૬૧ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે.

તમે કહેશો, 'બા, તે પ્રકૃતિઓના નામ તો જણાવ એટલે અમે ફાયદાનો કે નુકસાનનો અંદાજ બાંધી શકીએ. સમજો સારી કર્મપ્રકૃતિઓની બંધ વ્યુચ્છિત્તિ થઈ તો શો ફાયદો ?'

જુઓ, હજુ સુધી કેટલીક કર્મપ્રકૃતિઓ સારી છે, ફાયદાસર છે - લાભદાયક છે - એવી માન્યતા છોડવાની કાંઈ તૈયારી નથી. છતાં આ વાતની તમને ખુશી થશે કે નિસર્ગનો આવો જ નિયમ છે કે મોક્ષમાર્ગનો પ્રારંભ થતાં જ સર્વાધિક(સૌથી વધારે) અપ્રશસ્ત પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે અને બીજી અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ - ફલદાન શક્તિ પ્રતિ સમય અનંતગુણી ઘટતી જાય છે. અહીં આખો લાભ જ લાભ છે, માટે તો એને લબ્ધિ કહ્યું છે. તમારી જિજ્ઞાસા જોઈ અહીં તે ૪૧ પ્રકૃતિઓના નામો લખું છું.

**મિથ્યાત્વ સંબંધી ૧૬ પ્રકૃતિઓ :-**

મિથ્યાત્વ, હુંડક સંસ્થાન, નપુંસકવેદ, અસમ્પ્રાપ્તાસૃપાટિકા સંહનન, એકેન્દ્રિય, સ્થાવર, આતપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, નરકાયુ - આ ૧૬ પ્રકૃતિઓના બંધની વ્યુચ્છિત્તિ પહેલા ગુણસ્થાનમાં થાય છે.

**અનંતાનુબંધી સંબંધી ૨૫ પ્રકૃતિઓ :-**

| | |
|---|---|
| અનંતાનુબંધી | ૪ - ક્રોધ, માન, માયા, લોભ. |
| સ્ત્યાનગૃદ્ધિ આદિ | ૩ - સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા. |
| સંસ્થાન | ૪ - ન્યગ્રોધપરિમંડલ, સ્વાતિ, કુબ્જક, વામન. |
| સંહનન | ૪ - વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિત. |
| તિર્યંચસંબંધી | ૪ - તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, તિર્યંચાયુ, ઉદ્યોત. |
| ઈતર | ૩ - દુર્ભગ, દુસ્વર, અનાદેય. |
| ઈતર | ૩ - સ્ત્રીવેદ, નીચગોત્ર, અપ્રશસ્ત વિહાયોગતિ. |

આ ૨૫ પ્રકૃતિઓની બંધવ્યુચ્છિત્તિ બીજા ગુણસ્થાનમાં થાય છે.

આ પહેલાં પ્રાયોગ્યલબ્ધિના પ્રકરણમાં પ્રકૃતિબંધાપસરણ દ્વારા ૪૬ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે તે આપણે જોયું હતું. તમને પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે અહીં ચોથા ગુણસ્થાનમાં જનારા જીવને તો ૪૧ પ્રકૃતિઓનો સંવર થાય એમ કહ્યું હતું. તો પછી કઈ પ્રકૃતિઓનો બંધ પાછો શરૂ થાય?

જુઓ, ૪૬ પ્રકૃતિઓમાંથી મનુષ્યાયુ અને દેવાયુ એ બે પ્રકૃતિઓ તેમ જ ૩૩મા અને ૩૪મા સ્થાનો પર મળી ૧૧ પ્રકૃતિઓ, એવી બધી મળી ૧૩ પ્રકૃતિઓનો બંધ ચોથા ગુણસ્થાનમાં થશે પરંતુ ઈતર ૮ પ્રકૃતિઓનો બંધ મટશે. તે પ્રકૃતિઓ આ પ્રમાણે છે - મિથ્યાત્વ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા - એ ૮ પ્રકૃતિઓનો બંધ થંભી જાય છે - અટકી જાય છે. ૪૬-૧૩+૮=૪૧.

તેમ જ પ્રત્યેક ગુણસ્થાનમાંની બંધવ્યુચ્છિત્તિ નિશ્ચિત છે. અહીં ગુણસ્થાનાનુસાર માત્ર સંખ્યા લખું છું ગોમ્મટસાર કર્મકાણ્ડ માં તેનું સવિસ્તાર વર્ણન છે.

| ગુણસ્થાન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બંધ વ્યુચ્છિતિ | ૧૬ | ૨૫ | ૦ | ૧૦ | ૪ | ૬ | ૧ | ૩૬ | ૫ | ૧૬ | ૦ | ૦ | ૧ |

ઉપર જાણાવ્યા મુજબ ગુણસ્થાનાનુસાર ૧૨૦ પ્રકૃતિઓની બંધવ્યુચ્છિત્તિ થતી જાય છે. ચૌદમા અયોગ કેવલી ગુણસ્થાનમાં યોગનો અભાવ હોવાથી બંધ થતો નથી. જીવ સર્વથા અબંધ દશાને પ્રાપ્ત થાય છે. અહીં બધા કર્મોનો આસ્રવ અને બંધ સર્વથા રોકાઈ ગયાથી પૂર્ણરૂપે સંવર પ્રાપ્ત થાય છે.

જેમ બંધનો અભાવ થતો જાય તેમ જ વિશિષ્ટ ગુણસ્થાનમાં વિશિષ્ટ પ્રકૃતિઓના ઉદયનો પણ અભાવ થતો જાય છે - તેમના ઉદયની વ્યુચ્છિત્તિ થતી જાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાની સાથે જ ચોથા ગુણસ્થાનના જીવોને મિથ્યાત્વ, અનંતાનુબંધી ક્રોધાદિ ૪ , સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, આતપ, સ્થાવર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, સમ્યગ્મિથ્યાત્વ - એ બધી પ્રકૃતિઓના ઉદયનો અભાવ થાય છે.

તમે પૂછશો, 'પરંતુ અમે પહેલાં બાંધેલ કર્મો ક્યાં જશે ?'

તેમાં ગભરાવાનું કાંઈ જ કારણ નથી. સત્તામાં પડેલા કર્મો કંઈપણ લાભ કે નુકસાન કરતા નથી. તે કર્મોની નિર્જરા, ક્ષય કે સજાતીય ઈતર પ્રકૃતિઓમાં સંક્રમણ ઈત્યાદિ વિધાનોનું વર્ણન ક્ષપણાસાર આદિ ગ્રંથોમાંથી જાણતા આપણા બધા પ્રશ્નોનું નિરસન થાય છે.

કર્મકાણ્ડ ગ્રંથમાંથી બંધની અને ઉદયની વ્યુચ્છિત્તિ વાંચી તે મોઢે કરો. કારણ તેનું જ્ઞાન થતાં મોક્ષમાર્ગનું સ્વરૂપ ઘણું જ સ્પષ્ટ રીતે આપણા ખ્યાલમાં આવે છે. અન્યમતિઓની અનેક ભ્રામક કલ્પનાઓનું ખંડન થાય છે.

તમે કહેશો, 'બંધની અને ઉદયની વ્યુચ્છિત્તિ જાણવાથી અન્યમતિઓના ભ્રામક કલ્પનાઓનું ખંડન શી રીતે થઈ શકે? એકાદ દાખલો આપી સમજાઓ.'

તે માટે પ્રથમ કેટલાક નિયમો જાણી લો. એ નિયમ પણ બંધ અને ઉદયની વ્યુચ્છિત્તિથી જ છે. આપણે જોયું હતું કે ચારેય ગતિઓના

જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. નરકમાંનો જીવ નંપુસકવેદી હોય છે, દેવો સ્ત્રીવેદી કે પુરુષવેદી હોય છે, મનુષ્યોમાં અને તિર્યંચોમાં ત્રણેય વેદોમાંથી એક વેદ હોય છે. આ બધાં જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ સમ્યક્ત્વસહિત મનુષ્ય, તિર્યંચ કે દેવમાં જન્મનારા જીવો પુરુષ જ બને - થાય છે, સ્ત્રી નહીં. નરકમાં તો જીવને એક નપુંસકવેદ જ હોય છે. કોઈપણ ગતિની સ્ત્રી, પછી ભલે તે સ્વર્ગની દેવી હોય, જન્મતઃ સમ્યગ્દષ્ટિ હોઈ શકતી નથી. મનુષ્યમાં પણ કોઈપણ સ્ત્રી જન્મતઃ સમ્યગ્દષ્ટિ હોઈ શકતી નથી. હજુ એક વાત એમ છે કે મનુષ્યોમાં સ્ત્રીઓને પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે પરંતુ તે મુનિ બની શકતી નથી. તેઓને છઠ્ઠું કે ત્યાર પછીના કોઈપણ ગુણસ્થાન હોઈ શકતા નથી.

હવે આપાણે એકાદ ભ્રામક કલ્પનાનું ખંડન કેવી રીતે થાય તે જોઈએ. એક અત્યંત ભ્રામક કલ્પના એમ છે કે, મલ્લિનાથ તીર્થંકર સ્ત્રી હતા, તે સ્ત્રી પર્યાયમાં જ તીર્થંકર થઈ મુક્ત થયા.

મલ્લીનાથ ભગવાન ભરતક્ષેત્રના તીર્થંકર હતા. ભરતક્ષેત્રના તીર્થંકરોના પાંચેય કલ્યાણકો થાય છે - ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવલજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક. જેનું ગર્ભકલ્યાણક થાય તે જીવ નિયમથી સમ્યક્ત્વ સહિત જ ગર્ભમાં આવે છે. તે પૂર્વભવમાં સમ્યગ્દષ્ટિ જ હોય છે. તો પછી સમ્યક્ત્વ સહિત જન્મનારો જીવ પુરુષ જ હોય છે સ્ત્રી કદાપિ નથી હોતો. ભાવવેદની અપેક્ષાએ પણ તેઓને પુરુષવેદ જ હોય છે, સ્ત્રીવેદ હોઈ જ શકતો નથી.

મલ્લિનાથ તીર્થંકરનો જીવ પૂર્વભવમાં અપરાજિત સ્વર્ગનો દેવ હતો. ત્યાંથી મરી તે મનુષ્ય થયાં હતા. અપરાજિત સ્વર્ગના બધા જ જીવો જન્મતઃ સમ્યગ્દષ્ટિ જ હોય છે. તેમ જ ત્યાં દેવાંગનાઓ હોતી નથી જ, ફક્ત પુરુષ પર્યાયના જીવો જ હોય છે. માટે પૂર્વભવમાં પણ તેઓ પુરુષ જ હતા.

ત્રીજી વાત, ગ્રૈવેયક સ્વર્ગ ઉપરના અનુદિશ અને અનુત્તર સ્વર્ગના બધા દેવો તે પહેલાંના ભવમાં નિયમથી ભાવલિંગી મુનિ જ હોય છે, તે પુરુષો જ હોય છે, સ્ત્રી નહીં. આમ મલ્લિનાથનો જીવ

પહેલાંના ત્રીજા ભવમાં પણ પુરુષ જ હતો, સ્ત્રી નહીં.

હજુ એક નિયમ જાણી લો. ભાવસ્ત્રીવેદવાળા પુરુષોને તીર્થંકર પ્રકૃતિનો બંધ તો હોઈ શકે પરંતુ તેઓને તીર્થંકર પ્રકૃતિનો ઉદય હોઈ શકતો નથી. તીર્થંકર પ્રકૃતિનો ઉદય તેરમા ગુણસ્થાનમાં થાય છે અને કોઈપણ સ્ત્રીમાં તો પાંચમા ગુણસ્થાનથી ઉપર જવાની પાત્રતા જ હોતી નથી.

હજુ જાણવું છે ? તે જ ભવમાં મોક્ષે જનારા જીવોને ચરમશરીરી કહે છે. તેઓને નિયમથી વજ્રવૃષભનારાચ સંહનન જ હોય છે અને સ્ત્રીઓને તો નીચેના ત્રણ સંહનન જ હોય છે. ઉપરના ત્રણ સંહનન કદાપિ હોતા જ નથી.

અમને એક જાણે કહ્યું હતું કે, 'મલ્લિનાથ તીર્થંકર સ્ત્રી હતા કે પુરુષ એની લપ્પન - છપ્પન આપાણે શા માટે કરીએ? તેની સાથે આપાણને શું લેવું દેવું? કોઈ તેમને સ્ત્રી માને કે પુરુષ માને, તેથી શું બગડે?'

દીકરીઓ, જેને જેમ માનવું હોય તેમ તે માને જ છે. પરંતુ યથાર્થ વસ્તુસ્થિતિ સંબંધી આપાણો નિર્ણય યથાર્થ છે કે નહીં તે જોવું એ તો પ્રત્યેક જીવનું કર્તવ્ય છે. દેવ, મુનિ અને શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ આમ જ છે, અન્યથા નથી એવી રીતનો દઢ નિર્ણય થયા વગર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જ શકતી નથી.

ચારેય અનુયોગોના અભ્યાસ દ્વારા આપાણી માન્યતાની અને આચરાણની વિપરીતતા દૂર કરી વીતરાગતા પ્રાપ્ત કરવી એ જ આપણું આદ્ય કર્તવ્ય છે. અહીં ઈતર જીવોના દોષ બતાવવાનું આપણું પ્રયોજન નથી, પરંતુ આપાણી માન્યતા સુધારવાનું જ પ્રયોજન છે. ઈતર જીવોની માન્યતા અને તેમનું આચરાણ જોઈ પોતે કષાયી થવું - રાગી દ્વેષી બનવું યોગ્ય નથી.

સ્વાધ્યાય અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ન હોવાથી માત્ર આચરાણ સુધારવાનો ઉપદેશ આપી તેઓની માન્યતા સુધરતી નથી. આપાણને બીજાની નહીં તો આપણા પોતાની માન્યતાઓનું અને આચારવિચારોનું અવલોકન કરી પોતે જ પોતાના દોષોનું નિરાકરણ કરવું જોઈએ.

દીકરીઓ, અનંતકાળ ભટકી આજે આપણે મનુષ્યપર્યાયમાં આવ્યા છીએ. આ મનુષ્યભવની દુર્લભતા વિષે આપણે પહેલાં ચર્ચા કરી હતી. હવે તત્ત્વજિજ્ઞાસા અને તત્ત્વરુચિ તો તમને છે જ, જિનેન્દ્રકથિત તત્ત્વો પણ તમને પ્રાપ્ત થયા છે. બસ, હવે વારંવાર એ જ તત્ત્વોનો વિચાર કરતા રહો. સંયોગોને બદલવાની રુચિ છોડી દો. બધા સંજોગો તેઓની પોતાની યોગ્યતાથી જ જેવા બનવા હશે તેવા બનશે જ કે બગડવાના હશે તો બગડશે જ. આપણી પોતા વિષેની રુચિ કાયમ રાખો. છહઢાળામાં કહ્યું છે,

**"પરદ્રવ્યનતૈ ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ ।"**

દીકરીઓ, અનાદિકાળથી આ જીવ સંયોગોમાં, શરીરમાં અને રાગાદિમાં જ રચ્યો પચ્યો છે. આ જીવ કહે છે, 'ભેદજ્ઞાન તો કરવાનું જ છે પણ પહેલાં પૈસા તો કમાવી લઈએ, વિદેશયાત્રા તો કરી લઈએ, બાલબચ્ચાઓને ભણાવીએ - ગણાવીએ, તેઓના લગ્નો તો કરાવીએ!'

મને કહો, પોતાને સંયોગથી ભિન્ન છે એમ જાણવું છે, શરીરથી ભિન્ન છે એમ જાણવું છે, રાગાદિથી ભિન્ન છે તે ઓળખવું છે, તો પછી ક્યા સંયોગો હશે તો ભેદજ્ઞાન થશે? અમેરિકામાંના કે ભારતમાંના ? ઝુંપડીથી ભેદજ્ઞાન સહેલું કે રાજમહાલથી ? કાળું શરીર હોય તો ભેદજ્ઞાન થશે કે ગોરું શરીર? કાળા વાળથી ભેદજ્ઞાન કરવું સહેલું કે ધોળા વાળથી ? ક્યા રાગથી પોતાને ભિન્ન ઓળખવાનું છે ? અશુભથી હું ભિન્ન છું એમ તો જીવ કહે છે પરંતુ જુઓ મને કેવો ઉચ્ચ પ્રકારનો શુભભાવ આવે છે એમ કહી તેમાં જ સંતુષ્ટ થાય છે, તે કારણે પોતાને મહાન માને છે.

દીકરીઓ, આ તત્ત્વજ્ઞાન માત્ર સાંભળવાની કે વાંચવાની વાત નથી. તેને આત્મસાત કરવાની વાત છે - અંતરોન્મુખ પુરુષાર્થ કરવાની વાત છે.

આત્મખ્યાતિ ગ્રંથમાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે - 'અલમ્ અલમ્ અતિ વિસ્તરેન, બહુ વિકલ્પેન' અર્થાત્ અતિ વિસ્તાર અને ખૂબ વિકલ્પ એ હવે બસ કર. તો શું આપણને કદી લાગે છે કે હવે બહુ વાચ્યું, ક્યારે હવે અંતરંગમાં લીન થઈશું !

અલી, નાનું બાળક પણ - મા જો ખવડાવતી હોય તો તેને અટકાવી પોતાને હાથે - જાતે ખાવાનો પ્રયત્ન કરે છે. નાના બાળકો ટી.વ્હી. પર ક્રિકેટ મેચ જોઈ પોતે બેટ લઈ બોલ મારવાની એક્શન - અભિનય કરવા લાગે છે. આપણને ગમતું કાર્ય હશે તો સામેની વ્યક્તિ સમજાવી કહેવા માંડે તો તેને અટકાવીને 'મને સમજાયું' કહી પોતે તેમ કરવા લાગી જાય.

પરંતુ અધ્યાત્મશાસ્ત્રની બાબતમાં માત્ર કોઈ સમજાવે તો ફક્ત સાંભળી લે છે અને બીજા કાર્યો કરવા માંડે. શું થયું છે આપણને ?

લૌકિક બાબતોમાં તો આપણે ખૂબ જ હોશિયાર છીએ. તમે રસોઈ કરતી વખતે તવી ગરમ કરો છો ત્યારે શું ગેસ બંધ કરી બીજા કાર્યો કરો છો અને પાછા ફરી ઠંડી તવી પર રોટલીઓ શેકો છો કે શું ? નાનો બાળક પણ સમજે છે કે ગરમ તવી પર જ રોટલી શેકાય છે. તમને ખબર છે તે કહેવત કે 'તવી ગરમ છે ત્યાં સુધી રોટલીઓ ચડાવી લેવી.'

તેમ જ શાસ્ત્ર વાંચતા કે સાંભળતા આત્મામાં વિશુદ્ધિ વધે, આત્મામાં રસપરિપાક થાય તો તે જ વખતે શાસ્ત્રનું પણ લક્ષ છોડી અંતર્મુખ પરિણામ થાય ત્યારે જ સમ્યક્ત્વરૂપી કાર્ય થશે. લોકો એમ પણ કહે છે કે જ્યાં સુધી શાસ્ત્ર સ્વાધ્યાય સાંભળીએ ત્યાં સુધી જ પરિણામ સારા રહે છે.

કેવળ વિશુદ્ધિ એટલે શુભભાવરૂપ પરિણમન કરવું આપણું પ્રયોજન નથી. તે તો આપણે અનંતવાર કરી ચૂક્યા છીએ. શાસ્ત્ર વાંચતા કે ત્યારબાદ જ્યારે રસ ઉત્પન્ન થશે - અંતરંગમાં તીવ્ર રુચિ જાગશે - પોતાના જ્ઞાનસ્વભાવનો અપૂર્વ મહિમા આવવા માંડે એવા સમયે વાંચવાનું છોડી અંતર્મુખ થાઓ.

જીવ વિચાર કરે છે કે હવે હજુ કેટલા શાસ્ત્રોનો અભ્યાસ કરીએ કે સમ્યક્ત્વ થશે ?

જ્યારે સિદ્ધાંત સાંભળી યોગ્ય તત્ત્વનિર્ણય થાય ત્યારે હવે કરવું ધરવું શું રહ્યું ? નથી બીજાની પર્યાય પલટાવવી કે નથી પોતાની. આપણે સહજ જ્ઞાતા દૃષ્ટારૂપ તો છીએ જ, તદ્રૂપે રહેવાનું છે. આપણે

પરિપૂર્ણ છીએ. તો બસ, દઢ વિશ્વાસ સાથે આનંદમાં રહો ને !

કોઈ કહે, 'હવે હું ક્યા વિકલ્પ કરું એટલે મને સમ્યક્ત્વ થશે ?' તેને કહેવામાં આવે છે, 'અરે ભાઈ ! તે તત્ત્વનિર્ણય કર્યો છે. વિકલ્પો દ્વારા તો તત્ત્વનિર્ણય પ્રતિ પહોંચવું હતું. હવે તને કયા વિકલ્પોની જરૂર છે ? પોતામાં સ્થિર થા, લીન થા.'

દહીં બનાવવા દૂધ મેળવો છો તેને શું સતત હલાવતા રહો છો ? તેથી દહીં જામશે ? ચોમાસામાં ડહોળાયેલાં પાણીમાં ફટકડી ફેરવી પાણીને હલાવતા રહો છો કે ઠરવા દો છો ? લેન્સમાંથી સૂર્યકિરણો કેન્દ્રિત કરી કાગળ બાળી શકો છો, તે વખતે કાચ હલતો રાખવાથી કાગળ બળશે કે સ્થિર રાખવાથી ?

આ બધી બાબતોમાં તો તમે હોશિયાર છો જ પરંતુ પોતામાં સ્થિર રહેવા ઈચ્છતા નથી. વિકલ્પનું જાળું વાણી પોતે તેમાં જ અટકી રહેવા ઈચ્છો છો ? વિકલ્પો તો આવશે જ પરંતુ પ્રથમ એ તો નક્કી કરો કે વિકલ્પ કરતા રહેવાથી આત્માનુભવ થશે નહીં. વિકલ્પ પોતાની મેળે જ છૂટી જશે અને નિર્વિકલ્પ આત્માનુભૂતી થશે.

વિકલ્પ પણ રાગ છે. રાગ પોતાની યોગ્યતાથી થશે તેમ જ જશે, સંયોગો પણ આવતા જતા રહેશે. સૌપ્રથમ તેનાથી પોતાની ભિન્નતા જાણવાની છે. આપણે તો સંયોગોને હટાવી કે ભેગા કરવા માંગીએ. દેવલાલીમાં આપણે શિબિર માટે આવીએ છીએ. અહીંનું વાતાવરણ જોઈ આપણે પ્રસન્ન થઈએ, ત્યારે મનમાં પહેલો વિચાર એવો આવે છે કે આપણે પણ અહીં એક બંગલો કે ફ્લેટ ખરીદવો. પરંતુ અહીંના ભગવંતોના દર્શન કરતાં કદી આવો વિચાર આવે છે કે મારે પણ ભગવાન બનવું છે !

શાસ્ત્રપ્રવચનમાં શુદ્ધાત્માની અને અધ્યાત્મની ચર્ચા સાંભળી લોકો કહે છે, 'આ તો બધી ઉપલા સ્તરની વાતો છે - હાય લેવલની વાતો છે. પ્રથમ શુભભાવ તો કરવો જોઈએ ને ?' દીકરીઓ, શુભભાવ આવે છે પરંતુ 'કરવા જ જોઈએ' તેમાં તો માન્યતાની જ ભૂલ છે - વિપરીત અભિપ્રાય છે.

તત્ત્વવિચારનો ભાવ તો ઉત્કૃષ્ટ શુભભાવ છે. પંચલબ્ધિના આ

પ્રકરણમાં આપણે જોયું કે તત્ત્વવિચાર અને તત્ત્વનિર્ણય દ્વારા જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તેની સવિસ્તાર ચર્ચા આપણે કરી છે.

મને પૂર્ણ વિશ્વાસ છે કે શાસ્ત્રનું આ મર્મ સમજી, જિનેન્દ્રકથિત સિદ્ધાંતોનો વારંવાર અભ્યાસ - વિચાર - નિર્ણય કરી તમે જરૂર સમ્યક્ત્વપ્રાપ્તિનો પુરુષાર્થ કરશો. તેના વડે જ પંચપરાવર્તનરૂપ સંસારનો અભાવ થઈ મોક્ષની પ્રાપ્તિ થશે.

આપણે અનાદિકાલથી આ જન્મમરણરૂપી સંસારમાં કેટલો કાળ ગુમાવ્યો છે, તેનું ચિત્રાણ જોવું હોય તો દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાલપરાવર્તન, ભવપરાવર્તન અને ભાવપરાવર્તનનું સ્વરૂપ સમજી લેવું પડશે. એ વિષય પરની કેસેટ્સ અને સી.ડી. પણ તૈયાર થઈ છે, તે અવશ્ય સાંભળો.

હવે હું આ પંચલબ્ધિનો વિષય અહીં જ સમાપ્ત કરું છું. એમ તો આ વિષય ગહન છે, શીખવતા અને લખતા અનેકવાર ગ્રંથોનું મારું વાંચન થયું, જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ, લબ્ધિસાર, મોક્ષમાર્ગ પ્રકાશકનું કેટલીય વાર પારાયણો થયાં - તેનો આધાર લીધો. તમે પણ વારંવાર વાંચીને આ વિષય આત્મસાત કરો, જેથી કરીને ભવિષ્યમાં મૂળ ગ્રંથો વાંચવાનું તમને સહેલું જશે.

એક વાતની ફરીથી યાદ કરાવી દઉં છુ. આમાં લખેલ કર્મોના નામો અને તેમની અવસ્થાઓ વિષે કેટલીક વાતો યાદ ન રહે તોપણ ચાલશે. પરંતુ જીવની અને કર્મોની સ્વતંત્રતા કદી ભૂલશો નહીં. પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડશો નહીં. મોક્ષનો યથાર્થ ઉપાય કરનારાને બધા કારણો સ્વયમેવ મળી આવે છે.

મહાવીર જયંતીને દિવસે પંચલબ્ધિ વિષય પર પત્રરૂપ સ્વાધ્યાય શરૂ કર્યો હતો, આજે મહાવીર નિર્વાણના દિવસે દેવલાલીમાં તેની પૂર્ણતા થાય છે.

કલ્યાણમસ્તુ.

જય જિનેન્દ્ર.

તમારી બા


ॐ